[illegible]

[illegible] भाग [illegible]



સૌભાગ્યવંતી દેવાબાઈ.

રેવાબાઈ
ધર્મશિક્ષણમાળા.

ગ્રંથ ત્રીજો.

રચનાર
શાસ્ત્રી કાલિદાસ ગોવિંદજી.

પ્રકાશક
ભાઈશંકર નાનાભાઈ—સોલીસીટર.

મુંબઈ
"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસમાં ઈ. સૂ. દેસાઇએ છાપ્યું.

સંવત્ ૧૯૬૮. ઇ. સ. ૧૯૧૨.

કિંમત ૪ આના.

PRINTED BY I. S. DESAI,
GUJARATI PRINTING PRESS
SASSOON BUILDING—FORT.
BOMBAY :



રા. રા. ભાઈશંકર નાનાભાઈ સોલીસીટર.

શિક્ષકોને સૂચના.

આ પુસ્તકમાં સંસ્કારોનો જે વિષય ચર્ચવામાં આવ્યો છે તેનો કેટલોક એક ભાગ એવો છે કે તે વિસ્તારથી લખી શકાય નહીં, કારણ કે તેમાં સમાવેલી બિના માત્ર શિક્ષકથી જ ખાનગીમાં સમજાવી શકાય તેમ છે; એટલા માટે જ્યાં જ્યાં વિસ્તાર અને વિવેચન કરવાની જરૂર છે, ત્યાં ત્યાં માત્ર તેનો ખુલાસો શિક્ષકે ખાનગીમાં કહી સંભળાવવો, એવી ગ્રંથકર્ત્તાની વિનતિ છે.

પ્રસ્તાવના.

આ ગ્રંથમાં સંસ્કારોનો અને સ્ત્રીધર્મનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગર્ભાધાનાદિક સંસ્કારોનો કેટલોએક ભાગ કન્યાઓને માટેનાં પુસ્તકમાં વિસ્તારથી લખવો ઠીક ન લાગે માટે મૂકી દેવામાં આવ્યો છે. પૂર્વે ધર્મની મર્યાદા કેવી હતી તથા સંસ્કારો કેવી રીતે અપાતા હતા અને હાલમાં તેનું સ્વરૂપ કેવું બદલાઈ ગયું છે તે દર્શાવવાને માટે વિષયો લગાર લંબાણથી ચર્ચવા પડ્યા છે, પરંતુ આવી બાબતોનું સવિસ્તર જ્ઞાન આપનારાં પુસ્તકો ગુજરાતી ભાષામાં થોડાં જ છે એટલે વાંચનારને આ પુસ્તક વિશેષ ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

મુંબઈ:
એપ્રીલ-૧૯૧૨

લી૦
ભાઈશંકર નાનાભાઈ.

અનુક્રમણિકા.

ગ્રંથ ૩ જો.

સ્ત્રી ધર્મ.



શાસ્ત્રી કાલિદાસ ગોવિંદજી.

રેવાબાઇ ધર્મશિક્ષણ માળા.

ગ્રન્થ ત્રીજો.

ઈશ્વરપ્રાર્થના.

મહીદીપ છંદ.

મંગળમય શ્રી મહેશ! જય જયકારી,
આપની કૃપા અવશ્ય છે ભવભયહારી—ટેક.
આપજો સુબુદ્ધિ શુદ્ધિ સર્વદા અમોને,
કાપજો કુવાસનાદિ આપ વિભ્રમોને—મંગળમય. ૧
દુર્વિચાર દુરાચાર દૂર વિસરવાને,
સદ્-વિચાર સદાચાર સદા પ્રસરવાને,
સ્થિર કરો વિશેષ વૃત્તિ શાસ્ત્રપર અમારી,
નાખજો જ સૂર નિચ વૃત્તિને વિદારી—મંગળમય. ૨
ધર્મ કર્મનો અનાદિ ક્રમ ભલો જ ભાવે,
ધારણા અમારિ સારિ સરણિને નિભાવે,

નિર્મળ તનમન રહે દહે ન ત્રિવિધ તાપો,
દૂર થાય દોષ, વિપદ, મદ અને વિલાપો—મંગળમય. ૩
ક્લેશ રહિત દેશ સુયશ ઉદય સમય પામે,
મત્સર મતભેદ ઘેર ઘેરથી વિરામે;
એમ અમઉપર કરો કૃપા કૃપાળુ દાતા,
આપ ચરણ શરણ છિયે વિશ્વના વિધાતા--મંગળમય. ૪

સંસ્કાર પ્રકરણ (ચાલુ).

પાઠ ૧ લો.

ગર્ભાધાન સંસ્કાર.

દોહરો.

ગર્ભાધાન વિના પ્રજા ગુણ-શાળી ન પમાય,
ફળો અસંસ્કૃત ક્ષેત્રમાં, કદિ ઉત્તમ શું થાય? ૧

છોકરીઓ—માજી આપે જે સોળ સંસ્કાર ઉપર અમને પાઠ આપવા માંડ્યા છે તે સાંભળી અમારાં વડિલ ઘણાં રાજી રાજી થયાં છે, અને અમને એના ઉપર પૂરતું લક્ષ આપવા કહ્યું છે, માટે હવે શાળા ઉઘડી તેની સાથે જ એ વિષય ચલાવો તો કેવું સારું!

મહેતીજી—હું પણ એજ વિચારમાં રોકાયલી છું, પણ એ વિષય એવો ગહન અને ગંભિર છે કે, એ બાબતમાં ઉઘાડી ચરચા અને વિસ્તાર કરી શકાય તેમ નથી.

છોકરીઓ—માજી આપનું કહેવું યથાર્થ છે. શાસ્ત્રીજીએ એ બધું ટુંકામાં જ પતાવેલું જણાય છે.

મહેતીજી—હા. સાંભળો હવે તમે દિવસે દિવસે મોટાં થાવ છો અને જેમ જેમ તમારો કન્યાકાળ વ્યતીત થયું છે તેમ તેમ

તમો સ્ત્રીના વેશમાં બદલાતાં જાવ છો. કન્યાકાળ વ્યતીત થયા પછી તમારે અમુક મર્યાદામાં રહેવું પડે છે અને તમારાં માબાપો, જો આપણી કન્યાશાળામાં કેવળ સ્ત્રીશિક્ષકો રાખવામાં આવ્યાં છે તેમ રાખવામાં આવ્યાં ન હોત, તો તમોને ક્યારનાં શાળામાંથી ઉઠાડી લેત.

છોકરીઓ—અમો આપની સલાહ પ્રમાણેજ વર્તિએ છીએ અને અમારાં વડિલો કહે છે કે જ્યારે અમો તમારા શિક્ષણ પ્રમાણે વર્તિએ ત્યારેજ અમને, શાળાને અને દેશને લાભ થાય.

મહેતીજી—ખરું છે. વિવાહ, પછીનો પહેલો સંસ્કાર તે ગર્ભાધાનનો સંસ્કાર છે. તેનો ખરો હેતુ તો કન્યાઓએ અમુક વખત આવે ત્યાં સુધી અવશ્ય બ્રહ્મચર્ય પાળવું એ છે. બેહેનો બ્રહ્મચર્ય પાળવું એ આપણો આવશ્યક ધર્મ છે, એથી આપણી કાન્તી વધે છે, આપણામાં બળ વધે છે, અને પ્રજા પણ તેવી જ થાય છે. જેમ પુરુષોને તેમજ સ્ત્રીને બ્રહ્મચર્ય પાળવાની આપણા શાસ્ત્રકારોએ ખાસ જરૂર જણાવી છે.

છોકરીઓ—એ બ્રહ્મચર્યનો અર્થ તમે અમને સમજાવ્યો તેમ આપણા લોકોમાં ક્વચિતજ પાળવામાં આવે છે.

મહેતીજી—અને તેથીજ આપણી પ્રજા નિર્માલ્ય અને ટુંકા આયુષ્યવાળી જોવામાં આવે છે. બેહેનો બ્રહ્મચર્ય ન પાળતાં કેવળ પશુવૃત્તિને આધીન થવાથી જ આપણા લોકોની આ અવસ્થા થઈ છે. બ્રહ્મચર્યનો પ્રતાપ કંઈ ઓરજ છે, એ તમારે નકી સમજવું.

એ પાળવાથી તમારામાં એક પ્રકારનું શૌર્ય પેદા થાય છે. તમારા મન ઉપર તમો મજબુત કાબુ ધરાવી શકો છો અને તેના પ્રભાવથી જ અસલની સતી સ્ત્રીઓએ પોતાના અસિવૃતનું રક્ષણ કરેલું છે.

છોકરીઓ—માજી તમારી આજની શિક્ષાને માટે અમે તમારાં આખા જીવિત સુધી આભારી થઇશું. તમે જે અમોને ગુહ્યમાં ગુહ્ય સુચનાઓ કરી છે તે અમો કદી સમજી શકત નહીં અને જેમ અમો નજરે જોઇએ છીએ તેમ પામર સ્ત્રીજનો માફક અમારું જીવિત થાત, તેમાંથી તમોએ અમને બચાવ્યાં છે.

મહેતીજી—હાલ હાલમાં તમારા મનોવિકાર અહીં તહીં ભમ્યા કરે તેવી સ્થિતિમાં તમો આવ્યાં છો, તેજ વખતે દૃઢતા અને શાસ્ત્રમર્યાદા પાળવા પળાવાની આવશ્યકતા છે, તે તમામ શાસ્ત્રીજીએ ટિપણમાં જણાવેલાં સંસ્કૃત પુસ્તકમાં વર્ણવેલી છે. તે ભાષાનું જ્ઞાન તમને તો ક્યાંથી હોય, પણ પુરુષ વર્ગ પણ મોટે ભાગે જાણતો નથી એથી ખરાબીનું મૂળ છે. તમારે મારી આજની કહેલી હકીકતનું મનન કરવું. દૃઢમનથી વળગી રહેવું. પશુવૃત્તિને કદાપિ સ્વાધીન થવું નહીં. દૃઢતાથી બ્રહ્મચર્યનું રક્ષણ કરવું અને કરાવવું એ આપણા હાથમાં છે. મનને વશ રાખવું. જેમ આહારમાં મિતાહાર કરીએ છીએ તેમ હરેક વાતમાં વર્તવું. લલચાવનારાં અને બેહેકાવનારાં પુસ્તકો વાંચવાં નહીં. સતીસ્ત્રીઓનાં જીવનચરિત્ર અને ધર્મનાં પુસ્તકોનું મનન કરવું. આપણામાં આપણો તમામ કૃત્યનો આધાર આપણા ધર્મશાસ્ત્રો ઉપર છે અને એના વિના આગળ ડગલું ના ભરવું.

છોકરીઓ—આપણામાંથી આવું અગત્યનું જ્ઞાન કેમ છેક આમ નાબુદ થઇ ગયું હશે વારુ?

મહેતીજી—રાજ્યના ફેરફારથી આપણી આર્ય પ્રજા અહીંથી તહીં રડેવડી પડી; તેમનાં પુસ્તકોનો નાશ થયો; ભણનાર તેમ ભણાવનાર પણ કમી થઇ ગયા; હાલમાં આપણા માયાળુ રાજ્યકર્તા વિદ્યાવિનોદી અને વિદ્યાથી લાભ અને યશ મેળવનાર છે, તેમની કૃપાથી હવે આપણને આવું આવું જ્ઞાન મેળવવાનો લાભ મળે છે, તો કહેવત છે તેમ હમેશાં પડતી પછીજ ચઢતી થાય છે તેમ આપણી પણ સ્થિતિ હવે સુધરતી જશે.

છોકરીઓ—માજી! રેવાબાઇનું અને તેમના ભરથારનું ઈશ્વર ભલું કરો કે અમોને ધર્મની કેળવણી આપવાનાં આવાં પુસ્તકો તેમણે રચાવ્યાં છે, એમ તે દિવસે ચતુરલક્ષ્મી શેઠાણી કહેતાં હતાં તે ખોટું નથી. ઘર આગળ નવરાશની વખતે અમને તો એમની ચોપડીઓ હાથમાંથી મુકવી ગમતી નથી.

મહેતીજી—તમારું કહેવું યથાર્થ છે, તેમની ઉદાર વૃત્તિથી ઇનામ તરીકે પણ હવેથી એ પુસ્તકો અમુક કાળ સુધી તેમની તરફથી વેંહેચાવાનાં છે.*

---

* આ સંસ્કારામાંનું કેટલુંએક લખાણ હાલના જમાનાને રુચશે નહીં, પરંતુ શાસ્ત્રમર્યાદા કેવી છે અને હાલના રિવાજો કેવા બદલાયેલા છે, તે જણાવવાને અહીં તે તે બાબતોનો વિસ્તાર કર્યો છે; જેથી વાંચનારને તે સંબંધી વિચાર કરવાનું સુગમ પડશે.

પાઠ ૨ જો.

પુંસવન સંસ્કાર.

દોહો.

ધર્મનિ સાથે ગર્ભને, ઉત્તેજન બહુ દેતી;
અહો! ક્રિયા પુંસવન તણીઆ, છે શુભ ફળની ખેતી. ૨

છોકરીઓ—આપે જે અમોને ઉપદેશ કર્યો તે અમો અમારાથી બનતી રીતે પાળવા.પળાવવાને પ્રયત્ન કરીશું, કારણ કે એમાં આરોગ્યતા સાચવવાના અને મનોનિગ્રહના ઘણા સારા વિચારો આપે સૂક્ષ્મ રીતે દર્શાવ્યા છે. હવે પુંસવન સંસ્કારનું પ્રકરણ ચલાવશો તો અમો કૃતાર્થ થઈશું, કારણ કે જે અમારે અવશ્ય શિખવું જ જોઇએ એ વિષય આપે હાલમાં હાથમાં લીધો છે.

મહેતીજી—તમારો નિશ્ચય ઘણો સારો છે. શીખ્યા પ્રમાણે વર્તાય તો જ શીખ્યાનું ફળ થયું ગણાય. લ્યો હવે પુંસવન સંસ્કાર વિષે સાંભળો.

'ગર્ભથી પુત્ર જન્મે તો ઠીક' એવી આશા ધરી આ સંસ્કાર અપાય છે તેથી પુંસવન કેહેવાય છે. ગર્ભ ફરકવા લાગ્યાથી પેહેલાં અથવા ગર્ભ રહ્યા પછી બીજે કે ત્રીજે મહિને જે દિવસે જ્યોતિષ પ્રમાણે ચંદ્ર વગેરે શુભ હોય તથા પુષ્ય આદિ પુલ્લિંગ નક્ષત્ર હોય તે દિવસે આ સંસ્કાર આપવાનો છે. આ સંસ્કાર ક્ષેત્રનો નથી પણ ગર્ભનો છે. તેથી પ્રત્યેક ગર્ભ રેહે સારે કરવો યોગ્ય છે.

પતિએ "આ સ્ત્રીમાં ઉત્પન્ન થવાના સંતાનને બીજ સંબંધી તથા ગર્ભ સંબંધી દોષોનો પરિહાર કરવાદ્વારા અને સ્વરૂપપણાના તથા જ્ઞાનના ઉદયમાં જે જે અડચણો હોય તેઓના નાશદ્વારા પરમેશ્વરની પ્રીતિને માટે પુંસવન સંસ્કાર આપીશ તથા તેના અંગરૂપે સ્વસ્તિવાચન વગેરે કરીશ.' એવો સંકલ્પ કરી સ્વસ્તિવાચન, માતૃકાપૂજન તથા નાંદીશ્રાદ્ધ વગેરે માંગલિક ક્રિયાઓ કરી ઉપવાસવાળી (નરણી રહેલી) ગર્ભિણીને નવરાવી, નવાં વસ્ત્રો પેહેરાવી, રાતે વડની વડવાઇઓનાં અગ્ર તથા શાખા ઉપરનાં અંકુરો[1] પાણીમાં વાટી, વસ્ત્રથી ગાળી તે પાણીનાં ટીપાં ગર્ભવતીના જમણા નાકમાં નાખવાં. તેમાં એકવાર 'સોના જેવા બ્રહ્માંડમાં ગર્ભરૂપે રહેલો પ્રજાપતિ પ્રાણીઓની ઉત્પત્તિથી પેહેલાં દેહધારી થયો છે. દેહધારી થઇને સર્વ પ્રાણીઓનો એક સ્વામી થયો છે. તેણે અંતરીક્ષ, સ્વર્ગ તથા પૃથ્વી ધરેલાં છે. એ પ્રજાપતિને હવિ આપીએ છીએ.' એ અર્થવાળા વેદમંત્રથી[2] નાખવાં અને પછી 'પૃથ્વી આદિ પંચ મહાભૂતથી જે રસ પુષ્ટ થયેલો છે તથા કાળની પ્રીતિથી જે રસ પ્રથમ ઉત્પન્ન થયો છે તે રસના રૂપનું ધારણ કરતો સૂર્ય પ્રત્યેક દિવસે ઉદય પામે છે. યજ્ઞ કરનારો કે જે પ્રથમ મનુષ્ય હતો તેનું એ સૂર્ય-

---

૧ વડ ટાઢો છે, ભારે છે, દસ્તને રોકનાર છે, વર્ણને સારો કરનાર છે, તુરો છે અને કફ, પિત્ત, વ્રણ, રતવા, દાહ તથા ગુહ્યસ્થળના દોષને મટાડનાર છે. (ભાવ પ્રકાશ.)

૨ हिरण्यगर्भ......... ....
(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૧૩ મો. મંત્ર ૪ થો.)

રૂપે જન્મસિદ્ધ દેવપણું થયું છે.' એ અર્થવાળા વેદ મંત્રથી[1] નાખવાં. પછી જો 'પુત્ર ઉત્તમ શક્તિવાળો થાય' એવી ઇચ્છા હોય તો ગર્ભવતીનાં પેટપર પાણીથી ભરેલો માટીનો ઠીકરો મુકી, અનામિકાના અગ્રથી પેટનો સ્પર્શ કરી પેટને જોતાં જોતાં 'હે અગ્નિ! તું ગરુડ પક્ષીના આકારવાળો છે, ત્રિવૃત્સ્તોમ[2] તારું માથું છે, ગાયત્ર નામનું સામ ચક્ષુ છે, બૃહદ્રથંતર નામનાં બે સામો પાંખો છે, પંચદશસ્તોમ અંતઃકરણ છે, છંદો અંગો છે, યજુષો નામ છે, વામદેવ્ય સામ શરીર છે, યજ્ઞિયસામ પુચ્છ છે અને હોત્રાદિક સ્થાનોમાં રહેલા અગ્નિઓ નખો છે. તું આ પ્રમાણે ગરુડ જેવો પક્ષિરૂપ છે માટે આકાશમાં ઉડ અને સ્વર્ગલોકમાં જા.' એ અર્થવાળા વેદમંત્રથી[3] ગર્ભનું અભિમંત્રણ કરવું[4] આ ક્રિયા પુંસવનં સંસ્કાર કહેવાય છે. જેઓને વેદનો અધિકાર નથી તેઓએ દરએક ક્રિયાઓમાં વેદ મંત્રોને બદલે પૌરાણિક મંત્રોનો ઉપયોગ કરવો એ વાત સર્વત્ર ધ્યાનમાં રાખવાની છે.

હમણાં તો આ સંસ્કાર શાસ્ત્રવિધિ પ્રમાણે નહિ પણ બૈરાંઓના સંપ્રદાય પ્રમાણે એકવાર જ કરવામાં આવે છે અને તે 'રાખડી બાંધવી' એ નામથી ઓળખાય છે. એ સંબંધી કેટલેક સ્થળે

---

૧ अद्भ्यः सम्भृतः................
(યજુર્વેદ સંહિતા, અધ્યાય ૩૧ મો. મંત્ર ૧૭ મો.)

૨ ત્રિવૃત્સ્તોમ વગેરે સઘળાં અમુક અમુક મંત્ર સમુચ્ચયોનાં નામો છે.

૩ सुपर्णोऽसि.........................
(યજુર્વેદ સંહિતા, અધ્યાય ૧૨ મો. મંત્ર ૪ થો.)

૪ પારસ્કર ગૃહ્યસૂત્ર, કાંડ ૧ લો, કંડિકા ૧૪ મી, ગદાધર ભાષ્ય.

બૈરાંઓ સીમંતનાં 'પાંચ વધાવો' તથા 'રતિવહુ' નામનાં ગીતો ગાતાં ગાતાં ગર્ભવતીને પીઠી ચોળી, નવરાવી, નવાં વસ્ત્રો તથા શણગારો પહેરાવી, માથે બેડું આપી પાણી ભરવા મોકલે છે. તેની સાથે પાંચ સાત બૈરાંઓ જુદાં જુદાં બેડાં લઈ પાણી ભરવા જાય છે. પાણી ભરીને આવે ત્યારે ગર્ભવતીને ઉભી જ રાખી સાતવાર સાત સોપારી, હળદરના સાત ગાંઠીઆ, જુવારના દાણા, વાંસની કાતળી, ધ્રોખડ અને સૂતરની કોકડી એઓવતે તેનો ખોળો ભરે છે અને કાળા રેશમી કપડામાં રાતાં નાડાંથી લોઢાનો કરડો, ચૌટાની રજ, અડદ તથા હનુમાનની મૂર્તિ ઉપરના તેલનો કાદવ એઓની પોટલી બાંધી તે કપડું ગર્ભવતીના ડાબા હાથપર બાંધે છે. પછી જેટલાં બૈરાં પાણી ભરવા ગયેલાં હોય તેઓને ગર્ભવતીની સાથે બેસાડી એક જ વાસણમાં કંસાર જમાડીને એટલાથીજ પુંસવન સંસ્કારને પતાવી દે છે. અને કેટલેક સ્થળે તેમાંનું કંઈ કરતાં પણ નથી. આ સંસ્કાર પછી ગર્ભવતીને પાણી ભરવા વગેરે ઘરના કામથી મુક્ત કરવામાં આવે છે.

છોકરીઓ! આપણા વૈદકમાં કહેલા ગર્ભિણીના ધર્મો જોકે પુંસવનના અંગરૂપ નથી તોપણ સ્ત્રીઓને બહુ ઉપયોગી છે માટે પ્રસંગને લીધે તે વિષે સંક્ષેપથી સમજાવી આજનો પાઠ બંધ કરવા ધારું છું. ગર્ભવતી સ્ત્રીએ ઉભડક કે વિષમ રીતે બેસવું નહિ. કઠણ આસનપર બેસવું નહિ. ભસ્માદિકવાળાં ખરાબ સ્થળમાં બેસવું નહિ. સંધ્યાકાળમાં ભોજન કે શયન કરવું નહિ. કેશ છૂટા રાખવા નહિ

મળ મૂત્ર વગેરેના વેગોને રોકવા નહિં. બહુ મેહેનત કરવી નહિં. અત્યંત તીક્ષ્ણ કે અત્યંત ઉષ્ણ પદાર્થોનું સેવન કરવું નહિ: ઉંડા ખાડ વગેરેમાં ઉતરવું કે જોવું નહિ. બહુ ભોજન કે અત્યંત અલ્પ ભોજન કરવું નહિ. અપ્રિય વાતો સાંભળવી નહિ. અમંગળ બોલવું નહિ. ચત્તું સૂવું નહિ. ખુલ્લી જંગામાં સૂવું નહિ. કજીઆ કરવો નહિ. બ્રહ્મચર્યનું પુરતી રીતે રક્ષણ કરવું. શોક, પરાયું અનિષ્ટ કરવાનું ચિંતન, ચોરી, ક્રોધ, બહુ નિદ્રા કે મદ્યનું સેવન કરવાં નહિ. ખાટા, ખારા, તીખા, કડવા કે તુરા પદાર્થોનો નિત્ય ઉપયોગ કરવો નહિ. વૈદ્યની સલાહવિના વમન કે વિરેચન લેવાં નહિ. ફસ ખોલાવવી નહિ. સર્વદા આનંદમાં રેહેવું. પવિત્ર રેહેવું. શણગારેલ રેહેવું. સફેદ વસ્ત્રો પેહેરવાં. માંગલિક કૃત્યોમાં તત્પર રહેવું. મલિન, રોગી કે ન્યૂન અંગવાળાં માણસોનો સ્પર્શ કરવો નહિ. દુર્ગંધ લેવો નહિ. ખરાબ વસ્તુઓ જોવી નહિ. સૂકું, વાશી, બહુ ઉકળેલું કે પચપચી ગયેલું અન્ન જમવું નહિ. બહાર ફરવાની બહુ ટેવ રાખવી નહિ. ઉજડ સ્થાનમાં કે સ્મશાનમાં જવું નહિ. વૃક્ષના આશ્રયમાં રેહેવું નહિ. કચરાનો કે ગરદીનો સંસર્ગ કરવો નહિ. બોજો ઉપાડવો નહિ. ઉંચા સ્વરથી બોલવું નહિ. અત્યંત ઉપવાસ, દિવસની નિદ્રા, રાતનો ઉજાગરો, વાહન ઉપર કે મેહેલ વગેરેની ઉપર ચડવું નહિ તથા ભયથી દૂર રેહેવું. વારંવાર તૈલનો અભ્યંગ કરવો નહિ. શરીર મરડવું નહિ. વારંવાર લોટ વગેરેથી શરીરને ચોળાવવા વગેરેનો પણ ત્યાગ કરવો. રોવું નહિ. શયન તથા આસન કોમળ બીછાનાવાળું, સાંકડ વગરનું, ગાલ મસુરીઆં વગેરેની સગવડવાળું અને બહુ ઉંચુ કે બહુ નીચું

પણ ન પડે એવું રાખવું. ભોજન પણ પ્રિય લાગે એવું, દ્રવવાળું, મધુર દ્રવ્યોવાળું, સ્નિગ્ધ અને જેને જઠરાગ્નિ પ્રદીપ્ત કરનારા પદાર્થોથી સંસ્કારો આપેલા હોય એવું કરવું. ઇત્યાદિ.[1]

यत्संस्कारः पुंसवनं गर्भेऽपूर्वगुणोदयः ।
पत्नीविशुद्धताख्यातिः पितृणां च मुदुत्तमा ॥ २ ॥

પાઠ ૩ જો.

સીમંતોન્નયન સંસ્કાર.

દોહો.

સીમંતોન્નયને કરી, સીમંતિની[3] હરખાય;
દીપી નિકળે યશધરે, કુટુંબમાં પૂજાય. ૩

છોકરીઓ—બા! સંસ્કારોમાં પુંસવન પછી સીમંતોન્નયન એ નામ આવે છે, તો સીમંતોન્નયન એ શું છે અને તેનો વિધિ કેવો છે? એ અમોને સમજાવો.

મહેતીજી—હાલ એ સંસ્કાર લોકોમાં 'અઘરણી' એ નામથી ઓળખાય છે. તેમાં સીમંતનું ઉન્નયન એટલે સેંથો પાડવાની (કરવાની) ક્રિયા મુખ્ય છે, તેથી શાસ્ત્રમાં સીમંતોન્નયન કહે-

---

૧. ચરક શારીરસ્થાન અધ્યાય ૮ મો. સુશ્રુત શારીરસ્થાન અધ્યાય ૧૦ મો.

૨. જે પુંસવન નામનો સંસ્કાર છે તે, ગર્ભમાં અપૂર્વ ગુણનો ઉદય છે, પત્નીના પવિત્રપણાની ખ્યાતિ છે અને પિતૃઓનો ઉત્તમ સંતોષ છે. (ઉદયના, ખ્યાતિના તથા સંતોષના હેતુરૂપ છે.) ૩. સ્ત્રી.

વાય છે. આ સંસ્કાર છઠ્ઠે અથવા આઠમે માહને કરવાનો છે. કેટલાએક ગ્રંથોમાં ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે કે પ્રસવ પહેલાં નવમે મહિને પણ કરવાનું લખ્યું છે. આ સંસ્કાર એકવાર એટલે પહેલો ગર્ભ રહે ત્યારે જ કરવો એમ પારસ્કર ગૃહ્યસૂત્રમાં કહ્યું છે. પ્રત્યેક ગર્ભ રહેતાં કરવો એમ પણ કેટલાએક ગ્રંથોનું મત છે. જે દિવસે જ્યોતિષપ્રમાણે શુભ ચંદ્ર, શુભ નક્ષત્ર, શુભ યોગ તથા રવિ, ભૌમ કે ગુરુવાર હોય તે દિવસે, ઉપવાસવાળી (નરણી રહેલી), નાહેલી, જેણે નવાં વસ્ત્રો પહેરચાં તથા શણગાર ધરયા હોય તેવી ગર્ભવતીને માટે પતિએ વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરી તલ, મગ, તથા ચોખાનો ચરુ પકાવી હોમ[1] કરી અગ્નિથી પશ્ચિમમાં અને પોતાથી દક્ષિણમાં કોમળ આસનપર ગર્ભવતીને બેસાડવી. જેમાં કાચાં તથા બેકીની સંખ્યાવાળાં ફળો લાગેલાં હોય એવો ઉંબરાના ઝાડનો એક ગુચ્છ, દર્ભનાં[2] ત્રણ પવિત્રાં, શેઢાઇની પાંખની ત્રણ ઠેકાણે સફેદાઇવાળી સળી, પીપળાનો શંકુ તથા સૂતરવાળી લોઢાની ત્રાકડી એઓવતે લલાટના સંધિથી માંડી ઉંચા ભાગ સુધી ગર્ભવતીનો

૧. હોમ કરવાથી જેમ દેવતાઓ પ્રસન્ન થઇ શુભ આશિષ આપે છે તેમ હવા પણ સુધરે છે અને કોમળ કોમળ તાપથી સ્વેદન (શેક) મળવાથી શરીરમાં વાયુસંબંધી તથા કફસંબંધી ઉપદ્રવો પણ ટળે છે. સ્વેદથી ધાતુઓમાં રહેલા દોષો દ્રવપણું પામી કોઠાની અંદર જઇને દસ્તની સાથે પડી જાય છે. જો કે ગર્ભવતીને સ્વેદ દેવાનો નિષેધ છે તો પણ હોમથી અતિ કોમળ સ્વેદ થાય છે એટલે બાધ નથી.

૨. દર્ભ ત્રણે દોષને હરનાર છે, મધુર છે, તુરા છે, ટાઢા છે અને મૂત્ર-કૃચ્છ, પથરી, તરશ, મૂત્રાશયની પીડા, પ્રદર તથા લોહીના બીગાડ એઓને મટાડનાર છે. (ભાવ પ્રકાશ.)

સેંથો પાડવો (કરવો.) અને એ કરતી વખતે 'भूः भुवः स्वः विनयामि' એવો મંત્રોચ્ચાર કરવો. પછી 'હે સ્ત્રી! આ વૃક્ષ કે જે ફળયુક્ત શાખાવાળો છે તેની શાખાની પેઠે તું ફળ (સંતાન) વાળી થજે.' એ અર્થવાળો મંત્ર[1] બોલી ગર્ભવતીના ચોટલાની ત્રેવડી વેણીમાં ઉંબરાના[2] ગુચ્છ વગેરે પદાર્થો બાંધવા પછી બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય વર્ણના વીણાધારી બે ગવૈયાઓને કહેવું કે રાજાનું અથવા બીજા કોઇ મોટા વીર પુરુષનું ગાયન કરો. ગવૈયાઓએ એ ગાયન કરવું.[3]

બાળાઓ! ગર્ભવતીના ધર્મો તમોને પ્રથમ સમજાવ્યા છે. જેમ ગર્ભવતીએ પોતાના ધર્મો પાળવા જોઇએ તેમ ગર્ભવતીના પતિએ પણ પોતાના ધર્મો પાળવા જોઇએ, માટે ગર્ભવતીના પતિના ધર્મો પણ સંક્ષેપથી સમજાવું છું. ગર્ભવતીને ગર્ભના દિવસોમાં અનેક જાતની પહેરવા ઓઢવાની તથા ખાવા પીવા વગેરેની પ્રબળ ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે. એઓમાં જેટલી યોગ્ય અને પૂરી પાડી શકાય એવી જણાય તેટલી ઇચ્છાઓ ગર્ભવતીના પતિએ તથા સાસૂ વગેરેએ પણ અવશ્ય પૂરી પાડવી જોઇએ. જો એ ઇચ્છાઓ પૂરી પાડવામાં ન આવે તો ગર્ભમાં ખોડખાંપણ વગેરે થાય છે. વૈદ્યકના મોટા આચાર્ય સુશ્રુત મુનિ કહે છે કે 'ચોથે મહિને સઘળાં અંગોનો

૧. अयमूर्जावतः ૨. ઉંબરો ટાઢો છે, રુક્ષ છે, ભારે છે, મધુર છે, તુરો છે, વર્ણને સારો કરનાર છે, વ્રણને સાફ કરનાર છે, રુઝાવનાર છે અને પિત્ત, કફ તથા લોહીના બીગાડ એઓને મટાડનાર છે. (ભાવપ્રકાશ.)

૩. ગાયનની મીઠાશથી ગર્ભિણીને વીરપણાની અસર તથા આનંદ પ્રાપ્ત થતાં ગર્ભને પણ તેવી અસર તથા આનંદ પ્રાપ્ત થાય છે.

તથા પ્રત્યંગોનો વિભાગ વધારે સ્પષ્ટ થાય છે. ગર્ભનું હૃદય પ્રકટ થવાથી ચૈતન્ય પણ પ્રકટ થાય છે; કેમકે ચૈતન્યનું સ્થાનક હૃદય છે. ચૈતન્ય પ્રકટ થવાને લીધે ગર્ભ ચોથે મહિને અનેક પદાર્થોની ઇચ્છા કરે છે. એક ગર્ભનું હૃદય અને એક પોતાનું હૃદય એ રીતે બે હૃદયોવાળી હોવાને લીધે ગર્ભિણી સ્ત્રી 'દૌહૃદા' કહેવાય છે. જેની ઇચ્છાનું અપમાન કરવામાં આવે તે ગર્ભિણી સ્ત્રી ખૂંધા, ઠુંઠા, લુંગડા, જડ, ઠીંગણા, વિકૃત નેત્રોવાળા અથવા આંધળા સંતાનને જન્મ આપે છે. અને પોતે પણ ખરાબ હાલતમાં આવે છે. આમ છે એટલા માટે વૈદ્યે ગર્ભિણી જે જે વસ્તુની ઇચ્છા કરે તે તે સઘળી વસ્તુઓ તેને દેવરાવવી. જેની ઇચ્છા પાર પડેલી હોય એવી ગર્ભિણી ઉત્તમ શક્તિવાળા તથા લાંબા આયુષવાળા સંતાનને જન્મ આપે છે. જે જે વિષયની બાબતમાં ગર્ભિણીની ઇચ્છાનો ભંગ થાય તે તે વિષયનું ગ્રહણ કરનારી ઈંદ્રિયમાં સંતાનને પીડા ઉત્પન્ન થાય છે."[1] ગર્ભિણીના પતિએ સમુદ્રમાં કે નદીમાં નાહાવું નહિ, ઝાડ કાપવું નહિ, પરદેશ જવું નહિ, વહાણમાં બેસવું નહિ, કુસ્તી કરવી નહિ, લડાઇમાં જવું નહિ અને પહાડપર ચડવું નહિ.

છોકરીઓ! પતિ આ ધર્મો પાળે તો તેથી ગર્ભવતી કેવી નિશ્ચિંત રહે તથા કેવા સંતાનને જન્મ આપે તે સમજાઇ શકે એવું છે

निःसीमास्ति चमत्कारः सीमन्तोन्नयने ननु । (२)
क्षेत्रं फलं च येनेतः परस्परवदुन्नतिम् ॥ ३ ॥

૧. સુશ્રુત શારીરસ્થાન અધ્યાય ૩ જો. ૨. સીમંતોન્નયનમાં અવશ્ય બેહદ ચમત્કાર છે કે જેથી ક્ષેત્ર, ફળની પેઠે ઉન્નતિ પામે છે અને ફળ, ક્ષેત્રની પેઠે ઉન્નતિ પામે છે.

પાઠ ૪ થો.

જાતકર્મ સંસ્કાર.

દોહો.

જાતકર્મ સંસ્કારથી, સંતતિ સદ્ગુણિ થાય;
મિઠાશ આંબાની જુઓ, સંસ્કારોથી સધાય. ૪

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! અમારા સાંભળવા પ્રમાણે સીમંતોન્નયન સંસ્કાર પછી જાતકર્મ સંસ્કાર આવે છે. જો એ પ્રમાણે જ ક્રમ હોય તો હવે જાતકર્મ સંસ્કારવિષે, અમોને સમજાવો.

મહેતીજી—કન્યાઓ! હા. સીમંતોન્નયન પછી જાતકર્મ જ આવે છે. હવે જાતકર્મવિષે વ્યાખ્યાન આપું છું. ધ્યાન આપો.

ગર્ભવતી પ્રસવનો સમય પ્રાપ્ત થતાં કષ્ટાવા લાગે ત્યારે પતિએ 'જેમ વાયુ અને સમુદ્ર ચલિત થાય છે તેમ આ પૂરા મહિનાનો ગર્ભ ઓરની સાથે ચલિત થાઓ.' એ અર્થવાળા મંત્રથી[1] તેના ઉપર પાણી છાંટવું. પછી 'અનેક રૂપોવાળી અને પિત્તવાળી તારી ઓર કૂતરાના ખાજને માટે નીચે પડજો.' હે ગર્ભનું ધારણ કરવાથી પુષ્ટ શરીરવાળી! એ ઓર ગર્ભને વ્યથા કરે એવા કોઇ અવયવની સાથે લાગેલી રહીને નહિ પડજો અને બીજા કોઇ કારણથી પણ ગર્ભને હાનિ નહિ થજો.' એ મંત્ર[2] બોલવો. પુત્ર જન્મે કે તુરત તેનું મોઢું

---

૧. एजतु ... ...
(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૮ મો. મંત્ર ૨૮ મો.)

૨. अवैतु ... ...

જોઇ નદી વગેરે જલાશયમાં નાહી અને એવા જલાશયનો યોગ ન બની શકે તો ઘરમાં જ, જેમાં કાંઇક સોનું નાંખેલું હોય એવાં ટાઢા પાણીથી નાહી, આચમન લઈ સફેદ ચંદનથી તથા સફેદ પુષ્પો વગેરેથી શરીરને શણગારી નાળવાના છેદનથી પહેલાં[1] જેને સુવાવડી શિવાય બીજું કોઇપણ અડકેલું ન હોય એવાં બાળકને નવરાવી ધવરાવ્યાથી પહેલાં જ માના ખોળામાં ઉગમણે મોહડે રાખી, બ્રાહ્મણોની સાથે સ્વસ્તિવાચન કરી, 'अत्राद्य' બોલી 'ગર્ભનું જળ પીવાથી ઉત્પન્ન થયેલા સઘળા દોષોને ટાળવાદ્વારા, આયુષની તથા બુદ્ધિની વૃદ્ધિ થાય એવી યોજના કરવાદ્વારા અને બીજથી તથા ગર્ભસ્થ ઉત્પન્ન થયેલા દોષોનો નાશ કરવાદ્વારા શ્રી પરમેશ્વરની પ્રીતિને માટે મારા આ કુમારનું જાતકર્મ કરીશ.' એવો સંકલ્પ કરી સુવર્ણથી માંદીશ્રાદ્ધ કરવું. પછી એક વાસણમાં મધને[2] તથા

૧. ચરક તથા સુશ્રુત તો નાળવાનું છેદન કર્યા પછી જાતકર્મ સંસ્કાર કરવાનું કહે છે.

(ચરક શારીરસ્થાન અધ્યાય ૮ મો. સુશ્રુત શારીરસ્થાન અધ્યાય ૧૦ મો.)

૨. મધ ટાઢું છે, હલકું છે, મધુર છે, રૂક્ષ છે, ઝાડાના પાતળાપણાને મટાડનાર છે, મળને ખોતરનાર છે, નેત્રને હિતકારી છે, અગ્નિને દીપ્ત કરનાર છે, સ્વરને માટે સારું છે, વ્રણને સાફ કરનાર છે, રુઝ લાવનાર છે, કોમળપણું કરનાર છે, તુરાશને મળતું છે, પ્રિય લાગનાર છે, અત્યંત સ્વચ્છપણું કરનાર છે, વર્ણને સારો કરનાર છે, બુદ્ધિને તથા શક્તિને વધારનાર છે, આર્દ્રપણાને મટાડનાર છે, રુચિકારક છે અને મેહ, તરશ, ઉલટી, શ્વાસ, હેડકી, અતિસાર, મળબંધ, કોઢ, અરશ, ઉધરસ, પિત્ત, લોહીના બીગાડ, કફ, પ્રમેહ, ગ્લાનિ, કૃમિ, દાહ, અને ક્ષત તથા ક્ષય એઓને મટાડનાર છે. તેમ જ સંસર્ગી પદાર્થોના ગુણોને ગ્રહણ કરનાર છે. (ભાવપ્રકાશ.)

ઘીને[1] મિશ્રિત[2] કરી, જેમાં સોનાની અંગોઠી પહેરી હોય એવી અનામિકાથી બાળકને તે ચટાડવું અથવા એકલું ઘી ચટાડવું (મનુ તો કહે છે કે મધની તથા ઘીની સાથે કાંઇક સોનું પણુ તેના પેટમાં જાય એમ કરવું.[3]) અને ચટાડતી વખતે 'પૃથ્વીને તારામાં ધરું છું,

૧. ઘી રસાયન છે, મધુર છે, નેત્રને હિતકારી છે, અગ્નિને દીપ્ત કરનાર છે, શીતવીર્યવાળું છે, ઝેર, અલક્ષ્મી, પાપ, પિત્ત અને વાયુ એઓને ટાળનાર છે, થોડીક શરદી કરનાર, કાંતિ, બળ, તેજ, લાવણ્ય, બુદ્ધિ, સ્વરનું નિર્મળપણું તથા સ્મરણુ શક્તિ એઓને માટે સારું છે, પવિત્ર છે, આયુષને વધારનાર છે, શક્તિ આપનાર છે, ભારે છે, સ્નિગ્ધ છે, કફ કરનાર છે, ઉદાવર્ત, જ્વર, ઉન્માદ, શૂળ, આફરો, વણુ, ક્ષય, રતવા જેવા રોગ તથા લોહીના બીગાડ એઓને ગટાડનાર છે. (ભાવપ્રકાશ.)

૨. મધ તથા ઘી સમભાગે નહિ પણુ વિષમ ભાગે લેવાં, એટલે મધ અધિક તો ઘી ઓછું લેવું અને ઘી અધિક તો મધ ઓછું લેવું, કેમકે એઓ સમભાગે હોય તો ઝેરી થાય છે એમ વૈદ્યકમાં કહ્યું છે.

૩. मंत्रवत्प्राशनं चास्य हिरण्यमधुसर्पिषाम् ॥ २९ ॥

(મનુસ્મૃતિ અધ્યાય ૨ જો.)

શુદ્ધ સોનું ટાઢું છે, ધાતુને પુષ્ટ કરનાર છે, બળ આપનાર છે, ભારે છે, રસાયન છે, મધુર છે, કડવું છે, તુરું છે, પાકમાં મધુર છે, ચીકાશવાળું છે, પવિત્ર છે, શરીરને વૃદ્ધિ આપનાર છે, નેત્રને હિતકારી છે, બુદ્ધિની તથા સ્મરણુ શક્તિની સાથે વિચારશક્તિને આપનાર છે, પ્રિય લાગે એવું છે, આયુષને વધારનાર છે, કાંતિને તથા વાણીને સ્વચ્છ કરનાર છે, સ્થિરતા આપનાર છે અને વિષ, ક્ષય, ઉન્માદ, ત્રિદોષ, જ્વર તથા શોષ એઓને મટાડનાર છે. સોનું ચટાડવું હોય તો સારી પેઠે મારેલું સોનું ચટાડવું, કેમ કે 'જો સોનું સંસ્કારથી બરાબર શોધાએલું ન હોય તો મનુષ્યોના બળને તથા વીર્યને હરી લે છે, અનેક રોગોને ઉત્પન્ન કરીને કાયાને સુકાવી નાખે છે, સર્વદા અસુખ કરે છે અને મારી પણુ દે છે. બરાબર નહિ મરાએલું સોનું બળનો તથા વીર્યનો નાશ કરે છે, રોગોને ઉત્પન્ન કરે છે અને મરણુ પણુ કરે છે માટે પ્રયત્નપૂર્વક તેને મારવું જોઇએ. (ભાવપ્રકાશ.)

અંતરીક્ષને તારામાં ધરું છું, સ્વર્ગને તારામાં ધરું છું તથા એ સર્વને તારામાં ધરું છું.' એ અર્થવાળો મંત્ર[1] બોલવો. આ ચટાડવારૂપ ક્રિયાથી બાળકને ધારણાશક્તિવાળી બુદ્ધિ પ્રાપ્ત થાય છે. પછી બાલકના જમણા કાનના અથવા નાભિના સમીપમાં 'અગ્નિ, સોમ, વેદ, દેવતાઓ, ઋષિઓ, પિતૃઓ, યજ્ઞ તથા સમુદ્ર કે જેઓ લાંબા આયુષવાળા છે અને અનુક્રમે વનસ્પતિઓથી, ઓષધિઓથી, બ્રાહ્મણોથી, અમૃતથી, નિયમોથી, શ્રાદ્ધાદિકથી, દક્ષિણાઓથી તથા નદીઓથી આયુષવાળા છે તેઓના આયુષથી તને આયુષવાળો કરું છું, એ અર્થવાળા આઠ મંત્રો[2] ત્રણવાર બોલી 'જમદગ્નિ, કશ્યપ તથા દેવતાઓ એઓનું ત્રણે અવસ્થાઓમાં જે જીવનચરિત્ર છે તે જીવનચરિત્ર આપણને ત્રણે અવસ્થાઓમાં પ્રાપ્ત હોજો.' એ અર્થવાળો મંત્ર[3] પણ ત્રણવાર બોલવો. જો બાલક સો વર્ષનું પૂરું આયુષ પામે એવી ઇચ્છા હોય તો અગ્નિની સ્તુતિરૂપ અર્થવાળા 'दिवस्पतिः....' એ મંત્રથી માંડી 'त्वामग्ने ....' એ મંત્ર સુધીના અગીયાર વેદમંત્રો[4] બોલતાં બોલતાં બાળકનો સ્પર્શ કરવો. આ ક્રિયાથી બાલકનાં આયુષની ઉન્નતિ થાય છે. (બાલકના નાળવાંને આઠ આંગળ છોડી દઈ અસ્ત્રા વગે-

---

१. भूस्त्वयि ... ...

२. अग्निरायुष्मान् ... सोम आयुष्मान् ... ब्रह्म आयुष्मान् ... देवा आयुष्मन्तः ... ऋषय आयुष्मन्तः ... पितर आयुष्मन्तः ... ... यज्ञ आयुष्मान् ... ... समुद्र आयुष्मान्

३. त्र्यायुष्यम् ... ...
(યજુર્વેદ સંહિતા અધ્યાય, ૩ જો, મંત્ર ૬૨ મો.)

૪. યજુર્વેદ અધ્યાય ૧૨ મો

રેથી કાપવું) પછી બાળકને જુદો લઈ તેની ચાર દિશામાં ચાર અને વચમાં એક એમ પાંચ બ્રાહ્મણોને ઉભા રાખી તેઓને 'इममनु प्राणित' (આ બાળકની સામે જોઇ તેને પ્રાણશક્તિ આપી લાંબા આયુષવાળો કરો) એમ કહેવું. બાળક ઉપર દૃષ્ટિ રાખી પૂર્વના બ્રાહ્મણે 'प्राण' (હૃદયના પવનની ઉત્તમ શક્તિવાળો થઈ લાંબા આયુષ્યવાળો થા) એમ બોલવું, દક્ષિણના બ્રાહ્મણે 'व्यान' (સઘળા શરીરમાં રહેનારા પવનની ઉત્તમ શક્તિવાળો થઈ લાંબા આયુષ્યવાળો થા) એમ બોલવું, પશ્ચિમના બ્રાહ્મણે 'अपान' (નીચે જતા પવનની ઉત્તમ શક્તિવાળો થઈ લાંબા આયુષ્યવાળો થા) એમ બોલવું, ઉત્તરના બ્રાહ્મણે 'उदान' (કંઠના પવનની ઉત્તમ શક્તિવાળો થઈ લાંબા આયુષ્યવાળો થા) એમ બોલવું અને મધ્યના બ્રાહ્મણે 'समान' (નાભિના પવનની ઉત્તમ શક્તિવાળો થઈ લાંબા આયુષ્યવાળો થા) એમ બોલવું. બ્રાહ્મણો હાજર ન હોય તો પિતાએ પોતેજ પૂર્વ આદિ પ્રદેશોમાં ફરતાં ફરતાં ઉપર પ્રમાણે બોલવું. 'પૃથ્વી સ્વર્ગમાં ચંદ્રની અંદર રહેલા તારા હૃદયને જાણે છે. હું તેને જાણું તથા તે મને જાણે અને સો વર્ષ સૂધી દેખીએ, જીવતા રહીએ તથા સાંભળીએ.' એ અર્થવાળા મંત્રથી[1] જન્મ ભૂમિનું અભિમંત્રણ કરતાં હાથવતે બાળકનો સ્પર્શ કરવો. વળી બાળકનો સ્પર્શ કરતાં કરતાં 'તું પથરા જેવો દૃઢ થજે, વજ્રની પેઠે શત્રુઓનો નાશક થજે, સોનાની પેઠે તેજસ્વી તથા ગ્રહણ કરવા યોગ્ય થજે અને તું કે જે

१ वेद ते भूमि..............

પુત્ર નામથી કહેવાતો મારોજ દેહ છે તે સો વર્ષ સૂધી જીવતો રહેજે.' એ અર્થવાળો મંત્ર[1] બોલવો. બાળકની માંની સામે જોઈ તેને 'તું મિત્રાવરુણના અંશથી ઉત્પન્ન થયેલી પુરુરવાની મા ઇલાની પેઠે સ્વર્ગાદિકનું સાધન કરનારા પુત્રને જન્મ આપનારી થજે. તું કે જેણે અમોને પુત્રવાળા કર્યા છે તે, પતિના તથા પુત્રના સુખવાળી રહેજે.' એ અર્થવાળો મંત્ર[2] સંભળાવવો. પછી બાળકને તેની માતાના હાથમાં દઈ, તેનો જમણો સ્તન ધોઈ, 'હે સર્વત્ર જનારા અગ્નિ! જગતમાં તું સારા રસવાળા તથા ઘીથી ભરેલા આ સ્તનનું પાન કર, મધુર સ્વાદવાળા આ ઘીના કૂવાનું સેવન કર અને યજ્ઞના ઘરમાં પ્રવેશ કર.' એ મંત્ર[3] બોલી બાળકને ધવરાવવો. ડાબો સ્તન ધોઈ એ જ મંત્ર બોલી તથા 'હે સરસ્વતિ! તારો સ્તન કે જે સારી રીતે સુતેલો (રહેલો) છે, સુખ આપનાર છે, રત્નોને ધરનાર છે, ધન પામનાર છે, સારો દાતા છે અને જે સ્તનથી તું સઘળી ઉપયોગી વસ્તુઓને પોષણ આપે છે, તે સ્તન અહીં ધાવવા દે.' એ બીજો મંત્ર[4] બોલી બાળકને ધવરાવવો. સુવાવડીના ખાટલામાં માથું રાખવાના પ્રદેશની નીચે ધરતી ઉપર 'હે જીવન આપનારાં જળ! તમો જેમ દેવતાઓનાં કાર્યોના સાધન

१ अश्माभव..................

२ इडासि...................

३ इमं स्तनमूर्जस्वन्तम्........

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૧૭ મો. મંત્ર ૮૭ મો.)

४ यस्तेस्तनः.................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૩૮ મો. મંત્ર ૫ મો.)

રૂપે રહોછો તેમ આ પુત્રવાળી સુવાવડીના હિતના સાધનરૂપે રહેજો.' એ અર્થવાળો મંત્ર[1] બોલી જળથી ભરેલું કુંડું મૂકી રાખવું. સુવાવડી નાહીને ઉઠે ત્યાંસુધી સુવાવડના ઘરના દ્વારમાં અગ્નિનું સ્થાપન કરી તેમાં સાંજે તથા સવારે 'બાળકોના ઉપદ્રવોને નષ્ટ કરવાના અર્થવાળા 'शण्डा......' તથા 'आलिखन्.......' એ બે મંત્રોથી ચોખાના કણના મિશ્રણવાળા સર્ષપ હોમવા. જો બાળક કાંઈ ઉપદ્રવ પામતો જણાય તો પિતાએ તેને જાળથી કે પોતાની પછેડીથી ઢાંકી ખોળામાં લઈ ઉપદ્રવોને નષ્ટ કરનારા 'कूर्कुरः.......' ઇત્યાદિ ત્રણ મંત્રો જપવા અને 'જે વિષે અમો મંત્ર બોલીએ છીએ તથા જેનો સ્પર્શ કરીએ છીએ તે બાળક પોતાનાં અંગોને મરડજો નહિ, રોજો નહિ, રોમાંચિત થજો નહિ તથા ગ્લાનિ પામજો નહિ.' એ મંત્ર[2] બોલતાં બોલતાં બાળકનો સ્પર્શ કરવો. દીકરી જન્મી હોય તો સઘળી ક્રિયાઓ મંત્ર બોલ્યા વગરજ કરવી. આ સઘળી ક્રિયાઓ મળીને જાતકર્મ સંસ્કાર કેહેવાય છે.[3] આ દિવસે યથાશક્તિ દેવાનું તથા સૂતકની અડચણ ન ગણવાનું બીજા ગ્રંથોમાં કહ્યું છે.

છોકરીઓ! મંત્રો બોલવામાત્રથી બુદ્ધિની તથા આયુષની વૃદ્ધિ વગેરે શુભ ફળો થવાં કેમ સંભવે?' એવી શંકા તમારા મનમાં આવતી હશે અને હાલનો સમય જોતાં તે શંકાઓ ઉત્પન્ન થવાનો સંભવ પણ છે, પરંતુ એ શંકાનું મૂળ સૃષ્ટિનાં તત્વોનું અજ્ઞાન જ છે.

૧ आपोदेवेषु.....................

૨ न नामयाति......................

૩ પારસ્કરગૃહ્યસૂત્ર. કાંડ ૧ લો. કંડિકા ૧૬ ની. ગદાધરભાષ્ય,

જેમ આપણે સ્થિર જળાશયમાં કાંકરો ફેંકીએ ત્યારે જળમાં કુંડાળાં થાય છે તેમ માણસો બોલે છે ત્યારે હવામાં શબ્દોનાં કુંડાળાં થાય છે. એ કુંડાળાં જ શબ્દોનાં પ્રચલનો અથવા મોજા કહેવાય છે. તોપ વગેરેના અવાજોના મોજા ઘણાજ દૂરથી આવી અથડાઇને વસ્તુઓને ચલિત કરી નાખે છે તો એ ઉપરથી શબ્દોના મોજાનું જોર કેટલું છે એ આપણે જાણી શકીએ છીએ. એ પ્રમાણે મંત્રોના ઉચ્ચારોરૂપી શબ્દોના મોજા વાતાવરણમાં થઈ કાનમાંથી પ્રવેશ કરી માણસોના હૃદયમાં તથા શરીરમાં પોતાની અસર કરે છે. ઈશ્વરની આજ્ઞારૂપી વેદના અને પ્રાંચીન મહાત્માઓના મંત્રો એવા શબ્દોવાળા છે કે જે શબ્દો યોગ્ય સાંમથી રાખી યોગ્ય પદ્ધતિથી ઉચ્ચારવામાં આવે તો પોતાના અર્થ પ્રમાણે સામા માણસોના હૃદયમાં તથા શરીરમાં જ્ઞાનની તથા લોહી વગેરેની ગોઠવણ કરી શકે છે. આપણા યોગશાસ્ત્ર પ્રમાણે અભ્યાસ કરનારા યોગીઓએ આ વાત અનુભવેલી છે. યોગીઓની વાત પડતી મુકીને અમેરિકા વગેરેની ઉત્તમ વિધાશાળાઓમાં જઇને જોઇએ તો પણ હજારો ગાઉ દૂર રહેલા માણસને કોઇપણ યંત્રની મદદવિના તેના હૃદયમાં અમુક અસર કરવાની વિધા અજમાવાતી પ્રત્યક્ષ જોવામાં આવે.

બાળાઓ! જાતકર્મના સંબંધમાં સઘળું કહેવાઈ ગયું છે. હવે સ્ત્રીઓના તથા બાળકોના હિતને માટે તમોને સંક્ષેપ કરી પ્રસંગોપાત કાંઈક બીજું પણ સમજાવવા ઇચ્છું છું; માટે તે તથા હાલ જેટલું થાય છે તે, આવતી કાલે સમજાવીશ.

વિભાગ ૨ જો.

છોકરીઓ ! તમે ગઈ કાલે જે કાંઈ સમજાવવાનું બાકી રાખ્યું છે તે હવે સમજાવો.

મહેતીજી—સાંભળો.

ચરક તથા સુશ્રુત કહે છે કે "વૈદ્યે ગર્ભવતીને નવમે મહિને મધુર ઓષધિઓથી પકાવેલા તેલથી પિચકારી દેવી. આથી ગર્ભિણીનાં અંગો કોમળ થાય છે, પવન અનુકૂળ થાય છે, મળમૂત્ર સંબંધી અડચણ પડતી નથી અને પ્રસવ પણ સુખથી થાય છે. નવમા મહિનાથી પેહેલાં સુવાવડનું ઘર ગોઠવી રાખવું. એ ઘરમાં લેપન કરવા વગેરેનાં ઔષધોની, ખાટલાની તથા નાહાવા ધોવા વગેરેનાં સ્થાનોની સગવડ કરી રાખવી. ઘી, તેલ, સૈંધવ, સંચળ, ગોળ, કઠ, સૂંઠ, પીપળીમૂળ, ગજપીપળ, એલચી, વજ, ચિત્રક, હીંગ, સર્ષપ, લસણ, અલસી, ભોજપત્ર તથા કળથી વગેરે હાજર રાખવાં. અસ્ત્રો, અગ્નિ સળગાવવા માટે ટીંબરુ વગેરેનાં કાષ્ઠો, છીપર, ઉપલવટણો તથા ખાંડણી હાજર રાખવાં. જેઓએ ઘણીવાર જણ્યું હોય એવી, સ્નેહવાળી, સદાચારવાળી, જેઓએ નખ ઉતરાવ્યા હોય એવી, વખતો વખતની ક્રિયાઓ કરવામાં ન ચૂકે એવી અને પરિશ્રમનું સહન કરે એવી સ્ત્રીઓ હાજર રહે એમ કરવું. નવમો મહિનો બેસતાં જ્યોતિષ પ્રમાણે શુભ દિવસ આદિક જોવરાવી તે સમયે સ્વસ્તિવાચન વગેરે માંગલિક ક્રિયાઓ કરી ગર્ભવતીએ તે ઘરમાં પ્રવેશ કરવો અને ત્યાં રહીને પ્રસવના સમયની

વાટ જોવી. પ્રસવનો સમય પ્રાપ્ત થાય ત્યારે ગાત્રોમાં સુસ્તી, મોહોડામાં ગ્લાનિ, આંખ્યોનું છૂટાપણું, પેટનું પોચાપણું, નીચેના ભાગમાં ભારેપણું, પીઠ તથા કમર વગેરેમાં વ્યથા, મળમૂત્રાદિકની વારેઘડીએ પ્રવૃત્તિ, સ્રાવ અને અન્ન ઉપર અરુચિ એ ચિન્હો થાય છે. પછી પીડ ચાલુ થાય છે. એ ચાલુ થતાં સ્ત્રીઓએ ગર્ભવતીને ઉના પાણીથી નવરાવી, જેમાં માત્રાથી ઘી નાખ્યું હોય એવી રાબ સારી પેઠે પાઈ, ધરતીપર બીછાવેલી કોમળ શય્યામાં સુવાડી તેની સેવા કરવી તથા ધીરજ દેવી. પીડથી પીડાતાં છતાં જણે નહિ તો ઘરમાં આંટા દેવરાવવા. કઠ, એલચી, વૃજ તથા ચિત્રક એઓનું ચૂર્ણ સુંઘાડવું. ભોજપત્રની ધૂમાડી દેવી અને વચ્ચે વચ્ચે કમર, પડખાં, પીઠ તથા સાથળ એઓને જરા ગરમ તેલ લગાવી ધીમે ધીમે ચોળવાં. આથી ગર્ભ નીચે આવે છે. જયારે ગર્ભ હૃદયને છોડી પેટમાં આવતો જણાય, મૂત્રાશયની ઉપરનો ભાગ પકડાતો જણાય, પીડ જલદી જલદી આવે ત્યારે જાણવું કે ગર્ભ ઉથલીને ઉંધે માથે થાય છે. આ સમયે ગર્ભવતીને ખાટલાપર ચડાવી ઉભડક બેસાડી અથવા ચત્તી સુવડાવી જોર કરાવવાની શરુઆત કરવી અને એક અનુકૂળ સ્ત્રીએ ગર્ભવતીના કાનમાં 'પૃથ્વી, જળ, આકાશ, તેજ, વાયુ, વિષ્ણુ તથા પ્રજાપતિ એઓ તારું તથા ગર્ભનું રક્ષણ કરજો અને તને શલ્યથી રહિત કરજો. હે સારા મુખવાળી! તું કાર્તિકેય સ્વામીએ રક્ષણ કરેલા, કલેશ વગરના, કાર્તિકેય સ્વામીના જેવી કાંતિવાળા પુત્રને કલેશ વગર જન્મ આપજે.' એ અર્થવાળો

મંત્ર[1] જપવો. સ્ત્રીઓએ ગર્ભવતીને ભલામણ કરવી કે 'સમય વગર ગર્ભ નીકળતો જ નથી એટલા માટે પીડ આવ્યા વિના જોર કરીશ નહિ; કેમ કે વૃથા જોર કરવાથી ગર્ભમાં બીગાડ થાય છે.' ગર્ભવતીએ પ્રથમ ધીરે ધીરે જોર કરવું. અને પછી વધારે જોર કરવું. પાસેની સ્ત્રીઓએ 'પ્રસવ થયો પ્રસવ થયો ધન્ય છે, ધન્ય છે. દીકરો આવ્યો.' એમ બોલવું કે જેથી ગર્ભવતીનું પ્રાણબળ હર્ષથી વૃદ્ધિ પામતાં તુરત જ પ્રસવ થાય છે. જો સવળો છતાં અટકી રહ્યો હોય તો કાળા સર્પની કાંચળીની ધૂમાડી દેવી તથા ગર્ભિણીના હાથ પગ ઉપર ભોરીંગણીનું મૂળ બાંધવું. પ્રસવ થયા પછી ઓળ ન પડી હોય તો એક સ્ત્રીએ જમણા હાથથી ગર્ભવતીની નાભિ દબાવી ડાબા હાથવતે પીઠ પકડી તેને સારી પેઠે હલાવવી તથા પગની પાનીવતે તેની કમરને ભીંસ દેવી. ભોજપત્ર, કાચ તથા સર્પની કાંચળી એઓની ધૂમાડી દેવી. કઠ તથા તાલીસપત્રને વાટી લોંદા કરી તે લોંદાને કળથીના તીક્ષ્ણ ક્વાથમાં ડોઇને પાઈ દેવો અને સૂવા, કઠ, મીંઢાળ તથા હીંગ એઓથી પકાવેલા તેલનું પૂમડું પણ લેવરાવવું. આમ કરવાથી ઓળ પડી જાય છે. બાળક ચેષ્ટા વગરનો જણાય તો તેના કાનના મૂળમાં ટાઢું અથવા જરાક ઉનું પાણી થોડું થોડું છાંટવું. જન્મેલા બાળક ઉપરથી ઓળને દૂર કરી, તે બાળકનાં તાળવું, હોઠ, કંઠ

१ क्षितिर्जलं वियत्तेजोवायुर्विष्णुः प्रजापतिः ।
स गर्भो त्वां सदापान्तु कौशल्यं च दिशन्तु ते ॥
प्रसूष्वत्वमविक्लिष्टाविक्लिष्ट शुभानने ।
कार्तिकद्युति पुत्रं कार्तिकेयाभिरक्षितम् ॥

તથા જીભ એઓને ધોએલી, અણીઆળા નખ વગરની અને ઘીથી ભીંજાવેલા રુના પૂમડાવાળી આંગળીવતે કફના જાળાં વગરનાં કરી નાંખી માથાપર ઘીથી ભીંજાવેલું રુનું પૂમડું મૂકવું. નાભિના નાળવાંને આઠ આંગળ લાંબું કરી દોરાથી બાંધીને બાકીનો ભાગ કાપી નાખવો તથા તે દોરાના બીજા છેડાને નાળવામાંથી સ્રાવ ન થવાને માટે બાળકની ડોકમાં સારી રીતે બાંધવો. પછી બાળકને ટાઢા અથવા જરાક ઉના પાણીથી નવરાવી જાતકર્મ સંસ્કાર આવતાં મધ, ઘી, ધમાસાનો અથવા દૂર્વાનો રસ અને બ્રાહ્મીનો રસ એઓને મિશ્રિત કરી તેમાં સોનું ઘસીને તે સઘળામાંથી અનામિકા નામની આંગળીવતે એક ચણોઠી ભાર ચટાડવું. સુવાવડી સ્ત્રીઓના હૃદયમાં રહેલી નાડીઓ પ્રસવ થયા પછી ત્રણ અથવા ચાર રાતે ખુલ્લી થાય છે તેથી ત્રણ કે ચાર રાત પછી દૂધ પ્રવર્તે છે માટે પેહેલે દિવસે બાળકને ધમાસાના અથવા દૂર્વાના રસથી મિશ્રિત કરેલું ઘી મધથી સંયુક્ત કરી ત્રણ વખત પીવરાવવું. બીજે તથા ત્રીજે દિવસે લક્ષ્મણા[1] નામની ઔષધીનો કલ્ક[2] નાખીને પકાવેલું ઘી મધથી સંયુક્ત કરી ત્રણ વખત પીવરાવવું. ચોથે દિવસે પણ મધ્યાન્હસુધી ધાવણ નહિ ધવરાવતાં પ્રભાતે તથા મધ્યાન્હે પોતાના હાથના તળામાં સમાઈ રહે તેટલું મધ સહિત ઘી પાવું. (પછી ચોથા દિવસના ત્રીજા પોહોરથી યથેષ્ટ રીતે ધાવણ ધવરાવવું[3])."

[1] આ ઔષધી સર્વત્ર મળતી નથી માટે તેને બદલે પુત્રજીવકનો ઉપયોગ થાય તો અયોગ્ય નથી. [2] ચટણી જેવો લોંદો.

[3] ચરક શારીરસ્થાન, અધ્યાય ૮ મો. સુશ્રુત. શારીરસ્થાન. અધ્યાય ૧૦ મો.

હાલતો બાળક રોવા વગેરે ચેષ્ટાવગરનું જણાય તો ઝાડુ કાહાડવાની સાવરણી લઇ ઓળ ઉપર બાળે છે તેથી બાળકમાં ચેષ્ટા આવતી પણ દેખાય છે. નાળવું કાપ્યા પછી બાળકને નવ-રાવી પ્રથમ ગોળ ચટાડવામાં આવે છે. પછી ત્રણ ટંકસુધી ગોળ તથા ઘી વખતો વખત ચટાડવામાં આવે છે અને ચોથે ટંકે પ્રથમ જમણો સ્તન ધોઈ તેને કાંકસીથી ઓળી બાળકને ધવરાવ-વામાં આવે છે. કાંકસી ફેરવવાથી કાંકસીનાં દાંતા જેટલી દૂધની સેરો ફૂટે એમ ડોસીઓ બોલે છે. (કેટલેક ઠેકાણે તો ધાવણાં બાળકો-વાળી સાત સ્ત્રીઓના સાળલાઓના છેડામાંથી તાંતડા કાહાડી તેઓથી સાત સળીઓ બાંધીને સળીઓ સ્તન ઉપર ફેરવવામાં આવે છે.) આટલા શિવાય બીજું કશું પણ જાત કર્મ કરવામાં આવતું નથી.

છઠ્ઠે દિવસે રાતે છઠ્ઠી નામની ક્રિયા થાય છે. એ વિષયમાં ગૃહ્યસૂત્રમાં તો કશું કહ્યું નથી પણ નિર્ણય સિંધુ વગેરેમાં કહ્યું છે કે ‘રાતના પહેલા પહોરમાં પિતાએ સ્નાન કરી સંકલ્પ કરી ચોખાના પુંજોમાં ગણપતિનું, જન્મદા દેવતાઓનું, છઠ્ઠી નામની દેવીનું તથા શસ્ત્રગર્ભા નામની દેવીનું મંત્રોથી આવાહન કરી, સોળ ઉપચારોથી પૂજન કરી, તેઓની પાસે બાળકના રક્ષણની મંત્રોથી પ્રાર્થના કરી બ્રાહ્મણોને તાંબૂલ તથા દક્ષિણા વગેરે દેવાં તથા આખી રાત જાગરણ કરવું’ હાલ તો છઠ્ઠી રાતે ભીંતપર ઘીના સાત રેગાડા તથા કંકુના ચાંલ્લા કરી, ધરતીઅર ગેરુથી ધઉંરી કાહાડી તેમાં મગના કુંડાળાં ઉપર ખડીથી લીંપેલો તથા કંકુના ચાર સાથીઆવાળો ઘડો મૂકી

ઘડા ઉપર નાળીએર, કટારી તથા દક્ષિણા મૂકી. ઉપર અતલસનો રેજો ઓઢાડે છે અને તેને છઠ્ઠી નામની દેવી માને છે. એ ઘડા આગળ ઘીનો દીવો કરી, પાંચ ખજૂરની લાડુનું તથા એક કાટલાંના લાડુનું નૈવેદ્ય ધરી તેની પાસે ઘઉંની ઓટલી કરે છે. ઘડાની આગળ કંકુનું વાસણ તથા લેખણ મૂકે છે અને ડોસીઓ બોલે છે કે બાળકના લલાટમાં ભવિષ્યના લેખ લખવા માટે આવેલા વિધાતાને આ કંકુ તથા લેખણ કામ આવે છે. બાળકની ફોઇ બાળકને રેશમી વસ્ત્ર ઓઢાડી તેના હાથ, પગ, કંઠ તથા કમર એઆમાં સૂતરના દોરા વળગાડી, કોરું આંજણ આંજી તે બાળકને પેલી ઓટલી ઉપર જરા જરા સાતવાર લોટાડે છે. સુવાવડી ખાટલામાં સૂતી સૂતી મગના દાણાથી એ ઘડાને વધાવે છે. નજદીકનાં સંબંધીઓની સ્ત્રીઓ આવી બાળકને માટે વસ્ત્રોના નાનામોટા રેજાઓ આપે છે. ત્યાંનાં સઘળાં માણસોને થોડો થોડો ગોળ દેવામાં આવે છે. ફોઈ છઠ્ઠી દેવીને તથા તેના નૈવેદ્યને પોતાને ઘેર લઈ જાય છે. એટલું કરવાથી છઠ્ઠીની ક્રિયા પૂરી થયેલી ગણાય છે.

मेधायुरिव मेधेव दृढता सेव वीरता ।
मित्राणीव मिथो यन्ति संस्कृतं जातकर्मणा[1] ॥ ४ ॥

---

[1] જાતકર્મથી સંસ્કૃત થયેલા બાળકને આયુષ, આયુષની પેઠે ધારણાવાળી બુદ્ધિ, ધારણાવાળી બુદ્ધિની પેઠે દૃઢપણું અને દૃઢપણાંની પેઠે વીરપણું એઓ જાણે પરસ્પરનાં મિત્રો હોય તેમ પ્રાપ્ત થાય છે.

પાઠ ૫ મો.

નામકરણ સંસ્કાર.

દોહો

નામકરણ સંસ્કારજે, શિશુઓને દેવાય;
ભવિષ્યમાં વર્તણુકની, યાદી તે સોંપાય. ॥ ૫ ॥

છોકરીઓ—બા! સંસ્કારોમાં જાતકર્મ પછી નામકરણ આવે છે માટે હવે નામકરણવિષે સમજાવશો?

મહેતીજી—બાળાઓ! હા. ધ્યાન આપો.

બ્રાહ્મણનું જન્મથી અગીઆરમે અથવા બારમે દિવસે, ક્ષત્રિયનું જન્મથી તેરમે અથવા સોળમે દિવસે, વૈશ્યનું જન્મથી સોળમે અથવા વીશમે દિવસે અને શૂદ્રનું જન્મથી બાવીશમે દિવસે અથવા મહિનો પૂરો થાય ત્યારે નામ પાડવું. એ દિવસોમાં પંચાંગ પ્રમાણે વિષ્ટિ, વૈધૃતિ, વ્યતીપાત, ગ્રહણ, સંક્રાંતિ, અમાવાસ્યા કે શ્રાદ્ધદિન હોય તો એ દિવસોને છોડી દઈ જ્યોતિષ પ્રમાણે શુભ ચંદ્ર તથા શુભ નક્ષત્રાદિક હોય તે દિવસે નામ પાડવું. પારસ્કર કહે છે કે "નામમાં હ, ય, વ, ર, લ, મ, ન, જ, બ, ગ, ડ, દ એ ઘોષ કહેવાતા બાર વ્યંજનોમાંથી કોઈ વ્યંજન પેહેલું આવે અને ય, ર, લ, વ એ અંતસ્થા કહેવાતા ચાર વ્યંજનોમાંથી કોઈ વ્યંજન વચમાં આવે એમ કરવું. પુત્રના નામમાં બેથી કે ચારથી વધારે સ્વર નહિ આવવા જોઇએ, વ્યાકરણ પ્રમાણે કૃત્પ્રત્યય

આવવો જોઇએ અને અંતે એટલે તે પ્રત્યય પછી દીર્ઘ સ્વર આવવો જોઇએ, કન્યાના નામમાં ત્રણ વગેરે એકીના સ્વર આવવા જોઇએ, વ્યાકરણ પ્રમાણે છેડે તદ્ધિત પ્રત્યય આવવો જોઇએ અને તે પ્રત્યય પછી 'આ' આવવો જોઇએ. બ્રાહ્મણના નામમાં અંતે 'શર્મન્' એ શબ્દ, ક્ષત્રિયના નામમાં અંતે 'વર્મન્' એ શબ્દ અને વૈશ્યના નામમાં અંતે 'ગુપ્ત' એ શબ્દ ઉપપદરૂપે દાખલ કરવો."[1] નામોમાં ઘોષ આદિમાં તથા અંતસ્થા વચમાં લાવવાનું, પુત્રોનાં નામોમાં ચાર કે બેજ સ્વરો લાવવાનું, છેડે કૃત્પ્રયય તથા દીર્ઘ લાવવાનું અને કન્યાઓનાં નામોમાં ત્રણ વગેરે એકીના સ્વર લાવવાનું, તદ્ધિત પ્રત્યય લાવવાનું તથા છેડે 'આ'જ લાવવાનું સૂત્રકારે કહ્યું છે પણ મનુએ કહ્યું નથી. મનુ તો કેહે છે કે 'બ્રાહ્મણનું મંગળ સૂચવનારા શબ્દવાળું તથા અંતે સુખ સૂચવનારા ઉપપદવાળું નામ રાખવું, ક્ષત્રિયનું રક્ષણ સૂચવનારા શબ્દવાળું તથા અંતે બળ સૂચવાનારા ઉપપદવાળું નામ રાખવું, વૈશ્યનું ધનાઢ્યતાપણું સૂચવનારા શબ્દવાળું તથા અંતે પુષ્ટિ સૂચવનારા ઉપપદવાળું નામ રાખવું, શૂદ્રનું લઘુતા સૂચવનારા શબ્દવાળું તથા અંતે સેવકપણું સૂચવનારા ઉપપદવાળું નામ રાખવું અને કન્યાઓનું સેહેલાઇથી બોલી શકાય એવું, ક્રૂરતા વગરનું, સ્પષ્ટ અર્થવાળું, મનોહર, મંગળવાળું, જેને છેડે દીર્ઘસ્વર આવે એવું તથા આશીર્વાદના શબ્દવાળું નામ રાખવું.[2] પ્રાચીન સમયમાં ઘણું કરી

[1] પારસ્કર ગૃહ્યસૂત્ર કાંડ ૧ લો કંડિકા ૧૭ મી: ગદાધર ભાષ્ય.
[2] મનુસ્મૃતિ અધ્યાય ૨ જો. શ્લોક ૩૧-૩૨ તથા ૩૩ મો.

બ્રાહ્મણોનાં ભદ્રકારીશર્મા તથા શિવશર્મા ઇત્યાદિ નામો, ક્ષત્રિયોનાં યુદ્ધવીરવર્મા તથા બલવર્મા ઇત્યાદિ નામનો, વૈશ્યોના રત્નાકરગુપ્ત તથા વસુગુપ્ત ઇત્યાદિ નામો, શૂદ્રોનાં સેવાધરદાસ તથા દીનદાસ ઇત્યાદિ નામો અને કન્યાઓનાં મંગળા. વિમળા તથા સુધન્યા ઇત્યાદિ નામો પાડ્યામાં આવતાં હતાં કે જેઓમાં ઉપર કહેલાં સઘળાં લક્ષણો મળતાં આવતાં હતાં. હાલ બ્રાહ્મણોનાં દયારામ, હરિરામ, ભોગીલાલ, જયશંકર તથા રામપ્રસાદ ઇત્યાદિ નામો રાખવામાં આવે છે, ક્ષત્રિયોનાં જયસિંહ, ભૂપતિસિંહ, રણજિત્સિંહ તથા ગંભીરસિંહ ઇત્યાદિ નામો રાખવામાં આવે છે, વૈશ્યોનાં વસ્તુપાલ, શ્રીપાલ, તેજપાલ, ધનપાલ તથા હેમરાજ ઇત્યાદિ નામો રાખવામાં આવે છે અને શૂદ્રોનાં સેવકદાસ, ભીખાભાઈ તથા દીનાનાથ ઇત્યાદિ નામો રાખવામાં આવે છે તો એઓ પણ ઘણે અંશે યોગ્ય છે. કન્યાઓનાં વિજયા, લલિતા તથા કમળા ઇત્યાદિ નામો રાખવામાં આવે છે એ પણ યોગ્ય જ છે. જેનું નદીને નામે નામ હોય એવી કન્યાને પરણવી નહિ[૧] એમ મનુસ્મૃતિમાં કહ્યું છે પરંતુ વૃદ્ધ લોકો કહે છે કે ગંગા, યમુના, ગોદાવરી તથા નર્મદા ઇત્યાદિ નદીઓ કે જેઓ તીર્થ ગણાય છે તેઓનાં નામ કન્યાઓને આપવામાં કશો બાધ નથી. પુત્રનું કે કન્યાનું નામ પાડવાનું હોય તે દિવસે પિતાએ ચડતે પોહોરે પ્રાણાયામ કરી, 'अद्याद्य' બોલી 'બીજથી તથા ગર્ભથી ઉત્પન્ન થએલા સઘળા દોષોને ટાળવાદ્વારા અને આયુષની અભિવૃદ્ધિ તથા વ્યવહારની સિદ્ધિદ્વારા શ્રી પરમેશ્વરની પ્રીતિને માટે આનું

૧ અધ્યાય ૩ જો. શ્લોક ૯ મો.

(પુત્રનું કે પુત્રીનું) નામકરણ કરીશ તથા તેના અંગરૂપે માતૃકાપૂજન વગેરે કરીશ.' એવો સંકલ્પ કરી માતૃકાપૂજન, નાંદી શ્રાદ્ધ તથા સ્વસ્તિવાચન કરી શ્રાદ્ધના બ્રાહ્મણોથી જૂદા ત્રણ બ્રાહ્મણોને જમાડી નામ પાડવું.

હાલ તો બાળક જન્મ્યા પછી જોશીને પુછી જન્મના સમયમાં ચંદ્ર જે રાશિને ભોગવતો હોય તે રાશિના ચોક્કસ અક્ષરો જેઓમાં આદિ આવે એવાં બે ચાર કે તેથી વધારે નામો સંભારી તેઓમાંથી જે પસંદ આવે તે પ્રથમથી જ ગોઠવી રાખે છે (જેમકે ચંદ્ર મેષરાશિને ભોગવતો હોય તો મેષરાશિના અ,લ,ઇ એ ત્રણમાંના અક્ષરો જેઓમાં આદિ આવે એવાં અમરજી, અનંતજી, આણંદજી, લાલજી, લાધો, ઈશ્વરજી, તથા ઈંદ્રજી ઇત્યાદિ નામોમાંથી પસંદ પડતું નામ પુત્રને માટે પ્રથમથી ગોઠવી રાખે છે અને કન્યા જન્મી હોય તો તેને માટે અચરત, અમૃત, લાધી, લાલી તથા ઇચ્છા ઇત્યાદિ નામોમાંથી પસંદ પડતું નામ પ્રથમથી ગોઠવી રાખે છે) અને બારમે વાસે તે નામ પાડે છે. નામ પાડવાનું હોય ત્યારે ગેરુથી ઘેરી કાહાડી, તે ઉપર મગનો સાથીઓ કરી, સાથીઆ ઉપર ઘોડીઉ કે ઝુલતી ઝોળી રાખી તેમાં રૂપાનાણું, સોપારી, નાળીએર, પીપળાનું પાનડું, સૂતરની કોકડી, ખોખડનાં પૂંખડાં તથા મગના દાણા નાખી, બાળકને સુવાડી, બાળકના હાથમાં પીપળાનું પાંનડું રખાવી તેને ચાર છોકરાંઓ તથા ફોઈ ઝુલાવે છે. ઝુલાવતી વખતે 'ઓળી ઝોળી પીપળપાન, ફોઇએ પાડ્યું (ફલાણું) નામ.' એ અનાડી મંત્ર બોલે છે. ફોઈ બાળકના જમણા કાનમાં પીપળાના પાનની

પીપોડી વગાડે છે અને ઘોડીઆમાં કે ઝોળીમાં રૂપાનાણું કે નાળીએર વગેરે જે કાંઈ હોય તેને પોતાની ગાંઠે બાંધી લે છે. છેવટ ત્યાં જેટલાં માણસો હોય તે સઘળાંઓને સૂવા, પલાળેલો બાજરો તથા ટોપરું થોડાં થોડાં આપી તેટલાથીજ નામકરણ સંસ્કારને પતાવી દે છે.

છોકરીઓ! આર્ય લોકો પોતાના નામો ઉપરથીજ કેટલેક અંશે પોતાનાં કર્તવ્યો સમજી શકે એવો પણ શાસ્ત્રકારોએ ઉદ્દેશ રાખેલો છે, એ તમારા ધ્યાનમાં આવ્યું હશે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે 'મનને શાંત રાખવું, ઇંદ્રિયોને દુષ્ટ વિષયોમાંથી ખેંચી લઇને તાબામાં રાખવી, સૂક્ષ્મ વિચાર કરવો, પવિત્રતા રાખવી, ક્ષમા ધરવી, સરલ રહેવું, પરમાત્માનું શાસ્ત્રથી જ્ઞાન તથા અનુભવથી જ્ઞાન મેળવવું અને આસ્તિક રહેવું એ બ્રાહ્મણોનું સ્વાભાવિક કર્તવ્ય છે. શૂરપણું રાખવું, પ્રભાવ ધરવો, ધીરજ પકડવી, આલસ્ય ન રાખવું, યુદ્ધમાંથી ન ભાગવું, દાન દેવું અને માલેકી ભોગવવી એ ક્ષત્રિયોનું સ્વાભાવિક કર્તવ્ય છે. ખેડ કરવી, ગાયોનું રક્ષણ કરવું અને વેપાર કરવો એ વૈશ્યોનું સ્વાભાવિક કર્તવ્ય છે. ચાકરી નોકરી કરવી એ શૂદ્રોનું સ્વાભાવિક કર્તવ્ય છે.[1]' આ વચનમાં કહેલાં પોતપોતાનાં કર્તવ્યોને બ્રાહ્મણ વગેરે વર્ણો પોતાનાં ઉપર કહેલાં નામો ઉપરથીજ કાંઈ કાંઈ સમજી શકે, કન્યાઓ તથા સ્ત્રીઓ પણ 'પોતે કેવા સુશીલપણાથી વર્તવું' એ વાતને કેટલેક અંશે ધારી શકે અને સમજી તથા

૧ અધ્યાય ૧૮ મો. શ્લોક ૪૨, ૪૩ તથા ૪૪ મો.

ધારી બનતી રીતે તે પ્રમાણે વર્તવાનું કરે, એવી શાસ્ત્રકારોની યોજના નામોની જૂદી જૂદી યુક્તિઓ ઉપરથી જણાઇ આવે છે. દૂરનાં માણસો નામ સાંભળતાં જ તે નામવાળાના બ્રાહ્મણાદિક વર્ણને જાણી શકે એવી ઘટના પણ એ યોજનામાં રહેલી છે. હમણા તો કેટલાએક બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યો પણ અંધપરંપરાથી દોરાઈને પોતાનાં પુત્રોનાં મથુરાદાસ, ગોકળદાસ, વલ્લભદાસ, વિઠ્ઠલદાસ, જમનાદાસ અને વરજીવનદાસ ઇત્યાદિ શૂદ્રોને છાજતાં નામો પાડે છે એ કેટલો અનર્થ છે!! જેઓએ આપણાં ધર્મશાસ્ત્રો વાંચેલાં હોય છે એવા યુરોપીઅનો પણ છેડામાં 'દાસ' શબ્દવાળું નામ સાંભળી તે નામવાળાને પ્રથમ તો ખવાસ વગેરે શૂદ્ર જાતિનો જ સમજે છે. સંવત્ ૧૯૨૦–૨૧ ના અરસામાં કાઠિઆવાડમાં જ્યારે કીટીંગ સાહેબ પોલીટીકલ એજંટ હતા ત્યારે જુનાગઢના નાગર ગૃહસ્થ મથુરાદાસ બક્ષીના સંબંધમાં તે પ્રમાણે બન્યું હતું એ, પાકે પાયે મેં સાંભળ્યું છે. કેટલાએક આર્યો પોતાના પુત્રોનાં કચરો, ઉકરડો, પૂંજો, લાધો, ઘેલો, ગાંડો, બોદો, ઘોઘો, ગાભો, ઢગો તથા ભોપો ઇત્યાદિ નામો પાડે છે અને કન્યાઓનાં ઝીણી, કડવી, ઘેલી, જૂઠી તથા ચીચી ઇત્યાદિ નામો રાખે છે એ કેટલું બધું શાસ્ત્રથી વિરુદ્ધ છે!!

> किं वर्ण्यं सुखमार्याणां येषां धर्मावबोधने।
> गुरूभवेत्स्वनामैव नापेक्षेत च शिष्यताम्[1] ॥ ५ ॥

૧ આર્યો કે જેઓને ધર્મ સમજાવવામાં પોતાનું નામ જ ગુરુરૂપ થાય એમ છે અને શિષ્યભાવની ગરજ ન રાખે એમ છે તેઓની સગવડનું શું વર્ણન કરવું!!

પાઠ ૬ ઠ્ઠો.

નિષ્ક્રમણ સંસ્કાર.

દોહો.

લાંબા સુખનું બાળમાં, થવા સંક્રમણ[1] સાર;
દેવો તેને નિષ્ક્રમણ,[2] એ નામે સંસ્કાર.

છોકરીઓ—બા! તમારા મોહોડાથી નામકરણ સંસ્કારનું વ્યાખ્યાન સાંભળી અમોને જેટલો આનંદ થયો છે તેટલોજ અમારાં નામોમાં કેટલીક શાસ્ત્રવિરુદ્ધ ગરબડ થયેલી જાણીને ખેદ થયો છે. ઠીક છે, જે થવાનું હતું તે થયું. પાર્વતી તથા લક્ષ્મી ઇત્યાદિ દેવીઓનાં નામો કન્યાઓને આપવામાં આવે છે અને શંકર, વિષ્ણુ તથા ઇન્દ્રજી વગેરે દેવતાઓનાં નામો પુત્રોને આપવામાં આવે છે એ પણ શાસ્ત્રવિધિ પ્રમાણે હોય એમ તો જણાતું નથી. હવે સંસ્કારોનું પ્રકરણ આગળ ચલાવો. અમો ભૂલતી ન હોઇએ તો સંસ્કારોનાં નામોમાં નામકરણ પછી નિષ્ક્રમણ સંસ્કાર આવે છે. જો એ પ્રમાણે જ હોય તો નિષ્ક્રમણનો અર્થ, તે કરવાનો વિધિ તથા તે વિધિનું ફળ અમોને સમજાવો.

મહેતીજી—બાળાઓ! તમોને જે ખેદ થયો છે તે તમારા મનમાં રાખવો ઉચિત નથી; કેમ કે તમારાં નામોમાં જે ગડબડ છે તે તમારી ભૂલથી થયેલી નથી. દેવીઓનાં નામો પ્રમાણે દીકરીઓનાં નામો અને દેવોનાં નામો પ્રમાણે દીકરાઓનાં નામો રાખ-

---

૧ પેસવું. ૨ નીકળવું.

વામાં આવે છે એ જેમ શાસ્ત્રવિધિ પ્રમાણે નથી, તેમ શાસ્ત્રથી વિરુદ્ધ પણ નથી એમ જણાય છે. હવે ચાલતું પ્રકરણ આગળ ચલાવું છું. નામકરણ સંસ્કાર પછી નિષ્ક્રમણ સંસ્કારજ આવે છે. નિષ્ક્રમણનો અર્થ નીકળવું છે. બાળક જન્મ્યા પછી ચોથે મહિને જ્યોતિષ પ્રમાણે શુભ દિવસ, શુભ ચંદ્ર તથા શુભ મુહૂર્ત વગેરે જોવરાવી તે દિવસે પિતાએ 'બીજથી તથા ગર્ભથી ઉત્પન્ન થયેલા સઘળા દોષોને ટાળવા દ્વારા અને શ્રી પરમેશ્વરની પ્રીતિને માટે આનો (પુત્રનો કે પુત્રીનો) નિષ્ક્રમણ સંસ્કાર કરીશ તથા તેના અંગરૂપે માતૃપૂજનાદિક કરીશ' એવો સંકલ્પ કરી માતૃકાપૂજન તથા સ્વસ્તિવાચન કરી (આ સંસ્કારમાં નાંદીશ્રાદ્ધની આવશ્યકતા નથી.) બાળકને ઘરથી બહાર લઇ જઈ 'દેવતાઓને પ્યારું, તેજસ્વી અને જગતના નેત્રરૂપ સૂર્યબિંબ પૂર્વ દિશામાં ઉદય પામે છે. એના પ્રસાદથી આપણે સો વર્ષ સુધી દેખતા, જીવતા, સાંભળતા, બોલતા તથા દીનતા વગરના રહીએ અને સો વર્ષ ઉપરાંત પણ ઘણા કાળ સુધી તેવાજ રહીએ.' એવા અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં સૂર્યનું દર્શન કરાવવું એ નિષ્ક્રમણ સંસ્કારનો વિધિ છે. જેમ સઘળા સંસ્કારોનું ફળ તે તે સંસ્કારોના સંકલ્પોમાં જણાવેલું છે, તેમ આ સંસ્કારનું ફળ પણ સંકલ્પમાંજ જણાવેલું છે. એ ઉપરાંત કેટલુંક પ્રત્યક્ષ ફળ પણ છે. ત્રણ મહિના સુધી બાળકને આંગણા સુધી પણ નહિ

---

૧. तच्चक्षुः..................

(યજુર્વેદસંહિતા. અધ્યાય ૩૭ મો મંત્ર ૨૪ મો.)

લઈ જતાં ઘરમાં જ રાખી ચોથે મહિને જ બહાર લઈ જવામાં બાળકના તથા તેની માતાના શરીરનું ઘણું હિત સમાયેલું છે. નાહાના બાળકનું શરીર અને મુખ્યત્વે કરી તેનાં નેત્રો કાચાં તથા અતિ કોમળ હોય છે માટે તેને ત્રણ મહિના સુધી તડકાનો કે આકરી હવાનો સંસર્ગ ન થાય તથા સૂર્યનું દર્શન પણ ન થાય, એમ વર્તાવવું ઉચિત છે. 'બાળકને ચંદ્રનું દર્શન પણ ચોથે મહિને કરાવવું' એમ જ્યોતિર્નિબંધમાં કહ્યું છે.[1] તો તેમાં પણ બાળકને ઠંડી હવા વગેરેથી બચાવવાનો ઉદ્દેશ રહેલો જણાય છે. સુશ્રુત કહે છે કે 'બચ્ચાને પવન, તડકો અને વીજળીની પ્રભા એઓથી દૂર રાખવું, ગુપ્ત ઘરમાં રાખવું અને અપવિત્ર ખુલ્લા, નીચા ઉંચા, ગરમીવાળા, પવનવાળા, વરસાદવાળા, રજવાળા, ધૂમાડાવાળા કે જળવાળા પ્રદેશમાં મુકવું નહિ.'[2] ચરક કહે છે કે 'બચ્ચાને રાખવાનું ઘર પવનવગરનું અને જેમાં એક પ્રદેશમાંથી જ જોઇતો પવન આવતો હોય એવું જોઇએ.'[3] તડકાથી પસીનો થાય છે, મૂર્છા આવે છે, રુધિર તથા પિત્ત વધે છે, તરશ લાગે છે, ગ્લાનિ થાય છે, પરિશ્રમ થાય છે, બળતરા થાય છે અને રંગ બદલાઈ જાય છે, ઘણો પવન શરીરમાં રુક્ષપણું કરે છે, વર્ણને બગાડે છે અને અંગોને ઝલાઈ ગએલાં જેવાં કરે છે,' એમ ભાવપ્રકાશમાં કહ્યું છે. જો બાળક ઘરમાં જ રહે, તો તેની સુવાવડી માતાને પણ ઘણુંકરી ઘરથી

૧ चतुर्थे मासि कर्त्तव्यं शिशोश्चन्द्रस्य दर्शनम् ॥

૨ સુશ્રુત. શારીરસ્થાન. અધ્યાય ૧૦ મો.

૩ ચરક. શારીરસ્થાન. અધ્યાય ૮ મો.

બહાર ન નીકળવાની ફરજ પડે એટલે તે માતાનો પણ તડકા વગેરેથી બચાવ થાય તથા સુવાવડીના બીજા નિયમો પણ જળવાય.

છોકરીઓ ! હાલ તો બાળકોને નિષ્ક્રમણ સંસ્કાર મુદ્દલ અપાતો નથી. ઘરનાં માણસો તથા સંબંધીઓ દશવાસા (દિવસ)ની અંદર પણ બાળકને રમાડવાના તથા આનંદ કરવાની ઉદ્દેશથી નોખનોખાં ઘરોમાં તથા આંગણાં વગેરેમાં લઈ જાય છે. સુવાવડના ઘરમાં ગોંધાઈ રહેલી બાળકની મા દશ કે તેથી ઓછે વાસે નાહાય કે તુરત જ તેને આંગણાં વગેરે બહારની જગામાં જવાનું મન થાય છે, એટલે તે, પોતાના બચ્ચાંને પણ સાથે લે છે. વીસવાસે કે તેથી કાંઇક ઓછે વાસે બીજું નહાણ નાહાય કે તુરતજ તે પિયરમાં રહી હોય તો સાસરે આવજાવ કરવા માંડે છે અને સાસરામાં રહી હોય તો પિયરમાં આવજાવ કરવા માંડે છે એટલે તેને પોતાનું બાળક સાથે રાખવાની જરૂર પડતાં બાળક નિષ્ક્રમણ સંસ્કારથી બે નસીબજ રહે છે તથા માતાએ હવા વગેરેથી જાળવવાનો પ્રયત્ન રાખ્યા છતાં પણ હવાના તથા તડકા વગેરેના સંસર્ગથી ખરાબ થાય છે. આપણા શાસ્ત્રકારોએ સુવાવડીના જે ધર્મો લખ્યા છે તે પ્રમાણે સુવાવડી વર્તે તો સુવાવડી અને બાળક બન્ને પણ સુખી રહે. સુવાવડી ઘરમાં રહેવાને ગોંધાઈ રહેવું સમજી બહાર ફરવા લાગે તથા નાતો વગેરેની જમણવારોમાં જમવા પણ જાય એટલે પછી તેની તથા બાળકની કેવી સ્થિતિ થાય એ સમજાઇ શકાય એવું છે. ભાવ પ્રકાશમાં કહ્યું છે કે ' સુવાવડી સ્ત્રીએ જે આહાર અને વિહાર હિતકારી છે તે કરવાં, પરિશ્રમ નહિં કરવો, ક્રોધ નહિ કરવો

અને થંડા પદાર્થનું સેવન નહિ કરવું. સુવાવડીને આહાર વિહારમાં ભૂલ થવાથી જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે વ્યાધિ ઘણે દિવસે મટે છે અથવા મટતો જ નથી. એટલા માટે તેણે પથ્યનું જ સેવન કરવું જોઈએ. ખરાબ લોહી સઘળું પડી ગયા પછી પણ સુવાવડીએ સાવધાન રહીને એક મહિના સુધી નિત્ય પથ્ય અને ઘીવાળું થોડું થોડું જમવું, શેક લીધા કરવો તથા તેલનો અભ્યંગ કરચા કરવો. સુવાવડી ઉપદ્રવ રહિત તથા ચોખી થયેલી જણાય તોપણ તેને ચાર મહિના સુધી નિયમો પળાવવા.[1]

अहो बालस्य संस्कारे कृते निष्क्रमणाभिधे ।
यथेप्सितं निष्क्रमितुं शक्नोत्यस्य प्रसूर्गृहात्[2] ॥ ६ ॥

પાઠ ૭ મો.

અન્નપ્રાશન સંસ્કાર.

જેથી વાંછિત ફળ મળે, આયુષ આદિ ઘણું જ:
એ તે પ્રાશન અન્નનું, કે શું અમૃત તણું જ. ૭

છોકરીઓ—બા! અમારા સાંભળવા પ્રમાણે નિષ્ક્રમણ સંસ્કાર પછી અન્નપ્રાશન સંસ્કાર આવે છે. જો તેમ જ હોય તો હવે અમોને અન્નપ્રાશન સંસ્કાર વિષે સમજાવો.

---

૧ ખંડ ૧ લો. પ્રકરણ ૩ જું.

૨ અહો!! બાળકને નિષ્ક્રમણ નામનો સંસ્કાર દેવાય છે અને તે દેવાતાં તે બાળકની માતા યથેષ્ટ રીતે ઘરમાંથી નિષ્ક્રમણ કરી શકે છે.

મહેતાજી—બાળાઓ! હા. નિષ્ક્રમણ પછી અન્નપ્રાશન જ આવે છે. હવે એ સંસ્કાર વિષે સમજાવું છું. સાંભળો.

જન્મથી છઠ્ઠે મહિને અને તે મહિનામાં ન બની શકે તો પછી પહેલું વર્ષ પૂરું થતાં સુધી અગીઆરમા મહિના શિવાય ગમે તે મહિનામાં પુત્રોને અન્નપ્રાશન કરાવવું. કન્યાઓને જન્મથી પાંચમે કે સાતમે મહિને કરાવવું. જ્યોતિષ પ્રમાણે શુભ દિવસ, શુભ ચંદ્ર તથા શુભ નક્ષત્રાદિક જોવરાવી તે દિવસે પિતાએ સ્ત્રી-સહિત બેસી બાળકને મંગળસ્નાન કરાવી શણગારી તેની માતાના ખોળામાં બેસાડી 'अंत्राद्य' બોલી 'ગર્ભમાં મળનું ભક્ષણ કરવારૂપ દોષ ટાળવાદ્વારા, બીજથી તથા ગર્ભથી ઉત્પન્ન થયેલા સઘળા દોષો ટાળવાદ્વારા અને અન્નાદિક, તેજ, ઈંદ્રિયબળ તથા લાંબું આયુષ એઓની પ્રાપ્તિદ્વારા શ્રી પરમેશ્વરની પ્રીતિને માટે આ બાળકનો અન્નપ્રાશન નામનો સંસ્કાર કરીશ તથા તેના અંગરૂપે સ્વસ્તિવાચનાદિક કરીશ.' એવો સંકલ્પ કરી સ્વસ્તિવાંચનાદિક કરી વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરવું. એ અગ્નિમાં આજ્ય ભાગ (ઘીના ભાગ) હોમવા સુધીની ક્રિયા કરી 'પ્રાણાદિ વાયુઓએ દેવ સંબંધી વાણી (સંસ્કૃત ભાષા) ઉત્પન્ન કરી છે. તેને જૂદાં જૂદાં રૂપોવાળા ઋષિઓ, મુનિઓ તથા બ્રાહ્મણો વગેરે સંસારી લોકો બોલે છે. હર્ષ આપનારી, રસ તથા અન્નાદિક આપતી અને જેની વેદ મંત્રોએ પ્રશંસા કરી છે એવી તે વાણી જેમ ગાય વત્સોને પ્રાપ્ત થાય છે તેમ

અમોને પ્રાપ્ત હોજો.' એ અર્થવાળા મંત્રથી[1] ઘીની એક આહુતિ હોમવી. વળી એ મંત્રથી તથા 'આજ અમોને અન્નનો દેવ અન્નનું દાન કરવાની ઇચ્છા કરાવજો, દેવતાઓનું તે તે સમય પ્રમાણે યજન કરાવજો અને મને સઘળા પુત્રપૌત્રાદિકવાળો કરજો કે, જેથી હું અન્નનો સ્વામી થઈ અન્નના દાનથી સઘળી દિશાઓને વશ્ય કરું.' એ અર્થવાળા મંત્રથી[2] બીજી ઘીની આહુતિ હોમવી. પછી 'હું પ્રાણવાયુથી અન્ન પામું.' 'અપાનવાયુથી સુગંધો પામું.' 'ચક્ષુથી રૂપોને દેખું' 'કાનથી કીર્તિ સાંભળું' એ અર્થવાળા ચાર મંત્રોથી[3] ચરુની ચાર આહુતિઓ હોમી વિધિ પ્રમાણે હોમની ક્રિયા પૂરી કરવી. પછી ભક્ષ્ય ભોજ્યાદિક સઘળાં અન્નો સોના વગેરેના પાત્રમાં એકઠાં કરી 'हन्त' એ મંત્રથી અથવા કશું નહિ બોલતાં પાત્રમાંથી થોડુંક અન્ન લઈ એકવાર બાળકને ખવરાવવું અને એ સઘળું કરચા પછી દશ બ્રાહ્મણો જમાડવા.[4] આ અન્નપ્રાશન સંસ્કાર કહેવાય છે. છોકરીઓને આ સંસ્કાર મંત્ર બોલ્યા વગર જ આપવો, પણ હોમના સંબંધના મંત્રો હોમના સમયમાં બોલવામાં બાધ નથી.

---

૧ देवीं वाचमजनयन्त... ... ...

સંસ્કૃત ભાષા કે જે સઘળી ભાષાઓના શિરોમણિરૂપ છે તે આવડવાની આમાં કેવી પ્રાર્થના કરી છે!!

૨ वाजो नो... ... ...

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૧૮ મો. સૂત્ર ૩૩ મું.)

૩ प्राणेन... ..., अपानेन... ..., चक्षुषा... ..., श्रोत्रेण... ... ...

૪. પારસ્કર ગૃહ્યસૂત્ર, કાંડ ૧ લો કંડિકા ૧૯ મી. ગદાધરભાષ્ય.

કન્યાઓ! અન્નપ્રાશનનો દિવસથી બાળકને અન્ન ખવરાવવાનું શરૂ કરવામાં આવે છે. બાળક ઉછેરવાની ક્રિયા લખતાં ચરક ભલામણ કરે છે. કે "બાળકને શયન; બીછાનાં તથા ઓઢાડવા વગેરેનાં વસ્ત્રો કોમળ, હલકાં, નિર્મળ તથા સુગંધી રાખવાં. પસીનો, મેલ, માંકણ ચાંચડ વગેરે જીવડા, મળ કે મૂત્ર એઓના સંસર્ગવાળાં શયનાદિક છોડી દેવાં. બીજાં શયનાદિક ન મળે એમ હોય તો એનાં એ શયનાદિકને સારી પેઠે ધોઇ, સાફ કરી, ઝાટકી, ધૂમાડી દઇ, ખૂબ સુકાવીને ઉપયોગમાં લેવાં. શયનાદિકને ઘીથી ભીંજાવેલાં જંવ; સર્ષપ, અલસી, હિંગ, ગુગળ, વજ, બ્રાહ્મી, ધ્રોખડ, જટામાંસી, ગોખરુ, કડુ તથા સર્પની કાંચળી એઓની ધૂમાડી દેવી. બાળકને મણિઓ પહેરાવવા. જીવતા ગેંડા, રોઝ તથા બળદ એઓના શીંગડાંઓનાં અગ્રો લઇ તથા જીવતાં હાથીના દાંતનાં અગ્રો લઈ તેઓના કરડા વગેરે ઘડાવીને પહેરાવવા. શાસ્ત્રમાં કહેલી ઉત્તમ ઓષધિઓ ધરાવવી. વિચિત્ર, સારા અવાજવાળાં, સુંદર, હલકાં, તીક્ષ્ણ અણીઓ વગરનાં, મોહોડામાં ન પેસે એવાં અને ત્રાસ કે ઈજા ન આપે એવાં રમકડાં દેવાં. બાળકને ત્રાસ આપવો એ સારો નથી એટલા માટે એ રોતો હોય, ખાતો ન હોય કે માનતો ન હોય ત્યારે 'બાઘડો આવે છે.' ઈત્યાદિ બીવરામણા શબ્દો બોલવા નહિ. કાંઇ રોગ ઉત્પન્ન થયો જણાય તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યોગ્ય ચિકિત્સા કરવી. અનેક વસ્તુઓ માફક આવે એવી યોજનાં કરવા માટે અન્ન ખવરાવવામાં મધુર, કોમળ, હલકા, સુગંધી તથા થંડા પદાર્થોનું મિશ્રણ થાય એમ કરવું. સ્વસ્થ હોય ત્યારે સ્વસ્થપણામાં કરવાના

ઉપચારો કરવા. દેશ, કાળ કે પ્રકૃતિ ગરમ હોય તો થંડા પદાર્થોનો અને થંડાં હોય તો ગરમ પદાર્થોનો યોગ્ય ઉપયોગ કરાવતાં કોઇ પણ અહિત પદાર્થ ન આવે એમ કરવું. આમ કરવાથી બાળકને બળ, વર્ણ, શરીર અને આયુષ એઓની સંપત્તિ પ્રાપ્ત થાય છે."[1]

છોકરીઓ—બા! અમોએ અમારા નાહાના ભાઇઓને તથા નાહાની બેનોને અન્ન પ્રાશન કરાવાતું જોયેલું છે. તેમાં તો હોમ વગેરે કશી ક્રિયા થતી જોવામાં આવી નથી. બાળકને ઉગમણે મોહોડે ફોઇના ખોળામાં બેસાડી; દેવને ધરેલું ખીર કે લાડું વગેરે અન્ન રૂપાનાણા ઉપર ચડાવીને થોડુંક ખવરાવવું તથા તે રૂપાનાણું ફોઇને આપી દેવું, એટલી જ ક્રિયા થતી જોયેલી છે. બીજા સ્થળોમાં પણ એથી વધારે કાંઈ ધર્મક્રિયા થતી જોયેલી કે સાંભળેલી નથી. બીજા સંસ્કારોમાં પણ ધર્મનું ઉલ્લંઘન કરી ઘણી જ ગડબડ થતી તમારા મોહોડાથી સાંભળી છે. આમ છે તેથી અમો જાણવા માગીએ છીએ કે, આપણો સર્વોત્તમ પ્રાચીન ધર્મ તે ક્યાં ગયો હશે? હમણાં આપણા કોઈ પણ દેશમાં શાસ્ત્રવિધિ પ્રમાણે ધર્મ જળવાય છે કે કેમ?

મહેતીજી—બાળાઓ! દુર્દૈવને લીધે ઘણો કાળ થયાં આપણા લોકોને ધર્મ ઉપર શ્રદ્ધા છૂટી ગઈ છે તેનાં કેટલાંએક કારણો હું સંસ્કાર પ્રકરણના આરંભમાં કહી ગઈ છું. વળી કેટલાંએક વર્ષો થયાં અંગ્રેજી રીતની કેળવણી દેવાતી હોવાથી અને દેશી

[1] ચરક. શારીરસ્થાન. અધ્યાય ૮ મો.

વર્તમાનપત્રોમાં પણ અંગ્રેજી સંપ્રદાયને અનુસરતાં લખાણો ચાલવાથી આપણા લોકોને ધર્મ ઉપર તમામ અશ્રદ્ધા થઈ ગઈ છે. ચોમેર નાસ્તિકપણાના વિચાર ફેલાયા છે. 'ઋષિમુનિઓના વિચાર ખરા નથી પણ અંગ્રેજોના વિચાર ખરા છે.' એવી અનાડી પકડ ઠસી ગઈ છે. આપણા શાસ્ત્રના વિચારોને અંગ્રેજ લોકો ખરા કહે તો ખરા, નહિતર ગપ ગણવામાં આવે છે. ચોમેર કામ, ક્રોધ, મદ, મત્સર તથા નીચ વિચારો બહુ ફેલાયલા જોવામાં આવે છે. દેશના વાતાવરણમાં લોકોના નીચ વિચારોથી થતા દુષ્ટ શબ્દોની ખરાબ છાપો પડવાથી[1] વાતાવરણ જ બગડી ગયું છે તેથી રોગ તથા દુષ્કાળ વગેરે અનેક વિપત્તિઓ આવેલી તથા આવતી જોવામાં આવે છે. દેશની આવી સ્થિતિ હોવાથી કોઇ પ્રદેશમાં પણ આપણો પ્રાચીન ધર્મ પૂરે અંશે જળવાતો હોય એમ હું ધારી શકતી

૧ દુષ્ટ વિચારોથી દુષ્ટ અવાજો થાય છે અને દુષ્ટ અવાજોથી વાતાવરણમાં દુષ્ટ છાપો પડે છે. આ વિષયને લુઇસ વેઇસ બૂકરનું લખાણ પણ કાંઇક ટેકો આપે છે. એ લખે છે કે "માણસના અવાજમાં જે ભાગ રહ્યો હોય છે તેવા મોજાઓના સ્વભાવની છબી લઈ શકાય છે. એક નળીને છેડે મોજાઓનું ગ્રહણ કરે એવી નરમ પદાર્થ ચોપડેલી તથા તે કામ માટે ખાસ તૈયાર કરેલી તખતી રાખવામાં આવી હોય તો તે નળીમાં મોઢાકું રાખી બોલવાથી અવાજના મોજાઓની છબીઓ પડે છે. આ કામમાં કરેલા પ્રયોગો ઉપરથી સિદ્ધ થયું છે કે ક્રોધના, ઇર્ષ્યાના અને સ્વાર્થ વગેરેના અવાજોથી માંકડ, કીડા તથા બીજાં અપ્રિય પ્રાણીઓ કે, જેઓ નિર્દયતા અને કંટાળાની મૂર્તિરૂપ હોય છે તેઓની આકૃતિઓ પડે છે. તેમજ પ્રેમ ભરેલા અવાજોથી તથા સ્નેહ, પરોપકાર અને એવા જ બીજા પ્રિય ગુણોવાળાં અવાજોથી પુષ્પોની આકૃતિઓ પડે છે. આ રીતે એક ખરેખરા ગુલાબના ફુલની આકૃતિ પડેલી મેં જોએલી છે."

નથી. હવે 'આપણો સર્વોત્તમ પ્રાચીન ધર્મ તે ક્યાં ગયો હશે?' એવા તમારા પ્રશ્નનો ઉત્તર એક આર્યાવૃત્તમાં આપું છું તે સાંભળો.

આર્યા.

વિચરિ અખિલ આર્યોમાં, પછિ લઇ વિશ્રામ યોગ્ય વિપ્રોમાં;
હમણા અધર્મ વધતાં, પેઠો છે ધર્મ ગ્રંથોમાં.

પ્યારી પુત્રીઓ! મોટી ઉમરના માણસોના વિચારો સજ્જડ થઇ ગયેલા હોવાથી ફેરવી શકાય એમ નથી પણ તમારા જેવાં બચ્ચાંઓનાં મન કોમળ હોવાથી તેઓના વિચારોને સારૂં વલણ આપી શકાય એમ છે તેથી જ કેટલાંએક પરોપકારી આર્યજનો સારાં પુસ્તકો લખવા તથા લખાવવાનું કરે છે. હમણા અંગ્રેજ લોકોના વિચારો પણ કાંઈક કાંઈક બદલાઇને આપણા શાસ્ત્રોના વિચારોને અમુક અંશોથી મળતા આવે એવા થવા લાગ્યા છે અને તેથી આપણા લોકોના વિચારો પણ કાંઈ કાંઈ સારું વલણ પકડવા લાગ્યા છે એ શુભ ભવિષ્યની નિશાની છે.

अन्नप्राशनसंस्कारे पित्रादित्सित एव हि ।
आयुरारोग्यतेजांसि त्वरन्ते गन्तुमर्भकम्[1] ॥ ७ ॥

---

૧ પિતા બાળકને અન્નપ્રાશન સંસ્કાર દેવાની ઇચ્છા કરે છે તેટલામાં જ આયુષ, આરોગ્ય અને તેજ એએ તે બાળકપ્રત્યે જવાની ઉતાવળ કરે છે.

પાઠ ૮ મો.

ચૌલ સંસ્કાર.

દોહો.

ચૌલ ચૌલ નથિ પણ અહો!!, ચૌરંજ એ છે ભારિ;
બીજ ગર્ભના દોષનો, એમ કહું નિર્ધારિ. ૮

છોકરીઓ—બા! અન્નપ્રાશન સંસ્કાર પછી જે સંસ્કાર આવતો હોય તે વિષે અમોને સમજાવો.

મહેતીજી—કન્યાઓ! અન્નપ્રાશન સંસ્કાર પછી ચૌલ સંસ્કાર આવે છે. બાળકના માથામાં જન્મભરથી રાખેલા વાળ પ્રથમ મુંડાવવાનો અને તે પછી માથામાં ચોટલો કે ચોટલી રખાવવાનો જે વિધિ તે ચૌલ સંસ્કાર છે. જન્મથી પહેલું વર્ષ પૂરું થતાં અથવા ત્રીજું વર્ષ ઉતર્યું ન હોય તેટલા સુધીમાં એ સંસ્કાર આપવો યોગ્ય છે. જ્યોતિષ પ્રમાણે શુભ દિવસ, શુભ વાર તથા શુભ નક્ષત્રાદિક જોઇ તે દિવસે માતૃકાપૂજન તથા નાંદીશ્રાદ્ધ કરી, શ્રાદ્ધના બ્રાહ્મણો ઉપરાંત ત્રણ બ્રાહ્મણો જમાડી, 'अत्राद्य' બોલવાથી દેશકાલનું સ્મરણ કરી 'બીજથી તથા ગર્ભથી ઉત્પન્ન થયેલા સઘળા દોષોને ટાળવાદ્વારા અને બળ, આયુષ તથા તેજની વૃદ્ધિદ્વારા શ્રી પરમેશ્વરની પ્રીતિને માટે આ બાળકનો ચૂડાકરણ (ચૌલ કર્મ) નામનો સંસ્કાર કરીશ.' એવો સંકલ્પ કરવો. વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરવું, બાળકની માતાએ બાળકને મંગલસ્નાન કરાવી એક વાર જ ધોવાયેલાં નવાં વસ્ત્રો પહેરાવી, ખોળામાં લઈ અગ્નિની પાછળ બેસવું. હોમની ક્રિયા

ચલાવી ઘીની આહુતિઓ દેવાયા પછી સંસ્રવ (જેથી આહુતિઓ આપેલી હોય તે સરવામાંથી એક વાસણમાં ચુવરાવેલું ઘી સંસ્રવ કહેવાય છે.) પ્રાશન કરી એક વાસણમાં રાખેલા ટાઢા પાણીમાં હે 'વાયુ! ઉના પાણીની સાથે આવ. હે અદિતિ! વાળોને ભીંજાવવા માટે ઉનું પાણી નાંખ.' એ અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં ગરમ પાણી નાખવું. એ પાણીમાં તાજા માખણનો ઘીનો કે દહીંનો લોંદો નાંખવો. એ પાણીમાંથી જોઇતું પાણી લઈ 'સૂર્યે ઉત્પન્ન કરેલું અંતરીક્ષમાં થયેલું જળ લાંબા આયુષને માટે તથા પ્રભાવને માટે તારા માથાને પલાળો.' એ અર્થવાળો મંત્ર[2] બોલતાં બોલતાં બાળકનો જમણા કાન ઉપરનો માથાનો થોડોક ભાગ પલાળવો. શેઢાઈની પાંખની ત્રણ ઠેકાણે સફેદાઈવાળી સળીવતે, પલાળેલા વાળોને બીજા વાળોથી જુદા પાડી 'હે ઔષધી! અસ્ત્રાથી રક્ષણ કરજે.' એ અર્થવાળો મંત્ર[3] બોલતાં બોલતાં વાળોની ઉપર દર્ભનાં ત્રણ પૂંખડાં રાખવાં. ત્રાંબાથી શણગારેલો અસ્ત્રો 'તું નામથી શાંત છો. વજ્ર તારો બાપ છે. તને નમસ્કાર હોજો. આને પીડિત નહિ કરજે.' એ અર્થવાળો મંત્ર[4] બોલતાં બોલતાં હાથમાં લઈ તેને 'જીવન, અન્નભક્ષણ, સંતાન, ધન, પુષ્ટિ, સુપ્રજપણું તથા સારું સામર્થ્ય એઓને

---

१ उष्णेन वाय.........................

२ सवित्रा प्रसूता.......................

३ ओषधे.................................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૪ થો. મંત્ર ૧ લો.)

४ शिवो नामासि........................

માટે મુંડું છું' એ અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં પેલા દર્ભથી ઢાંકેલા વાળો ઉપર લગાવવો. 'હે બ્રાહ્મણો! વિદ્વાન્ સૂર્યે સોમ રાજાના અને વરૂણના વાળો જેથી મુંડ્યા હતા તે અસ્ત્રાથી આનું માથું મુંડો કે જેથી આયુષ મળે તથા ઘરડો થાય' એ અર્થવાળો મંત્ર[2] બોલતાં બોલતાં અસ્ત્રાથી દર્ભ સહિત વાળો કાપી અગ્નિથી ઉત્તર તરફ રાખેલા બળદના છાણના પીંડામાં નાખવા. આ પ્રમાણે જ ફરી પણ બે વાર મુંડન કરવું, પણ તેમાં મંત્ર બોલવા નહિ. પછી માથાની ઓડમાં એ પ્રમાણે જ કરવું એટલે થોડાક ભાગમાં પૂર્વોક્ત મંત્રો ક્રમવાર બોલી બોલીને[3] પેલા પાણીથી જ વાળ પલાળવા, શેઢાઇની શળીવતે બીજા વાળોથી જૂદા પાડવા, વાળો ઉપર દર્ભનાં ત્રણ પૂંખડાં રાખવાં, દર્ભ સહિત વાળો ઉપર અસ્ત્રો લગાવવો, 'જમદગ્નિ, કશ્યપ તથા દેવતાઓ એઓનું ત્રણે અવસ્થાઓમાં જે જીવન ચરિત્ર છે, તે જીવનચરિત્ર આપણને ત્રણે અવસ્થાઓમાં પ્રાપ્ત હોજો.' એ અર્થવાળો મંત્ર[4] બોલતાં બોલતાં કેશ સહિત દર્ભો કાપવા અને બળદના છાણના પીંડામાં નાખવા. એકવાર કર્યા પછી ફરી બે

१ निवर्तयामि.....................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૩ જો. મંત્ર ૬૩ મો.)

२ येनावपत्.................

૩ અસ્ત્રો પ્રથમથી જ હાથમાં લીધેલો હોય છે માટે તે લેવાનો મંત્ર બોલવો નહિ.

४ आयुष्यम्.................

(યજુર્વેદસંહિતા. અધ્યાય ૩ જો મંત્ર ૬૨ મો).

વાર કરવાની આ સઘળી ક્રિયાઓમાં મંત્રો બોલવા નહિ. પછી ડાબા કાન ઉપરના માથાના ભાગમાં એ પ્રમાણે જ કરવું, એટલે થોડાક ભાગમાં પૂર્વોક્ત મંત્રો ક્રમવાર બોલી બોલીને પેલા પાણીથી જ વાળ પલાળવા, શેઢાઇની શળીવતે બીજા વાળોથી જૂદા પાડવા, વાળો ઉપર દર્ભનાં ત્રણ પૂંખડાં રાખવાં, દર્ભ સહિત વાળો ઉપર અસ્ત્રો લગાવવો, 'જે મંત્રથી ધણો વાયુ કલ્પસુધી સ્વર્ગમાં, સ્વર્ગ પછી સૂર્યની પાસે અને તે પછી જગત્‌માં ફરે છે, તે મંત્રથી મંત્રેલા અસ્ત્રાવતે ધર્માદિક, આયુષ્, સારો યશ તથા અવિનાશ એઓને માટે મુંડું છું.' એ અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં કેશસહિત દર્ભો કાપવા અને બળદના છાણના પીંડામાં નાખવા. એકવાર કરચા પછી ફરી બે વાર કરવાની આ સઘળી ક્રિયાઓમાં મંત્રો બોલવા નહિ. આટલું કરચા પછી 'હે અસ્ત્રા! તું કે જે આ બાળકને સંસ્કાર આપનાર તથા શોભાવનાર છે, તેથી મુંડીને વાળો છાણના પીંડમાં નાખવાના છે માટે આના વાળો કાપજે, માથાને જખમી ન કરજે અને આયુષનું હરણ ન કરજે.' એ અર્થવાળો મંત્ર[2] બોલતાં બોલતાં પ્રદક્ષિણ ક્રમથી બાળકના માથાની ચોસ્ફેર અસ્ત્રાનું એકવાર ભ્રમણ કરવું અને પછી મંત્ર બોલ્યા વગર જ બેવાર ભ્રમણ કરવું. બાળકનું માથું પેલા પાણીથી જ પલાળી 'હે નાપિત! કહીં પણ ટાચો ન થાય એવી રીતે મુંડજે.' એ અર્થવાળો મંત્ર[3] બોલી-

१ येन भूरिश्चरा...............

२ यत्क्षुरेण...................

३ अक्षण्वन्...............

નાપિતના (નાઇના) હાથમાં અસ્ત્રો દેવો અને નાપિતે બાળકના માથાના વાળોનું ચોમેરથી મુંડન કરવું, તેમાં બાળકના કુળની રીત પ્રમાણે શિખા (ચોટલી) રાખવી. પિતાએ, મુંડાએલા સઘળા વાળો પેલા બળદના છાણના પીંડામાં નાખી તે પીંડાને વસ્ત્રાદિકથી વીંટી ગાયોના વાડામાં, પાંણીની કોઈ નાહાની ખાડમાં કે જળાશયના સમીપમાં મુકી દેવો, અને હોમાદિક ક્રિયા કરાવનારા આચાર્યને તેના માગવા પ્રમાણે દક્ષિણા દેવી. અને તેમ ન બની શકે એમ હોય તો ચાર કાર્ષાપણ (રૂપીઆ) દક્ષિણા આપવી અને દશ બ્રાહ્મણો જમાડવા.[1] આ ચૌલ સંસ્કાર કહેવાય છે. કન્યાઓને આ સંસ્કાર, મંત્રો વગરજ દેવો પણ હોમના સંબંધના મંત્રો હોમના સમયમાં બોલવામાં બાધ નથી. કન્યાઓના વાળ, મુંડન પછી વધે ત્યારે ચોટલો રખાવવો. શૂદ્રોને આ સંસ્કાર દેવો હોય તો વેદોક્ત મંત્રોને બદલે તેવા જ અર્થવાળા પૌરાણિક મંત્રો બોલી બોલીને દેવો. બીજા ગ્રંથોમાં કહ્યું છે કે 'પહેલે, બીજે, ત્રીજે, પાંચમે કે સાતમે વર્ષ અથવા ઉપનયન સંસ્કારની સાથે આ સંસ્કાર દેવો. બાળકની માતા રજસ્વલા હોય અથવા બાળકને જ્વર આવ્યો હોય તો સંસ્કારનો દિવસ બદલાવી નાખવો. બાળકની માતાને પાંચ મહિના ઉપરાંતનો ગર્ભ હોય તો આ સંસ્કાર ન દેતાં બીજા સમયમાં દેવો.'

છોકરીઓ! આ કુળાચાર પ્રમાણે કેશ રાખવાનું આપણા શાસ્ત્રમાં કહ્યું છે તો એ વાત ઉપર ધ્યાન આપવું યોગ્ય છે. કુળાચાર

૧ પારસ્કર ગૃહ્યસૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૧ લી. ગદાધર ભાષ્ય.

નહિ જોતાં કેટલીએક કન્યાઓ તથા સ્ત્રીઓ પણ પરદેશી સ્ત્રીઓની રીત જોઈ ચોટલાના અમુક ભાગ કતરાવે છે, બાબરીઓ વગેરે રાખે છે તથા વાળો ગુંથવામાં પણ ન છાજે એવી રચનાઓ કરે છે એ ઘણું અયોગ્ય છે. મરજી પ્રમાણે વાળ રાખવા એ શૂદ્ર જાતિનું જ કામ છે. હાલ તો પુત્રોના તથા કંઈ કન્યાઓના જન્મના વાળ નાઈ પાસે ઉતરાવી રેશમી રુમાલમાં નંખાવે છે. એ રુમાલ કોઇને આપી દે છે. નાઈને નાળીએર, ઘઉં તથા રૂપાનાણું આપે છે. બાળકને તથા કન્યાને નવરાવી તેના મુંડા માથા ઉપર કંકુનો સાથીઓ કરે છે, ઘરમાં કાંઈ મિષ્ટાન્ન જમે છે અને તેટલાથી જ ચૌલ સંસ્કાર પતાવી દે છે. કેટલા એક તો બાળકને કાંઈ રોગ થાય તો 'આ બાળકનું પેહેલું મુંડન અમુક દેવની મૂર્તિની પાસે જઈ ત્યાં કરાવશું' એવી માનતાઓ લઈ બાધાઓ રાખે છે અને અનુકૂળ પડે ત્યારે તે માનતા પૂરી કરે છે.

माहात्म्यं वेदशास्त्रस्य पश्यताहो यदीरितात् ।
आयुस्तेजो बलं चैव लभ्यन्ते वालमुंडनात्[1] ॥ ८ ॥

---

૧ અહો! વેદશાસ્ત્રનો મહિમા જુઓ કે, જે વેદશાસ્ત્રમાં કહેલા વાળ મુંડનથી બાળકને તેજની, આયુષ્યની તથા બળની પ્રાપ્તિ થાય છે!!

પાઠ ૯ મો.

ઉપનયન સંસ્કાર.

દોહો.

ગુરુ પાસે શિશુ લઇ જવો, એ ઉપનયન[1] ગણાય;
સૂક્ષ્મ-વિલોકન સાંપડયે, માનૂં સાર્થક થાય. ૯

વિભાગ ૧ લો.

છોકરીઓ—આ ! સંસ્કારોના ક્રમમાં ચૌલકર્મ પછી ઉપનયન આવે છે માટે ઉપનયન સંસ્કારનું નિરૂપણ સાંભળવા અમે ઇચ્છીએ છીએ.

મહેતીજી—બાળાઓ ! હું પણ ઉપનયન સંસ્કાર વિષે જ વ્યાખ્યાન આપવાની છું. 'બાળકને વિદ્યાભ્યાસને માટે આચાર્યના સમીપમાં લઈ જવો.' એ ઉપનયન શબ્દનો મુખ્ય અર્થ છે. એ સંસ્કારમાં બાકીની જે ક્રિયાઓ થાય છે તે સઘળી અંગભૂત છે. જો કે એ સંસ્કાર કન્યાઓને માટે નથી પણ પુત્રોને માટે જ છે, તો પણ કન્યાઓ જ્યારે પરણ્યા પછી પુત્રોની માતાઓ થાય ત્યારે પુત્રોને એ સંસ્કાર વિધિ પ્રમાણે અપાવવાને માટે કન્યાઓને પણ એ વિષયેનું જ્ઞાન આપવું જરુરનું છે. પહેલાના કલ્પોમાં તો કન્યાઓને પણ ઉપનયન સંસ્કાર અપાતો હતો.[2] પરંતુ આ કલ્પમાં શાસ્ત્રકારોએ

---

૧ ઉપનયન શબ્દના, ગુરુની પાસે લઇ જવો અને ચક્ષુ એ બે અર્થ છે.

૨ पुराकल्पेषु नारीणां मौञ्जीबन्धनमिष्यते ।
अध्यापनं च वेदानां सावित्री वाचनं तथा ॥ (યમસ્મૃતિ)

તેનો નિષેધ કર્યો છે અને લોક સંપ્રદાય પણ તે પ્રમાણે જ ચાલે છે. વેદશાસ્ત્રમાં એ સંસ્કારને બીજા જન્મરૂપ માન્યો છે માટે જેને એ સંસ્કાર ન મળ્યો હોય તે દ્વિજ ગણાય નહિ. છોકરીઓ! સ્ત્રી જાતિને માટે ઉપનયન સંસ્કાર નથી તેથી સ્ત્રી જાતિએ મનમાં કશું ઓછું માનવા જેવું નથી. કેમકે મનુ કહે છે કે, 'સ્ત્રીઓને ઉપનયન સંસ્કારને ઠેકાણે વિવાહ સંસ્કાર છે. ગુરુને ત્યાં નિવાસને ઠેકાણે પતિની સેવા છે અને અગ્નિમાં હોમ કરવાને ઠેકાણે ઘરનાં કામકાજ છે.[1]

પારસ્કર કહે છે કે, 'બ્રાહ્મણ પૂરાં આઠ વર્ષનો થાય તે પછી અથવા ગર્ભથી આઠમા વર્ષમાં, ક્ષત્રિય પૂરાં અગીઆર વર્ષનો થાય તે પછી અને વૈશ્ય પૂરાં બાર વર્ષનો થાય તે પછી તેને ઉપનયન સંસ્કાર દેવો.[2] યાજ્ઞવલ્કય કહે છે કે 'બ્રાહ્મણને જન્મથી અથવા ગર્ભથી આઠમે વર્ષે; ક્ષત્રિયને જન્મથી અથવા ગર્ભથી અગીઆરમે વર્ષે અને વૈશ્યને જન્મથી અથવા ગર્ભથી બારમે વર્ષે એ સંસ્કાર અપાય.[3] મનુ કહે છે કે, "બ્રાહ્મણને ગર્ભથી આઠમે વર્ષે, ક્ષત્રિયને ગર્ભથી અગીઆરમે વર્ષે અને વૈશ્યને ગર્ભથી બારમે વર્ષે ઉપનયન સંસ્કાર દેવો. પણ જો બ્રાહ્મણને 'પુત્ર વેદાદિક વિદ્યાસંબંધી તેજવાળો થાય' એવી ઇચ્છા હોય તો તેણે પાંચમે વર્ષે, ક્ષત્રિયને પુત્ર 'રાજ્ય બળવાળો થાય,' એવી ઇચ્છા હોય તો તેણે છઠ્ઠે વર્ષે અને વૈશ્યને 'પુત્ર વેપાર વગેરેની સંપત્તિવાળો થાય' એવી ઈચ્છા હોય તો તેણે

૧ મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો. શ્લોક ૬૭ મો.
૨ પારસ્કર ગૃહ્યસૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૨ જી. ગદાધર ભાષ્ય.
૩ યાજ્ઞવલ્કયસ્મૃતિ. આચારાધ્યાય. શ્લોક ૧૪ મો.

આઠમે વર્ષે ઉપનયન સંસ્કાર દેવો.[૧] પારસ્કર, યાજ્ઞવલ્કય તથા મનુ એ ત્રણે કહે છે કે, 'જો કુળની પદ્ધતિ બીજા કોઈ વર્ષમાં ઉપનયન સંસ્કાર દેવાની ચાલી આવતી હોય તો તે પ્રમાણે પણ દઈ શકાય; પરંતુ બ્રાહ્મણને સોળમું વર્ષ પૂરું થતાં સુધીમાં, ક્ષત્રિયને બાવીશમું વર્ષ પૂરું થતાં સુધીમાં અને વૈશ્યને ચોવીશમું વર્ષ પૂરું થતાં સુધીમાં ઉપનયન સંસ્કાર ન દેવાયો હોય તો તેઓ સઘળા ધર્મોથી બહિષ્કૃત થાય છે. એટલે તેઓની સાથે કોઇએ પણ ભોજનાદિક વ્યવહાર રાખવો નહિ. એઓ પણ જો વ્રાત્યસ્તોમ નામનું પ્રાયશ્ચિત્ત કરે તો સંસ્કારને યોગ્ય થાય છે. શૂદ્રોને તો કદી પણ આ સંસ્કાર આપી શકાય નહિ; કેમકે બ્રહ્માએ બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય એઓને અમુક અમુક વેદમંત્રો બોલતાં બોલતાં ઉત્પન્ન કરયા છે. પણ શૂદ્રને કોઇ પણ વેદમંત્ર બોલતાં બોલતાં ઉત્પન્ન કરયો નથી.[૨] 'સર્વ મનુષ્યો ઈશ્વરના પુત્ર છે માટે સર્વ વિષયમાં સહુને સમાન અધિકાર છે,' એવી શાસ્ત્ર વિરુદ્ધ કલ્પના પ્રાચીનકાળમાં ન હતી. આ સમયમાં તો ઘણાખરા ક્ષત્રિયોને તથા વૈશ્યોને સેંકડો પેહેડી થયા ઉપનયન સંસ્કાર છૂટી ગયો છે, માટે 'હવે તેઓને એ સંસ્કાર દેવાય કે ન દેવાય' એ વિષયમાં વિદ્વાનો વચ્ચે અનેક વાંધા ચાલ્યા કરે છે, પણ હજી સુધી કશો નિર્ણય થયો નથી.

---

૧ મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો. શ્લોક ૩૬ તથા ૩૭ મો.

૨ न केनचित्समसृजत्छन्दसा तं प्रजापतिः

(પારસ્કર ગૃહ્યસૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૧ લી. ગદાધર ભાષ્ય.)

પિતાએ પુત્રને ઉપનયન સંસ્કાર દેવા માટે જ્યોતિષ પ્રમાણે શુભ માસ, શુભ દિવસ તથા શુભ મુહૂર્ત વગેરે નક્કી કરી એ દિવસથી પહેલાં, નવું તથા જરાક ધોએલું કોરવાળું સફેદ વસ્ત્ર, મૃગચર્મ, જનોઇ, કમરપર બાંધવાની મેખળા, સુંદર દંડ, કૌપીન અને ભિક્ષાનું પાત્ર એઓ તૈયાર કરી રાખવાં. ઉપનયન દેવાના દિવસથી આગલે દિવસે અધિકારની સિદ્ધિને માટે પિતાએ તથા બટુકે (જેને ઉપનયન આપવાનું હોય તે બાળકે) ત્રણ ત્રણ પ્રાજાપત્ય વ્રત[1] કરવાં અને આચાર્યે[2] ગાયત્રીનો બાર હજાર જપ કરવો. પિતાએ 'अत्राद्य' બોલી 'આ બટુકના ઉપનયન સંસ્કારમાં સઘળી અનુકૂળતાદ્વારા શ્રી પરમેશ્વરની પ્રીતિને માટે ગણપતિપૂજનાદિક કરીશ અને આવતી કાલે આ બટુકને દ્વિજપણાની સિદ્ધિદ્વારા વેદ ભણવાના અધિકારની સિદ્ધિને માટે ઉપનયન કરીશ.' એનો સંકલ્પ કરી ગણપતિપૂજન, સ્વસ્તિવાચન, ગ્રહશાંતિ તથા નાંદીશ્રાદ્ધ વગેરે કરી મંડપની પ્રતિષ્ઠા કરવી. બીજે દિવસે નિત્યક્રિયા પહોંચી લઈ બટુકનું વપન (મુંડન) કરાવી શણગારી ત્રણ બ્રાહ્મણ જમાડી બટુકને પણ જમાડી મંડપમાં વિધિપ્રમાણે અગ્નિનું સ્થાપન કરવું. જેઓને એ આચાર્યે જ ઉપનયન સંસ્કાર આપી વેદાભ્યાસ કરાવ્યો હોય એવા શિષ્યોએ

---

૧ એક ગાયનું અથવા શાસ્ત્રમાં કહેલા તેના મૂલ્યનું દાન કરવાથી એક પ્રાજાપત્ય થાય છે. પ્રાજાપત્યના બીજા પણ ઘણા પ્રકારો છે.

૨ उपनीय ददद् वेदमाचार्यः स उदाहृतः ॥ ३४ ॥

ઉપનયન સંસ્કાર આપીને વેદાભ્યાસ કરાવનારો વિદ્વાન બ્રાહ્મણ આચાર્ય કહેવાય છે. ('યાજ્ઞવલ્ક્યસ્મૃતિ. આચારાધ્યાય.)

એ બટુકને આચાર્યની પાસે લઈ જવો. બ્રહ્મા થયેલા ઋત્વિજે જેનો સ્પર્શ કરી રાખ્યો હોય એવા આચાર્યે અગ્નિની પાછળ તથા પોતાની ઉત્તર બાજુમાં તે બટુકને ઉગમણે મોહોડે ઉભો રાખી કહેવું કે 'ब्रह्मचर्यमागाम् (હું બ્રહ્મચર્ય માટે આવ્યો છું) એમ બોલ' પેલા બટુકે 'ब्रह्मचर्यमागाम् (હું બ્રહ્મચર્ય માટે આવ્યો છું)' એમ બોલવું. આચાર્યે કહેવું કે 'ब्रह्मचार्यसानि (હું બ્રહ્મચારી થાઉં) એમ બોલ' બટુકે બોલવું કે 'ब्रह्मचार्यसानि (હું બ્રહ્મચારી થાઉં). આચાર્યે 'બૃહસ્પતિએ જે વિધિથી નવું વસ્ત્ર ઈંદ્રને પહેરાવ્યું હતું તે વિધિથી તારા જીવનને માટે, લાંબા આયુષને માટે, બળને માટે તથા ઐશ્વર્યને માટે તંને નવું વસ્ત્ર પહેરાવું છું.' એ અર્થવાળો મંત્ર[1] બોલી બટુકને નવું વસ્ત્ર પહેરાવવું. પછી 'દુષ્ટ ભાષણને ચોમેરથી અટકાવતી તથા પવિત્ર વર્ણપણાને સત્કાર આપતી આ મેખલા મારી પાસે આવી છે. આ મેખલા પ્રાણ વાયુને તથા અપાન વાયુને બળ આપનારી છે, બેનની પેઠે હિત કરનારી છે અને સૌભાગ્ય આપનારી છે.' એ અર્થવાળો મંત્ર[2] બોલતાં બોલતાં અથવા 'ગુણોને એકઠા કરનારો, સારાં વસ્ત્રોવાળો તથા માળા વગેરેથી વીંટાએલો (આ બટુક) આવ્યો છે. તે જો બ્રહ્મચારી બનાવવારૂપ પુનર્જન્મ અપાતાં બહુ સારો નીવડશે તો તેને સારી ચિત્ત વૃત્તિવાળા, મનથી વેદાર્થને જણાવી શકનારા તથા વિદ્વત્તાવાળા ધીર લોકો ઉત્કર્ષ પમાડશે.'

---

१ येनेन्द्राय.........................

२ युवासुवासः.......................

એ અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં અથવા કશું પણ નહિ બોલતાં ત્રેવડી મેખલા બટુકની કમરપર પ્રદક્ષિણ રીતે ત્રણ આંટા દઇને બાંધવી. ત્રીજા આંટામાં પ્રવરની સંખ્યા પ્રમાણે ત્રણ, પાંચ કે સાત ગાંઠચો દેવી. (જનોઇ તથા મૃગચર્મ પણ આપવાં. બટુકે 'આ યજ્ઞોપવીત (જનોઈ) કે જે સૃષ્ટિથી પહેલા સમયમાં બ્રહ્માના શરીરપર સ્વાભાવિક જ હતું, અત્યંત પવિત્રતા આપનારું છે, શુદ્ધ છે તથા આયુષને માટે હિતકારી છે તે પહેરું છું. આ યજ્ઞોપવીત બળ આપનારું તથા તેજ આપનારું થજો. તું યજ્ઞોપવીત છે અને વેદોક્ત કર્મના અધિકારને માટે છે; માટે ડાબા ખભાપર રાખીને તને બાંધું છું'. એ અર્થવાળો મંત્ર[2] આચાર્યના બોલવા પાછળ બોલતાં બોલતાં ડાબા ખભાપર જનોઈ પહેરવું. મૃગચર્મ પણ ધરી લેવું.) આચાર્યે કશું નહિ બોલતાં બટુકને આપવા હાથમાં દંડ લેવો. (બ્રાહ્મણને માટે કેશ સુધી પહોંચે તેવડો ખાખરાનો, ક્ષત્રિયને માટે લલાટ સુધી પહોંચે તેવડો બીલીનો અને વૈશ્યને માટે નાક સુધી પહોંચે તેવડો ઉંબરાનો દંડ જોઇએ.) બટુકે 'આકાશમાં પસરેલો તથા પૃથ્વી ઉપર વર્તતો જે દંડ મારી પાસે આવ્યો છે તેને હું જીવનને માટે, વેદશાસ્ત્ર ભણવાને માટે તથા તેજને માટે લઉં છું. સોમયાગની દીક્ષામાં પણ દંડનો ઉપયોગ થજો.' એ અર્થવાળો મંત્ર[3] બોલી તે દંડ જમણા હાથથી લેવો. આચાર્યે પોતાની અંજલિમાં જળ પૂરી 'હે જળ! તું સુખ

૧ तन्धीरास............................

૨ यज्ञोपवीतं परमम्...........................

૩ योमेदण्ड.............................

આપનાર છે, માટે અમોને સઘળા રસોના અનુભવ કરનારા કરજે તથા પરમાત્માના રમણીય અનુભવને માટે યોગ્ય કરજે. આ લોકમાં જેમ પ્રીતિવાળી માતા પોતાના દૂધરૂપી અત્યંત શાંત રસના ભોગી કરે છે તેમ તારા અત્યંત શાંત રસના ભોગી કરજે. 'હે જળ! તું જગતના આધારરૂપ જે રસના એક ભાગથી સર્વને તૃપ્ત કરે છે, તે તારા રસથી અમો સર્વદા તૃપ્ત રહીએ એમ કરજે તથા હવે પછીના જન્મમાં પણ અમોને તે રસના ભોગ લેનારા (દેવ) કરજે.' એ અર્થવાળા ત્રણ મંત્રો[1] બોલી તે જળ બટુકની અંજલિમાં પૂરવું. 'સૂર્યનું દર્શન કર' એમ બટુકને કહેવું અને બટુકે 'દેવતાઓને પ્યારું, તેજસ્વી અને જગતના નેત્રરૂપ સૂર્યબિંબ પૂર્વ દિશામાં ઉદય પામે છે. એના પ્રસાદથી આપણે સો વર્ષ સુધી દેખતા, જીવતા, સાંભળતા, બોલતા તથા દીનતા વગરના રહીએ અને સો વર્ષ ઉપરાંત પણ ઘણા કાળસુધી તેવાજ રહીએ' એ અર્થવાળો મંત્ર[2] આચાર્યના બોલવા પાછળ બોલી સૂર્યનું દર્શન કરવું. આચાર્યે 'તારા હૃદયને મારા નિયમોમાં સ્થાપું છું. તારું ચિત્ત મારા ચિત્તને અનુકૂળ રહેજો. તું મારામાં જ ચિત્ત રાખી મારું કહ્યું માનજે. પ્રજાપતિ મને પ્રસન્ન કરવા માટે તને પ્રેરજો' એ મંત્ર[3] બોલતાં બોલતાં પોતાનો હાથ બટુકના જમણા ખભાપર મુકી તેના હૃદયનો સ્પર્શ

૧ યજુર્વેદ અધ્યાય ૧૧ મો. મંત્ર ૫૦, ૫૧ તથા ૫૨ મો.

૨ तच्चक्षुः..........................

(યજુર્વેદસંહિતા. અધ્યાય ૩૬ મો. મંત્ર ૨૪ મો)

૩ ममव्रते..........................

કરવો. બટુકનો જમણો હાથ પોતાના જમણા હાથથી પકડી 'कोनामासि (તું કોણ છે?)' એમ પુછવું. બટુકે 'असावहंभोउः (હે આચાર્ય ! હું અમુક[1] છું.)' એમ ઉત્તર દેવો. આચાર્યે 'कस्यब्रह्मचार्यासि (તું કોનો બ્રહ્મચારી છે?)' એમ પુછવું. બટુકે 'भवतः (તમારો)' એમ ઉત્તર દેવો. બટુક આ છેલ્લો ઉત્તર આપતો હોય, તે સમયમાં આચાર્ય 'હે અમુક[2] બ્રહ્મચારી! તું પ્રજાપતિનો બ્રહ્મચારી છે. તારો પહેલો આચાર્ય અગ્નિ છે અને બીજો આચાર્ય હું છું' એ અર્થવાળો મંત્ર[3] બોલવો. પછી આચાર્ય 'તને રક્ષણને માટે પ્રજાપતિના, સૂર્ય દેવના, જળના તથા ઓષધિઓના, સ્વર્ગના તથા પૃથ્વીના અને પાંચે મહાભૂતોના કબજામાં સોંપું છું' એ અર્થવાળા મંત્રો[4] બોલવા.[5]

છોકરીઓ ! આજ ઘણું વ્યાખ્યાન અપાયું છે, પણ વિષય પૂરો થયો નથી. વિષય બહુ લાંબો છે, માટે હવે પછીનું વ્યાખ્યાન આવતી કાલ ઉપર રાખું છું.

---

૧ પોતાનું નામ લેવું.

૨ બટુકનું નામ લેવું.

૩ इन्द्रस्य.............................

૪ प्रजापतयेत्वा...........इत्यादि

૫ પારસ્કર ગૃહ્યસૂત્ર કાંડ ૨ જો કંડિકા ૨ જી ગદાધર ભાષ્ય.

વિભાગ ૨ જો.

છોકરીઓ—બા ! ચાલતા વિષયનું બાકી રહેલું વ્યાખ્યાન હવે શરૂ કરશો ?

મહેતીજી—હા. છોકરીઓ ! સાંભળો.

બટુક કે જે આચાર્યની પાસે શરૂઆતથી ઉભો જ રહેલો હોય છે, તેણે અગ્નિની પ્રદક્ષિણા કરી અગ્નિથી ઉત્તર બાજુમાં બેસવું. ઘીની ચૌદ આહુતિઓ હોમાઇને સંસ્રવ પ્રાશનાદિક થયા પછી આચાર્યે તથા બટુકે "ब्रह्मचार्यसि (બ્રહ્મચારી થા.) असानि (થાઉં) अपोऽशान[1] (જળનું આચમન કરતો જજે.) अशानि (આચમન કરનારો થાઉં.) कर्म कुरु (મારી સેવાનું કામ કરજે તથા વર્ણાશ્રમ પ્રમાણે કર્મ કરજે.) करवाणि (એ કર્મ કરનારો થાઉં.) मादिवा सुषुप्थाः (દિવસની નિદ્રા નહિ કરજે.) न स्वपानि (દિવસની નિદ્રા નહિ કરનારો થાઉં.) वाचं यच्छ (વાણીને નિયમિત રાખજે.) यच्छानि (નિયમિત રાખનારો થાઉં.) समिधमाधेहि (અગ્નિમાં સમિધ હોમતો જજે.) आदधानि (સમિધ હોમનારો થાઉં.) अपोऽशान[2] (જળનું આચમન કરતો જજે.) अशानि (આચમન કરનારો થાઉં.)" એમ પરસ્પરમાં સંવાદ કરવો. એટલે આચાર્યે સાત આજ્ઞાઓ કરવી અને બટુકે પોતાની તે પ્રમાણે વર્તણુક કરવાની ઇચ્છાને જણાવનારા સાત સ્વીકારો કરવા. આચાર્યે અગ્નિની ઉત્તર બાજુમાં ચોથમણે મોહોડે

---

૧ ભોજનના આરંભમાં આચમન લેવાની આ આજ્ઞા છે.

૨ ભોજનના અંતમાં આચમન લેવાની આ આજ્ઞા છે.

બેઠેલા તથા ચરણ પકડવા વગેરેથી ભક્તિ કરતા બટુકને પોતાની નજર તથા બટુકની નજર પરસ્પરથી મળતી[1] રહે એવી રીતે ઉગમણે બેસી સૂર્યના વર્ણનવાળા મંત્રનો ઉપદેશ કરવો. તેમાં એટલો વિશેષ કરવો કે, બ્રાહ્મણને 'સૃષ્ટિકરનાર તથા પ્રકાશક સૂર્યરૂપી ઈશ્વર કે જે અમારી બુદ્ધિ વૃત્તિઓને પ્રેરે છે તેના, ઇચ્છવા યોગ્ય તથા સંસારમાંથી ઉદ્ધાર કરનારા શુદ્ધ બ્રહ્મરૂપ તેજનું ધ્યાન કરીએ છીએ.' એ અર્થવાળા ગાયત્રી મંત્રનો,[2] ક્ષત્રિયને 'હે સર્વને પ્રેરનારા સૂર્યદેવ! આ સોમરસ તમને આપ્યો છે તેનું રક્ષણ કરજો. અસુરો તમને નહિ પીડજો. તમે તમારા જ ગણાતા દેવોને મળ્યા છો અને હમણા હું મારા ગણાતા મનુષ્યોને સઘળી મિલકતનું પોષણ કરવાની સાથે મળ્યો છું. તમારાથી ખરીદાઇ તમારો થયો છું અને એમ થવાને લીધે વરુણના પાશથી મુક્ત થયો છું.' એ અર્થવાળા ત્રિષ્ટુભ્ મંત્રનો[3] અને વૈશ્યને 'વિદ્વાન, શ્રેષ્ઠ અને સર્વને ઉત્પન્ન કરનારા સૂર્યદેવ સઘળાં રૂપોને પ્રકાશિત કરે છે, પ્રાણીઓને પોતપોતાનો વ્યવહાર કરવારૂપ સુખ આપે છે, સ્વર્ગને પણ પ્રકાશિત કરે છે અને પ્રભાત વ્યતીત થયા પછી વધારે પ્રકાશે છે.' એ અર્થવાળા જગતી મંત્રનો[4]

---

૧ विश्वारूपाणि........................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૧૨ મો. મંત્ર ૩ જો.)

૨ નજરે નજર એક કરવામાં કાંઇ મેસ મેરિઝમ જેવો ચમત્કાર રહ્યો છે.

૩ तत्सवितुः(..)...................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૩ જો. મંત્ર ૩૫ મો.

૪ देवसवितरेषते........................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૫ મો. મંત્ર ૩૯ મો.

ઉપદેશ કરવો.[1] અથવા ત્રણે વર્ણને ગાયત્રી મંત્રનો ઉપદેશ કરવો. પ્રથમ પોતે મંત્રનું એક એક ચરણ બોલીને બટુકના મોહોડાથી બોલાવવું. પછી અરધો અરધો મંત્ર બોલી બટુકના મોહોડાથી બોલાવવો અને છેવટ આખો મંત્ર બોલી બટુકના મોહોડાથી બોલાવવો. મંત્રનો ઉપદેશ બ્રાહ્મણને તુરત જ કરવો. અને ક્ષત્રિયને તથા વૈશ્યને તો તેઓના ગુણો ઉપર ધ્યાન આપી એક વર્ષ, છ મહિના, ચોવીસ દિવસ, બાર દિવસ, છ દિવસ કે ત્રણ દિવસ વ્યતીત થયા પછી દેવો.[2]

બ્રહ્મચારી બનેલા બટુકે 'હે સારી કીર્તિવાળા અગ્નિ! મને સારી કીર્તિવાળો કરજે.' 'જેમ તું સારી કીર્તિવાળો છે' 'તેમ મારા આચાર્યને પણ સારી કીર્તિ આપજે.' 'જેમ તું દેવોમાં યજ્ઞના હવિરૂપ નિધિનો રક્ષક છે' 'તેમ હું મનુષ્યોમાં વેદનારહસ્યરૂપ નિધિનો રક્ષક થાઉં.' એ અર્થવાળાં પાંચ મંત્ર વાક્યો[3] બોલતાં બોલતાં પોતાના હાથવતે કાષ્ઠો તથા અડાયાં નાખી નાખી અગ્નિને પ્રદીપ્ત કરવો. જમણા હાથમાં થોડુંક જળ લઈ પ્રદક્ષિણ રીતે અગ્નિપર છાંટી ઉઠી ઉભો થઇ 'હે અગ્નિ! જેમ તું સમિધથી પ્રદીપ્ત થાય છે તેમ હું આયુષથી, ધારણા શક્તિવાળી બુદ્ધિથી, તેજથી, પ્રજાથી, પશુઓથી અને વેદાધ્યયનની સંપત્તિથી પ્રદીપ્ત થાઉં. મારા આચાર્યના પુત્રો પણ લાંબા આયુષવાળા થાઓ, હું ધારણા

૧ આ મંત્રોમાં જે જે વર્ણનું જે જે કર્તવ્ય છે તેનો પ્રતિભાસ આપેલો છે.

૨ પારસ્કર ગૃહ્યસૂત્ર કાંડ ૨ જો. કંડિકા ૩ જી. ગદાધર ભાષ્ય.

૩ अग्नेसुश्रवः.................ઇત્યાદિ.

શક્તિવાળો, ગુરુએ કહેલા ધર્માદિકને નહિ ભૂલનારો, યશસ્વી, તેજસ્વી, બ્રહ્મતેજવાળો તથા સુખેથી અન્ન જમનારો થાઉં. આ હોમ યથાવિધિ થયેલો હોજો.' એ અર્થવાળો મંત્ર[1] બોલી અગ્નિમાં એક સમિધ[2] હોમવી. એ જ મંત્ર બોલી બીજી સમિધ હોમવી. વળી એ જ મંત્ર બોલી ત્રીજી સમિધ હોમવી. અથવા 'હે અગ્નિ! આ સમિધ તને વધારનારી છે. આથી તું વૃદ્ધિ પામ તથા અમોને પણ સઘળી રીતે વૃદ્ધિ પમાડ. તારા પ્રસાદથી અમો વૃદ્ધિ પામીએ તથા અમારાં પુત્ર તથા પશુ વગેરેને સઘળી રીતે વધારેલાં કરીએ. હે અગ્નિ! તું કે જે અન્નનું સંપાદન કરનારો તથા અન્નને જિતનારો છે, તેને હું પણ અન્નને જિતનારો થવા માટે નિર્મળ કરું છું.' એ અર્થવાળો મંત્ર[3] બોલી બોલીને ઉપર પ્રમાણે ત્રણ સમિધ હોમવી. અથવા ઉપર કહેલા અર્થવાળા બન્ને મંત્રો બોલી બોલીને ઉપર પ્રમાણે ત્રણ સમિધ હોમવી. વળી પ્રથમની પેઠે જ ઉપર કહેલો પ્રદીપ્ત કરવાનો મંત્ર બોલી અગ્નિને પ્રદીપ્ત કરવો અને પછી થોડુંક જળ છાંટવું. પછી અગ્નિથી બન્ને હાથ તપાવી તપાવી 'હે અગ્નિ! તું શરીરનું રક્ષણ કરનારો છે, માટે મારા શરીરનું રક્ષણ કરજે, તું આયુષ્ આપનારો છે માટે મને આયુષ્ દે. તું તેજ આપનારો છે માટે મને તેજ દે. હે અગ્નિ! મારા શરીરમાં જે

---

१ अग्नयेसमिधम्.......................

૨ પીપળા તથા ખાખરા વગેરે પવિત્ર વૃક્ષનું ઝીણું તથા અમુક પ્રમાણવાળું કાષ્ઠ.

३ एषाते.............

(યજુર્વેદસંહિતા. અધ્યાય ૨ જો. મંત્ર ૧૪ મો.)

અંગ ઓછી શક્તિવાળું હોય તેને 'પરિપૂર્ણ શક્તિવાળું કરજે. સૂર્ય દેવ મને ધારણા શક્તિવાળી બુદ્ધિ દેજો. સરસ્વતી દેવી મને ધારણા શક્તિવાળી બુદ્ધિ દેજો. કમળોની માળાવાળા બે અશ્વિનીકુમાર નામના દેવ મને ધારણા શક્તિવાળી બુદ્ધિ દેજો એ અર્થવાળા મંત્રોનાં[1] સાત વાક્યોમાંથી એક એક વાક્ય અનુક્રમથી બોલી બોલીને સાતવાર મોહોડા ઉપર ફેરવવા. (તે તે અંગોનો સ્પર્શ કરતાં 'મારા અંગો વૃદ્ધિ પામજો,' 'મારી વાણી વૃદ્ધિ પામજો,' 'મારા પ્રાણ વૃદ્ધિ પામજો,' મારું ચક્ષુ ઇંદ્રિય વૃદ્ધિ પામજો,' મારું શ્રોત્ર ઈંદ્રિય વૃદ્ધિ પામજો,' 'મારું યશ વૃદ્ધિ પામજો' તથા 'મારું બળ વૃદ્ધિ પામજો.' એ અર્થવાળા મંત્રો[2] બોલવા. 'જમદગ્નિ, કશ્યપ અને દેવતાઓ એઓનું ત્રણે અવસ્થાઓં સંબંધી જીવનચરિત્ર અમોને ત્રણે અવસ્થાઓમાં પ્રાપ્ત હોજો.' એ અર્થવાળા મંત્રનો[3] એક એક ભાગ બોલી અનુક્રમે લલાટપર, કંઠપર, જમણા ખભાપર, અને હૃદયપર ભસ્મ લગાવવી. 'અમુક ગોત્રવાળો, આટલાં[4] પ્રવરવાળો નમું છું. હું અમુક નામવાળો છું.' એ અર્થવાળું સંસ્કૃત વાક્ય બોલી માતાપિતા વગેરે વૃદ્ધોને પ્રણામ કરવા.[5])

---

१ तनूपा अग्नेऽसि.................. ઇત્યાદિ.

२ अङ्गानिचम आप्यायन्ताम् ઇત્યાદિ.

३ त्र्यायुषम्.....................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૩ જો. મંત્ર ૬૨ મો.)

૪ પોતાનાં પ્રવરોની સંખ્યા બોલવી.

૫ પારસ્કર ગૃહ્ય સૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૪ થી. ગદાધર ભાષ્ય.

પછી બટુકે માતા વગેરે ત્રણ, છ, બાર કે તેથી વધારે સ્ત્રીઓ કે જેઓ ભિક્ષા દેવાની ના પાડે એવી ન હોય તેઓના સમીપમાં જઈ ભિક્ષા માગવી. તેમાં બ્રાહ્મણે भवति भिक्षां देहि, क्षत्रियैं भिक्षां भवति देहि અને વૈશ્યે भिक्षां देहि भवति એમ બોલવું. જે કાંઈ ભિક્ષા મળે તે લઈ આચાર્યજી પાસે જઈ ભિક્ષાનું નિવેદન કરવું અને તેમની આજ્ઞા મેળવી તે ભિક્ષામાંથી ભોજન કરવું. સાયંકાળે જંગલમાં જઈ વૃક્ષોમાંથી ખરી પડેલી સમિધો લાવી સંધ્યાવંદન કરી પૂર્વોક્ત વિધિથી હોમ કરવો. રાતે ખાટલા કે પલંગ વગેરેની ઉપર નહિ સૂવું પણ ધરતીપર, ચટાઇ કે મૃગચર્મ વગેરે બિછાવી સૂવું. ઉપનયનનો અગ્નિ આ પહેલા દિવસથી માંડી ત્રણ રાતસુધી રાખવો. સાંજે તથા સવારે ઉપર પ્રમાણે વિધિપૂર્વક હોમ કરવો તથા બ્રહ્મચર્યનો વિધિપણ પાળવો.[1]

કન્યાઓ! નિશાળ ઉઠવાનો સમય થઈ ગયો છે અને આ વિષય ઘણો લાંબો છે માટે આજ અધૂરો મૂકીને જ તમોને રજા આપું છું.

વિભાગ ૩ જો.

છોકરીઓ—બા! મંત્રોના અર્થોમાં તથા આચાર્યોની આજ્ઞાઓમાં બટુકે લેવાની શીખામણો તથા માગવાની આશિષો ઘણી ઘણી આવે છે. હાલના બટુકો એ સઘળું યાદ રાખતા હોય તો કેવા સુખી થાય!! મંત્રોના શબ્દોની છાપો પડવાથી વાતાવરણ કેવું

---

[1] પારસ્કર ગૃહ્ય સૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૫ મી. ગદાધર ભાષ્ય.

સારું બને !! હવે ચાલતા વિષયનું વ્યાખ્યાન જ્યાંથી અધૂરું મુકયું છે ત્યાંથી ચલાવશો ?

મહેતીજી—છોકરીઓ ! તમો મારું કહેલું ધ્યાનમાં રાખો છો તેથી હું રાજી થાઉં છું. લ્યો. હવે આગળ ચલાવું છું.

બ્રહ્મચારીએ ચોથા દિવસથીંજ આચાર્યને ઘેર જઇ ત્યાંજ રહેવું અને બ્રહ્મચર્યપાળી વેદાદિક વિદ્યાઓનો તથા કળાઓનો પણ અભ્યાસ કરવો. પારસ્કર કેહે છે કે 'અડતાલીશ વર્ષ સુધી અથવા વિદ્યાભ્યાસ પૂરો થઈ રેહેતાં સુધી બ્રહ્મચર્ય પાળતાં આચાર્યને ઘેર રેહેવું.[૧] મનુ કેહે છે કે 'ગુરુને ઘેર રહી છત્રીશ વર્ષનું, અઢાર વર્ષનું, નવ વર્ષનું કે ધારેલો વિદ્યાભ્યાસ પૂરો થઈ રહે ત્યાંસુધીનું બ્રહ્મચર્ય પાળવું'[૨] યાજ્ઞવલ્કયે પ્રત્યેક સાંગ[૩] વેદને માટે પાંચ પાંચ વર્ષસુધી એટલે એકંદર વીશ વર્ષસુધી બ્રહ્મચર્યપાળી રેહેવાનું પણ કહ્યું છે.[૪] પ્રાચીન સમયમાં લોકોનાં આયુષો લાંબાં હતાં. તે ઉપર લક્ષ રાખી શાસ્ત્રકારોએ અડતાલીશ વર્ષનું અથવા છત્રીશ વર્ષનું બ્રહ્મચર્ય પાળવાનું કહ્યું છે. હાલના સમયમાં લોકોનાં આયુષ ટૂંકાં જોવામાં આવે છે તેથી બાળકોને લગભગ પચીશમા વર્ષની ઉમર થતાં સુધી બ્રહ્મચર્ય પળાવાય એવો પક્ષ લેવાય તો સારૂં, કે જેથી 'પુરુષ પચીશ વર્ષની ઉમરનો થાય ત્યારે જ પાકો પુરુષ થાય છે તથા પરણવાને

૧ પારસ્કર ગૃહ્યસૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૫ મી—સૂત્ર ૧૪ તથા ૧૫ મું.
૨ મનુસ્મૃતિ. અધ્યાય ૩ જો. શ્લોક ૧ લો.
૩ શિક્ષાદિક અંગો સહિત.
૪ યાજ્ઞવલ્કયસ્મૃતિ. આચારાધ્યાય. શ્લોક ૩૬ મો.

લાયક થાય છે.' એવો સુશ્રુતે જણાવેલો નિયમ[1] પણ જાળવી શકાય. પણ આ સમયમાં આચાર્યોની એવી શાળાઓ જ કયાં છે કે જેઓમાં રહીને ઉછરતા બાળકો બ્રહ્મચર્ય પાળે તથા વિદ્યાભ્યાસ કરે. અફસોસ છે કે કોઈ જગોમાં પણ એવી શાળાઓ નથી અને હોય તો પણ પોતાના પુત્રોને યથાવિધિ બ્રહ્મચર્ય પળાવી વિદ્યાભ્યાસ કરાવવા ઉપર લોકોનું લક્ષ જ નથી. હાલ તો એવી શાળાઓને બદલે જયાં ત્યાં સ્કૂલો અને કાલેજો સ્થપાયેલી જોવામાં આવે છે કે જેઓમાં આર્ય બાળકોને સ્વધર્મનું શિક્ષણ મુદ્દલ મળે એમ નથી એટલું જ નહિ, પરંતુ આર્ય બાળકોનાં વલણો પણ કેટલેક અંશે સ્વધર્મનો અનાદર કરનારાં બની જાય એવી સ્થિતિ છે. બાળાઓ! આમ છતાં પણ ઈશ્વરની કૃપાથી આપણા આર્ય લોકોનાં વલણો સારાં થાય અને તેઓનું લક્ષ પ્રાચીન પદ્ધતિને અનુસરવા લાગે એવા ઉદ્દેશથી હું તમોને બ્રહ્મચારીના કેટલાએક નિયમો જણાવીશ અને તે નિયમો પાળવાથી થવાના લાભોની તથા નહિ પાળવાથી થતી હાનિઓની પણ ટુંકી ટુંકી નોંધ કરાવીશ. 'જો સ્ત્રીઓ આપણા પ્રાચીન ધર્મ સંપ્રદાયથી જાણીતી થશે તો જ આર્ય લોકોનું ભવિષ્ય સુધરશે.' એવું હાલના કેટલાએક વિદ્વાનોનું જે માનવું છે તે પણ મારા ઉદ્દેશને ટેકો આપે છે. ગૃહ્યસૂત્ર તથા મનુસ્મૃતિ વગેરેમાં કહ્યું છે કે "બ્રહ્મચારીએ ક્ષાર પદાર્થોથી બનતાં સુધી દૂર રેહેવું.[2] દંડ પોતાની પાસે રાખ્યા

---

૧ સુશ્રુત. શારીરસ્થાન. અધ્યાય ૧૦ મો.

૨ ક્ષારો પાચક છે, કીડા, કાંકરી, પથરી તથા પુરુષપણું, એઓનો ઉપઘાત કરનારા છે, ચક્ષુ, કેશ તથા ઓજ એઓને માટે સારા નથી અને રક્તપિત્ત કરનારા છે. (નિઘંટ સંગ્રહ)

કરવો.[1] સવારે તથા સાંજે હોમ કરવો.[2] આચાર્યની સેવા કરવી.[3] સદાચારવાળા ગૃહસ્થોને ત્યાંથી ભિક્ષા માગી લાવી ગુરુને આપવી તથા ગુરુ આજ્ઞા કરે તેમાંથી પ્રસન્ન થઇને ભોજન કરવું.[4] જળાશયમાં ડુબકી મારવી નહિ પણ વાસણમાં જળ લઇ નાહાવું.[5] સ્ત્રીઓના પ્રસંગથી દૂર જ રેહેવું.[6] અસત્ય બોલવું નહિ.[7] કોઇની વસ્તુ તેના આપ્યા વગર લેવી નહિ.[8] પછેડીને બદલે બળદનું ચામડું રાખવું.[9]

૧ દંડ રાખવાથી શક્તિ, ઉત્સાહ, બળ, સ્થિરતા, ધીરજ તથા તેજ વધે છે, ટેકો મળે છે અને બીક પણ ટળે છે. (ભાવપ્રકાશ.)

૨ હોમથી થતા લાભ વિષે કેટલુંક કહી ગઈ છું.

૩ આથી થતા લાભો સ્પષ્ટ જ છે. હાલના કેટલાએક વિદ્યાર્થીઓ વખતપર શિક્ષકોની મશ્કરીઓ કરે છે અને તેઓને માર મારવા સુધીનો પ્રયત્ન પણ કરે છે.

૪ આથી ભણવાની ફી દેવાની ચિંતા ગરીબોને રહે નહિ, ઉદર નિર્વાહ ચાલે, નિરભિમાનપણું થાય, ટચાકપણું આવે નહિ અને મનનું વશીકરણ થાય. હાલના શ્રીમંતો પોતાના બાળકોને ગાડી કે ઘોડાપર બેસાડી ભણવા મોકલે છે, સાથે નોકરો આપે છે અને વિદ્યાલયો પાસેની બજારોમાંથી જોઇતી ચીજો લેવાને માટે ગજવામાં પૈસા પણ આપે છે તેથી બાળકોના મનમાં ઉદ્ધતાઈની ખુમારી કેટલી બધી ભરાઈ જાય એ સમજાઈ શકાય એવું છે.

૫ ડુબકી નહિ મારવાથી લાભ અને મારવાથી હાનિ સ્પષ્ટ જ છે.

૬ સ્ત્રીઓના પ્રસંગથી મનની ખરાબી થવાનું શાસ્ત્રોમાં તથા લોકોમાં પ્રસિદ્ધ જ છે. ૭ સત્ય બોલવાથી લાભો તથા અસત્ય બોલવાથી હાનિઓ તમોને સારી પેઠે સમજાવેલી છે.

૮ આથી લોકોમાં પ્રતિષ્ઠા વધે, જીવતાં સુધી પ્રામાણિકપણાની ટેવ પડે તથા ગુનાહ ઉત્પન્ન થાય નહિ.

૯ આથી શ્રીમંત લોકોનાં બાળકો પણ ટચાકી વગરનાં જ રહે. હાલ કોટપાટલુન પેહેરવાથી બાળકો ટચાક બની જાય છે એ વાત દેખીતી જ છે.

કોઇને ઉચ્છિષ્ટ દેવું નહિ તથા ઉચ્છિષ્ટ મોહોડે કહીં પણ જવું નહિ.[1] ભોજનના બે સમયોની વચમાં જમવું નહિ તથા બહુ જમવું નહિ.[2] હાથ જોડીને ભણવું અને ભણવાના આરંભમાં તથા અંતમાં ગુરુનાં ચરણોમાં પ્રણામ કરવો.[3] જેમ ધારક ઘોડાઓને નિયમિત રાખવામાં યત્ન રાખે છે તેમ ઈંદ્રિયોને નિયમિત રાખવામાં યત્ન રાખવો.[4] કોઇને અન્યાયથી પુછવું નહિ અને કેહેવું પણ નહિ.[5] પોતાથી જે શ્રેષ્ઠ હોય તેની શય્યાપર કે આસનપર બેસવું નહિ.[6] એવો પુરુષ આવે ત્યારે તેને ઉઠીને પ્રણામ કરવો.[7] હિંસા, અંજન, કામ, ક્રોધ, લોભ, નિંદા, નાચવા ગાવા

---

૧ આર્ય સદાચાર તથા સ્વચ્છતા જળવાય અને અપમાન ન થાય.

૨ સમય પ્રાપ્ત થયા વગર જમવાથી શરીર અશક્ત થાય છે, અનેક રોગો ઉત્પન્ન થાય છે તથા વખતપર મરણ પણ થઈ જાય છે. બહુ જમવાથી આલસ્ય થાય છે, શરીરમાં ભારેપણું થાય છે, પેટ ચડી આવે છે. અને ગડગડાટ થાય છે. (ભાવપ્રકાશ.)

૩ હાલના સ્ટુડંટોને ગુરુભક્તિ મુદ્દલ હોતી નથી. હાલના કોઈ કોઇ આર્યોમાં ગુરુભક્તિનો જે કાંઇ કાંઈ અંશ ચાલ્યો આવે છે તે આ પ્રાચીન પદ્ધતિનો સંસ્કાર લોહીમાં આવવાનો પ્રભાવ છે.

૪ ઇંદ્રિયોને છૂટ આપવાથી અવસ્ય અનર્થ થાય છે, અને વસ્ય રાખવાથી પુરુષાર્થ સિદ્ધ કરવાની યોગ્યતા થાય છે.
(મનુસ્મૃતિ અધ્યાય ૨ જો શ્લોક ૯૩ મો.)

૫ અન્યાયથી પુછાય કે બોલાય તો દ્વેષ ઉત્પન્ન થાય છે, શરીરમાં પણ બીગાડ થાય છે અને પ્રામાણિકપણું જાય છે.

૬ આમાં વિનયનું શિક્ષણ છે.

૭ મહાત્મા આવે ત્યારે માણસની ઇંદ્રિયો શરીરમાંથી બહાર નીકળવા પ્રચ્છે છે. ઉઠીને પ્રણામ કરવામાં આવે ત્યારે ઇંદ્રિયો પાછી શરીરમાં આવે છે (મહાત્મા

વગેરેમાં આસક્તિ, જુગાર, કેફી પદાર્થ, વ્યર્થ વાદવિવાદ અને પરનો અપકાર એઓનો ત્યાગ કરવો.[1] બ્રહ્મચર્ય જાણી જોઇને કદી પણ ખંડિત ન કરવું.[2] સ્ત્રી કે શૂદ્ર પણ જો કોઈ સારું કામ કે શિલ્પ કરતાં હોય કે સારી વિદ્યા જાણતાં હોય તો તેઓની પાસેથી પણ તે શીખી લેવાં.[3] (ઇત્યાદિ. ઇત્યાદિ.) આ રીતે બ્રહ્મચર્ય પાળવાથી આ લોકમાં કલ્યાણ તથા કીર્તિ મળે છે અને પરલોકમાં પણ ઉત્તમ સ્થાન મળે છે."[4]

કન્યાઓ! ગુરુને ઘેર રહી આવું બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરવારૂપ બ્રહ્મચર્યાશ્રમ કે જે આપણાં વેદશાસ્ત્રોમાં ગણાતા બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ્ય તથા સંન્યાસ નામના ચાર આશ્રમોમાં પહેલો છે, અનેક વિજ્ઞાનોની પ્રાપ્તિના સાધનરૂપ હોવાને લીધે

આવે ત્યારે આપણાથી બેસી રહી શકાતું જ નથી એ વાત અનુભવસિદ્ધ છે.) શ્રેષ્ઠ લોકોને પ્રણામ કરવાથી આયુષ, વિદ્યા, યશ અને બળ વધે છે.

(મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો. શ્લોક ૧૨૦ તથા ૧૨૧ મો.)

હાલના સ્ટુડંટો તો આડી હથેળીથી સેલ્યુટ કરવાનું જ જાણે છે.

૧ આ ત્યાગનાં ફળો તથા ત્યાગ ન કરવાથી હાનિઓ સ્પષ્ટ જ છે અને પ્રથમ કહી પણ ગઈ છું.

૨ વિશેષ કરી બ્રહ્મચર્ય પાળવાથી થવાના લાભો અને ન પાળવાથી થવાની હાનિઓ વિષે હવે પછી કેહેવાની છું.

૩ આમ કરવાથી લાભ તથા ન કરવાથી હાનિ તુરત જોઈ શકાય એવાં છે.

श्रद्दधानः शुभां विद्यामाददीतावरादपि ॥ २८ ॥

(મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો.)

૪ પારસ્કર ગૃહ્યસૂત્ર. કાંડ ૨ જો. કંડિકા ૫ મી. મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો.

ઈશ્વરના હૃદયથી પ્રકટેલો અથવા હૃદયરૂપ જ ગણાય છે,[1] તે તે ભાષાઓનું જ્ઞાન તથા યંત્ર કૌશલ વગેરે સઘળી કળાઓના શિક્ષણને પણ પોતામાં અંતર્ભૂત રાખનારો છે,[2] ઈશ્વર કૃપાથી પ્રાપ્ત થયેલા ઉચ્ચ જન્મની સફળતા આપનારો છે, નીતિના દૃઢ સંસ્કાર જમાવનારો છે, શરીરમાં બળ તથા આરોગ્ય વગેરેની પૂર્ણ ભરતી કરનારો છે અને ઉપનયન સંસ્કારના છેલ્લા અંગરૂપ છે તે હાલ નામ માત્રથી અવશેષ રહ્યો છે. શાસ્ત્રકારોએ વાનપ્રસ્થાશ્રમનો કલિયુગમાં અટકાવ કરચો છે,[3] પરંતુ બ્રહ્મચર્યાશ્રમનો તો આર્ય લોકોની અજ્ઞતાએજ અટકાવ કરચો છે. આર્ય લોકોનાં વલણો ઘણા કાળથી પ્રાચીન રસ્તો છોડીને ચાલેલાં છે તેનો આ પરિણામ છે. હાલ તો બાળકોનાં શરીરના સત્ત્વને તોડી નાખનારી બાળલગ્ન વગેરે કુચાલો ચાલી છે એટલે બ્રહ્મચર્ય પળાવવા ઉપર મુદ્દલ ધ્યાન અપાતું નથી. બાળલગ્નથી તથા કજોડાં ગોઠવી દેવા વગેરેથી બાળકોનું હિત થતું નથી પણ તેઓના ઉપર અજાણતાં હિતના નામે એક જાતની નિર્દ-

---

૧ गृहाश्रमो जघनंतो ब्रह्मचर्यं हृदो मम ।
वक्षःस्थानाद्वनेवासो न्यासः शीर्षणि संस्थितः

(શ્રીભાગવત. સ્કંધ ૧૧ મો. અધ્યાય ૧૭ મો. શ્લોક ૧૪ મો.)

૨ શ્રીકૃષ્ણે તથા તેમના મોટાભાઈ બલભદ્રે બ્રહ્મચર્ય ધરી, ગુરુને ઘેર રહીને ચોસઠ કળાઓનો અભ્યાસ કર્યો હતો.

(શ્રી ભાગવત. સ્કંધ ૧૦ મો. અધ્યાય ૪૫ મો. શ્લોક ૩૬ મો.)

૩ मांसदानं तथा श्राद्धे वानप्रस्थ्याश्रमस्तथा ।
इमान्धर्मान्कलियुगे वर्ज्यानाहुर्मनीषिणः ॥

(ધર્મસિંધુ. પરિચ્છેદ ૩ જો. પૂર્વાર્ધ.)

યતા વાપરવામાં આવે છે. બાળકોનાં શારીર બળ નહિ ખીલવાં દેતાં ભણાવી ગણાવી મનોબળ ખીલવવાની આશા રાખવી એ છોડાના કે વૃક્ષોના મૂળની સંભાળ રાખ્યા વગર તેઓમાં સારાં ફળ ઉત્પન્ન થવાની આશા રાખવા જેવું છે તથા માટીના પાયા ઉપર મોટા મેહેલ ઉભો કરવાની ધારણા રાખવા જેવું છે. હાથે કરીનેજ બાળકોના શારીર બળને નહિ ખીલવા દેતાં તેઓને તેર ચૌદ વર્ષની ઉમરમાં મેટ્રીક્યુલેટેડ, સત્તર અઢાર વર્ષની ઉમરમાં બીએ. એલ. એલ. બી. અને વીશ એકવીશ વર્ષની ઉમરમાં એમ. એ. વગેરે બનાવવાની યોજના કરવી એ કેવો અનર્થ છે? કદાચ એ યોજના પાર પડે તો પણ તે બાળકો પરિણામે કેવા સ્વસ્થ રહે તથા વડીલોની શુભ આશાઓને કેવી પાર પાડી શકે એ વિચાર કરો. થંડી, તાપ તથા વરસાદ સમ હોવાને લીધે વાત, પિત્ત તથા કફ એઓની સમતા હોવાથી આપણો દેશ વૈદ્યકશાસ્ત્ર[1] પ્રમાણે ઉત્તમ છતાં પણ લોકો ઉછરતી વયમાંજ માથાં દુખવાની, સ્મરણશક્તિ નબળી થવાની તથા શરીર અમુક રોગથી ગ્રસ્ત થવા વગેરેની ફરીઆદો કરતા જોવામાં આવે છે એ, બ્રહ્મચર્ય નહિ પાળવાનું જ ફળ છે. ખરો બ્રહ્મચર્યાશ્રમ તો દૂર રહ્યો પરંતુ સાધારણ પણ નહિ પાળવાથી આપણા દેશમાં પ્રાપ્ત થયેલો સડો જો આમનો આમ ચાલ્યા

---

૧ संसृष्टलक्षणो यस्तु देशः साधारणोमतः ।
समाः साधारणे यस्माच्छीतवर्षोष्ममारुताः ।
समता तेन दोषाणां तस्मात् साधारणो वरः ॥
(ભાવ પ્રકાશ. ખંડ ૧. લો. પ્રકરણ ૪. થું શ્લોક ૭ મો.)

કરશે અને ચાલતી નિશાંનીઓ પ્રમાણે કદાચ વધતો જશે તો છેવટ આપણા દેશની શી દશા થશે ? ભીમ, જરાસંધ, કર્ણ તથા અભિમન્યુ વગેરેના શારીર બળની જે સ્થિતિ મહાભારત વાંચતાં કે સાંભળતાં આપણા જાણવામાં આવે છે તે સ્થિતિ માત્ર પાંચ હજાર વર્ષના અરસામાં આપણામાંથી કેટલી બધી ઓછી થઈ ગઈ છે તેનો વિચાર કરતાં હવે પછીના કાળક્રમમાં જો બ્રહ્મચર્યનો અભાવ આમને આમ ચાલુ રહ્યો તો કેટલી ઓછી થઈ જશે એ ખ્યાલમાં આવશે. 'માણસની સોળમા વર્ષસુધી બાળ અવસ્થા ગણાય છે, સોળમાથી સીત્તેરમા વર્ષસુધી મધ્ય અવસ્થા ગણાય છે અને સીત્તેરમા વર્ષ પછી વૃદ્ધ અવસ્થા ગણાય છે.'[1] એ સુશ્રુતનું વચન જોતાં આપણા દેશનાં ઘણખરાં માણસો વૃદ્ધાવસ્થાને નહિ પોહોચતાં મધ્ય અવસ્થામાં જ વૃદ્ધ થઈ જાય છે તથા મરી પણ જાય છે, તો તેમ થવાનાં કારણો બ્રહ્મચર્યના અભાવ શિવાય બીજાં થોડાં જ જોવામાં આવે છે. આપણા શાસ્ત્રકારોએ કુદરતી નિયમ પ્રમાણે શરીરનું બંધારણ પૂરેપૂરું બંધાવા દેવા માટે તથા તેમાં વિદ્યાભ્યાસની પૂરી સગવડ ગોઠવવાને માટે જ બ્રહ્મચર્યાશ્રમનો નિયમ બાંધ્યો હતો. હમણાંના આપણા લોકો અહિંસક પણાનું તથા બાળકોનું ભલું કરનાર પણાનું અભિમાન ધરાવતાં છતાં પણ બાળકોમાં શક્તિ આવવાની શરુઆત થયાના સમયમાં જ બાળલગ્ન કરી દઇને તે શક્તિ ઉપર ભૂલથી કોહાડો મારે છે અને તેમ કરવાથી બાળકોનાં આયુષોને હાથે કરી ઓછાં કરી નાખે છે. આપણા આર્ય લોકો પ્રાચીન

[1] સુશ્રુત. સૂત્રસ્થાન. અધ્યાય ૩૫ મો.

સંપ્રદાય પ્રમાણે બાળકોને બ્રહ્મચર્યાશ્રમ પળાવવાનો પ્રયત્ન ચાલુ કરે અને તે પ્રયત્ન સફળ થયા પેહેલાં સાધારણ બ્રહ્મચર્ય પળાવવાનું શરૂ કરે એમ ઇચ્છું છું.

છોકરીઓ! આ વિષયનું વ્યાખ્યાન લાંબું ચાલ્યા છતાં પણ હજી એક દિવસનું બાકી રહ્યું છે અને નિશાળનો વખત વ્યતીત થઈ ગયો છે માટે તમોને રજા આપું છું.

વિભાગ ૪ થો.

છોકરીઓ—બા! હવે જે બાકી રહ્યું હોય તે આજ સમજાવો.

મહેતીજી—કન્યાઓ! હવે તો ઉપનયન સંસ્કારમાં હાલ કેટલું થાય છે એ સમજાવવાનું જ બાકી રહ્યું છે. માટે સાંભળો.

છોકરીઓ! આ સમયમાં સારા સારા બ્રાહ્મણોને ત્યાં તેઓના બાળકોને ઉપનયન સંસ્કાર યથાવિધિ દેવાતો જોવામાં આવે છે, પણ ઉપનયનના છેલ્લા અંગરૂપ અથવા ઉપનયનના ફળરૂપ બ્રહ્મચર્યાશ્રમ યથાવિધ પળાવવાનું કહીં પણ જોવામાં આવતું નથી. શાસ્ત્ર જાણનારા કોઈ કોઈ બ્રાહ્મણો બ્રહ્મચર્ય પળાવવાનું મણ કહે છે પરંતુ ત્રણ રાત કરતાં વધારે કોઈ પણ પળાવતા નથી. પિતાએ જ આચાર્ય બનીને બાળકને ઉપનયન સંસ્કાર આપવાનો રીવાજ તથા ઉપનયનથી પેહેલાના સંસ્કારો સમયસર નહિ અપાતાં અમુક પ્રાયશ્ચિત્ત કરીને ઉપનયન સંસ્કારની સાથે જ એટલે ઉપનયનને લગતા દિવસોમાં દેવાનો રીવાજ ઘણાં વર્ષોથી ચાલે છે, તે જો કે 'શાસ્ત્રવિરુદ્ધ છે'

એમ મારાથી કહી શકાતું નથી તો પણ પુરોહિત મંત્રો બોલતો જાય છે તથા પિતા તો માત્ર ઉપનયનની ક્રિયા જ કરતો જાય છે અને યોગ્ય કારણ વગર જાણી જોઇને જાતકર્માદિ સંસ્કારોના તે તે સમયોનું ઉલ્લંઘન કરવામાં આવે છે એ તો દેખીતું જ શાસ્ત્રવિરુદ્ધ છે. હલકા બ્રાહ્મણોમાં તથા પોતાને ક્ષત્રિય કે વૈશ્ય કેહેવડાવતા બીજા કેટલાએક વર્ગોમાં તો આ ઉત્તમમાં ઉત્તમ ઉપનયન સંસ્કાર માત્ર જાવડ ભાવડ રીતે જ દેવામાં આવે છે. ઉપનયન સંસ્કારને અંતે દશ કરતાં વધારે બ્રાહ્મણો જમાડવાની કે જ્ઞાતિ ભોજનો કરવાની શાસ્ત્ર પ્રમાણે કશી જરૂર નથી, તે છતાં જમણવારોની ધડપચડો ઉપર જેટલું ધ્યાન દેવામાં આવે છે તેના સોમા ભાગ જેટલું ધ્યાન પણ ઉપનયન સંસ્કારના વિધિ ઉપર દેવામાં આવતું નથી એ કેટલું શોચનીય છે!!

હાલ તો ઉપનયન સંસ્કારનું મુહૂર્ત જોવરાવી તેથી પેહેલાં માસ કે પક્ષ ઉપર બાળકનાં સમૂરતાં (સુમુહૂર્ત) કરવામાં આવે છે. તે વખતે, હું વિવાહના પ્રકરણમાં કહી ગઈ છું તે પ્રમાણે જ જ્ઞાતિ સંબંધીઓનાં બૈરાં એકઠાં થઈ ગીતો ગાતાં બટુકને પીઠી ચોળી નવરાવે છે, નવરાવ્યા પછી નાળીએરથી પસ ભરાવી મામાના હાથથી તેડાવી ઇષ્ટ દેવને પગે લગાડે છે, ભીંતમાં ઘઉંરી કાહાડે છે, દાણા સોવા માંડે છે અને વરધ તથા પાપડ વણે છે. એ દિવસે બટુકનો બાપ પોતાનાં સગાંસંબંધીઓને જમાડવામાં મોટો ખરચ કરે છે તથા પરદેશનાં સગાં સંબંધીઓને આમંત્રણની કંકોતરીઓ લખે છે. સમૂરતાંના દિવસની સાંજથી તે માંડવો નાખવાના દિવસથી પેહેલાં સગાં સંબંધીઓનાં બૈરાં રાત પડ્યા પછી બટુકના બાપને ઘેર નિત્ય સાંજીઓ દેવા જાય

છે અને તેમાં 'સોનાની સાંઝી, બડવા ! કાને કડી હાથે છડી હીરે જડી તથા લીલુડી ટોપીરે બ્રમચાર ભરત ભરી' ઇત્યાદિ ગીતો ગાઈ પાછાં પોતાને ઘેર આવે છે. ઉપનયનનું .મંડપારોપણ બે દિવસનું કરવું એમ શાસ્ત્રમાં કહેલું છતાં પોતાનું ફૂલણપણું તથા મોટાઈ દેખાડવા માટે ચાર કે તેથી પણ વધારે દિવસોત્તો માંડવો નાખવામાં આવે છે અને તેમાં નિત્ય સવારે તથા સાંજે સેંકડો સંબંધીઓને તથા વખતપર આખી નાતોને પણ ઘી ખીચડી તથા મીઠાઈઓ વગેરે જમાડવામાં મોટા ખરચ કરવામાં આવે છે. મંડપ રોપાયા પછી બૈરાં મંડપની નીચે બેસી માંગળિક પ્રભાતીઆં ગાય છે. ઉપનયન સંસ્કાર વિધિપૂર્વક કે જાવડભાવડ રીતે દેવાતી વખતે બૈરાં જનોઈ, હોમ તથા ભિક્ષા વગેરેનાં વર્ણનવાળાં 'રામે ખેડ્યાં લક્ષ્મણજીએ વાવ્યાં છે વોણ તથા વસુદેવને ઘેર બેટડો' ઇત્યાદિ ગીતો ગાય છે. સંસ્કાર દેવાઈ રહ્યા પછી બટુકને કાશીએ જવાની તથા ત્યાં રહી બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાનું ફારસ કરવામાં આવે છે. પ્રથમથી શીખાવી રાખેલો બટુક કાશી તરફ પ્રયાણ કરવાની તૈયારી જેવો ડોળ બતાવે છે. ઘરનાં માણસો 'તમે જાઓમાં તમને પરણાવશું.' ઇત્યાદિ વચનોથી તેને કાશી જતો રોકવાનો ડોળ કરે છે. વસ્ત્રોથી તથા આભરણોથી શણગારેલો બટુક જાણે કાશીએ જવાનો અટકાવ કરવા લાગેલાં ઘરનાં માણસોથી રીસાયો હોય તેમ સાત સમુદ્ર તરીકે માનેલી અને ધરતીપર કરેલી પાણીની સાત લીટીઓને ઉલ્લંઘી જવા માટે ઘરમાંથી નીકળે છે. આ વખતે બૈરાં 'એક લીલુડી ઘોડી રે કાન તમારડીરે' એ ગીત ગાય છે. પછી બટુક

જાણે કાશીએ જતો હોય તેમ દોટ કાઢે છે અને બટુકનો મામો પછવાડે દોડી તેને પકડી લઈ પોતાની કાંધપર કે ઘોડાપર બેસાડે છે. આ વખતે 'વળો વળો બટુલાજી ! સાત સમુદર આડારે તમને તમારો દાદાજી મનાવે અને રુઠડા બ્રમચારજી ને કોણ મનાવે.' ઇત્યાદિ ગીતો ગવાય છે. ત્યાંથી બટુકને ગાજતે વાજતે ગામમાં ફુલેકું ફેરાવી પાછો ઘર આગળ લાવી પોંખી ઘરમાં લઈ ઇષ્ટદેવને પગે લગાડવાંમાં આવે છે. અને તેટલાથી જ બ્રહ્મચર્યાશ્રમને પતાવી દેવામાં આવે છે. ત્યાર પછી જ્ઞાતિ ભોજનની ભારે ધામધૂમ ચાલે છે.

ब्रह्मचर्याज्ज्ञानमायुःस्वास्थ्यं वंशं यशोदिवम् ।
वर्धयेद्द्राघयेद्दच्छेदुन्नयेदर्जयेज्जयेत्[1] ॥ १ ॥

પાઠ ૧૦ મો.

ઋગ્વ્રત, યજુર્વ્રત, સામવ્રત તથા અથર્વવ્રત એ નામના ચાર સંસ્કારો.

દોહો.

વ્રત કરનારા બટુકને, કીર્તિ તેજ વિજ્ઞાન;
પ્રાપ્ત થાય છે સ્વસ્થતા, બળ ઉત્સાહ સુમાન. ॥ ૧૦ ॥

છોકરીઓ—બાં ! ઉપનયન સંસ્કારનો વિધિ સાંભળવાથી અમોને આનંદ થયો છે. અમો ખરા અંતઃકરણથી કહીએ છીએ કે

૧ બટુક બ્રહ્મચર્ય પાળવાથી જ્ઞાનને વધારે છે, આયુષને લાંબુ કરે છે, સ્વસ્થપણાને (આરોગ્યને) પામે છે, કુળને ઉન્નતિ આપે છે, યશને મેળવે છે અને અંતે સ્વર્ગને જીતે છે.

પરણ્યા પછી અમારું સાસરાંમાં કાંઈ પણ ચલણ થશે ત્યારે બાળકોને આ સંસ્કાર વિધિપૂર્વક અપાવવાનો બનતો પ્રયત્ન કરવા ચૂકીશું નહિ. હવે ઉપનયન સંસ્કાર પછીનો જે સંસ્કાર હોય તેનો વિધિ અમોને સમજાવો.

મહેતીજી—બાળાઓ ! તમોએ ભવિષ્યને માટે તમારો જે ખરો વિચાર જણાવ્યો તેથી હું પ્રસન્ન થઈ આશીર્વાદ આપું છું કે ઈશ્વર તમારી ધારણાને સફળ કરજો. ઉપનયન સંસ્કાર પછી એક સરખા વિધિવાળા જ ઋગ્વ્રત, યજુર્વ્રત, સામવ્રત અને અથર્વવ્રત એ નામના ચાર સંસ્કારો આવે છે. આ સંસ્કારો આચાર્યને ત્યાં બ્રહ્મચર્ય પાળતા બટુકોને બ્રહ્મચર્યના વર્ષોમાં જ આચાર્યે આપવાના છે તેથી મુખ્યત્વે કરી આચાર્યે જ સમજવાના છે, તોપણ તમારી જાણમાં રેહેવા માટે સંક્ષેપથી તેઓનો વિધિ કહું છું.

બ્રહ્મચર્ય પાળવાનાં વર્ષોની સંખ્યા તમોને જણાવી ચુકી છું. તે પ્રમાણે જેટલાં વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળતાં ગુરુને ત્યાં રેહેવાનો નિયમ લીધો હોય તેટલાં વર્ષોના ચાર ભાગ કરી એક એક ભાગમાં એક એક વ્રત કરવાનું છે. જેમ બીજા સંસ્કારોની આવશ્યકતા છે તેમ આ વ્રતોરૂપ સંસ્કારોની આવશ્યકતા નથી. માટે તેઓનો આધાર બ્રહ્મચારીની ઉત્કૃષ્ટ થવાની ઈચ્છા ઉપર છે. બીજાં ગૃહ્યસૂત્રોમાં આ વ્રતોને બદલે મહાનામ્ની વ્રત વગેરે બીજાં વ્રતો પણ કહેલાં છે, તો પણ પારસ્કરનું ગૃહ્યસૂત્ર સર્વને માટે સાધારણ છે તેથી તે સૂત્રમાં કહેલાં આ ઋગ્વ્રત આદિ ચાર વ્રતો વિષે જ વ્યાખ્યાન

આપું છું. બ્રહ્મચારીએ પોતે જે વેદની શાખાનો હોય તે વેદનું વ્રત પ્રથમ કરી તે પછી બીજાં ત્રણ વ્રતો કરવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે માટે આ વ્રતોરૂપ ચાર સંસ્કારોનો ક્રમ પણ બદલી જાય એમ છે.

આચાર્યે માતૃકાપૂજન તથા નાંદી શ્રાદ્ધ કરી ' अत्राद्य ' બોલવાથી દેશકાલનું સ્મરણ કરવું પછી ઋગ્વ્રતનો આરંભ કરાવવો હોય તો ' ઋગ્વ્રતનો આદેશ કરીશ ' એવો સંકલ્પ કરી, વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરી આજ્ય ભાગને અંતે પૃથ્વીને, અગ્નિને, બ્રહ્માને તથા વેદને આહુતિ આપી પ્રજાપતિ વગેરેને સાત આહુતિઓ આપી મહાવ્યાહૃતિઓથી માંડી સ્વિષ્ટકૃત્ પર્યંત આહુતિઓ આપી સંસ્રવપ્રાશનથી માંડી દક્ષિણા દાન સુધીની ક્રિયાઓ કરી ગણપતિ, સરસ્વતી, વિષ્ણુ, લક્ષ્મી તથા પોતાની વિદ્યા એઓની' પૂજા કરવી. યજુર્વ્રતનો આરંભ કરાવવો હોય તો ' યજુર્વ્રતનો આદેશ કરીશ ' એવો સંકલ્પ કરી વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરી આજ્યભાગને અંતે અંતરીક્ષને તથા વાયુને આહુતિ, આપી બાકી સઘળું ઉપર પ્રમાણે કરવું. સામવ્રતનો આરંભ કરાવવો હોય તો ' સામવ્રતનો આદેશ કરીશ.' એવો સંકલ્પ કરી વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરી આજ્યભાગને અંતે સ્વર્ગને તથા સૂર્યને આહુતિ આપી બાકી સઘળું ઉપર પ્રમાણે કરવું. અને અથર્વવ્રતનો આરંભ કરાવવો હોય તો 'અથર્વવ્રતનો આદેશ કરીશ.' એવો સંકલ્પ કરી વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરી આજ્યભાગને અંતે દિશાઓને તથા ચંદ્રમાને આહુતિ આપી બાકી સઘળું ઉપર પ્રમાણે કરવું. પછી આથમણે મોહોડે બેઠેલા પોતાના (આચાર્યના) મોહોડા સામે જોયા કરતા

શિષ્યને વિધિ પ્રમાણે વેદનો આરંભ કરાવવો. પછી આચાર્ય તથા સઘળા શિષ્યોએ 'અમો કે જેઓ ભણવાને માટે મળેલા છીએ તેઓને આ વેદ સ્થિર હોજો, સ્થિર થઇને સર્વનું રક્ષણ કરજો, વખતપર ભણવામાં અમારાથી કાંઈ અપરાધ થઈ જાય તોપણ પૂર્ણ શક્તિવાળો રેહેજો અને પ્રજાપતિ અમોને એવી સમજણ આપજો કે જેથી અમો પરસ્પરનો દ્વેષ ન કરીએ' એવા અર્થવાળો મંત્ર[1] બોલવો. બટુકે આવી રીતે વ્રત લઈ બ્રહ્મચર્યનાં વર્ષોના ચોથા ભાગ સુધીમાં એક વેદનું તથા અમુક વિદ્યાઓનું અધ્યયન સમાપ્ત કરવું અને અંતે આચાર્યે 'અમુક વ્રતનું વિસર્જન કરાવીશ' એવો સંકલ્પ કરી ઉપર પ્રમાણે જ હોમ કરવો. આવી રીતે એક વ્રતનાં આરંભ તથા વિસર્જન કરી સમાવર્તન[2] કરીને બીજો વેદ ભણવા માટે બીજીવાર બ્રહ્મચર્ય લેવું અને પાછો ઉપર કહેલા વિધિ પ્રમાણે જ બીજા વ્રતનો આરંભ કરી બ્રહ્મચર્યનાં વર્ષોનો બીજો ભાગ પૂરો થતાં સુધીમાં બીજા વેદનો તથા અમુક વિદ્યાઓનો અભ્યાસ કરી ઉપર પ્રમાણે જ બીજા વ્રતનું વિસર્જન કરવું. વળી ઉપર પ્રમાણે જ સમાવર્તન કરી ફરીવાર બ્રહ્મચર્ય લઈ ત્રીજા વ્રતનો આરંભ કરવો. બ્રહ્મચર્યનાં વર્ષોનો ત્રીજો ભાગ પૂરો થતાં સુધીમાં ત્રીજા વેદનો તથા અમુક વિદ્યાઓનો અભ્યાસ કરી લઈ ઉપર પ્રમાણે જ તે વ્રતનું વિસર્જન કરવું. વળી ઉપર પ્રમાણે જ સમાવર્તન કરી ફરીવાર બ્રહ્મચર્ય લઈ ચોથા વ્રતનો આરંભ કરવો. બ્રહ્મચર્યનાં વર્ષોનો ચોથો

१ सहनोऽस्तु..........................

૨ સમાવર્તનનો વિધિ સમાવર્તન સંસ્કારનો પ્રકરણમાં કહેવામાં આવશે.

ભાગ પૂરો થતાં સુધીમાં ચોથા વેદનો તથા અમુક વિદ્યાઓનો અભ્યાસ કરી લઈ ઉપર પ્રમાણે જ તે વ્રતનું વિસર્જન કરવું. બ્રહ્મચર્યનાં વર્ષોમાં અભ્યાસ પૂરો ન થાય તો અભ્યાસને માટે બ્રહ્મચર્યને લંબાવવાનું પણ કહ્યું છે.

છોકરીઓ! આ ચાર વ્રતોરૂપ ચાર સંસ્કારોનો વિધિ સંક્ષેપથી તમોને કહી સંભળાવ્યો. વારંવાર સમાવર્તની તથા બ્રહ્મચર્યની આવૃત્તિઓ નહિ કરતાં પેહેલીવાર લીધેલા સામટા બ્રહ્મચર્યથી જ અઢાર કે બાર વગેરે વર્ષો પૂરાં થતાં સુધીમાં જ ચારે વેદોનો તથા સઘળી વિદ્યાઓનો અભ્યાસ કરી શકાય એમ શાસ્ત્ર ઉપરથી જણાય છે, તેથી અને સમાવર્તન સંસ્કાર પામ્યા પછી સ્નાતક કેહેવાતા પુરુષોના વિદ્યાવ્રત સ્નાતક,[1] વિદ્યાસ્નાતક[2] તથા વ્રતસ્નાતક[3] એ નામના ત્રણ ભેદ પાડેલા, શાસ્ત્રમાં જોવામાં આવે છે. તેથી પણ આ ચાર વ્રતોરૂપ સંસ્કારો આવશ્યક નથી, એમ સિદ્ધ થાય છે.

હમણાં કોઈ સ્થળે પણ બ્રહ્મચર્યાશ્રમ લેવાતો ન હોવાથી આ ચાર સંસ્કારો પણ લેવાતા નથી. માટે એ સંસ્કારો હાલ કેવી રીતે થાય છે એ વિષે કશું કેહેવાનું રહેતું નથી. માત્ર સગવડ પડતી

---

૧ વેદાદિક વિદ્યાઓને તથા ચારે વ્રતોને સમાપ્ત કરીને જેણે સમાવર્તન કર્યું હોય તે.

૨ વ્રતોને પડતાં મૂકી માત્ર વિદ્યાઓને જ સમાપ્ત કરી જેણે સમાવર્તન કર્યું હોય તે.

૩ વિદ્યાઓનો પૂરો અભ્યાસ નહિ કરતાં વ્રતોને જ પૂરાં કરીને જેણે સમાવર્તન કર્યું હોય તે.

રીતે કોઈ કોઈ સારા બ્રાહ્મણોનાં બાળકો પોતાનાથી બને તેટલું વેદનું તથા વિદ્યાઓનું અધ્યયન કરે છે.

तेजोऽन्यदेवायुरन्यन्मेधान्यान्यन्मनोबलम् ।
शारीरबलमप्यन्यद्व्रतिनो ब्रह्मचारिणः[1] ॥ १० ॥

પાઠ ૧૧ મો.

કેશાંત સંસ્કાર.

દોહો.

કહે કોણ શાસ્ત્રોવિના, કરવાથી કેશાંત;
થશે અંત ક્લેશોતણો, જીવન મળશે શાંત. ૧૧

છોકરીઓ—બા! તમારા મુખથી ઉપનયનનો તથા ચાર વ્રતોનો વિધિ સાંભળી અમોને નિશ્ચય થયો છે કે સંસ્કારો દેવાની પદ્ધતિ તૂટી જવાથીજ આપણા આર્યદેશની દુર્દશા થઇ છે. એ ચાર વ્રતો પછી કેશાંત સંસ્કારનું નામ આવે છે માટે હવે તે સંસ્કારનો વિધિ સંભળાવશો?

મહેતીજી—છોકરીઓ! હા. લ્યો. સાંભળો.

પારસ્કર કહે છે કે સોળમે વર્ષે કેશાંતસંસ્કાર કરવો.[2] મનુ કહે છે કે બ્રાહ્મણને સોળમે વર્ષે, ક્ષત્રિયને બાવીશમે વર્ષે અને વૈશ્યને

૧ વ્રત કરનારા બ્રહ્મચારીનું તેજ જૂદી રીતનું જ થાય છે, આયુષ જૂદી રીતનું જ થાય છે, ધારણાશક્તિ જૂદી રીતની જ થાય છે; મનોબળ જૂદી રીતનું જ થાય છે અને શારીર બળ પણ જૂદી રીતનું જ થાય છે.

૨ પારસ્કર ગૃહ્યસૂત્ર. બીજો કાંડ. કંડિકા ૧ લી. ગદાધર ભાષ્ય.

ચોવીશમે વર્ષે કેશાંતસંસ્કાર દેવો.[1] બ્રહ્મચર્યનાં વર્ષોમાં જ આ કેશાંતસંસ્કાર પામવાનું વર્ષ આવે છે એ તમારા ધ્યાનમાં આવ્યું હશે.

પિતાએ જ્યોતિષ પ્રમાણે શુભ મુહૂર્ત જોઈ તે દિવસે માતૃકાપૂજન તથા નાંદીશ્રાદ્ધ કરી, શ્રાદ્ધના બ્રાહ્મણો ઉપરાંત ત્રણ બ્રાહ્મણો જમાડી, 'अत्राद्य' બોલવાથી દેશ કાલનું સ્મરણ કરી 'બીજથી તથા ગર્ભથી ઉત્પન્ન થયેલા સઘળા દોષોને ટાળવાદ્વારા અને બળ, આયુષ તથા તેજની વૃદ્ધિદ્વારા શ્રીપરમેશ્વરની પ્રીતિને માટે આ પુત્રનો કેશાંતસંસ્કાર કરીશ,' એવો સંકલ્પ કરવો. વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરવું. પુત્રને અગ્નિની પાછળ બેસાડવો. હોમની ક્રિયા ચલાવી ઘીની આહુતિઓ દેવાયા પછી સંસ્રવપ્રાશનાદિક કર્યા પછી એક વાસણમાં રાખેલા ટાઢા પાણીમાં 'હે વાયુ! ઉના પાણીની સાથે આવ. હે અદિતિ! વાળોને ભીંજાવવા માટે ઉનું પાણી નાખ.' એ અર્થવાળો મંત્ર[2] બોલતાં બોલતાં ગરમ પાણી નાખવું. એ પાણીમાં તાજા માખણનો, ઘીનો કે દહીંનો લોંદો નાખવો. એ પાણીમાંથી જોઈતું પાણી લઈ 'સૂર્યે ઉત્પન્ન કરેલું અંતરિક્ષમાં થયેલું જળ, લાંબા આયુષને માટે તથા પ્રભાને માટે માથાના અને ડાહાડી મૂછના વાળોને પલાળો.' એ અર્થવાળો મંત્ર[3] બોલતાં બોલતાં પુત્રનો જમણા કાન ઉપરનો માથાનો થોડોક ભાગ પલાળવો. શેઢાઇની પાંખની ત્રણ ઠેકાણે સફેદાઇવાળી સળીવતે પેલા પલાળેલા વાળોને બીજા વાળોથી

૧ મનુસ્મૃતિ. અધ્યાય ૨ જો. શ્લોક ૬૫ મો.

૨ उष्णेनवाय..................

૩ सवित्रा प्रसूता..............

જૂદા પાડી 'હે ઔષધી! અસ્ત્રાથી રક્ષણ કરજે.' એ અર્થવાળો મંત્ર[૧] બોલતાં બોલતાં તે વાળોની ઉપર દર્ભનાં ત્રણ પૂંખડાં રાખવાં. ત્રાંબાથી શણગારેલો અસ્ત્રો 'તું નામથી શાંત છો. વજ્ર તારો બાપ છે. તને નમસ્કાર હોજો. આને પીડિત નહિ કરજે.' એ અર્થવાળો મંત્ર[૨] બોલતાં બોલતાં હાથમાં લઈ તેને 'જીવન, અન્ન ભક્ષણ, સંતાન, ધન, પુષ્ટિ, સુપ્રજપણું તથા સારું સામર્થ્ય. એઓને માટે મુંડું છું.' એ અર્થવાળો મંત્ર[૩] બોલતાં બોલતાં પેલા દર્ભથી ઢાંકેલા વાળો ઉપર લગાવવો. 'હે બ્રાહ્મણો! વિદ્વાન્ સૂર્યે સોમ રાજાના અને વરુણના વાળો જેથી મુંડ્યા હતા તે અસ્ત્રાથી આનું માથું મુંડો કે જેથી આયુષ મળે તથા ઘરડો થાય.' એ અર્થવાળો મંત્ર[૪] બોલતાં બોલતાં અસ્ત્રાથી દર્ભસહિત વાળો કાપી અગ્નિથી ઉત્તર તરફ રાખેલા બળદના છાણના પીંડામાં નાખવા. આ પ્રમાણે જ ફરી પણ બે વાર મુંડન કરવું. પણ તેમાં મંત્ર બોલવા નહિ. પછી માથાની ઓડમાં એ પ્રમાણે જ કરવું; એટલે થોડાક ભાગમાં પૂર્વોક્ત મંત્રો ક્રમવાર બોલી બોલીને[૫] પેલા પાણીથી જ વાળ પલાળવા, શેઢાઇની

---

૧ ओषधे..................

(યજુર્વેદ સંહિતા અધ્યાય ૪ થો. મંત્ર ૧ લો.)

૨ शिवोनामासि..................

૩ निवर्तयामि..................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૩ જો. મંત્ર ૬૩ મો.)

૪ येनावपत्..................

૫ અસ્ત્રો પ્રથમથી જ હાથમાં લીધેલો હોય છે માટે તે લેવાનો મંત્ર બોલવો નહિ.

શળીવતે બીજા વાળોથી જૂદા પાડવા, વાળો ઉપર દર્ભનાં ત્રણ પૂંખડાં રાખવાં, દર્ભ સહિત વાળો ઉપર અસ્ત્રો લગાવવો, 'જમદગ્નિ, કશ્યપ તથા દેવતાઓ એઓનું ત્રણે અવસ્થાઓમાં જે જીવન ચરિત્ર છે તે જીવન ચરિત્ર આપણને ત્રણે અવસ્થાઓમાં પ્રાપ્ત હોજો.' એ અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં કેશસહિત દર્ભો કાપવા અને બળદના છાણના પીંડામાં નાખવા. એક વાર કર્યા પછી ફરી બે વાર કરવાની આ સઘળી ક્રિયાઓમાં મંત્રો બોલવા નહિ. પછી ડાબા કાન ઉપરના માથાના ભાગમાં એ પ્રમાણે જ કરવું; એટલે થોડાક ભાગમાં પૂર્વોક્ત મંત્રો ક્રમવાર બોલી બોલીને પેલા પાણીથી જ વાળ પલાળવા, શેઢાઇની શળીવતે બીજા વાળોથી જૂદા પાડવા, વાળો ઉપર દર્ભનાં ત્રણ પૂંખડાં રાખવાં, દર્ભ સહિત વાળો ઉપર અસ્ત્રો લગાવવો, 'જે મંત્રથી ઘણો વાયુ કલ્પ સુધી સ્વર્ગમાં, સ્વર્ગ પછી સૂર્યની પાસે અને તે પછી જગતમાં ફરે છે તે મંત્રથી મંત્રેલા અસ્ત્રાવતે ધર્માદિક, આયુષ, સારો યશ તથા અવિનાશ એઓને માટે મુંડું છું' એ અર્થવાળો મંત્ર[2] બોલતાં બોલતાં કેશ સહિત દર્ભો, કાપવા અને બળદના છાણના પીંડામાં નાખવા. એકવાર કર્યા પછી ફરી બે વાર કરવાની આ સઘળી ક્રિયાઓમાં, મંત્રો બોલવા નહિ, આટલું કર્યા પછી 'હે અસ્ત્રા! તું કે જે આ પુત્રને સંસ્કાર આપનાર તથા શોભાવનાર છે તેથી મુંડીને વાળો છાણના પીંડામાં

---

૧ ત્र्यायुषम्.....................

(યજુર્વેદ સંહિતા. અધ્યાય ૩ જો: મંત્ર ૬૨ મો.)

૨ येनभूरिश्चरा.......................

નાખવાના છે માટે આના વાળો કાપજે. માથાને તથા મુખને જંખમી ન કરજે અને આયુષનું હરણ ન કરજે.' એ અર્થવાળો મંત્ર[1] બોલતાં બોલતાં પ્રદક્ષિણ ક્રમથી પુત્રના માથાની તથા મુખની ચોમેર અસ્ત્રાનું એકવાર ભ્રમણ કરવું અને પછી મંત્ર બોલ્યા વગર જ બે વાર ભ્રમણ કરવું. પુત્રનું માથું પેલા પાણીથી જ પલાળી 'હે નાપિત! કહીં પણ ટોચો ન થાય એવી રીતે ચોમેર મુંડજે.' એ અર્થવાળો મંત્ર[2] બોલી નાપિતની (નાઇના) હાથમાં અસ્ત્રો દેવો અને નાપિતે બ્રહ્મચારીના માથાના તથા ડાહાડી મૂછના વાળોનું ચોમેરથી મુંડન કરવું. તેમાં બ્રહ્મચારીનાં કુળની રીત પ્રમાણે વાળ અવશેષ રાખવા. પિતાએ, મુંડાએલા સઘળા વાળો પેલા બળદના છાણના પીંડામાં નાખી તે પીંડાને વસ્ત્રાદિકથી વીંટી ગાયોના વાડામાં, પાણીની કોઈ નાહાની ખાડમાં કે જળાશયના સમીપમાં મૂકી દેવો, હોમાદિક ક્રિયા કરાવનારા આચાર્યને એક ગાય દેવી અને દશ બ્રાહ્મણો જમાડવા.[3]

છોકરીઓ! હાલ બ્રહ્મચર્યાશ્રમ કહીં પણ પળાતો નથી, એટલે તેના પેટાના વર્ષમાં કરવાનો કેશાંત સંસ્કાર તો ક્યાંથી જ થતો હોય. છોકરો જુવાન થતાં ડાહાડી મુંડાવવાનો વખત આવે ત્યારે તેનાં વડીલો મુંડનારા નાઇને કાંઈ વસ્ત્ર કે રકમ આપે છે, કેટલેક ઠેકાણે તો નાઇ અગાઉથી વસ્ત્ર કે રકમ લીધા વિના મુંડતો જ નથી. રાજ રજવાડામાં, પાટવી કુંવરની

---

૧ यत्क्षुरेण....................

૨ अक्षण्वन्....................

૩ પારસ્કર ગૃહ્યસૂત્ર કાંડ ૨ જો. ગદાધર ભાષ્ય.

ડાહાડી પેહેલવેહેલી મુંડાય ત્યારે લોકો પાસેથી ભેટની રકમો લે છે અને કાંઈ ઉત્સવ કરે છે. મૂછ મુંડાવવી એ તો અપશુકન ગણાવાથી, કોઈ સપિંડાદિકના મરણરૂપ કારણ શિવાય કહીં પણ મુંડાવાતી નથી. આ સંસ્કારમાં કુળાચાર પ્રમાણે કેશ રાખવાનું આપણા શાસ્ત્રમાં કહ્યું છે તો એ વાતઉપર ધ્યાન આપવું યોગ્ય છે. કુળાચાર નહિ જોતાં કેટલાએક ઉછરતા જુવાનીઆઓ બાબરી વગેરે રાખે છે અને તે ઉપરાંત પણ ડાહાડી મૂછ વગેરેના વાળો રાખવાની જૂદી જૂદી ફેશનો કરે છે એ ઘણું અયોગ્ય છે તથા વ્યવહારમાં ટચાકપણું જણાવનાર છે. મરજી પ્રમાણે વાળ રાખવા એ શૂદ્રોનું જ કામ છે. આ પાઠ ચૌલસંસ્કારના પાઠથી જૂજ ફેરફારવાળો હોવાને લીધે તમોને સુગમ પડ્યો હશે.

अहो नापितकर्मापि शास्त्रैः प्रापित कर्मकः ।
केशान्तः स्थापितार्यत्वो यापिताघश्च जायते[1] ॥ ११ ॥

---

૧ અહો!! મુંડન કરવું એ, નાઇનું કામ છતાં પણ તેમાં શાસ્ત્રોએ પ્રાપ્ત કરેલી ક્રિયાઓ કરવાથી આર્યપણાનું સ્થાપન કરનાર અને દોષોને કાહાડી મૂકનાર થાય છે.

પાઠ ૧૨ મો.

સમાવર્તન સંસ્કાર.

દોહો.

પુત્ર સમાવર્તન કરી, ઘરમાં ધરતાં પાય;
માતપિતા હરખાય છે, કુલાય વળિ વંખણાય. ॥ ૧૨ ॥

છોકરીઓ—બા! હવે સોળ સંસ્કારોમાં સમાવર્તન નામના સોળમા સંસ્કાર વિષે જ સમજાવવાનું રહ્યું છે તે આજ સમજાવો.

મહેતીજી—હા. મેં પણ એ જ ધાર્યું છે. સમાવર્તનનો વિધિ આચાર્યને ત્યાં જ કરવાનો હોવાથી જો કે આચાર્યે તથા બ્રહ્મચારીએ જ સમજવાનો છે, તો પણ 'સ્ત્રીઓ સુધરશે ત્યારે જ આર્ય લોકોનું ભવિષ્ય સુધરશે.' એ મતને અનુસરી તમારી સમજણથી બહાર ન રહેવા દેવા માટે સંક્ષેપથી કહું છું. સાંભળો.

વેદનું[1] અર્થજ્ઞાન સહિત અધ્યયન[2] કરી, અથવા શિક્ષા આદિ ૭ અંગો[3] સહિત વેદનું અર્થજ્ઞાન સહિત અધ્યયન કરી, અથવા માત્ર યજન કરાવવામાં જ પ્રવીણ થવું હોય તો સાદા વેદમાત્રનું જ અધ્યયન કરી વ્રતનું વિસર્જન કરી, બ્રહ્મચર્યનો નિયમ સમાપ્ત કરી, આચાર્યને યથાશક્તિ ગુરુદક્ષિણા આપવાથી સંતુષ્ટ કરી ગૃહસ્થાશ્રમ લેવામાટે ગુરુને ઘેરથી પાછું ફરવું. એ સમાવર્તન શબ્દનો

૧ મંત્ર તથા બ્રાહ્મણ એ બન્ને મળીને વેદ ગણાય છે.
૨ બીજી અનેક વિદ્યાઓનું અધ્યયન પણ વેદના અધ્યયનની સાથે કરવું.
૩ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ તથા જ્યોતિષ.

અર્થ છે. શિષ્યને સમાવર્તન કરાવવાનું હોય ત્યારે આચાર્યે જ્યોતિષ પ્રમાણે શુભ દિવસાદિક જોઈ તે દિવસે પ્રાણાયામ કરી, 'अत्राद्य' બોલવાથી દેશકાળનું સ્મરણ કરી, 'આ બ્રહ્મચારીને ગૃહસ્થાશ્રમની પ્રાપ્તિદ્વારા શ્રીપરમેશ્વરની પ્રીતિને માટે સમાવર્તન નામનું કર્મ કરાવીશ તથા તેના અંગરૂપે ગણપતિપૂજનાદિક કરીશ.' એવો સંકલ્પ કરી ગણપતિપૂજન, સ્વસ્તિવાચન, પુણ્યાહવાચન, નાંદીશ્રાદ્ધ તથા માતૃકાપૂજન કરવું. શિષ્યે નિત્યકર્મ તથા પ્રાતઃકાળનો હોમ પોહોંચી લઈ સમાવર્તન કરવા માટે આચાર્યની અનુજ્ઞા માગવી. આચાર્યે તે અનુજ્ઞા દેવી. શિષ્યે પોતાના બે હાથ સાથીઆ જેવા કરી આચાર્યના ચરણોનો સ્પર્શ કરવો. આચાર્યે સમાવર્તન કરવાના સ્થાનને કનાત વગેરેથી ઢંકાવી તેમાં વિધિ પ્રમાણે અગ્નિનું સ્થાપન કરી હોમની ક્રિયા કરવી તથા શિષ્ય પાસે કરાવવી. શિષ્યે અગ્નિથી ઉત્તર તરફ સ્થપાવી રાખેલા જળના આઠ કુંભોમાંથી જળ લઈ લઈને પોતાને માથે આઠવાર અભિષેક કરવો. કમર ઉપરની મેખળા માથાને રસ્તે કાહાડી નાખી તેને તથા દંડને ધરતીપર મૂકી દેવાં, બીજું વસ્ત્ર પેહેરવું, સૂર્યોપસ્થાન કરવું, દહીં અથવા તિલનું પ્રાશન કરવું, નાપિતના હાથથી વાળ તથા નખ ઉતરાવી નાખવા, ઉંબરાનું દાતણ કરવું, શરીરપર અરીઠા વગેરે મળનાશક પદાર્થ ચોળી નાહાવું, મોહોડાપર તથા નાકપર ચંદનાદિકનું લેપન કરવું, દક્ષિણ દિશામાં હાથ ધોઈ નાખવા, શરીરપર ચંદનનું લેપન કરવું, જપ કરવો, નવું અથવા ધોબીએ ધોએલ ન હોય એવું વસ્ત્ર પેહેરવું અને બીજું વસ્ત્ર ઓઢવું. આચાર્યે પુષ્પોની માળાઓ

દેવી અને શિષ્યે તે લઈને પેહેરી લેવી. પછી પાઘડી બાંધવી, કુંડલ પેહેરવાં, આંખ્યોમાં સુરમો આંજવો અને અરીસામાં મોહોડું જોવું. આચાર્યે છત્ર દેવું[1] અને શિષ્યે તે લેવું. પછી પગરખાં પેહેરી તથા હાથમાં વાંસની લાકડી ધરી પોતાના ઘર તરફ જવું.[2] એ જુવાન ઘેર આવે ત્યારે પિતાએ તેને માળાઓથી શણગારી સારી શય્યાપર બેસાડી મધુપર્કથી[3] પૂજવો. આ સમાવર્તન સંસ્કાર કેહેવાય છે.[4]

છોકરીઓ! સમાવર્તનની આ દરેક ક્રિયાઓમાં નોખ-નોખા મંત્રો બોલવાનું ગૃહ્યસૂત્રમાં કહ્યું છે. એ મંત્રોમાં લક્ષ્મી, યશ, વિદ્યાસંબંધી તેજ, દાતાપણું, અન્નાદિકની પ્રાપ્તિ, ઐશ્વર્ય, ઈંદ્રિયોની તૃપ્તિ, ઈંદ્રિય–બળ, શારીરબળ, લાંબું આયુષ, નિર્દોષ જીવન, શ્રદ્ધા, ધારણાશક્તિ, અભિલાષની પૂર્ણતા, કાંતિ, પાપોથી દૂરતા અને આત્મરક્ષણ એઓની માગણી આવે છે. એઓ ગૃહસ્થાશ્રમમાં કેવાં ઉપયોગી છે એ ધ્યાનમાં લેવા જેવું છે. ક્રિયામાં તથા મંત્રોમાં અપૂર્વ શક્તિ હોવાનું તમોને જણાવી ચૂકી છું. ઘણાખરા સંસ્કારોમાં નાંદી-શ્રાદ્ધ કરવાની શાસ્ત્રકારોએ આજ્ઞા કરેલી છે તે પણ ગંભીર વિચાર-વાળી છે. શરીરો મરી જાય છે પણ તેઓના જીવાત્માઓ કે જેઓ

---

૧ હાલ તો અંગ્રેજી ઉંચી કેળવણી પામેલાઓને યુનિવર્સિટી તરફથી ઝભો, ચાંદ કે માત્ર સર્ટીફિકેટ જ દેવામાં આવે છે. અને તે પણ ઘણું કરી શિષ્યના ખરચે જ દેવામાં આવે છે.

૨ પારસ્કર ગૃહ્યસૂત્ર, કાંડ ૨ જો. કંડિકા ૬ ઠી. ગદાધર ભાષ્ય.

૩ મધુપર્કનો વિધિ વિવાહ સંસ્કારના પ્રકરણમાં કહેવાયો છે.

૪ મનુસ્મૃતિ. અધ્યાય ૩ જો. શ્લોક ૩ જો.

અમર છે તેઓ જન્માંતર પામીને રહે છે અને પિતૃઓ કહેવાય છે. આ પિતૃઓ નાંદીશ્રાદ્ધ વગેરે શ્રાદ્ધોથી તૃપ્ત થાય છે. રાવણનો વધ કરયા પછી રામચંદ્રજીને લંકાના બેટમાં જ તેમના દેવપણું પામેલા પિતા મહારાજ દશરથની સાથે કેટલીક વાતચીત થઈ હતી[1] અને રામચંદ્રજીએ વનમાં શ્રાદ્ધ કરયું, તે સમયે સીતાજીએ શ્રાદ્ધ જમવા બેઠેલા ત્રણ બ્રાહ્મણોનાં શરીરમાં પોતાના સસરા વગેરે ત્રણ જણને દીઠા હતા.[2] જેઓનાં હૃદયોમાં આપણા પ્રાચીન ધર્મ ઉપર શ્રદ્ધા છે તેઓને માટે આ બે દાખલા જ બસ છે; પરંતુ જેઓનાં હૃદયો અંગ્રેજી કેળવણીથી આપણા પ્રાચીન ધર્મ ઉપર અવિશ્વાસી થયેલાં છે તેઓને માટે એની બીસાંટનો દાખલો આપવા જરૂર ધારું છું. એમણે લંડનના વર્તમાનપત્રના અધિપતિના એક પ્રતિનિધિની આગળ જણાવ્યું છે કે મેં મારા મરણ પામેલા એક નાસ્તિક મિત્રના જીવાત્માની સાથે અવાર નવાર વાત ચીત કરેલી છે અને હું મારા જીવાત્માને ધ્યાનથી કેટલીક વખત દુનીયાથી બહાર પણ મોકલી શકું છું.[3] બાળાઓ! આવા સામાવર્તન સંસ્કાર પામેલા જુવાનને વિવાહનો અધિકાર પ્રાપ્ત થાય છે. પ્રાચીન કાળમાં આવા જુવાનોને જ કન્યાઓ દેવાતી હતી.

હમણાં કોઈ સ્થળે પણ બ્રહ્મચર્યાશ્રમ પળાતો ન હોવાથી સમાવર્તન સંસ્કાર પણ થતો નથી, એટલે એ સંસ્કાર હાલ કેવી રીતે

---

૧ વાલ્મીકિરામાયણ. યુદ્ધ કાંડ. સર્ગ ૧૨૧ મો.
૨ ગરૂડ પુરાણ દશ અધ્યાયવાળી પ્રેત મંજરી. અધ્યાય ૧૦ મો.
૩ કાઠિઆવાડ મિત્ર. સને ૧૯૦૫ પુસ્તક ૧ લું. અંક ૧૦ મો.

થાય છે એ વિષે કશું કેહેવાનું રેહેતું નથી. હું ભૂલતી ન હોઉં તો સારા સારા બ્રાહ્મણોને ત્યાં પણ ઉપનયનની છેવટમાં માત્ર સંકલ્પ કરાવીને આ સંસ્કારને ઉડાવી દેવામાં આવે છે.

છોકરીઓ—બા! સોળ[1] સંસ્કારોનું વ્યાખ્યાન ઘણા દિવસથી ચાલતું હતું તે આજ પૂરું થયું છે. આ વ્યાખ્યાનથી અમારા મનમાં જે આનંદ થયો છે તથા જે જ્ઞાન મળ્યું છે તે કહી દેખાડવા માટે અમોને શબ્દો મળતા નથી. આહા!! જેઓને આ સંસ્કારો વિધિપૂર્વક દેવાય તેઓ કેવાં નીવડે અને તેઓથી આખા દેશને કેટલો બધો લાભ થાય. સંસ્કાર પ્રકરણના આરંભમાં તમે સંસ્કારો ન અપાવાથી આપણા દેશને થયેલી તથા થતી હાનિઓ વિષે જે કાંઈ કહી ગયાં છો એ સઘળું ખરું છે.

મહેતીજી—બાળાઓ! આ સોળ સંસ્કારોનું પ્રકરણ બહુ ગહન હોવાથી મનન કરી તૈયાર કરવા માટે તમોને બે દિવસની છૂટ આપું છું.

क संस्काराः क चास्माकमियमाधुनिकी स्थितिः ।
मात्रिषीदत कीटोऽपि क्रामन्नारोहति द्रुमम्[2] ॥ १२ ॥

---

१ गर्भाधानं पुंसवनं सीमन्तोन्नयनं तथा ।
जातकर्माभिधानं च निष्क्रमः प्राशनं तथा ॥
चूडोपनयनं वेदव्रतानां च चतुष्टयम् ।
गोदानं मेखलोन्मोको विवाहः षोडशक्रिया: ॥
(ગંગાધર પદ્ધતિ.)

૨ સંસ્કારો ક્યાં અને આપણી હાલની આ સ્થિતિ ક્યાં? ગભરાઓ નહિ. કીડો પણ ચાલતો હોય તો ચાલતાં ચાલતાં ઝાડને માથે ચડે છે.

સ્ત્રી ધર્મ.

પાઠ ૧૩ મો.

સૌભાગ્યવતીના ધર્મ તથા તેના સંબંધમાં ઇતિહાસો.

દોહો.

વનિતા ચતુર રુડી છતાં, પ્રતિવ્રત વિના વ્યર્થ;
વિનય વિના વિદ્યા કરે, ઉત્તમ છતાં અનર્થ. ॥ ૧૩ ॥

વિભાગ ૧ લો.

છોકરીઓ—બા! સોળે સંસ્કારોનું પ્રકરણ અમોએ બરાબર મનન કરી એવું તૈયાર કરેલું છે કે આજ પરીક્ષા આપવી હોય તો પણ આપી શકીએ એમ છીએ. સમાવર્તન પછી થવાના વિવાહ સંસ્કાર વિષે તો અમારી ઇચ્છા ઉપરથી તમે પેહેલાંથી જ અમોને સમજાવેલી છે. તેમાં કન્યાઓના ધર્મ પણ પ્રાસંગિક રીતે જણાવ્યા છે. હવે પરણ્યા પછી સાસરે જઇને સ્ત્રીઓએ કેવી રીતે વર્તવું એ જાણવા માગીએ છીએ; કેમકે એમાં અમારું ઘણું હિત સમાયેલું છે.

મહેતીજી—તમોએ આવું મોટું અને વળી ગહન પ્રકરણ બરાબર યાદ રાખ્યું છે તેથી હું પ્રસન્ન થાઉં છું: એમાં વિવાહનું પ્રકરણ પણ આવી જવાથી વિવાહ સમયના મંત્રોના અર્થો કે જેઓ દંપતીઓના પરસ્પરના કરારોરૂપ છે તેઓ જ તમારા આ પ્રશ્નનું

સમાધાન કરે છે, એટલે મારૂં બોલવું પુનરૂક્તિ જેવું થાય એમ છે તો પણ આ તમારો પ્રશ્ન લોકોપકારક છે માટે આપણાં ધર્મશાસ્ત્રોના કર્તાઓએ એ કરારોનું જ જે સવિસ્તર વ્યાખ્યાન આપ્યું છે તે તમોને ઘણી ખુશીથી કહી સંભળાવું છું. હ્યો. સાંભળો અને ધ્યાન આપો.

સાસરે ગયા પછી સ્ત્રીઓએ તમામ નિર્દોષ રહી પતિના મનને જે અનુકૂળ લાગે તથા પરિણામે પણ પતિનું હિતકારક હોય તેવું કામ કરવામાં તત્પર રહેવું. સદાચાર પાળવો, ઈંદ્રિયોને લંપટ થવા નહિ દેતાં પોતાના કબજામાં જ રાખવી. કદી પણ સ્વતંત્રતાથી વર્તવા ઇચ્છવું નહિ. પતિની ગેરહાજરી હોય ત્યારે પિતા, માતા, પુત્ર, ભાઇ, સાસૂ, સસરો કે મામો ઇત્યાદિકથી દૂર રેહેવું તથા જવું નહિ. દૂર રેહેવાથી તથા જવાથી સ્ત્રી નિંદાનું પાત્ર થાય છે. ઘરનાં રાચરચીલાંઓને સ્વચ્છ તથા પોતપોતાના સ્થાનપર રાખવાં, ઘરનાં કામકાજોમાં પ્રવીણ થવું તથા આલસ્ય નહિ રાખવું. સર્વદા પ્રફુલ્લિત મોહોડે રેહેવું. કદી દિલગીરી દેખાડવી નહિ. ખરચાળ નહિ થતાં કરકસરથી વ્યવહાર ચલાવવો. વડીલોનાં ચરણોમાં વંદન કરવું. આ સઘળું પતિની આજ્ઞામાં રહીને કરવું પણ પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ન કરવું. પતિ પરદેશ ગયો હોય ત્યારે શતરંજ વગેરે રમતોથી દૂર રેહેવું, શરીરને બહુ ટાપટીપ નહિ રાખવું, લોકોના સમુદાયને કે વિવાહાદિક ઉત્સવને જોવામાં લોલુપ નહિ થવું. ઠઠ્ઠા મશ્કરી કરવી નહિ, અંગો મરડવાં નહિ અને બનતાંસુધી પરાયે ઘેર જવું નહિ. આમ સ્વધર્મથી વર્ત-

નારી સ્ત્રી આ લોકમાં કીર્તિ પામે છે અને મરણ પામ્યા પછી અતિ ઉત્તમ ગતિ પામે છે.[1] નારદ કહે છે કે 'સ્ત્રીએ પતિને દેવસમાન સમજી પતિની સેવા કરવી, પતિનાં સગાંવહાલાંઓની સાથે હળીમળી રેહેવું, પતિએ જે નિયમ બાંધી આપ્યો હોય તે પ્રમાણે વર્તવામાં કદી ચુકવું નહિ, સંતોષી રેહેવું, સ્વધર્મ સમજવાનો અભ્યાસ રાખવો, ઘરને સાફસૂફ, લીંપેલું ધુંપેલું તથા ધોએલું ધફોએલું રાખવું અને પતિની હાજરીમાં શણગાર વગર રહેવું નહિ. નાના મોટા ભોગોથી, નમ્રતાથી, જિતેંદ્રિયપણાથી અને સત્ય તથા પ્રિય વચનોથી પ્રત્યેક સમયે પતિનું પ્રેમપૂર્વક આરાધન કરવું, પણ પતિ બ્રહ્મહત્યા કે સુરાપાનઆદિ કોઇ મહા પાપથી દૂષિત થયો હોય તો તેના સંસર્ગમાં નહિ રેહેતાં, પ્રાયશ્ચિત્ત કરવાથી તે શુદ્ધ થાય ત્યાંસુધી રાહ જોવી. જેમ લક્ષ્મીજી તત્પર રહીને વિષ્ણુનું આરાધન કરે છે તેમ જે સ્ત્રી તત્પર રહી પતિને વિષ્ણુરૂપ જ સમજી પતિનું આરાધન કરે તે સ્ત્રી વૈકુંઠમાં વિષ્ણુના જેવું જ રૂપ પામેલા પતિની સાથે આનંદ ભોગવે છે.'[2] નિષ્કપટપણાથી પતિનું સેવન કરવું અને બાળબચ્ચાંઓને ઉછેરવાં એ, સ્ત્રીઓનો ઉત્તમ ધર્મ છે. પતિ કરૂપડો, અભાગીઓ, મૂર્ખ, રોગી, કે નિર્ધન હોય તોપણ પરલોકસંબંધી પોતાના કલ્યાણને ઇચ્છનારી સ્ત્રીઓએ તેનો ત્યાગ ન કરવો. 'સ્ત્રીઓને દુરાચરણરૂપી તુચ્છ સુખ કીર્તિથી તથા

1 યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ. આચારાધ્યાય શ્લોક ૮૩ માથી ૮૭ મા સુધી.

2 શ્રીભાગવત. સ્કંધ ૭ મો. અધ્યાય ૧૧ મો શ્લોક ૨૫ માથી ૨૯ મા સુધી.

પરલોકથી ભ્રષ્ટ કરે છે અને દુષ્ટ તથા ખરાબ પરિણામ આપે છે.[૧] મનુ કહે છે કે 'સ્ત્રીએ બાલ્ય અવસ્થામાં, યૌવન અવસ્થામાં કે વૃદ્ધ અવસ્થામાં પણ કશું કામ સ્વતંત્રતાથી કરવું નહિ, એટલુંજ નહિ પરંતુ ઘરનું કામકાજ પણ પતિના તંત્રમાં રહીનેજ કરવું. પિતાએ કે ભાઇ વગેરેએ જેની સાથે પરણાવેલ હોય તે પતિનું તેના જીવતાં સુધી સ્ત્રીએ ઉલ્લંઘન ન કરવું એટલુંજ નહિ (પરંતુ તેના મરણ પછી પણ દુરાચરણથી તમામ બચવું અને તે પતિના કલ્યાણને માટે શ્રાદ્ધ આદિ ધર્મની ક્રિયાઓ ચલાવ્યા કરવી તથા જે કાંઈ તેનું અપ્રિય જણાય તે કરવું નહિ.) સ્ત્રીઓને દુરાચરણ કુંચાવડીનો અવતાર આપે છે તથા દુષ્ટ રોગોથી પીડિત કરે છે. મંત્રપૂર્વક વિવાહ સંસ્કારથી પરણેલો પતિ જ સ્ત્રીને આ લોકના તથા પરલોકના સુખનો દાતા છે. પતિ ખરાબ સ્વભાવવાળો હોય, યથેષ્ટ આચરણ કરનાર હોય અથવા ગુણરહિત હોય તોપણ સ્ત્રીએ પતિવ્રતા રહીને તેનું દેવના જેવું આરાધન કરવું. સ્ત્રીઓને જૂદો યજ્ઞ, વ્રત કે ઉપવાસ કરવાની કશી જરૂર નથી; કેમકે એઓ પતિના આરાધનથીજ સ્વર્ગમાં પણ પૂજાય છે, દેહવતે, મનવતે તથા વાણીવતે પતિથી વિરુદ્ધ નહિ ચાલનારી સ્ત્રી બન્ને લોકમાં કલ્યાણ પામે છે અને પતિવ્રતા કહેવાય છે.[૨] કેફી પદાર્થનો પ્રસંગ, દુષ્ટ માણસનો સંસર્ગ, પતિથી જૂદું પડવું; ઘેર ઘેર ભટકવાની ટેવ, સૂતાં રહેવાની ટેવ અને પરાયે ઘેર નિવાસ, એ છ મોટા

૧ શ્રીભાગવત સ્કંધ ૧૦ મો. અધ્યાય ૨૯ મો. શ્લોક ૨૪, ૨૫ તથા ૨૬ મો.

૨ મનુસ્મૃતિ. અધ્યાય ૫ મો. શ્લોક ૧૪૭ માથી ૧૬૬ મા સુધી.

દોષો સ્ત્રીઓને દૂષિત કરે છે. માટે સ્ત્રીઓએ તે દોષોથી અવશ્ય બચવું જોઇએ. વસ્ત્ર તથા અલંકાર વગેરેમાં આસક્તિ, સ્વચ્છંદીપણું, કુટિલતા, પરાયો દ્રોહ, ક્રોધ અને પરાઈ કુથલી કરવા વગેરે કુચાલ એ દોષો ઘણીખરી સ્ત્રીઓમાં હોય છે, માટે સાધ્વી સ્ત્રીએ એ દોષોથી રહિત રહેવું. અતિથિઓને, પતિના મિત્રાદિકને તથા સગાં સંબંધીઓને તે તે સમયે જમાડવાના કામ ઉપર અને ઘર ખરચ વગેરે ચાલતા વ્યવહાર ઉપર પૂરતું લક્ષ રાખવું, એ પણ સ્ત્રીઓનું કામ છે.[1]

મહાકવિ કાલિદાસે રચેલા અભિજ્ઞાનશાકુંતલ નામના નાટકમાં જ્યારે કાશ્યપ મુનિ તથા ગૌતમી પોતાની પુત્રી તરીકે માનેલી શકુંતલાને સાસરે મોકલે છે અને શકુંતલા પિયરનો વિયોગ થતો જોઈ રોવા લાગે છે, ત્યારે કાશ્યપ મુનિએ શકુંતલાને સઘળા સ્ત્રીધર્મના સારરૂપ જે ભલામણ કરી છે તે તરોને સંભળાવું છું, કે જેથી સંક્ષેપમાં સ્ત્રીધર્મનું તત્ત્વ તમારા જાણવામાં આવશે.

કાશ્યપ મુનિ કહે છે કે "હે પ્યારી પુત્રી શકુંતલા! સાસરામાં વડીલોની સેવા કરજે, પ્યારી સખીઓની સાથે જેવી વર્તણુક રાખવી જોઇએ તેવી જ વર્તણુક તારી શોકયોની સાથે રાખજે, તારો પતિ કોઈ સમયે તારું અપમાન કરે તોપણ તું રીસાઇને તેથી ઉલટી નહિ ચાલજે, જાથુકના પ્રસંગમાં રેહેનારા બંધુ તથા દાસી આદિ વર્ગની સાથે ઘણું કરીને તેઓમાંના કોઇને પણ માઠું ન લાગે એવી રીતે વર્તજે, તારો ભાગ્યોદય થાય ત્યારે ગર્વ નહિ ધરજે અને

૧ મનુસ્મૃતિ. અધ્યાય ૯ મો. શ્લોક ૧૩ માથી ૨૭ મા સુધી.

શોકયોનો ભાગ્યોદય થાય ત્યારે ઇર્ષ્યા નહિ કરજે. આ પ્રમાણે વર્તવાથી યુવતિઓ 'ગૃહિણી–ઘરની ધણીઆણી' એ ઉંચી પદવીને પ્રાપ્ત થાય છે. આથી ઉલટી ચાલનારી સ્ત્રીઓ પતિના તથા પિતાના કુળને ચિંતારૂપ નીવડે છે. પ્રિય પુત્રી ! તું તારા કુલીન પતિની ગૃહિણી બનીને તેના ઘર સંબંધી મોટાં મોટાં કામોમાં ઘડીએ ઘડીએ વીંટલાઈ જશે એટલે પછી અમારા વિરહની વ્યથાને ગણકારશે જ નહિ. તારો પતિ મોટા વૈભવો ભોગવી, કુટુંબનો સઘળો ભાર પુત્રને સોંપી દઈ વૃદ્ધ અવસ્થામાં આ તપોવનના આશ્રમમાં આવશે ત્યારે તેની સાથે તારાં પણ ફરી આ આશ્રમમાં પગલાં થશે.[૧]"

વળી એજ નાટકમાં જ્યારે શકુંતલાનો પતિ દુષ્યંત રાજા દુર્વાસાના શાપને લીધે શકુંતલા સાથેના સંબંધને ભૂલી જઈ શકુંતલાને છોડી દેવા માગે છે, ત્યારે શકુંતલાની સાથે આવેલા શાર્ઙ્ગરવ નામના એક કાશ્યપ મુનિના શિષ્યે દુષ્યંત રાજાને તથા પાછી વળવા લાગેલી શકુંતલાને જે કહ્યું છે તે વચન પણ સ્ત્રીઓએ ધ્યાનમાં રાખવા જેવું છે.

શાર્ઙ્ગરવ કહે છે કે મહારાજ ! "જેનો પતિ જીવતો હોય એવી સ્ત્રી સતી–પતિવ્રતા છતાં પણ જો પિયરમાંજ રેહેતી હોય તો લોકો તેના ઉપર ખોટા શક લાવ્યા વગર રેહેતા નથી; એટલા માટે દીકરીના બંધુઓ પોતાની દીકરી તેના પરણનારને ગમતી હોય કે ન ગમતી હોય તોપણ તેને પરણનારની પાસેજ રાખવા

૧ અભિજ્ઞાન–શાકુંતલ. અંક ૪ થો. શ્લોક ૧૭, ૧૯ તથા ૧૯ મો.

ઈચ્છે છે. શકુંતલા! આ રાજા જેમ બોલે છે તે પ્રમાણે તારો વૃત્તાંત છે કે શું? જો તેમજ હોય તો તું કે જે કુળની મર્યાદાને ઉલ્લંઘન કરનારી છે તેનું તારા પિતા કાશ્યપ મુનિને પણ શું પ્રયોજન છે? કશું નથી. અને જો તારા પવિત્રપણાનો તને નિશ્ચયજ હોય તો પતિને ઘેર રહી દાસીપણું કરવું એ પણ તારે માટે યોગ્ય છે."[1]

છોકરીઓ! આ પ્રમાણે થતાં શકુંતલા પ્રથમ તો બહુ દુઃખી થઈ હતી, પણ પાછળથી શાપમુક્ત થઇ દુષ્યંત રાજાને પ્રાણ કરતાં પણ અધિક પ્યારી થઈ પડી હતી. હવે મારે નિશાળ સંબંધી કાંઈ બીજું કામ કરવાનું છે અને સ્ત્રીઓના ધર્મવિષે જે કાંઈ મુખ્યત્વે કરી કહેવાનું હતું તે કહેવાઈ ગયું છે માટે તમોને રજા આપું છું.

વિભાગ ૨ જો.

છોકરીઓ—બા! તમારા મુખથી ઇતિહાસ સાંભળ્યાને ઘણા દિવસો થયા તેથી અમારું મન તે સાંભળવામાં ઉત્કંઠિત થઇ રહ્યું છે, માટે સ્ત્રીધર્મના વિષયમાં કોઇ સારા સારા ઇતિહાસો હોય તો અમોને સંભળાવો.

મહેતીજી—કન્યાઓ! તમારા પ્રશ્નથી હું રાજી થઈ છું, એટલું જ નહિ પણ સ્ત્રીધર્મના વિષયમાં 'સ્ત્રીઓએ કેવી તિતિક્ષા (સહનતા) રાખવી જોઈએ, પવિત્રપણું કેવી રીતે જાળવવું જોઈએ અને પતિ ઉપર કેવો અખંડ ભાવ રાખવો જોઇએ ઇત્યાદિ બાજી પણ કેટલીએક પેટાની બાબતો મારા સ્મરણમાં આવી છે તેથી

[1] અભિજ્ઞાન-શાકુંતલ. અંક ૪ થો. શ્લોક ૧૭, ૧૮ તથા ૧૯ મો.

મારે તમારો એક જાતનો ઉપકાર પણ માનવો જોઇએ. સાદો ઉપદેશ માણસોના મનમાં જેવો ઠસે છે તેના કરતાં ઇતિહાસોમાંથી મળતો ઉપદેશ વધારે ઠસે છે અને બાલ્યાવસ્થાવાળાંઓને ઇતિહાસો સાંભળવા ઉપર વધારે રુચિ હોય છે, એ વાત હું સમજું છું; માટે હવે ઇતિહાસ સાંભળો.

પ્રખ્યાત અયોધ્યા નગરીમાં સદ્‌ગુણોથી સંપન્ન મહારાજ દશરથ રાજ્ય કરતા હતા. એમને કૌસલ્યા, સુમિત્રા અને કૈકેયી એ નામની ત્રણ મુખ્ય રાણીઓ હતી. કૌસલ્યાના પુત્ર રામ હતા કે જેનું નામ તથા ચરિત્ર અદ્યાપિસુધી લોકપ્રિય છે. કૈકેયીને ભરત નામનો પુત્ર હતો અને સુમિત્રાને લક્ષ્મણ તથા શત્રુઘ્ન નામના બે પુત્રો હતા. વૃદ્ધ દશરથ રાજાને ચારે પુત્રોમાં પાટવી કુમાર રામ ઉપર વધારે પ્રેમ હતો. પણ બીજી રાણીઓના કરતાં ભરતની માતા કૈકેયી ઉપર વધારે પ્રેમ હતો. લક્ષ્મણ રામની સેવામાં રહ્યા હતા અને શત્રુઘ્ન ભરતની સેવામાં રહ્યા હતા. એક સમયે ભરત, શત્રુઘ્નને સાથે લઈ કેટલાએક દિવસસુધી પોતાના મોસાળમાં રહ્યા હતા ત્યાં પાછળથી દશરથ રાજાને રામનો પટ્ટાભિષેક કરવા મનોરથ થયો તેથી તેમણે મોટી સભા એકઠી કરી સર્વ પ્રજાની તે કામમાં અનુમતિ માગી. સઘળી પ્રજાએ પ્રસન્ન થઈ એક મતથી અનુમતિ આપતાં બીજે દહાડે સવારમાં જ પટ્ટાભિષેક કરવાનું નક્કી થયું અને આખા શહેરમાં તે ઉત્સવ સંબંધી ધામધૂમો થવા લાગી. રામનાં માતા કૌસલ્યાને આ વધામણી મળતાં અપૂર્વ આનંદ પ્રાપ્ત થયો તેથી તેમના આવાસમાં રાતે મોટી રોશની કરવામાં આવી અને

દાનાદિક પણ મોટી ઉદારતાથી થવા લાગ્યાં. કૈકેયીની એક મંથરા નામની નીચ દાસીએ પોતે કૈકેયીના આવાસની અગાશી ઉપર ચડી ચોમેર નજર કરી ત્યાં કૌસલ્યાના આવાસમાં થતી ધામધૂમ જોવામાં આવતાં તેના કારણની ખબર મેળવી લઈ નીચે ઉતરી કૈકેયીને કહ્યું કે 'કૈકેયી! તારાપર તથા તારા પુત્રપર મોટી વિપત્તિનો સમય આવ્યા છતાં તું કેમ સૂતી પડી છે? રાજાએ આવતી કાલે સવારમાંજ રામનો રાજ્યાભિષેક કરવા નિશ્ચય કર્યો છે. રામનો રાજ્યાભિષેક થયો તો પછી કૌસલ્યા તને દાસી જેવીજ ગણશે અને રામ તારા પુત્રને અયોધ્યામાંથી દૂર કર્યા વગર રહેશેજ નહિ. ઇત્યાદિ. ઇત્યાદિ. કૈકેયી કુલીન હતી તેથી પ્રથમ તો તેણે રામના અભિષેકની વાત એક જાતની વધામણી જેવીજ માની, પણ 'દુષ્ટ માણસની સોબતથી કુલીન માણસની બુદ્ધિ પણ વિપરીત થઈ જાય છે.' એ કથન પ્રમાણે પાછળથી તુરતજ કૌસલ્યા ઉપર તથા રામ ઉપર મોટો દ્વેષ ઉત્પન્ન થયો અને મંથરાએ શોક્યોની ખટપટોની તથા રાજ્ય ખટપટોની કેટલીએક વાતો કરી કરીને તે દ્વેષને સજ્જડ કરી દીધો. મહારાજ દશરથ સભાનું વિસર્જન કરી નિત્યકર્મ પોહોંચી લઇને કૈકેયીના આવાસમાં પધાર્યા. ત્યાં કૈકેયી રીસાઇને ધરતીપર પડેલી તેમના જોવામાં આવી. રાજાએ રીસાવાનું કારણ પૂછતાં ઘણીવાર સુધી રોઇરોઇને કૈકેયીએ કહ્યું કે, 'જો મારા કહ્યા પ્રમાણે કરવાની પ્રથમ પ્રતિજ્ઞા કરો તો હું મારા દુઃખનું કારણ કહું.' વૃદ્ધપણામાં કામાંધ પુરુષની રીતિ પ્રમાણે રાજાએ રામના શપથ લઈ સઘળું કરી દેવાની પ્રતિજ્ઞા કરી. મંથરાએ

ભણાવી રાખેલી કૈકેયીએ રામને ચૌદ વર્ષ સુધી વનવાસ દેવાની અને ભરતનો રાજ્યાભિષેક કરવાની માગણી કરી. આ સાંભળી દશરથ રાજા વિલાપ કરવા લાગ્યા, મૂર્ચ્છિત જેવા થઈ જવા લાગ્યા, વચનપાશથી મુક્ત થવા માટે કૈકેયીના પગમાં માથું મુકવા લાગ્યા તથા અનેક કાલાવાલા કરવા લાગ્યા. પણ દુ:સંગને વશ્ય થયેલી કૈકેયી કેમે કરી એક મટીને બીજી થઈ નહિ. રાત વીતી જઇને પ્રભાત થતાં કૈકેયીએ દશરથની હાજરીમાં રામને પોતાની પાસે બોલાવી રામને કહ્યું કે 'તમને ચૌદ વર્ષનો વનવાસ દેવાની અને ભરતનો પટ્ટાભિષેક કરવાની રાજાની ઇચ્છા છતાં રાજા તમારે મોહોડે કહી શકતા નથી, માટે તમારે હમણાં તુરત જ અયોધ્યામાંથી નીકળી વનવાસમાં જવું.' સઘળા સદ્ગુણોથી સંપન્ન અને નીતિની તો સાક્ષાત્ મૂર્તિરૂપ રામે કશી આનાકાની નહિ કરતાં, કશો જવાબ નહિ દેતાં અને કશો પણ ખેદ નહિ જણાવતાં તે આજ્ઞા માથે ચડાવી લીધી. રામ પોતાના પ્યારા ભાઇ લક્ષ્મણની સાથે ત્યાંથી નીકળી પોતાનાં જનની કૌસલ્યાને એ માઠી ખબર દેવા તથા તેમની રજા માગવા કૌસલ્યાના આવાસમાં ગયા. ખબર સાંભળી અત્યંત વિહ્વળ થયેલાં કૌસલ્યાએ પોતાને (કૌસલ્યાને) વનવાસમાં સાથે લઈ જવાની માગણી કરતાં રામે કહ્યું કે—

'સ્ત્રી જીવતી હોય ત્યાં સુધી પતિ જ તેનો માલિક તથા ઇષ્ટદેવ છે, માટે પતિની સેવા છોડાવી તમને સાથે લઈ જવાનું મારાથી બને નહિ. આ મારા સંબંધનો દારૂણ શોક જે પ્રકારથી રાજાને નષ્ટ ન

કરે તે પ્રકારે તમારે તેમની સેવા કરવી તથા હિત કરવું. જે સ્ત્રી વ્રત તથા ઉપવાસ આદિ ધર્મોમાં લાગેલી હોય તથા કુલીન હોય પરંતુ પતિને અનુસરે નહિ તે સ્ત્રી નરકમાં પડે છે. જે સ્ત્રી કોઇ દેવનું પૂજન ન કરતી હોય એટલુંજ નહિ, પરંતુ દેવને પ્રણામ પણ ન કરતી હોય પણ પતિના આરાધનમાં તત્પર રહેતી હોય તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. પતિના પ્રિયમાં તથા હિતમાં જ તત્પર રહી પતિની શુશ્રૂષાજ કરવી, એ સ્ત્રીઓને માટે ઉત્તમમાં ઉત્તમ ધર્મ છે એમ વેદમાં તથા ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે.'[1]

માંડમાંડ માતાની અનુજ્ઞા મેળવી રામ પોતાના દરબારમાં પોતાનાં પ્રિય પત્ની સીતાજીના આવાસમાં લક્ષ્મણની સાથે પધાર્યા.

છોકરીઓ! આ ઇતિહાસ હજુ પૂરો થયો નથી પણ નિશાળનો વખત પૂરો થયો છે તેથી તમોને રજા આપું છું.

વિભાગ ૩ જો.

છોકરીઓ—બા! ગઇ કાલના અધૂરા ઇતિહાસમાં અમારું ચિત્ત બહુ ચોંટી રહ્યું છે માટે તે હવે જલદી ચલાવો તો સારું.

મહેતીજી—બાળાઓ! આ ઇતિહાસ લોકોના ચિત્તોને ખેંચે તેવોજ છે. લ્યો. હવે ચલાવું છું. સાંભળો.

રામે સીતાજીની પાસે જઈ વનવાસમાં જવાની માઠી ખબર આપી, 'તમે અહીં વડીલોની સેવામાં તત્પર રહેજો' ઇત્યાદિ ભલામણ કરતાં સીતાજી બોલ્યાં કે—

---

૧ વાલ્મીકિ રામાયણ-અયોધ્યાકાંડ. સર્ગ ૨૪મો, શ્લોક ૨૧ માથી ૨૮ મા સુધી.

'સ્વામી! આવું હલકાઇનું વચન કેમ બોલો છો. તમારું બોલવું સાંભળી મને ઉપહાસ આવે છે. આ તમારાં વચનને મારે કાન દેવો પણ યોગ્ય નથી. પિતા, માતા, ભાઈ તથા પુત્રાદિક પોતપોતાનાં ભાગ્યોને ભોગવે છે, પણ પતિના ભાગ્યને તો એકલી સ્ત્રીજ ભોગવે છે, માટે તમને વનમાં જવાની આજ્ઞા થયાની સાથે મને પણ તે આજ્ઞા થઈ ચૂકેલી સમજું છું. પિતા, પુત્ર, માતા, સખીજન કે પોતાનો દેહ પણ સ્ત્રીઓને માટે ગતિ નથી. પરંતુ આ લોકમાં તથા પરલોકમાં કેવળ પતિ જ એક ગતિ છે. તમે આજે જ વનમાં જશો તો હું પણ દાભડાઓને તથા કાંટાઓને પગવતે કચરતી કચરતી તમારી સાથે ચાલી આવીશ. મેહેલમાં રહેવા કરતાં, વિમાનોમાં રહેવા કરતાં તથા આકાશમાં ચાલવા કરતાં પણ સ્ત્રીઓને માટે સઘળી સ્થિતિઓમાં પતિનાં ચરણની છાયામાં રહેવું અને ચાલવું ઉત્તમ છે. મારે રાખવાની વર્તણુક વિષે મારી માતાએ તથા મારા પિતાએ મને ઘણી ઘણી રીતે સમજાવેલી છે, માટે હવે તમારે સમજાવવાનું કશું રહ્યું નથી. ત્રણે લોકનો કશો વિચાર નહિ કરતાં કેવળ પતિવ્રતનો જ વિચાર ધરીને હું તમારી સાથે દારુણ વનમાં આનંદથી રહીશ. જિતેન્દ્રિય રહેતી રહેતી તથા તપશ્ચર્યા કરતી કરતી હું વનમાં તમારું આરાધન કર્યા કરીશ. તમે વનમાં બીજા લોકોનું રક્ષણ કરવામાં પણ સમર્થ છો ત્યારે મારું રક્ષણ કરવામાં સમર્થ નથી એ વાત હોય કે? હું વનમાં આવવાને તૈયાર થએલી છું. કોઇની અટકાવી અટકું એમ નથી. હું સારું સારું ખાવા પીવાની ઇચ્છા નહિ રાખતાં ફળફૂલ ખાઇને તથા નદીઓનાં

જળ પીને રહીશ એટલે તમને કોઈ જાતના દુઃખનું કારણ થઇશ નહિ. તમે જમ્યા પછી જમીશ અને તમે સૂતા પછી સૂઇશ. જુદાં જુદાં જંગલો, પર્વતો, સરોવરો તથા વૃક્ષો વગેરેને જોતી આવીશ અને તમારી નજર આગળ ચાલી આવીશ. આમ કરતાં મને ચૌદ વર્ષ વીતવાની તો શું, પરંતુ સો કે હજાર વર્ષ વીતવાની પણ ખબર પડવાનો સંભવ નથી. આપની સાથે જંગલમાં રહેવું પણ મારે સ્વર્ગમાં રહેવા સમાન છે અને આપ વિના સ્વર્ગમાં રહેવું પણ જંગલમાં રહેવા સમાન છે. હું કે જે તમારામાં જ અખંડ ભાવવાળી છું અને તમારો વિયોગ થાય તો મરવાનો જ નિશ્ચય કરી બેઠી છું તેને તમારે વનમાં સાથે લઈ જવી યોગ્ય છે. કૃપા કરી મારી આ માગણીનો સ્વીકાર કરી લ્યો.' હું તમને ભારે નહિ પડું.[1] આ પ્રમાણે ઘણી ઘણી વિજ્ઞપ્તિ કરતાં છતાં પણ જ્યારે રામે વનનાં દુઃખોનો વિચાર કરી તે દુઃખોનું લંબાણથી વર્ણન કરીને સાથે લઈ જવાની ઇચ્છા ન જણાવી ત્યારે સીતાજી બહુ દુઃખ પામી બોલ્યાં કે—

'આપે વનવાસમાં જે જે દોષો જણાવ્યા તે સઘળા દોષો તમારી ઉપરના સ્નેહને લીધે મારે માટે ગુણોરૂપ જ થશે. મારે મારાં માતાપિતાની આજ્ઞા પ્રમાણે તમારી સાથે જ આવવું જોઇએ અને તેમ નહિ તો મરવું જ જોઇએ. તમે ગમે તેમ કહો પણ મારો નિશ્ચય છે કે પતિવ્રતા સ્ત્રીએ પતિવિના રહેવું અશકય જ છે. જેમ હું વનવાસમાં ઘણાં દુઃખો હોવાનું જાણું છું, તેમ એ દુઃખો અજિતેન્દ્રિય

[1] વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ. સર્ગ ૨૭ મો.

માણસોને માથે જ પડે એ પણ જાણું છું. સ્ત્રીને તો સ્વામી જ પરમેશ્વર છે માટે દુઃખ વેઠીને પણ તમારી પ્રેમપૂર્વક સેવાથી હું નિષ્પાપ થઇશ. માતાપિતા વગેરે વડીલોએ આ લોકમાં જે સ્ત્રી જે પુરુષને આપેલી હોય તે સ્ત્રી મરણ પછી પણ તે પુરુષની જ સ્ત્રી થાય છે એવું વેદવચન બ્રાહ્મણો પાસેથી મેં સાંભળેલું છે માટે મને તો મારા મરણ પછી પણ તમારો જ સમાગમ પ્રાપ્ત થવાનો છે,. તો હમણાં તમારા સમાગમનું સુખ શા માટે છોડી દઉં? આમ છે તો પછી હું કે જે સદાચારવાળી, તમારા સુખ દુઃખમાં ભાગ લેનારી રાંક પતિવ્રતા છું તેને સાથે નહિ લઈ જવામાં તમારી પાસે કયું સબળ કારણ છે? તમે મને વનમાં સાથે નહિ લઈ જાઓ તો મને મુવેલી જ સાંભળશો."[1]

આમ ઘણી ઘણી દીનતા કરતાં છતાં પણ રામે જ્યારે સંમતિ આપી નહિ ત્યારે પ્રબળ ચિંતામાં મગ્ન થયેલાં સીતાજી ઉના આંસુઓથી ધરતીને ભીંજાવતાં ભીંજાવતાં પ્રેમનો ક્રોધ દેખાડીને બોલ્યાં કે—

"મારા પિતા જનક રાજાને 'તમે આકારથી પુરુષ છો પણ ક્રિયાથી સ્ત્રી છો.' એવી પ્રથમથી ખબર હોત તો તમારી સાથે મને પરણાવતજ નહિ. તમે મને છોડીને વનમાં જશો તો 'રામમાં જેવું તેજ છે તેવું સૂર્યમાં પણ નથી.' એમ લોકોનું જે બોલવું છે તે ખોટું પડી જશે. જેમ સાવિત્રી પોતાના પતિ સત્યવાનને અનુસરતી હતી તેમ હું તમને અનુસરનારી છું. તે છતાં મને છોડી જાવા ઇચ્છો છો

૧ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ. સર્ગ ૨૯ મો.

તો તમને આવડી બધી કોની બીક છે ? હાથે કરી મને બીજાઓના હાથમાં સોંપી દેવામાં તમને શરમ આવતી નથી ? જેના ગુણ ગાઓ છો અને જેને માટે દુઃખી થાઓ છો તેના (ભરતના) તાબામાં તમે રહેજો પણ હું રહેવાની નથી. હું જંગલના રસ્તાઓમાં તમારી સાથે ચાલી આવીશ એટલે મને કાંટાઓ કપાસના જેવા કોમળ, પવનને લીધે શરીરપર ખરડાઈ રહેતી રજ ચંદન જેવી અને લીલાં ખડ ગલીચા જેવાં લાગશે. જંગલમાં તમે હાથથી તોડીને લાવી આપેલાં ફળ પુષ્પો અમૃત જેવાં લાગશે એટલે મને માતાનું, પિતાનું કે ઘરનું સ્મરણ પણ આવશે નહિ. તમારા વિયોગનું દુઃખ ઘડી-વાર પણ મારાથી ખમી શકાય નહિ, ત્યારે ચૌદ ચૌદ વર્ષ સુધી તો શી રીતે ખમી શકાય.[૧]"

જેનું મુખ જળમાંથી બહાર કાઢેલા કમળની પેઠે કરમાવા લાગ્યું હતું એવાં સીતાજી આટલું બોલી રામનું આલિંગન કરી આંસુઓથી રામને ભીંજાવી મુકતાં રામે તેમની કેટલીએક પ્રશંસા કરીને સાથે લઈ જવાની હા પાડી. આ સમયમાં લક્ષ્મણે પણ વનમાં સાથે આવવા માટે ઘણો આગ્રહ અને ઘણી દીનતા કરતાં રામે તેમને પણ સાથે લઈ જવાનો સ્વીકાર કર્યો. ત્યાંથી એ ત્રણે જણ રાજાની છેવટની રજા લેવા માટે કૈકેયીના આવાસમાં ગયાં.

છોકરીઓ ! આ કરુણા રસથી ભરેલો ઇતિહાસ કહેતાં કહેતાં મારી છાતી ભરાઈ આવે છે, તેથી હું પૂરેપૂરું બોલી શકતી નથી.

૧ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ. સર્ગ ૩૦ મો.

આ સમયે કૌસલ્યા આદિ બીજી રાણીઓ પણ રાજાની પાસે આવી હતી. રાજાની હાજરીમાં કૈકેયીએ જ રામને, સીતાજીને તથા લક્ષ્મણને અનુજ્ઞા દેતાં કૌસલ્યાએ સીતાજીને કહ્યું કે 'પુત્રી સીતાજી ! શીલ, સત્ય તથા કુળમર્યાદા એઓમાં રહેનારી પતિવ્રતાઓને પતિ જ સર્વથી અધિક પ્રિય હોય છે. તમારું સુશીલપણું જાણું છું તો પણ સાસૂના ધર્મ પ્રમાણે ભલામણ કરું છું કે તમે વનમાં રામનું કદી પણ અપમાન ન કરશો. સંપત્તિમાં અને વિપત્તિમાં પણ તમારે માટે રામજ પરમેશ્વર છે.'[1] સીતાજી હાથ જોડીને બોલ્યાં કે–

'તમે જે ભલામણ કરી તે પ્રમાણે હું સઘળું કરીશ. સ્ત્રીએ પતિની સાથે રાખવાની વર્તણુકવિષે હું બરાબર સમજું છું. એ વિષે મેં ઘણું ઘણું સાંભળ્યું છે. હું કદી પણ ધર્મથી ચલિત થવાની નથી. પિતા, ભાઈ તથા પુત્ર વગેરે બંધુઓ પરિમિત સુખ જ આપે છે અને પતિ તો આ લોકનું તથા પરલોકનું અપરિમિત સુખ આપે છે. તમારા પુત્ર જ મારા ઇષ્ટ દેવરૂપ છે.'[2]

આ સમયમાં શોકથી સર્વ માણસો કોલાહલ કરવા લાગ્યાં અને સીતાજીની તથા લક્ષ્મણની સાથે રામ અયોધ્યાથી બહાર નીકળી ચિત્રકૂટ પર્વત કે જે વિંધ્યાચળનો એક ભાગ છે, ત્યાં જઈ પર્ણકૂટી બાંધી રહ્યાં. રામના પ્રયાણની છઠ્ઠી રાતે જ મહારાજ દશરથે કૌસલ્યાના આવાસમાં શરીરછોડી દીધું. પુરોહિત વસિષ્ઠ મુનિએ ભરતને મોસાળથી બોલાવી રાજ્યાસનપર બીરાજવાનું કહ્યું, પણ

૧ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ. સર્ગ ૩૯ મો.
૨ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ. સર્ગ ૩૯ મો.

પરમ નીતિવાળા અને ભ્રાતૃભક્તિવાળા ભરત, તે વાતનો સ્વીકાર નહિ કરતાં પોતાની માતાને પણ કેટલોક ધિક્કાર દઈ રામને પાછા બોલાવી લાવવા મોટી સેના લઈ ચિત્રકૂટમાં ગયા. નીતિના ભંડારરૂપ ભરતે રામની પાસે જઈ ઘણી ઘણી દીનતાભરેલી વિજ્ઞપ્તિ કરી પણ પિતાની પ્રતિજ્ઞા પાળનારા રામે એ વિજ્ઞપ્તિ સ્વીકારી નહીં. ભરત રામની પાદુકાઓને લઈ ત્યાંથી પાછા આવી રાજસિંહાસનપર પેલી પાદુકાઓનું સ્થાપન કરી પોતે ચૌદ વર્ષ સુધી તપસ્વીના વેષથી તથા ગોમૂત્રમાં પલાળેલા જવના આહારથી રહેવાનો નિયમ ધરી મહામંત્રી (એડમિનિસ્ટ્રેટર) તરીકે રાજ્યનું કામ ચલાવવા લાગ્યા. રામ કેટલાએક દિવસ સુધી ચિત્રકૂટમાં રહી ત્યાંથી દંડકારણ્ય તરફ ચાલ્યા.

છોકરીઓ! તમોને આ ઇતિહાસ સાંભળવાથી પ્રસન્ન થતી જોઈ લાંબી વાર સુધી વ્યાખ્યાન આપ્યું છે. પણ હવે બહુ મોડું થઈ ગયું છે તેથી રજા આપું છું.

વિભાગ ૪ થો.

છોકરીઓ—બા! આ ઇતિહાસ એવો રમણીય છે કે અમોને રાતે સ્વપ્નો પણ તેનાંજ આવ્યાં છે. હવે જ્યાંથી અધૂરું છે ત્યાંથી ચલાવો.

મહેતીજી—કન્યાઓ! તમારું ચિત્ત ચાલતા ઇતિહાસમાં લાગી રહ્યું છે માટે હું બીજું કામ પડતું મુકીને, ચલાવું છું; માટે સાંભળો.

રામ દંડકારણ્ય તરફ ચાલતાં રસ્તામાં અત્રિ મુનિના આશ્રમમાં આવ્યા. અતિવૃદ્ધ અત્રિ મુનિએ તથા તેમનાં મહાપતિવ્રતા વૃદ્ધપત્ની અનસૂયાએ રામનું, સીતાજીનું તથા લક્ષ્મણનું યોગ્ય આતિથ્ય (મેહેમાની) કર્યું. અત્રિ મુનિએ પોતાનાં વૃદ્ધ પત્નીને સીતાજીની સઘળી સંભાળ લેવા આજ્ઞા કરી રામને કહ્યું કે,—

"આ અનસૂયાએ જ્યારે ઉપરાઉપરી દસ વર્ષ સુધી અનાવૃષ્ટિ થઈ હતી અને જગત બળી ગયા જેવું થઈ ગયું હતું ત્યારે પોતાના પતિવ્રતપણાના પ્રભાવથી તપોવનમાં ગંગાજળ પ્રકટ કરી કેટલાંએક ફળ મૂળોને ઉત્પન્ન કરી લોકોનું રક્ષણ કર્યું હતું તથા વિઘ્નોને અટકાવ્યાં હતાં. જ્યારે માંડવ્ય નામના એક ઋષિએ આ અનસૂયાની એક સખીને 'તું પ્રભાતે પડતાં જ વિધવા થશે.' એવો શાપ દેતાં અનસૂયાએ 'પ્રભાત જ ન થજો' એમ કહી પતિવ્રતના પ્રભાવથી સૂર્યનો ઉદય થવા નહિ દેતાં રાત્રિની રાત્રિજ રાખી હતી. આમ દશ દિવસ જેટલો કાળ વ્યતીત થતાં દેવતાઓની પ્રાર્થના ઉપરથી બદલામાં પોતાની સખીનું અવિધવાપણું માગી લઈ સૂર્યનો ઉદય થવા દીધો હતો. વૃદ્ધ, તપસ્વિની, સર્વદા ક્રોધથી રહિત જ રેહેનારી અને સર્વ લોકોએ નમવા યોગ્ય આ અનસૂયા કે જે તમારી માતા સમાન છે તેની પાસે તમારાં પત્નીને મોકલો."[1]

રામે બહુ પ્રસન્ન થઇ સીતાજીને અનસૂયાની પાસે જવાની આજ્ઞા કરી. સીતાજીએ, જરાવસ્થાને લીધે શિથિલ અવયવોવાળાં,

[1] વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ સર્ગ ૧૧૭ મો.

શરીરમાં ચોમેર કરચલીઓવાળાં, સઘળા સફેદ કેશોવાળાં અને ધ્રુજતાં અંગોવાળાં એ મહાપતિવ્રતા અનસૂયાની પાસે જઈ પ્રણામ કરી હાથ જોડી આરોગ્ય પૂછયું. અનસૂયાએ આશીર્વાદ આપી સીતાજીને કહ્યું કે—

'પુત્રી! તમે ધર્મ ઉપર દૃષ્ટિ રાખી એ ઘણું સારું કર્યું છે. સગાં સંબંધીઓને છોડી દઈ તથા રાજપુત્રીપણાના અભિમાનને પણ છોડી દઈ તમે, વનમાં આવેલા તમારા પતિ રામની સાથે આવ્યાં છો એ ઉત્તમ ધર્મ સ્વીકાર્યો છે. પતિ નગરમાં રહેલ હોય કે જંગલમાં રહેલ હોય, સારો હોય કે નરસો હોય, તો પણ જે સ્ત્રીએ પતિની ઉપરજ પ્રેમ ધરાવે છે તે સ્ત્રીને અંતે ઉત્તમમાં ઉત્તમ પરલોકની પ્રાપ્તિ થાય છે. પતિ નઠારા સ્વભાવવાળો હોય, સ્વચ્છંદી હોય કે નિર્ધન હોય તોપણ ભલા સ્વભાવવાળી સ્ત્રીઓને એ પતિ જ પરમ દેવરૂપ છે. હું વિચાર કરું છું ત્યાં સ્ત્રીને માટે બીજો કોઇપણ બાંધવ, પતિથી અધિક તથા બન્ને લોકમાં ઉપકારક જોવામાં આવતો નથી. પતિની સેવા એ ઉંચામાં ઉંચી તપશ્ચર્યા છે. સ્વામીથી ઉપરવટ થઈ ચાલનારી નીચ સ્ત્રીઓ આ વાતને કદી સમજતી જ નથી અને તેથી અપકીર્તિને તથા ધર્મભ્રષ્ટતાને પ્રાપ્ત થાય છે. ધર્મનું તથા અધર્મનું અવલોકન કરી ધર્મને માર્ગે જ ચાલનારી તમારા જેવી સ્ત્રીઓ અંતે સ્વર્ગલોકમાં વિચરશે. તમે સઘળી રીતે સમજુ છતાં પણ હું મારા માતૃધર્મને અનુસરી ભલામણ કરું છું કે રામને જ મુખ્ય દેવ ગણજો, વિવાહના સમયમાં મંત્રો બોલવાથી જે કરારો

થયા છે તેઓને અનુસર્યા કરજો અને રામની આજ્ઞામાં રહી રામના નિયમોને જ પાળ્યા કરજો. આથી તમને યશની તથા ધર્મની પ્રાપ્તિ થશે.'[૧]

સીતાજી અનસૂયાના વચનોની પ્રશંસા કરી ધીમા સ્વરથી બોલ્યાં કે—

"માતાજી! તમે મને જે ભલામણ કરો છો એ તમને ઘટે જ છે. સ્ત્રીને માટે પતિ જ ઇષ્ટદેવ છે, એ વાત મારા પણ સમજવામાં છે. રામ કદાચ દુષ્ટ સ્વભાવવાળા કે જીવિકાથી રહિત હોય તોપણ મારે તેમનાથી કશી જૂદાઈ ન રાખવી જોઇએ, ત્યારે પછી રામ કે જે ગુણોથી વખાણવા યોગ્ય, દયાળુ, જિતેંદ્રિય, સ્થિર પ્રેમવાળા તથા ધર્માત્મા છે અને કદી પણ પરસ્ત્રીઓની સામે દૃષ્ટિ પણ કરતા નથી તેમની સાથે મારે જૂદાઈ ન રાખવી જોઇએ એમાં કહેવું જ શું? હું આ ભયંકર વનમાં આવવાની હતી ત્યારે મારાં સાસૂજીએ મને જે શિખામણ આપી છે તેને મેં હૃદયમાં કોતરી રાખી છે. મારો રામની સાથે વિવાહ થયો તે સમયે અગ્નિના સમીપમાં મારાં માતાજીએ જે શિખામણનાં વાકયો કહ્યાં છે તે વાકયો પણ હૃદયમાં ધરી રાખ્યાં છે. માજી! 'સ્ત્રીને માટે પતિના આરાધન શિવાય બીજું કોઇપણ તપ શાસ્ત્રમાં કહેલું નથી' ઇત્યાદિ મારાં બંધુજનનાં વાકયોનું પણ મને વિસ્મરણ થયું નથી. તમને પણ પતિની જ સેવાથી જ સ્વર્ગ હસ્તગત જેવો જ થયો છે. તમારા જેવી

૧ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ, સર્ગ ૧૧૭ મો.

પતિવ્રતા સાવિત્રી આદિ સ્ત્રીઓ પોતાના પતિવ્રતના પ્રભાવથી સ્વર્ગલોકમાં પણ પૂજાય છે."[1]

અનસૂયા બોલ્યાં કે 'પુત્રી! તમારાં વચનોથી તથા રીતભાતથી હું પ્રસન્ન થઈ છું. તમે જેમ કહો તેમ હું મારા તપના પ્રભાવથી કરી દેવા તૈયાર છું. જે જોઇતું હોય તે માગો.' સીતાજી બોલ્યાં કે 'મારાંપર તમારી કૃપા છે તેથી જ હું મને પૂર્ણ સમજું છું. મારે કશું અધૂરું રહ્યું નથી કે જે માગું.' અનસૂયાએ પ્રસન્ન થઈ આલિંગન કરી સીતાજીને દિવ્ય વસ્ત્રોથી, આભરણોથી તથા ચંદનાદિકથી શણગારી રામની પાસે સાયંકાળે મોકલ્યાં.[2] સીતાજીને શણગારેલાં જોઈ તેમના મુખથી સઘળી હકીકત સાંભળી રામ તથા લક્ષ્મણ પ્રસન્ન થયા અને એ રાત્રી તે આશ્રમમાં રહીને પ્રભાતમાં પ્રયાણ કરવા તૈયાર થયા. 'દંડકારણ્યમાં રાક્ષસોનો સંચાર બહુ છે માટે તમો તેઓથી સાવચેત રેહેજો.' ઇત્યાદિ ભલામણ કરીને અત્રિમુનિએ તથા બીજા ઋષિઓએ અનુજ્ઞા આપતાં તેઓ દંડકારણ્યમાં જઈ ગોદાવરી નદીને કિનારે પંચવટી[3] નામના સ્થાનમાં પર્ણકુટી બાંધીને રહ્યાં. ત્યાં રાક્ષસોની સાથે મોટું વૈર ઉત્પન્ન થતાં રામે ચૌદ હજાર રાક્ષસોને માર્યા. રાક્ષસોનો મહાપ્રબળ રાજા રાવણ કે જે દક્ષિણ સમુદ્રના સામા કિનારાપર લંકાનગરીમાં રાજ્ય કરતો હતો તેણે આ ખબર સાંભળી મારીચ નામના એક માયાવી રાક્ષસને

૧ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ, સર્ગ ૧૧૮ મો.

૨ વાલ્મીકિ રામાયણ. અયોધ્યાકાંડ, સર્ગ ૧૧૮ મો.

૩ આ સ્થાન હાલ નાસિક પાસે છે.

વિચિત્ર સુવર્ણમય મૃગનું રૂપ ધરાવી રામના આશ્રમની પાસે મોકલતાં રામ તે મૃગને મારવા માટે ઘણા દૂર સુધી ગયા. રામને ઘણો વખત લાગતાં તથા રામના બાણથી મરણ પામતી વખતે મારીચે રામના જેવા સ્વરથી પોકાર કરતાં સીતાજીના આગ્રહથી લક્ષ્મણ પણ રામની પાસે ગયા અને સીતાજી એકલાં જ આશ્રમમાં રહ્યાં. સીતાજીનું હરણ કરી જવા ગુપ્તરૂપે ઉભેલો રાવણ આ સમયે સીતાજીની પાસે આવી 'મારી સાથે ચાલ. તું રામને છોડી દઇ મારી સ્ત્રી થશે તો હું તને લંકામાં ઘણું સુખ આપીશ.' ઇત્યાદિ નીચ વચનો બોલવા લાગતાં, સીતાજી બોલ્યાં કે 'હું રામમાંજ પરમ ભક્તિવાળી પતિવ્રતા છું. સિંહ અને બિલાડા વચ્ચે જેટલું અંતર છે તેટલું રામ વચ્ચે અને તારા વચ્ચે અંતર છે. મારું હરણ કરવું એ સોયવતે આંખ ખંજવાળવા જેવું, જીભવતે અસ્ત્રો ચાટવા જેવું, ભયંકર ઝેર પીને સ્વસ્થ રેહેવાની ઇચ્છા કરવા જેવું અને પ્રજ્વલિત અગ્નિને વસ્ત્રમાં બાંધી લેવાની ઇચ્છા કરવા જેવું છે. તારું મોત સમીપમાં આવેલું દેખાય છે કે જેથી તને આવી નીચ ઇચ્છા થઈ છે. જેમ માખીને ઘી ન પચે તેમ તને હું પચવાની નથી[1]' ઇત્યાદિ. ઇત્યાદિ. ક્રૂર રાવણ આ વચનોને નહિ ગણકારી સીતાજીને બળાત્કારથી ઉપાડી આકાશ માર્ગે ચાલ્યો અને સીતાજી 'હે રામ ! હે રામ ! હે લક્ષ્મણ ! હે લક્ષ્મણ' એમ ઉંચા તથા વિહ્વળતા ભરેલા સ્વરથી પોકારવા લાગ્યાં. રાવણે લંકામાં જઈ સીતાજીને ઘણી ઘણી રીતે લલચાવવા

૧ વાલ્મીકિ રામાયણ. અરણ્યકાંડ, સર્ગ ૪૭ મો.

માંડ્યાં પણ સીતાજીએ દૃઢતા પકડીને રાવણની સઘળી વાતોનો તિરસ્કાર કર્યો. 'હું રામથી જૂદી પડી માટે મારે આ જીવિત રાખવાનું નથી. પછી મુવેલા શરીરના જે હવાલ કરવા હોય તે કરજે. હું પૃથ્વીમાં મારી અપકીર્તિ રાખી જવાની નથી.'[1] એવું સીતાજીનું છેવટનું વચન સાંભળી રાવણે તેમને પોતાની આસોપાલવની વાડીમાં રાક્ષસીઓની ચોકી વચ્ચે શીશમના ઝાડ નીચે રાખ્યાં અને સીતાજીને યુક્તિઓથી સમજાવવાની રાક્ષસીઓને ભલામણ કરી. છોકરીઓ! 'રાવણ બળાત્કારથી કોઈ સ્ત્રીના સુશીલનો ભંગ કરે તો રાવણનું તે સમયે જ મોત થાય.'[2] એવો કુબેરજીના પુત્ર નલકૂબરનો શાપ હતો તેથી સીતાજીના પતિવ્રતનો બચાવ થયો હતો. રામ તથા લક્ષ્મણ પાછા ફરી આશ્રમમાં આવ્યા અને ત્યાં સીતાજી નહિ જોવામાં આવતાં વ્યાકુળ થઈ તેમનો ચોમેર શોધ કરવા લાગ્યા. એક પત્નીવ્રત ધરનારા રામે આ સમયમાં જે વિલાપો કર્યા છે તે ખરેખર હૃદયભેદક છે. જંગલમાં ફરતાં ફરતાં તેઓને વાનરોના મોટા રાજા સુગ્રીવનું સાહાય્ય મળ્યું. સુગ્રીવે રામને કેટલીક ધીરજ આપી સીતાજીની શોધ કરવા માટે ચારે દિશાઓમાં અનેક વાનરાઓને મોકલ્યા. છોકરીઓ! આ વાનરાઓ હાલના વાનરાઓ જેવા નહતા પણ ત્રેતાયુગના હોવાને લીધે તથા દેવતાઓના અંશોરૂપ હોવાને લીધે દેવતાઓના જેવી શક્તિ ધરાવતા હતા અને માણસોની પેઠે વાતચીત કરતા હતા. વાનરાઓનું જે ટોળું દક્ષિણ દિશામાં ગયું

૧ વાલ્મીકિ રામાયણ. અરણ્યકાંડ, સર્ગ ૫૬ મો.

૨ વાલ્મીકિ રામાયણ. ઉત્તરકાંડ, સર્ગ ૨૬ મો. શ્લોક ૫૪, ૫૫ તથા ૫૬ મો.

હતું તેમાંના એક હનુમાન્ નામના પ્રબળ અને બુદ્ધિમાન્ વાનરે દક્ષિણ સમુદ્રને ઠેકી રાતે લંકામાં જઈ ચોમેર સીતાની શોધ કરી. આસોપાલવની વાડીમાં શીશમના ઝાડ ઉપર ઠેકી પાનંડાંઓના જથ્થામાં છુપાઈ નીચે નજર કરી ત્યાં મેલું તથા ચોળાયેલું પીળું વસ્ત્ર ઓઢી બેઠેલાં, વારંવાર નિશાસા મુકતાં, શણગાર વગરનાં, રાક્ષસીઓથી ઘેરાવાને લીધે કૂતરીઓથી ઘેરાયેલી હરિણી જેવાં લાગતાં, ઉપવાસોને લીધે શુકલપક્ષના આરંભની ચંદ્રકલાની પેઠે નિર્બળપણું ધરાવતાં, મેલથી ઢંકાએલા પણ જરા જરા ચળકતા રૂપથી ધૂમાડાવતે ઢંકાએલી અગ્નિની શિખા જેવાં દેખાતાં, આંસુઓથી ભરપૂર મુખવાળાં, કહીં પણ દુઃખનો પાર ન દેખાવાથી સમુદ્ર વચ્ચે ભાંગેલી નૌકા જેવાં જણાતાં શોકમાં તથા ધ્યાનમાં જ લાગેલાં અને જાણે પ્રતિઘાત પામેલી આશા હોય તથા ધ્વંસ પામેલી કીર્તિ હોય એવાં દીન દેખાતાં સીતાજી તેમના જોવામાં આવ્યાં. આ સમયે રાત્રિ એક પોહોર અવશેષ રહી હતી. રામે કહેલાં શારીર લક્ષણો ઉપરથી તથા વિયોગદશાને લગતાં પતિવ્રતાપણાનાં ચિહ્નો ઉપરથી 'આ સીતા છે.' એવો તર્ક આવતાં હનુમાન્ બહુ રાજી થયા. થોડીવારમાં દીવીઓનું મોટું અજવાળું દેખાયું અને તેમાં ઘણી સ્ત્રીઓથી વીંટાએલો રાવણ આવતો જોવામાં આવ્યો. આથી હનુમાને ગુપ્ત રેહેવા માટે વધારે યત્ન કર્યો. રાવણ ઘણા ઘણા પ્રકારોથી લલચાવવા લાગતાં તથા સીતાજીની એકજ નિષ્ઠા જોઈ ભય પણ બતાવવા લાગતાં સીતાજી પોતાનાં અંગોને ઢાંકી તથા રાવણને પીઠ દઈ બોલ્યાં કેઃ—

'તું તારી સ્ત્રીઓમાં જ સંતોષ રાખ. જેમ પાપી માણસ સિદ્ધિને લાયક નથી, તેમ તું મને લાયક નથી. જેમ તારે તારી સ્ત્રીઓ રક્ષણીય છે તેમ બીજાને પણ પોતાની સ્ત્રીઓ રક્ષણીય હોય એ વિચાર કર. પરસ્ત્રીઓના પ્રસંગથી ભૂંડું જ થાય છે. લંકામાં કોઈ સજ્જનો નથી અથવા તો રાક્ષસોના તથા તારા વિનાશને માટે તું સજ્જનોનું માનતો નથી એમ જણાય છે. તારે સઘળી લંકાના તથા તારા વિનાશની ઇચ્છા ન હોય તો રામને પ્રણામ કરી મને રામના ચરણમાં મુકી દે. અરે દુષ્ટ ! મારી સામે જોતાં આ તારી ક્રૂર આંખ્યો ધરતીપર કેમ પડી જતી નથી. રામની આજ્ઞા નથી અને મને પણ મારા તપનો વ્યય કરવાની ઇચ્છા નથી તેથી જ હું તને ભસ્મ કરી નાખતી નથી.'[1] ઇત્યાદિ. ઇત્યાદિ. આ સાંભળી રાવણ ઉભો થઇ ગર્જના કરવા લાગતાં રાવણની પટરાણી મંદોદરી તેને બાથમાં ઘાલી ખેંચીને પાછો અંતઃપુરમાં લઈ ગઈ. રાવણ ગયા પછી રાક્ષસીઓ દુર્વચનોથી બીવડાવવા લાગતાં 'મને સુખેથી ખાઈ જાઓ. હું કદી પણ તમારું કહ્યું માનવાની નથી.' એવો એક જ ઉત્તર આપી સીતાજી હે રામ ! હે રામ ! હે લક્ષ્મણ ! હે લક્ષ્મણ ! મારું રક્ષણ કરો. એમ પોકારવા લાગ્યાં તથા બહુ જ રોવા લાગ્યાં. આ સઘળો વૃત્તાંત જોઈ હનુમાનને સાનંદ નિશ્ચય થયો કે હું જે કાર્યને માટે આવ્યો છું તે કાર્ય સફળ થયું છે. પરોઢીયું થયું જાણી રાક્ષસીઓ જરાક નિદ્રાવશ થતાં હનુમાને પોતાનો અવાજ, માત્ર સીતાજીના કાનપર જ પડે એવા પ્રદેશમાં ઉતરી તથા એંધાણી તરીકે

૧ વાલ્મીકિ રામાયણ. સુંદરકાંડ. સર્ગ ૨૧ તથા ૨૨ મો.

રામની આપેલી વીંટી સીતાજીના હાથમાં આપી રામની સઘળી હકીકત કહી સંભળાવી. આથી સીતાજીને અપાર આનંદ થયો. 'તમે કહો તો હું તમને અહીંથી મારી પીઠપર બેસાડી ગુપ્ત રીતે રામની પાસે લઈ જાઉં.' એમ હનુમાને વિજ્ઞપ્તિ કરતાં સીતાજીએ કહ્યું. 'રામ તથા લક્ષ્મણ સેનાસહિત અહીં આવી રાવણને મારી મને લઇ જાય એ એમને માટે તથા મારે માટે યોગ્ય છે. 'વળી હું જાણી જોઇને અન્ય પુરુષનો સ્પર્શ કરવા રાજી નથી.' પછી હનુમાને સીતાજીની પાસેથી એંધાણી લઇ રાક્ષસોનું પરાક્રમ જોવા માટે વાડી ભાંગી, રાક્ષસોની સામે યુદ્ધ કરી યુક્તિથી રાવણની કચેરીમાં પહોંચી રાવણની સાથે પણ કેટલીએક વાતચીત કરી, રાવણનો દુરાગ્રહ જોઇ ત્યાંથી પ્રથમની પેઠે જ સમુદ્રને ઠેકી કિનારાપર રાહ જોઇ બેઠેલાં પોતાનાં ટોળાંને સાથે લઈ, રામની પાસે જઈ સઘળી હકીકત્ત કહી સંભળાવી તથા એંધાણી પણ આપી. આથી રામ, લક્ષ્મણ, સુગ્રીવ તથા સઘળા વાનરાઓ અત્યંત પ્રસન્ન થયા અને રામે હનુમાનના બુદ્ધિશાળીપણાની તથા પરાક્રમની ઘણી ઘણી પ્રશંસા કરી.

છોકરીઓ! તમોને આ ઇતિહાસ બહુ પ્યારો લાગ્યો છે તેથી તમો આજ છેક સાંજ પડવા આવી છે તેને પણ જાણતી નથી. હવે તો રજા આપું છું.

———

વિભાગ ૫ મો.

છોકરીઓ—બા! ચાલતો ઇતિહાસ બહુ ઉત્તમ છે. એ સાંભળવાની ઇચ્છાથી અમો આજ વેહેલી વેહેલી આવેલી છીએ.

મહેતીજી—બાળાઓ! લ્યો ત્યારે તમારી ઉત્કંઠાને અનુસરી નિશાળનું કામ વેહેલું વેહેલું શરૂ કરૂં છું. ઘણું કરીને આ ઇતિહાસ આજ જ પૂરો કરી આપીશ. માટે ધ્યાન આપો.

રામ તુરત જ સઘળી સેનાને સાથે લઇ સમુદ્રના કિનારાપર આવ્યા. ત્યાં રાવણની પાસેથી દિલગીર થઇને આવેલા તેના નાહાના ભાઈ વિભીષણનું સાહ્ય પણ રામને મળ્યું. રામે સદાશિવનું (રામેશ્વરનું) સ્થાપન તથા પૂજન કરી સમુદ્રમાં મોટો સેતુ (પૂલ) બંધાવી સઘળા સૈન્યની સાથે લંકાના સમીપમાં આવી રાક્ષસોની સામે મોટો સંગ્રામ મચાવી ઘણા ઘણા રાક્ષસોને મારી, અને છેવટ રાવણનો પણ વધ કરી લંકાનું રાજ્ય વિભીષણને આપ્યું. હનુમાને રામની આજ્ઞાથી સીતાજીની ખબર લેવા માટે આસોપાલવની વાડીમાં જઈ સઘળી ખબર લઇ ત્યાંથી પાછા આવી ખબર આપી રામને કહ્યું કે, 'મહારાજ! જેને માટે આ મોટો આરંભ કરચો હતો તે સીતા તમારાં દર્શનને ઇચ્છે છે. શોકથી ઘેરાયલાં અને આંસુઓથી પૂર્ણ મુખવાળાં સીતાજી આપને વિજય મળ્યો સાંભળી બહુ રાજી થયાં છે. સીતાજી બીજા કોઇની સાથે બોલે એમ પણ નથી પરંતુ મારા ઉપરના પહેલાના વિશ્વાસને લીધે તેમણે પોતાની આપનાં દર્શનની ઇચ્છા જણાવી છે. આ સાંભળી રામ તુરત જ

વિચારમાં ઉંડા ઉતરી ગયા અને તેમને જરાક આંસુ પણ આવી ગયાં. લાંબા લાંબા નિશાસા મુકી, ધરતીપર નજર રાખીને રામે વિભીષણને આજ્ઞા કરી કે 'સીતાજીને સારી પેઠે માથે નવરાવી ચંદનથી, વસ્ત્રોથી તથા આભરણોથી શણગારીને તુરત અહીં હાજર કરો.' આ ઉપરથી વિભીષણે સીતાજીની પાસે જઈ હાથ જોડી સીતાજીને કહ્યું કે 'માતાજી! માથે નાહી, દિવ્ય ચંદન, દિવ્ય વસ્ત્રો તથા દિવ્ય અલંકારો ધરી આ પાલખીમાં બીરાજો. મહારાજ રામ તમને જોવા ઇચ્છે છે. આ સાંભળી સીતાજીએ 'હું નાહ્યા વગર આમની આમ મારા સ્વામીનું દર્શન કરવા ઈચ્છું છું.' એમ કહેતાં વિભીષણે કહ્યું કે 'જેમ તમારા સ્વામીની આજ્ઞા છે તે પ્રમાણે જ તમારે કરવું જોઇએ.' સીતાજીએ પતિભક્તિને લીધે તે આજ્ઞાનો સ્વીકાર કરતાં વિભીષણની સ્ત્રીઓએ તેમને નવરાવ્યાં અને દિવ્ય ચંદનથી, દિવ્ય વસ્ત્રોથી તથા દિવ્ય અલંકારોથી શણગારી પાલખીમાં બેસાડ્યાં. વિભીષણે રાક્ષસોની પાસે તે પાલખી ઉપડાવી, પાલખીના રક્ષણને માટે ચોમેર ઘણા પુરુષોને ગોઠવી, રણભૂમિમાં લાવી તે પાલખીને દૂર ઉભી રાખી. રામની પાસે આવીને તે ખબર આપી. સીતાજી કે જે રાક્ષસોના નિવાસમાં ઘણાં માસ સુધી રહ્યાં હતાં તેમને આવેલાં જાણી રામના મનમાં રોષ, હર્ષ અને દીનતા એકી વખતે આવ્યાં.[1] રામે લાંબો લાંબો વિચાર કરી જરા પણ

૧ 'સીતાને માટે ઘણું વેઠવું પડ્યું અને સીતા હજુ સુધી શકદાર છે'. એવી સમજણથી રોષ ઉત્પન્ન થયો. 'ઘણા દિવસથી છૂટી પડેલી પ્રિય પત્નીનું આજે દર્શન થશે' એવી સમજણથી હર્ષ ઉત્પન્ન થયો અને 'સીતાએ મારી

હર્ષ નહિ બતાવતાં સીતા મારી પાસે જલદી આવે એમ કરો એવી વિભીષણને આજ્ઞા કરી. વિભીષણ જનાનાના બંદોબસ્તની રીત પ્રમાણે ચોમેરથી રાક્ષસોને તથા વાનરાઓને ઉઠાડી દૂર કરવા માંડતાં રામ ક્રોધ કરી બોલ્યા કે 'વિભીષણ! મારો અનાદર કરી તમે આ લોકોને શામાટે દુ:ખી કરો છો? આ સઘળા લોકો મારા જ છે. ઘરોથી, વસ્ત્રોથી, મેહેલથી, પડદાઓથી કે આવી રીતના પાલખી તથા છત્રચામરાદિક રાજચિન્હોથી સ્ત્રીની લાજ જળવાતી નથી પણ કેવળ સદાચરણથી જ જળવાય છે. વિપત્તિકાળમાં, રોગાદિક પીડાના સમયમાં, યુદ્ધમાં, સ્વયંવરમાં, યજ્ઞમાં, વિવાહમાં અને પતિના સમીપમાં રાજપત્નીઓએ જાહેરમાં દર્શન આપવું એ નિર્દોષ ગણાય છે. આમ છે માટે રાક્ષસો તથા વાનરાઓ ભલે દેખે. જાનકી પાલખીમાં ઉતરી પગે ચાલીને મારી પાસે આવે એમ કરો.'[1] આથી વિભીષણ, લક્ષ્મણ, સુગ્રીવ તથા હનુમાન્ બહુ વિચારમાં પડ્યા તથા વ્યથિત થઇ ગયા. રામની આજ્ઞાને માથે ચડાવી તેણે તે પ્રમાણે કરવાનું સીતાજીને કહ્યું. પતિવ્રતા સીતાજી પાલખીમાંથી ઉતરી લાજને લીધે ગાત્રોનો તથા વસ્ત્રાદિકનો સંકોચ કરતાં કરતાં, વિભીષણને સાથે રાખી રામની પાસે આવ્યાં અને વિસ્મયથી, હર્ષથી, સ્નેહથી તથા નમ્રતાથી રામના મુખની સામે જોવા લાગ્યાં. પોતાના હૃદયમાં રહેલો અભિપ્રાય ખુલ્લો થાય એવી ઢબથી રામ બોલવા લાગ્યા કે 'મારે પુરૂષાર્થથી જે કરવું જોઇએ તે કરી ચૂકયો છું. મારાં

રાહ જોતાં જોતાં લાંબા કાળ સુધી દુ:ખ વેઠ્યું છે' એવી સમજણથી દીનતા ઉત્પન્ન થઈ.

1 વાલ્મીકિ રામાયણ. યુદ્ધકાંડ, સર્ગ ૧૧૬ મો.

અપયશ, પરાભવ તથા શત્રુ એઓ સાથે સાથે નષ્ટ થઈ ગયાં છે. આજ મારી પ્રતિજ્ઞા તથા પરિશ્રમ સફળ થયાં છે અને પુરુષાર્થ સહુના જોવામાં આવ્યો છે. લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન્ તથા વિભીષણ એઓએ મારે માટે જે જે કાંઈ વેઠ્યું છે તથા વાનરાઓએ રણભૂમિમાં લોહી રેડ્યાં છે તે સઘળું સફળ થઈ ચૂકયું છે. (આ સમયમાં સીતાજીને આંસુ આવી ગયાં અને રામનું હૃદય લોકાપવાદના ભયથી દોલાયમાન થવા લાગ્યું.) ભાઇના તથા મિત્રોના સાહાય્યથી સફળ થયેલો આ પરિશ્રમ મેં તમારે માટે કર્યો નથી પણ મારા પ્રખ્યાત કુળને લાગેલું કલંક ટાળવા માટે અને મારા પુરુષાર્થનો પ્રકાશ કરવા માટે તથા લોકાપવાદથી બચવા માટે કરેલો છે. તમારા સદાચરણમાં મને સંશય છે તેથી, જેમ નેત્રના દરદીને સામે રહેલો દીવો ગમે નહિ તેમ મને તમે ગમતાં નથી. મારે તમારું કશું પ્રયોજન નથી. આ દશે દિશાઓ ખુલ્લી પડી છે. ગમે ત્યાં જાઓ અથવા તમારા પિતાના, વિભીષણના, સુગ્રીવના કે મારા કોઈ ભાઇના આશ્રયતળે રહો. કયો કુલીન અને તેજસ્વી પુરુષ પરાયે ઘેર રહેલી સ્ત્રીને કામાંધ થઈ સ્વીકારે? દિવ્ય રૂપવાળાં અને વળી પોતાના ઘરમાં જ રહેલાં તમને જોઈ દુષ્ટ રાવણ લાંબા દિવસ સુધી મનને વશ્ય રાખે એ સંભવે જ નહિ.'[1] ભરી સભા વચ્ચે પ્રિય વચનો સાંભળવાના સમયમાં આ દુર્વચનો સાંભળી સીતાજી દડદડ આંસુ ખેરવવા લાગ્યાં, મૂર્છિત જેવાં થઈ ગયાં, લાજથી જાણે પોતાનાં ગાત્રોમાં જ પેસી જવા માગતા હોય તેમ મોહોડું નમાવી સંકુચિત

૧ વાલ્મીકિ રામાયણ. યુદ્ધકાંડ, સર્ગ ૧૧૭ મો.

થઈ ગયાં, બાણોથી ચોમેર વીંધાયેલાં જેવાં બની ગયાં અને એમ છતાં પણ સ્વામી ઉપર અખંડ ભાવવાળાં જ રહ્યાં. પછી પોતાના મુખને વસ્ત્રવતે લૂછતાં લૂછતાં ગદ્ગદ્ સ્વરથી મંદમંદ બોલ્યાં કે–

'જેમ પામર પુરુષ પામર સ્ત્રીને દારુણ વચનો સંભળાવે તેમ તમે ઉઠીને મને કેમ સંભળાવવા લાગ્યા છો? તમે મને જેવી ધારો છો તેવી હું નથી. હું મારા પાતિવ્રત્યના શપથ લઇને બોલું છું કે મારો વિશ્વાસ રાખો. પામર સ્ત્રીઓની ચાલ ઉપરથી આખી સ્ત્રી જાતિ ઉપર અને તેમાં વળી જો તમને મારા આચરણની પરીક્ષા મળી હોય તો મારી જાત ઉપર શંકા લાવવી ઉચિત નથી. રાવણ મને હરી ગયો તે સમયમાં મને તેના શરીરનો જે સ્પર્શ થયો હતો તેમાં મારો નહિ પણ દૈવનો જ અપરાધ હતો. મારું હૃદય કે જે મને જ આધીન છે તે હજુ સુધી તમારામાંથી ખસેલું નથી. બીજાઓથી ગાત્રોનું ગ્રહણ કરી શકાય છે પણ હૃદયનું ગ્રહણ કરી શકાતું નથી. તમે મારી શોધ કરવા માટે હનુમાનને મોકલ્યા હતા ત્યારે જ આવી ચોખ્ખી વાત શામાટે કહેવરાવી નહતી કે જે સાંભળી હું તે વખતે જ પ્રાણ છોડી દેત; એટલે તમને, લક્ષ્મણને કે તમારા મિત્રોને આવો વ્યર્થ પરિશ્રમ ન થાત. પ્રાણનાથ! તમે તો હલકા માણસની પેઠે રોષને અનુસરી કેવળ સ્ત્રીની જાતિ ઉપર જ લક્ષ આપ્યું, પણ મારા પિતાના કુળની તથા મારા શીલની ઉપર આપ્યું નહિ. વિવાહના સમયમાં કેવી બોલીથી મારું પાણિગ્રહણ કર્યું હતું તેનો પણ કાંઈ વિચાર કર્યો નહિ.'[1]

૧ વાલ્મીકિ રામાયણ. યુદ્ધકાંડ, સર્ગ ૧૧૮ મો.

રોતાં રોતાં લક્ષ્મણને કહ્યું કે, 'લક્ષ્મણ! મારે માટે ચિતા ખડકો. એજ મારા દુઃખનું ઔષધ છે. હું ખોટા અપવાદથી ઉપહત થઈ હવે જીવવા ઇચ્છતી નથી. ભરી સભા વચ્ચે પતિએ ત્યાગ કર્યો એટલે હવે મારે અગ્નિમાં પ્રવેશ કરવો જ ઉચિત છે.' લક્ષ્મણે રામની સામે જોયું ત્યાં નેત્ર વગેરેની ચેષ્ટા ઉપરથી રામનો પણ તેવો જ અભિપ્રાય જાણવામાં આવતાં તુરત કાષ્ઠો મગાવી ચિતા ખડકાવી અગ્નિથી પ્રદીપ્ત કરી. રામ આ વખતે એવા તો ક્રોધાક્રાંત દેખાતા હતા કે કોઇ પણ સ્નેહી તેમને સમજાવવા, તેમની સાથે વાત કરવા કે તેમની સામે જોવાને પણ સમર્થ થયો નહિ. રામને પ્રદક્ષિણા કરી ચિતાની પાસે જઈ બ્રાહ્મણો તથા દેવતાઓને પ્રણામ કરી હાથ જોડી સીતાજી બોલ્યાં કે—

'જો મારું હૃદય રામમાંથી કદી પણ દૂર ન થયું હોય તો જગતના પાપ પુણ્યોનો સાક્ષી અગ્નિ મારું રક્ષણ કરજો. રામ મને દુષ્ટ જાણે છે પણ હું જો દુષ્ટ ન હોઉં તો અગ્નિ મારા કેશ તથા વસ્ત્ર વગેરેને પણ બાળજો માં.'[1]

પછી સીતાજીએ ચિતાના અગ્નિની પ્રદક્ષિણા કરી નિઃશંક મનથી ઘીની આહુતિની પેઠે તે અગ્નિમાં પ્રવેશ કરતાં સર્વ લોકો હાહાકાર કરવા લાગ્યા તથા રામ પણ ચિંતાને આધીન થયા. આ સમયમાં તુરત જ મૂર્તિમાન અગ્નિદેવે એવાં ને એવાં એટલે જેનાં વસ્ત્રોને પણ કશી આંચ લાગી ન હતી એવાં સીતાજીને છાતીપર

[1] વાલ્મીકિ રામાયણ. યુદ્ધકાંડ, સર્ગ ૧૧૮ મો.

લઈ ચિતામાંથી બહાર નીકળી સીતાજીનો હાથ રામના હાથમાં આપી કહ્યું કે 'રામ! સીતાજીએ વચનથી, મનથી કે દૃષ્ટિથી પણ કોઈ પ્રકારે દુરાચરણ કર્યું નથી અને ખરા પાતિવ્રત્યનો આશ્રય લઈ રાવણને જરા પણ ગણકાર્યો નથી. સીતાજી નિષ્પાપ છે માટે તેનો સ્વીકાર કરો.'

'સીતાજી રાવણના અંતઃપુરમાં લાંબા કાળ સુધી રહ્યાં તેથી તેમની આ પ્રમાણે શુદ્ધિ કરાવવી યોગ્ય જ હતી. શુદ્ધિ કરાવ્યા વગર જો હું તેનો સ્વીકાર કરત તો રામ મૂર્ખ અને કામી છે, એમ જગતમાં કહેવાત. સીતાજીનું મન મારામાં જ છે એ હું પણ જાણું છું. સીતાજીનું રક્ષણ તેના પાતિવ્રત્યનું તેજ જ કરે છે. તેની મર્યાદાનું ઉલ્લંઘન કરવાની રાવણની તાકાત જ ન હતી.'[1]

એમ બોલી રામે સીતાજીનો સ્વીકાર કરતાં સર્વે લોકો બહુ પ્રસન્ન થયા. પછી ઈંદ્રને કહી તેમના હાથથી અમૃતની વૃષ્ટિ કરાવી, યુદ્ધમાં મરણ પામેલા વાનરાઓને જીવતા કરી, તેઓને તથા વિભીષણને સાથે લઇ પુષ્પક વિમાનમાં બેસીને આકાશ માર્ગથી સીતાજીની તથા લક્ષ્મણની સાથે રામ અયોધ્યામાં પધાર્યા. આ દિવસે જ વનવાસનાં ચૌદ વર્ષ પૂરાં થયાં હતાં. પ્રેમના આંસુઓથી વ્યાકુળ થયેલા ભરતે ભ્રાતૃભાવના અપાર સ્નેહથી પ્રણામ કરી રામને પટ્ટાભિષેક કરાવીને રાજ્યસિંહાસન સોંપ્યું અને લોકોમાં મોટો આનંદ વર્તી રહ્યો. કેટલાએક દિવસ પછી રામે વિભીષણ આદિ મિત્રોનું

૧ વાલ્મીકિ રામાયણ. યુદ્ધકાંડ, સર્ગ ૧૨૦ મો.

યોગ્ય સન્માન કરી તેઓને રજા આપી. રામના રાજ્યમાં પ્રજાવર્ગને મોટું સુખ પ્રાપ્ત થયું હતું કે જે ઉપરથી પ્રજાવર્ગ હાલ પણ સારા રાજ્યને રામના રાજ્યની ઉપમા આપે છે.

વિભાગ ૬ ઠ્ઠો.

છોકરીઓ—બા! મહાપતિવ્રતા સીતાજીએ પણ રામની પાસે તથા અનસૂયા માતાની પાસે સાવિત્રીનાં વખાણ કર્યાં છે અને પોતાને તેની ઉપમા આપેલી છે. સીતાજીનું પતિવ્રતાપણું કાંઇ ઓછું નહતું, તોપણ જેની ઉપમા લેવાય તેના ગુણોમાં કાંઇ વિશેષ ચમત્કાર હોય એમ અમે સાંભળેલું છે, માટે આજ તો અમોને સાવિત્રીનો ઇતિહાસ સાંભળવાની ઉત્કંઠા થઇ છે.

મહેતીજી—છોકરીઓ! તમારી ઉત્કંઠા ઘણી સારી છે. તમે શિક્ષણ ઉપર પૂરતું ધ્યાન આપો છો તેથી હું રાજી છું. સાંભળો.

મદ્રદેશમાં એક અશ્વપતિ નામે ધર્માત્મા અને પ્રતાપી મોટો રાજા હતો. એ રાજાને છેક વૃદ્ધ અવસ્થા થતાં સુધી કોઈ પુત્ર સાંપડ્યો નહતો પણ તેજ અવસ્થામાં એક સાવિત્રી નામની કન્યા સાંપડી. એ કન્યા એવી તો રૂપાળી અને તેજસ્વી હતી કે જેથી કોઇ પણ રાજાઓએ કે રાજકુમારોએ પોતાને એ કન્યાના પતિ થવાને નાલાયક સમજી અશ્વપતિની પાસે તે કન્યા જુવાન થતાં સુધીમાં પણ માગું ન કર્યું. કોઇનું પણ માગું નહિ આવતાં અને કન્યા જુવાન થતાં રાજાને ચિંતા ઉત્પન્ન થઇ. તેથી

તેણે સાવિત્રીને કહ્યું કે દીકરી! તારા કન્યાદાનનો સમય થઈ ગયો છે તે છતાં આજ દિવસ સુધી કોઇનું ગાગું આવ્યું નથી તેથી હું નિરૂપાય છું. તું પોતાની મેળે યોગ્ય વર શોધી તેનું નામ મારી પાસે દે એટલે હું વિચાર કરી યોગ્ય જણાશે તો તે વરની સાથે તારો વિવાહ કરી આપીશ.' સાવિત્રીએ લજાતાં લજાતાં પણ તે વાતનો સ્વીકાર કરતાં, રાજાએ મંત્રિઓની સંમતિ લઇ તે કન્યાને દેશદેશાંતરમાં ફરવા માટે રથ વગેરેની તથા રક્ષણને માટે સેનાની ગોઠવણ કરી આપી. સાવિત્રી રસાલાને સાથે લઇ દેશમાં, દેશાંતરોમાં તથા તપોવનોમાં ફરી ફરીને યોગ્ય વરનો શોધ કરવા લાગી અને તીર્થ સ્થળોમાં મોટાં દાનપુણ્યો કરવા લાગી. એક દિવસે મહાત્મા નારદમુનિ અશ્વપતિની પાસે બેઠા હતા તે સમયમાં સાવિત્રી સઘળા પ્રદેશોમાં ફરીને પાછી પિતાને ત્યાં આવી અને નારદજીને તથા પિતાને પ્રણામ કરી હાથ જોડી ઉભી રહી. નારદજીએ 'આ જુવાન દીકરીને હજુ સુધી કેમ પરણાવી નથી?' એમ પુછતાં અશ્વપતિએ 'વર શોધવા માટે જ આને મોકલી હતી.' એમ કહી હકીકત કહેવાની સાવિત્રીને આજ્ઞા કરતાં સાવિત્રી બોલી;—

'શાલ્વ દેશનો દ્યુમત્સેન રાજા વૃદ્ધ અવસ્થામાં અંધ થયો અને પોતાનું રાજ્ય પણ પડોશના રાજાએ હરી લીધું તેથી સ્વદેશમાંથી નીકળી સત્યવાન્ નામના બાળક પુત્રવાળી રાણીની સાથે તપોવનમાં આવી ઘણાં વર્ષો થયાં ત્યાંજ રહેલ છે. એમનો પુત્ર સત્યવાન્ હવે જુવાન થઈ રહેલ છે અને ગુણવાન છે. માટે મેં મારા મનથી તેને વરવા ધાર્યું છે.'

નારદમુનિ બોલ્યા કે—"રાજા ! તમારી દીકરીએ અજાણતાં મોટામાં મોટી ભૂલ કરી છે. એના માતાપિતા તથા પોતે પણ સત્યવાદી છે તેથી મુનિઓએ તેનું 'સત્યવાન' એ નામ રાખેલું છે. એ રાજપુત્રમાં, તેજ, બુદ્ધિ, વીરતા, ક્ષમા, ઉદારતા, શ્રદ્ધા, રૂપ, જિતેંદ્રિયપણું તથા સરલતા આદિ સઘળા ગુણો અપ્રતિમ છે; પરંતુ એ સઘળા ગુણોને દબાવી નાખે એવો એક દોષ રહેલો છે તે એ છે કે એનું આયુષ માત્ર હવે એક વર્ષ સુધીનું જ અવશેષ છે." આ ઉપરથી અશ્વપતિએ બીજો કોઈ વર શોધવાની સાવિત્રીને આજ્ઞા કરતાં સાવિત્રી બોલી:—

'એ સત્યવાનનું આયુષ ટુંકું કે લાંબું ગમે તેવું હોય અને હવે પછી ગમે તેવો નીવડે તો પણ હું મનથી તેને જ વરી ચુકી છું. સઘળી બાબતો પ્રથમ મનથી નિશ્ચિત કરવામાં આવે છે, પછી વાણીથી બોલવામાં આવે છે અને તે પછી ક્રિયાથી કરવામાં આવે છે. માટે મારું મન જ મને પ્રમાણભૂત છે.' સાવિત્રીની દૃઢતા જોઈ તેની ઇચ્છા પ્રમાણે કરવાની અશ્વપતિને ભલામણ કરી આશીર્વાદ આપી નારદમુનિ ત્યાંથી ગયા. અશ્વપતિ પોતે ચિંતાતુર છતાં પણ સાવિત્રીના વિવાહની સઘળી સામગ્રીઓ તૈયાર કરી સારું મુહૂર્ત જોઈ મોટા રસાલાની સાથે દ્યુમત્સેનના તપોવનમાં જઈ ત્યાંથી પગેપાળો ચાલી દ્યુમત્સેનના આશ્રમમાં ગયો. આંધળો દ્યુમત્સેન રાજા એક ઝાડની નીચે દર્ભની સાદડીપર બેઠો હતો. અશ્વપતિએ એમની પૂજા કરી પોતાનું નામ આપ્યું. દ્યુમત્સેને માન આપી આવવાનું કારણ પૂછતાં અશ્વપતિએ પોતાનો સઘળો અભિપ્રાય જણાવ્યો. 'અમો

રાજ્યથી ભ્રષ્ટ થઈ વનમાં આવી ધર્માચરણમાં તથા તપ કરવામાં લાગેલાં છીએ. આ તમારી પુત્રી કે જે સુખમાં જ ઉછરેલી હોવાથી વનવાસને યોગ્ય નથી તે, આ આશ્રમમાં રહી દુઃખો કેમ વેઠી શકશે?' એમ દ્યુમત્સેન બોલતાં અશ્વપતિ બોલ્યો. 'સુખ તથા દુઃખ બન્ને અનિત્ય છે એમ હું જાણું છું તથા મારી પુત્રી પણ જાણે છે. મારા જેવાની પાસે આપે એ જણાવવું યોગ્ય નથી. આપના પુત્રની વહુ કરવા માટે મારી પુત્રીનો સ્વીકાર કરો. આપે મારી આશાનો ભંગ નહિ કરવો જોઇએ. તમને હું લાયક છું અને તમે મને લાયક છો.' દ્યુમત્સેન બોલ્યો. 'ઘણા દિવસ થયા તમારી સાથે સંબંધ કરવાની ઇચ્છા હતી પણ હું રાજ્યથી ભ્રષ્ટ છું તેથી મારે આટલો વિચાર જણાવવો પડ્યો. આજ તમારી અને મારી ઇચ્છા ભલે પાર પડે.' પછી એ બન્ને રાજાઓએ મળી સઘળા આશ્રમવાસી બ્રાહ્મણોને બોલાવી સત્યવાનનો અને સાવિત્રીનો વિવાહ સંસ્કાર કર્યો. અશ્વપતિ કન્યાદાન આપી પાછો સ્વદેશમાં ગયા પછી સત્યવાન તથા સાવિત્રી પરમ આનંદથી રહેવા લાગ્યાં. સાવિત્રીએ સઘળાં ઉત્તમ વસ્ત્રોને તથા આભરણોને છોડી દઈ વલ્કલવસ્ત્ર પહેરી લીધાં, પોતાના સદ્ગુણોથી સર્વને સંતોષ આપવા માંડ્યો અને સાસૂ સસરાની તથા પતિની સેવા કરવામાં જ ચિત્ત રાખ્યું. પરંતુ જેમ જેમ મહિના વ્યતીત થતા ગયા તેમ તેમ નારદ મુનિના વચનના સ્મરણથી સાવિત્રીના ચિત્તમાં તથા શરીરમાં ગ્લાનિ ઉત્પન્ન થવા લાગી. વર્ષ પૂરું થવામાં આડા ચાર દિવસ રહ્યા ત્યારે સાવિત્રીએ ત્રણ દિવસનું વ્રત[1] આરંભ્યું. આ જોઇ દ્યુમત્સેને કહ્યું કે 'રાજપુત્રિ! ત્રણ

[1] વટસાવિત્રી વ્રત.

દિવસ સુધી લાગટ ઉપવાસ કરવા એ કઠણ કામ છે તોપણ તમારી દૃઢતા જોઈ હું તમને વ્રત તોડવાનું કહી શકતો નથી. મારા જેવાએ તો પૂરું કરવાનુંજ કેહેવું જોઇએ. સાવિત્રી ત્રણ રાત સુધી કાષ્ઠની પેઠે ઉભીજ રહી. ચોથો દિવસ ઉગતાં સાવિત્રીએ સઘળાં પ્રભાતનાં કામોને પોહોંચી લઈ સાસૂ સસરાને તથા બીજા તપસ્વીઓને પ્રણામ કર્યા. એઓએ 'તારું સૌભાગ્ય અખંડ રેહેજો' એવો આશીર્વાદ દેતાં સાવિત્રી 'તથાસ્તુ' એમ બોલી ધ્યાનમાં તત્પર થઈ. સાસૂ સસરાએ પારણું કરવાનું કહેતાં સાવિત્રીએ કહ્યું કે 'મારે સૂર્ય આથમ્યા પછી પારણું કરવાનું છે. મેં નિયમ પણ એવોજ લીધો છે. આ સમયમાં સત્યવાન કાંધ પર કોહાડો લઈ લાકડાં કાપવા જંગલમાં જવા તૈયાર થતાં સાવિત્રી બોલી 'પ્રાણનાથ! તમારે એકલાએ જવું યોગ્ય નથી. હું પણ તમારી સાથે આવીશ.' સત્યવાન બોલ્યો 'પ્રિયા! તમે કોઇ દિવસે જંગલમાં આવ્યાં નથી એટલુંજ નહિ પણ રસ્તો બહુ વિકટ છે અને તમે ઉપવાસથી નિર્બળ થયેલાં છો માટે ચાલ્યાં ચાલ્યાં શી રીતે આવી શકશો!' સાવિત્રી બોલી 'ઉપવાસો કરવાથી મને ગ્લાનિ કે પરિશ્રમ કશું થયું નથી એટલુંજ નહિ પણ તમારી સાથે આવવાનો ઉત્સાહ છે માટે મને ના પાડવી જોઇતી નથી. સત્યવાન બોલ્યો 'જો તમને ઉત્સાહ છે તો તમને રાજી કરવા તૈયાર છું, પરંતુ મારાં વડીલોની રજા લ્યો કે જેથી મને દોષ ન લાગે.' સાવિત્રીએ રજા મગાવતાં દ્યુમત્સેન બોલ્યો કે 'પ્રિય પત્નિ! સાવિત્રીને એમના પિતાએ જ્યારથી પરણાવ્યાં છે ત્યારથી આજ દિવસ સુધી એટલે લગભગ એક વર્ષ સુધીમાં

મારી પાસે કશી માગણી કરી નથી. આથી હું એમની માગણીનો ભંગ કરી શકતો નથી. દીકરી ! સત્યવાનની સાથે સુખેથી જાઓ. રસ્તામાં સત્યવાનની સંભાળ રાખજો.' વડીલોની રજા મળતાં સાવિત્રી નારદ મુનિના વચનના સ્મરણથી મનમાં કચવાતાં છતાં પણ મોઢું પ્રફુલ્લિત રાખી પતિની સાથે ચાલી. સત્યવાન સાવિત્રીને જંગલના તે તે પ્રદેશો, વૃક્ષો તથા નદીઓ વગેરે જોવાનું કહેવા લાગ્યો, પણ સાવિત્રી સત્યવાનના શરીરની પ્રકૃતિ ઉપર જ ધ્યાન આપવા લાગી. સત્યવાન પ્રથમ વૃક્ષોનાં ફળો તોડી પાત્રમાં ભરી પછી કોહાડાથી કાષ્ઠો કાપવા લાગ્યો ત્યાં તેને પસીનો વળી ગયો અને માથામાં વેદના જાગી. 'પ્રિયા ! આ મેહેનતથી મારા માથામાં વેદના જાગી છે, અંગો દુખે છે, છાંતી ભીડાય છે અને કશું ઠીક જણાતું નથી તેથી સૂઈ જવા ઇચ્છું છું. ઉભો રહેવાની તાકાત નથી.' એમ સત્યવાન બોલતાં સાવિત્રી પરિતાપને ચિત્તમાં જ રાખી તેની પાસે જઇ પતિને સુવાડી તેનું માથું ખોળામાં લઈ ધરતીપર બેઠી. જરાવારમાં રાતી આંખ્યોવાળો, રાતાં વસ્ત્રોવાળો, શ્યામ કાંતિવાળો અને જેના હાથમાં ફાંસી હતી એવો એક ભયંકર પુરુષ સત્યવાનની પાસે ઉભેલો સાવિત્રીના જોવામાં આવ્યો. એને જોઇ હૃદયમાં ધ્રૂજતી સાવિત્રી સત્યવાનના માથાને ધીરેથી ધરતીપર રાખી જલદી ઉભી થઈ હાથ જોડીને બોલી. 'તમારા શરીર ઉપરથી તમે કોઇ દેવ જણાઓ છો. મરજી હોય તો કહો કે તમે કોણ છો અને શું કરવા ધારો છો?' યમરાજ બોલ્યા 'સાવિત્રિ ! તું પતિવ્રતા છે અને વળી તપવાળી છે તેથી તારી સાથે વાત કરું છું. હું

યમ છું. આ તારા પતિનું આયુષ ખૂટી ગયું છે તેથી હું એને બાંધીને લઇ જવાનો છું.' સાવિત્રી બોલી 'દેવ! તમારા દૂતો માણસોને લેવા આવે છે એમ મેં સાંભળ્યું છે પણ તમે આપોઆપ શા માટે પધાર્યા છો?' યમ બોલ્યાં 'આ ધર્માત્મા છે અને વળી ગુણોના સમુદ્રરૂપ છે માટે મારા દૂતોને નહિ મોકલતાં જાતે આવેલો છું.' પછી સત્ય-વાનના જીવને ફાંસીથી બાંધી બળાત્કારથી ખેંચી લઈ યમ દક્ષિણ તરફ ચાલતા થયા. શબ બીભત્સ દેખાવા લાગ્યું અને સાવિત્રિ, પોતાનાં તપોબળને લીધે યમની પછવાડે ચાલી. યમ બોલ્યા 'સાવિત્રિ! પાછી વળ. આની ક્રિયાઓ કર. જેટલે સૂધી અવાય તેટલે સુધી આવી ચૂકી છો.' સાવિત્રી બોલી 'તમે આ મારા પતિને લઇને જ્યાં જાઓ ત્યાં મારે આવવું જ જોઇએ એ સનાતન ધર્મ છે. મારી ગતિ પાતિવ્રત્યના પ્રભાવને લીધે કહીં પણ અટકે એમ નથી.'

છોકરીઓ! આ ઇતિહાસ આવતી કાલે સાંજ સુધીમાં પણ માંડ પૂરો થાય એટલો લાંબો છે અને આજ નિશાળ ઉઠવાનો વખત થયો છે માટે રજા આપું છું.

વિભાગ ૭ મો.

છોકરીઓ—બા! અમોએ રાતે પણ આ સાવિત્રીના ઇતિ-હાસનું મનન કર્યા કર્યું છે. હવે જે એમાં અવશેષ રહ્યું હોય તે સંભળાવો.

મહેતાજી—કન્યાઓ! તમારી શુભ ગુણોની ઇચ્છા ઉપરથી રાજી થાઉં છું. મોડું થઇ જશે તોપણ ચાલતો ઇતિહાસ પૂરો કરીનેજ આજે ઉઠવું છે. લ્યો સાંભળો.

પછી ચાલતાં ચાલતાં તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઈ. 'પરસ્પરની વાતચીતમાં સાત શબ્દો બોલાય એટલે મૈત્રી થઈ ચૂકેલી ગણાય છે, તો એ મૈત્રીનો આધાર લઈ કહું છું કે જિતેંદ્રિય લોકો ચાર આશ્રમો[1] લેવારૂપ ધર્મ પાળે છે માટે ધર્મ સહુથી પ્રધાન ગણાય છે. મારા સ્વામીનું હરણ કરવાથી તમારે અમારા ગૃહસ્થાશ્રમના ધર્મોનો નાશ કરવો જોઇતો નથી.'

'તારી આ રમણીય વાણીથી પ્રસન્ન થયો છું. આના જીવિત વિના તારે બીજું જે કાંઈ જોઈતું હોય તે મારી પાસેથી માગી લઈને પાછી વળ.'

'મારો સસરો કે જે અંધ થઈ રાજ્યથી ભ્રષ્ટ થઈ વનમાં આવેલ છે તે તમારી કૃપાથી દેખતો તથા મહા બલવાન્ થાય એ માગું છું.'

'જેમ તેં માગ્યું તેમ થશે. પંથ કરવાથી તને ગ્લાનિ પામેલી જેવી દેખું છું માટે પાછી વળ.'

'પતિના સમીપમાં ચાલતાં મને પરિશ્રમ શાથી હોય? જ્યાં મારો પતિ ત્યાંજ મારી ગતિ. લોકો સત્પુરુષના સમાગમને નિરંતર ઇચ્છે છે તે એટલા માટે કે તેની સાથે થયેલી મૈત્રી સુફલ આપ્યા કરે છે. તમે પણ સત્પુરુષ છો.'

'તારું ધર્મસંયુક્ત બોલવું મને બહુ ગમે છે માટે આના જીવિત વિના મારી પાસેથી બીજું એક વરદાન માગી લે.'

---

૧ બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ.

'ગયેલું રાજ્ય મારા સસરાને પાછું મળે અને તે સસરો સર્વદા ધર્માત્મા રહે એ બીજું વરદાન માગું છું.'

'તારા સસરાને ગયેલું રાજય પાછું મળશે અને તે ધર્માત્મા રહેશે. હવે પાછી વળ કે જેથી તને પરિશ્રમ ન થાય.'

'ક્રિયાથી, મનથી તથા વચનથી કોઇ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો, દેવું અને દયા કરવી એ સત્પુરુષોનો સનાતન ધર્મ છે માટે આપે મારા પર દયા રાખવી. સત્પુરુષો શત્રુઓની ઉપર પણ દયા કરે છે.'

'જેમ તરશથી વ્યાકુળ થયેલાને જળ પ્યારું લાગે તેમ મને આ તારું વચન પ્યારું લાગે છે માટે આ તારા પતિના જીવિત વિના ત્રીજું વરદાન પણ માગી લે અને પાછી જા.'

'મારો પિતા કે જે અપુત્ર છે તેને વંશની વૃદ્ધિ કરનારા સો ઔરસ પુત્રો પ્રાપ્ત થાય, એ ત્રીજું વરદાન માગું છું.'

'રાજપુત્રિ ! તેં જેમ માગ્યું તેમ થશે. હવે તારી ઇચ્છા પૂર્ણ કરી છે, માટે પાછી વળ. બહુ દૂર આવી છે.'

'મને પતિના સમીપમાં ચાલતાં કંઇ દૂર લાગતું નથી. મારું મન હજુપણ વધારે દૂર જવા દોડે છે. તમારે રોકાવું નહિ પણ ચાલતાં ચાલતાંજ મારી વિજ્ઞપ્તિ સાંભળવી. જેવો વિશ્વાસ પોતાની ઉપર પણ હોતો નથી તેવો વિશ્વાસ સત્પુરુષોની ઉપર હોય છે. માટે લોકો વિશેષે કરી સત્પુરુષોની સાથે સ્નેહ બાંધવા ઇચ્છે છે.'

'રાજકુમારિ ! તારા મુખથી જેવું આ શુભ વચન નીકળ્યું તેવું મેં બીજા કોઇના પણ મુખથી સાંભળ્યું નથી. આથી પ્રસન્ન થઇને કહું છું કે આ તારા પતિના જીવિત વિના મારી પાસેથી ચોથું વરદાન પણ માગી લે અને પાછી વળ.'

'મને આ સત્યવાનથી સો ગુણસંપન્ન ઔરસ પુત્રો પ્રાપ્ત થાય એ ચોથું વરદાન માગું છું.'

'તારી ઇચ્છા છે તે પ્રમાણે આ સત્યવાનથી સો ઔરસ પુત્રો પ્રાપ્ત થશે. હવે તને પરિશ્રમ ન થવો જોઇએ માટે પાછી વળ. બહુ જ દૂર આવી છે.'

'સત્પુરુષો સર્વદા પ્રાચીન ધર્મમાં જ વર્તે છે, જરા પણ નહિ ગભરાતાં પોતાનું બોલેલું પાર પાડે છે, પોતાના સમાગમને વિફળ થવા દેતા નથી, ભૂત ભવિષ્યના પણ આશ્રયરૂપ છે અને કશા બદલાની ગરજ રાખ્યા વગર પરોપકાર કરે છે. સૂર્યની ગતિ તથા પૃથ્વીની સ્થિરતા સત્પુરુષોના સત્યને જ આધીન છે. સત્પુરુષોના સમાગમમાં સજ્જનોને પરિશ્રમ હોય જ નહિ.'

'પતિવ્રતા સાવિત્રિ ! જેમ જેમ તું ધર્મ ભરેલાં રમણીય વચનો બોલતી જાય છે તેમ તેમ મને તારા વિષે ભક્તિ વધતી જાય છે. હવે તો કોઇ ઉંચામાં ઉંચું વરદાન માગ.'

'તમે જેમ બીજાં વરદાનોમાં સત્યવાનનું જીવિત માગવાની બંધી કરી હતી તેમ આ વરદાનમાં કરી નથી માટે પાંચમું ઉંચું વરદાન એ માગું છું કે આ સત્યવાન જીવતો થાય કેમકે હું પતિ

વિના મારી ગયેલી જ છું. હું મારા પતિ વિના સુખને, લક્ષ્મીને, જીવિતને કે સ્વર્ગને પણ ઇચ્છતી નથી.'

'તારા પતિને મારા પાશમાંથી છોડી દઉં છું. આ સત્યવાન તારો કલ્યાગરો, રોગરહિત, યજ્ઞ કરનારો અને ચારસો વર્ષના આયુષવાળો થશે તથા એના સઘળા મનોરથો પૂર્ણ થશે.'

યમરાજા સાવિત્રીને આ પ્રમાણે પાંચ વરદાનો આપી ત્યાંથી પાંછી વાળીને પોતાના લોકમાં ગયા અને સાવિત્રી પાછી વળીને જ્યાં પોતાના પતિનું શબ પડચું હતું ત્યાં જઈ શબનું માથું ખોળામાં લઈ જેમ પ્રથમ બેઠી હતી તે પ્રમાણે જ બેઠી. થોડીવારમાં સંજ્ઞા પ્રાપ્ત થતાં સત્યવાન બોલ્યો કે 'પ્રિયા! મને સૂતે ઘણીવાર થઈ તે છતાં તમે શામાટે જગાડ્યો નહિ.' પેલો શ્યામ પુરુષ કે જે મને ખેંચતો હતો તે ક્યાં છે?' સાવિત્રી બોલી 'તમે લાંબી વાર સુધી મારા ખોળામાં માથું દઈ સૂઈ ગયા હતા. તમે જે શ્યામ પુરુષ દીઠો હતો તે અહીંથી ગયો છે. તમારી નિદ્રા થઇ રહી હશે અને થાક પણ ઉતરી ગયો હશે માટે બની શકે તો ઉઠો,. રાત મોડી થઈ ગઈ છે.' જાણે સુષુપ્તિમાંથી ઉઠેલો હોય એવા દેખાતા સત્યવાને ચોમેર નજર કરી અને તે પછી તે દંપતી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

'ફળ લેવા માટે તારી સાથે વનમાં આવ્યો હતો ત્યાં ફળો લીધા પછી કાષ્ઠો ફાડતાં ફાડતાં માથામાં વેદના થઈ તેથી તારા ખોળામાં માથું ધરી ઉંઘી ગયો, અને અહુંધી ઉંઘમાંજ એક ભયંકર પુરુષ મારા જોવામાં આવ્યો એ બધું મને યાદ છે. આથી કાંઈ વધારે થયેલું તારા જાણવામાં હોય તો મારી પાસે ખરી વાત કર.'

'હું આવતી કાલે તમને સઘળું કહી સંભળાવીશ. હાલ તો રાત ઘણી ગઈ છે, હિંસક પ્રાણીઓના અવાજો સંભળાય છે, પાનડાંઓનો ખડખડાટ થાય છે અને ફચાવડીઓ બોલે છે તેથી બીહીઉં છું. ચાલો આપણા આશ્રમમાં જઇએ.'

'જંગલ ભયંકર છે તથા અંધારું બહુ થઇ ગયું છે. આમાં રસ્તાની ખબર નહિ પડે અને ચાલી પણ નહિ શકાશે.'

'તમારા બોલવાપરથી જણાય છે કે તમે હજુ ચાલવામાં અશક્ત છો. ચિંતા નહિ કરો. જંગલના, કોઈ કોઈ પ્રદેશમાં અગ્નિ સળગતો દેખાય છે, ત્યાંથી અગ્નિ લાવી કાષ્ઠો સળગાવી તાપણી કરી આપીશ. એક રાત્રિ અહીંજ વ્યતીત કરીને કાલે આશ્રમમાં જઇશું.'

'માથાની વેદના ટળી ગઇ છે અને અંગો પણ સ્વસ્થ જણાય છે માટે તું જો લઇ જાય તો હું મારાં માબાપને મળવા ઇચ્છું છું. મને દિવસની પણ કહીં વાર લાગી જાય તો મારાં માબાપ આશ્રમવાસીઓને સાથે લઈ મને શોધવા નીકળે છે. હમણા મારે માટે એઓ પરિતાપ પામતાં હશે. એઓની શી દશા થઈ હશે? એ બુઢાંઓની લાકડી હું છું.' (આટલું બોલી સત્યવાન રોવા લાગ્યો અને સાવિત્રિ આંસુ લુછવા લાગી.)

'મેં કાંઈ પણ પુણ્ય કર્યું હોય અને હું કોઈ દિવસે હસવા રમવાની વાતોમાં પણ ખોટું ન બોલી હોઉં તો વડીલોને તથા તમને આ રાત્રિ નિર્વિઘ્ને વ્યતીત થજો.'

''સાવિત્રિ! જલદી ચાલો. જો હું મારાં વડીલોનું વિપ્રિય દેખું તો મારાથી જીવાય નહિ.'

સાવિત્રીએ ઉભી થઇ કેશ સમાનમા કરી બન્ને હાથ પકડીને સત્યવાનને ઉભો કરચો. સત્યવાને શરીરપરની રજ લુછી નાખીને ફળોના પાત્રપર નજર કરતાં સાવિત્રી 'આ પાત્ર આવતી કાલે લઈ જજો. તમારા રક્ષણને માટે હું કોહાડો કાંધપર લઇ ચાલી આવીશ.' એમ બોલી ફળના પાત્રને ઝાડમાં લટકાવી કોહાડો કાંધે લઈ, ડાબા ખભાપર પતિનો હાથ મુકાવી જમણા હાથથી પતિના જમણા પાસાને ટેકો દઈ પતિની સાથે ત્યાંથી ચાલી.

'રોજના અભ્યાસને લીધે રસ્તા મારા જાણવામાં છે. ઝાડીમાંથી ચાંદનીનું થોડું થોડું અજવાળું પણ પડે છે. આપણે જે રસ્તાથી આવેલાં છીએ તે જ આ રસ્તો છે. તું ચિંતા નહિ કર. હું સ્વસ્થ છું. માત્ર ખાખરાની ઝાડીમાં બે રસ્તા ફૂટે છે તેઓમાંથી આપણે ઉત્તર તરફનો રસ્તો લેવાનો છે.' એમ વાતો કરતો કરતો સત્યવાન સાવિત્રીની સાથે પોતાના આશ્રમની પાસે આવ્યો. દ્યુમત્સેન તો પહેલાંથી જ દેખતો થયો હતો, પોતાની પત્નીની સાથે સઘળા આશ્રમોમાં સત્યવાનની શોધ કરવા નીકળ્યો હતો અને કોઇ પણ અવાજ સંભળાય તો 'મારો દીકરો સાવિત્રી સહિત આવે છે' એમ બોલતો હતો. એ બુઢાં દંપતીના પગ કાંટાઓથી જખમી થયા હતા અને તેથી આશ્રમવાસીઓ તેઓને આશ્રમમાં પાછાં લાવી ધીરજ આપતા હતા કે 'સત્યવાનની સ્ત્રી સાવિત્રી તપથી, જિતેંદ્રિયપણાથી, સદાચારથી તથા કદી પણ વિધવા ન થાય. એવાં લક્ષણોથી યુક્ત છે અને સત્યવાન પણ ગુણવાન છે તથા લાંબા આયુષનાં લક્ષણોવાળો, છે તે ઉપરથી સત્યવાન તથા સાવિત્રી આબાદ હોવાં

જોઇએ એ નિશ્ચય છે. અમોએ વેદાભ્યાસ કરચો છે, તપ તથા વ્રતો કર્યાં છે, બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્ય પાળ્યું છે અને ગુરુઓની સેવા કરી છે, તો એ ઉપરથી જાણીએ છીએ કે સત્યવાન તથા સાવિત્રી જીવતાં છે; તમે દેખતા થયા તથા પશુપક્ષીઓના શબ્દો પણ સારાં શુકુનરૂપ થાય છે તો એ શુભ ચિહ્નો ઉપરથી ધારો કે તમારાં દીકરો તથા વહુ આબાદ છે.' આવી આવી વાતો ચાલી રહી હતી અને બુઢાં દંપતી કાંઇક ધીરજ ધરતાં હતાં તેટલામાં જ સત્યવાને તથા સાવિત્રીએ આવીને આશ્રમવાસીઓને તથા તેઓને પ્રણામ કરચા. આથી સર્વે પ્રસન્ન થયાં. આશ્રમવાસીઓ બોલ્યા કે 'મહારાજ ! જુઓ. અમો કહેતા હતા તે પ્રમાણે જ પરિણામ આવ્યો કે નહિ ? આ સારા પરિણામ ઉપરથી જણાય છે કે તમારો ભાગ્યોદય થઇ ચૂક્યો છે. તમારું રાજ્ય પણ તમને થોડા દિવસમાં જ પાછું મળશે.' રાત્રિનો સમય હોવાથી અગ્નિ સળગાવી એ જ આશ્રમમાં આનંદથી બેઠેલા આશ્રમવાસીઓએ સત્યવાનને મોડા આવ્યાનું કારણ પુછતાં સત્યવાન બોલ્યો 'હું મારા પિતાની રજા લઇ કાષ્ઠો લેવા માટે જંગલમાં ગયો હતો ત્યાં કાષ્ઠો કાપતાં કાપતાં મારા માથામાં ભારે વેદના ઉત્પન્ન થઈ તેથી થાકીને હું એવો તો સૂઇ રહ્યો કે છેક મોડી રાતે જાગ્યો. હું કોઇ દિવસે પણ એટલા બધા વખત સુધી સૂતો નથી. તમોને તથા મારાં વડીલોને મારે માટે સંતાપ થતો હશે એમ ધારી રાતના સમયમાં પણ ચાલ્યો આવ્યો છું.' આશ્રમવાસીઓ બોલ્યા કે 'સત્યવાન ! તારા પિતાને ચક્ષુઓની પ્રાપ્તિ અકસ્માત્ થઇ છે. તો તેમાં કંઇ મોટું કારણ હોવું જોઇએ,

પણ તેની તને ખબર નથી માટે સાવિત્રી કહી સંભળાવે એમ ઇચ્છીએ છીએ. પુત્રિ સાવિત્રિ! તું પતિવ્રતા છે તેથી તને સઘળી ખબર હોવી જોઇએ માટે જો કાંઇ રહસ્ય જેવું ન હોય તો વાત કહી દેખાડ.' આ ઉપરથી સાવિત્રીએ સઘળી હકીકત કહી સંભળાવતાં 'પતિવ્રતા સાવિત્રિ! તને ધન્યવાદ આપીએ છીએ. કષ્ટોથી કચરાઇને અંધારી ખાડમાં ડુબી જતું ધુમત્સેન રાજાનું કુળ તારા પ્રભાવથી જ બચ્યું છે તથા તર્યું છે,' એમ ઘણી ઘણી પ્રશંસા કરી આશ્રમવાસીઓ ત્યાંથી પોતપોતાના આશ્રમોમાં ગયા અને રાજકુટુંબે પોતાના આશ્રમમાંજ સુખથી રાત્રિ વ્યતીત કરી. સૂર્યોદય થયા પછી પ્રભાતની સઘળી ક્રિયાઓને પહોંચી લઈ આશ્રમવાસીઓ પાછા ધુમત્સેનરાજાના આશ્રમમાં આવી સાવિત્રીના મહાભાગ્યની જ વાતો કરતા હતા તેટલામાં શાલ્વદેશમાંથી એક નિયુક્ત મંડળ (ડેપ્યુટેશન) આવ્યું. તેણે ધુમત્સેનરાજાના ચરણોમાં પ્રણામ કરી વિજ્ઞપ્તિ કરી કે 'આપના શત્રુને તેના મંત્રિએ મારી નાખ્યો છે, એ શત્રુનું સઘળું સૈન્ય દેશમાંથી નીકળી ગયું છે અને સઘળી પ્રજાનું ઐકમત્ય થયું છે કે અંધ છતાં પણ ધુમત્સેન રાજાને જ રાજ્ય આપવું. આવા નિશ્ચયથી આપને પધરાવી જવા માટે અમોને વાહનો તથા સૈન્યો સાથે આપીને ત્યાંથી આપની પાસે મોકલ્યા છે. અમો આપને દેખતા થયેલા જોઇને રાજી થયેલા છીએ. શાલ્વદેશમાં આપની આજ્ઞા પ્રકટ કરવામાં આવી છે.' આ ઉપરથી ધુમત્સેનરાજા પ્રજામંડળની પ્રશંસા કરી આશ્રમવાસીઓની યોગ્ય પૂજા કરી રજા લઇ પોતાના કુટુંબ સહિત પોતાના નગરમાં ગયો. પ્રજામંડળે ધુમત્સેન

રાજાનો પટ્ટાભિષેક કરી સત્યવાનને યુવરાજપદ આપ્યું. પછી કેટલોક કાળ વ્યતીત થતાં સાવિત્રીને સો પુત્ર સાંપડ્યા અને સાવિત્રીના પિતાને પણ સો પુત્ર સાંપડ્યા.

છોકરીઓ! આ રીતે સાવિત્રીએ પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી પોતાને, પિતાને, માતાને, સાસૂને, સસરાને તથા પતિને તાર્યાં હતાં અને પતિના સઘળા કુળનો સંકટમાંથી ઉદ્ધાર કર્યો હતો.[૧]

છોકરીઓ—બા! સીતાજીના ઇતિહાસે અમારા મનમાં જે ઉત્તમ અસર કરી હતી તેને આ ઇતિહાસે ઘણી જ પુષ્ટિ આપી છે. આ બન્ને ઇતિહાસોમાંથી પતિવ્રતાના ધર્મો મળે છે એટલું જ નહિ પણ પતિના ધર્મોની, વડીલોના ધર્મોની, ભાઇઓના ધર્મોની, પુત્રોના ધર્મોની, પડોશીઓના ધર્મોની, રાજભક્તિની તથા પ્રજાના અધિકારના પણ કેટલીએક સૂચનાઓ મળે છે; આ ઇતિહાસથી અમોને ભારે આનંદ મળ્યો છે.

મહેતીજી—છોકરીઓ! તમોને ઇતિહાસોમાંથી સાર લેતાં આવડે છે તેથી હું મારા પરિશ્રમને સફળ થયેલો સમજું છું અને ભલામણ કરું છું કે દરએક શિક્ષણમાં આવું જ ધ્યાન આપજો.

વિભાગ ૮ મો.

છોકરીઓ—બા! અમો પ્રભાતમાં આ ઇતિહાસો વાંચતી હતી ત્યારે એઓમાંની થોડીક વાત અમારાં વડીલોને કાને પડતાં તેઓ

---

૧ મહાભારત વનપર્વ અધ્યાય ૨૯૩ થી ૨૯૯ મા સુધી.

પણ કામકાજ છોડીને સાંભળવા બેઠાં હતાં, સાંભળી સાંભળીને રાજી થતાં હતાં, કરુણા ભરાઇ આવવાથી રોઇ પણ પડતાં હતાં અને કહેતાં હતાં કે, 'સઘળી સ્ત્રીઓ આવી પતિવ્રતા હોય તો જગતનું કેવું કલ્યાણ થાય!' એઓએ હજી પણ આવા આવા ઇતિહાસો વધારે હોય તો તે શીખવાની અમોને ભલામણ કરી છે અને અમો પણ આવા આવા ઇતિહાસો વધારે હોય તો તે સાંભળવાની ઉત્કંઠા ધરાવીએ છીએ.

મહેતીજી—બાળાઓ! આપણા પ્રાચીન ગ્રંથોનું અવલોકન કરતાં પતિવ્રતાના ઇતિહાસો ઘણા ઘણા મળે છે, પરંતુ વખતના સંકોચને લીધે હું એ સઘળા ઇતિહાસો સંભળાવી શકતી નથી.

છોકરીઓ—બધા ન સંભળાવાય તો મેહેરબાની કરી થોડા ઘણા તો સંભળાવો.

મહેતીજી—લ્યો, ત્યારે તમારી ઇચ્છાને સફળ કરવા થોડાક ઇતિહાસો સંક્ષેપથી સંભળાવીશ પણ તેમાં આજ તો એકજ ઇતિહાસ સંભળાવી શકાય એમ છે.

જ્યારે નિષધ દેશના પ્રખ્યાત નળરાજાનું સઘળું રાજ્ય તેમના ભાઇ પુષ્કરે જુગાર રમાડીને હરી લીધું ત્યારે નળ તથા તેમની પતિવ્રતા રાણી દમયંતી એકલાંજ જંગલમાં ચાલી નીકળ્યાં. 'કોઇએ પણ નળને કશો આશરો આપવો નહિ.' એવો પુષ્કરે ઢંઢેરો પીટાવ્યો હતો. ભૂખ્યા થયેલા નળે જંગલમાં સોનેરી રંગનાં પક્ષીઓ જોવામાં આવતાં પકડવાં માટે તેઓની ઉપર પોતાનું વસ્ત્ર નાખ્યું કે જે વસ્ત્ર

વિના બીજું એક વસ્ત્ર નળની પાસે ન હતું. પક્ષીઓ એ વસ્ત્રને લઇને આકાશમાં ઉડી જતાં દમયંતીએ પોતાના વસ્ત્રમાંથી અરધું વસ્ત્ર નળને ઓઢાડયું. એક વસ્ત્રથી વીંટાઇને ચાલતાં ચાલતાં નળે તેના પિયરનો એટલે વિદર્ભદેશનો રસ્તો બતાવવા માંડયો. દમયંતી ચેતી જઇને બોલી 'તમારો સંકલ્પ મને પિયર તરફ જતી કરવાનો જણાય છે તેથી હું ગભરાઉં છું. તમને આવી વિવસ્ત્ર અને દુઃખિત સ્થિતિમાં એટલે આવી વેળા પડી છે તેમાં એકલા છોડીને હું શી રીતે જાઉં? તમે જંગલમાં ભૂખ્યા, થાકેલા પાકેલા તથા ચિંતાતુર હશો ત્યારે જો હું સાથે હોઈશ તો તમારો પરિશ્રમ ટાળી શકીશ. સઘળા દુઃખોનું સ્ત્રી સમાન કોઇ પણ ઔષધ નથી, એમ વિદ્વાનો તથા વૈદ્યો પણ કહે છે. જો મને પિયરમાં મોકલવાનો જ તમારો વિચાર હોય તો તમે પણ ત્યાં સાથે આવો એટલે મારો પિતા ભીમકરાજા તમને પૂરા સત્કારથી ત્યાં રાખશે અને આપણે સુખી થઇશું.' નળ બોલ્યો 'નહિ. નહિ. તું ધારે છે તેમ નથી. હું તો સહજ વાત કરતો આવું છું. હું પ્રથમ મોટી જાહોજલાલીથી તારા પિયરમાં આવ્યો હતો તે હવે આવી સ્થિતિમાં ત્યાં શી રીતે આવું?' આમ વાતો કરતાં કરતાં એ દંપતી જંગલમાં કોઈ એક સારા પ્રદેશમાં વિશ્રામ લેવા માટે સૂતાં. ત્યાં શ્રમને લીધે દમયંતીને નિદ્રા આવી ગઈ પણ ચિંતાને લીધે નળને આવી નહિ. 'આ પ્રિયા મારી સાથે રહેશે તો દુઃખી થશે અને હું છોડી દઇશ તો પછી ફરજ પડવાથી પિયરમાં જઈને સુખી થશે.' એમ વિચારી નળ પોતાને માટે અરધું વસ્ત્ર કાપી લઈ દમયંતીને

સૂતી મેલી ત્યાંથી ભાગી ગયો. છોકરીઓ! જુગારી લોકોની અને તેઓની ભલી સ્ત્રીઓની પણ આવી દુર્દશા થાય એમાં કશું નવાઈ જેવું નથી. દમયંતી જાગી ત્યાં નળ કહીં પણ નહિ જોવામાં આવતાં તેના પર અખંડ ભાવને લીધે ઘણો ઘણો વિલાપ કરવા લાગી તથા આગળ વધીને ઉન્મત્તની પેઠે ચોમેર શોધવા લાગી. દમયંતી 'પ્રાણનાથ! તમે વિવાહ સમયની બોલીઓને ભૂલી જઈ એકાએક આ પતિવ્રતા અબળાનો શા માટે ત્યાગ કર્યો, તમે સાયંકાળે ભૂખ્યા, તરસ્યા તથા થાકેલા હશો અને મને પણ નહિ દેખો ત્યારે તમારી શી વલે થશે. એમ રોતી રોતી કોઈ ઉજડ પ્રદેશમાં ગઈ ત્યાં એક અજગર તેને ગળી જવા લાગ્યો, આ સમયે દૈવયોગથી આવી ચડેલા એક પારાધીએ શસ્ત્રવતે અજગરના મોહોડાને ફાડી નાંખી દમયંતીનો બચાવ કર્યો, પણ પાછળથી તેના ઉપર દુષ્ટ નજર ફેરવવા લાગ્યો. દમયંતી ચેતી જઈ તુરતજ તેને પાતિવ્રત્યના પ્રભાવથી શાપ દઈ બાળી નાખી ભયંકર વનમાં ચાલતી ચાલતી એક શિલાપર બેસી વિલાપ કરવા લાગી. 'સ્વામી! મહારાજ! મને નિર્જન વનમાં રઝળતી મૂકીને ક્યાં ગયા છો? જંગલનાં ભયંકર જાનવરો મને ખાઈ જશે. તારા જેવું મને કોઈપણ પ્યારું નથી એમ જે તમે મારી પાસે બોલ્યા હતા તે વચન સત્ય કરવા તુરત આવો. કાંટાના એક પલ્લામાં ચારે વેદના સાંગોપાંગ અધ્યયનને અને બીજા પલ્લામાં સત્યને મૂકીએ તો તે બન્નેનો તોલ સરખો થાય છે. હું કે જે અરધા વસ્ત્રથી વીંટાએલી તથા ટોળાથી વિખૂટેલી હરિણી જેવી ગરીબ અબળા છું તેને કેમ જવાબ દેતા નથી. મેં આ જન્મમાં

તો કોઈ પાપ કર્યું નથી પણ પૂર્વ જન્મમાં કર્યું હશે કે જેથી પીડાઉં છું. સમય આવ્યા વિના મોત પણ થતું નથી એ વૃદ્ધોનું બોલવું ખરું છે.' એમ વિલાપ કરતી અને અનેક દુ:ખો વેઠતી દમયંતી ચાલતાં ચાલતાં સુબાહુ રાજાના નગરમાં આવી. અરધાં વસ્ત્રવાળી, છૂટા કેશોવાળી, ઘેલી જેવી જણાતી અને જેને પછવાડે ગામના છોકરાઓ હો હો કરતા ચાલ્યા આવતા હતા એવી દમયંતી, મેહેલમાં બેઠેલી રાજમાતાની નજરે પડતાં તેણે રૂપાળી જોઈ એક દાસીને મોકલી પોતાની પાસે બોલાવી લીધી. રાણીએ હકીકત પૂછતાં તેની સાથેના પોતાના સંબંધને જાણતી દમયંતીએ એટલું જ કહ્યું કે મારો સ્વામી મને મુકીને ભાગી ગયેલ છે તેથી હું રઝળતી રઝળતી અહીં આવી છું અને પતિવ્રતા છું. રાજમાતા બોલી 'હમણાં તું મારી પાસે રહી જા. મારાં માણસો તારા સ્વામીની શોધ કરશે અથવા તો તે પોતેજ ફરતો ફરતો અહીં આવી નીકળશે. દમયંતી બોલી 'હું કોઇનું ઉચ્છિષ્ટ નહિ જમું, કોઈના પગ ધોવાનું કામ નહિ કરું, કોઈ બીજા પુરુષોની સાથે ભાષણ નહિં કરું પણ માત્ર મારા પતિની શોધને માટે બ્રાહ્મણોની સાથે વાતચીત કરીશ અને કોઇ બીજો પુરુષ મારા શીયળનો ભંગ કરવા માગે તો તેને તમારે મોટી શિક્ષા કરવી. આ કરારો તમારે કબૂલ હોય તો હું તમારી પાસે રહું, નહિતર ચાલી જાઉં.' રાજમાતાએ સઘળા કરારો સ્વીકારી લઈ પોતાની કુંવરી સુનંદાને ભલામણ કરી દમયંતીને ઉંચી જાતની દાસીનું કામ કરવા રાખી. દમયંતીના પિતા ભીમકરાજાએ લોકોના મોહોડેથી નળની દુર્દશા થયેલી સાંભળી ચિન્તાતુર થઇ દમયંતીની શોધ કરવા મોક-

લેલા બ્રાહ્મણોમાંનો એક સુદેવ નામનો બ્રાહ્મણ કે જે ફરતો ફરતો ત્યાં આવ્યો હતો તે સુબાહુ રાજાનું સ્વસ્તિવાચન કરવાના સમયમાં સુનંદાની સાથે ઉભેલી દમયંતીને જોઈ તેની બે ભમરો વચ્ચેના તલ ઉપરથી તથા કેટલાંએક બીજાં પણ લક્ષણો ઉપરથી 'આ દમયંતી છે' એમ ધારી દમયંતીની પાસે ગયો. દમયંતીએ પણ તેને ઓળખ્યો. સુદેવે હકીકત સંભળાવતાં દમયંતી રાજી થઈ અને રોઇ પડી. આ જોઈ સુનંદાએ પોતાની માતા પાસે વાત કરતાં તે રાજમાતાએ સુદેવને પોતાની પાસે બોલાવી પૂછ્યું અને સુદેવે તેને સઘળી હકીકત સવિસ્તર કહી સંભળાવી. રાજમાતા તથા સુનંદા પેલા તલ ઉપરથી તથાં સુદેવનાં વચનો ઉપરથી 'આતો દમયંતી છે' એમ જાણી રોઈ પડ્યાં. રાજમાતાએ દમયંતીને છાતીમાં ઘાલી કેટલીક ધીરજ આપીને કહ્યું કે 'દીકરી! હું તારી સગી માશી થાઉં છું. તને મેં મારા પિયરમાં બાળપણમાં જોઈ હતી તેથી આજ દિવસ સુધી ઓળખી ન હતી. આ ઘરને તારા બાપના ઘર જેવુંજ સમજજે.' દમયંતી બોલી 'માશી બા! હું નહિ ઓળખાયેલી છતાં પણ તમારી પાસે બેન સુનંદાની પેઠેજ આનંદમાં રહી છું. હવે મને મારી માતાની પાસે જવાની આજ્ઞા આપો' રાજમાતાએ રાજી થઈ દમયંતીને રજા આપી પાલખીમાં બેસાડી મોટા રસાલાની સાથે ભીમકરાજાને ત્યાં મોકલી. સંબંધીઓ દમયંતીને જોઈ પ્રસન્ન થયાં અને દમયંતી સંબંધીઓને તથા ત્યાં પ્રથમથી જ (જુગારની શરુઆતમાંજ) મોકલી આપેલાં પોતાનાં બે બાળકોને કુશળ જોઈ પ્રસન્ન થઈ ત્યાં રહીને ઘણાં દાન પુન્યો કરવા લાગી. ભીમકરાજાએ સુદેવ બ્રાહ્મણને મોટું ઈનામ

આપ્યું. દમયંતીએ પોતાની માતાના મુખથી ભીમકરાજાને કહેવડાવી નળની શોધને માટે ચોમેર બ્રાહ્મણોને મોકલાવી 'નળ વિરૂપ બની ગયો છે અને અયોધ્યામાં ઋતુપર્ણ રાજાના દરબારમાં નોકર રહેલ છે, એમ જાણી લઈ, પ્રપંચ ભરેલી યુક્તિથી નળને તથા ઋતુપર્ણ રાજાને ત્યાં બોલાવી લઈ ખાનગી રીતે ઘણી ઘણી પરીક્ષાઓ ઉપરથી 'જે વિરૂપ છે તે નળ છે' એવો નિશ્ચય કરી માતાની આજ્ઞાથી તેની પાસે જઈ કેટલીક વાતચીત કરી. એક નાગનું વરદાન હતું તે પ્રમાણે વસ્ત્ર પહેરવાથી વિરૂપ ટળી જઇને નળને પાછું અસલના જેવું રૂપ પ્રાપ્ત થયું. વાયુદેવે દમયંતીના પવિત્રપણા વિષે નળને ખાત્રી કરાવી. નળ તથા દમયંતી પરસ્પરના મિલાપથી રાજી થયાં. રાણીના કહેવાથી ભીમકરાજાને આ ખબર મળતાં તેણે રાજી થઈ નળનું ઘણું સન્માન કરી મોટો ઉત્સવ કરચો. ઋતુપર્ણને માન આપી પાછો અયોધ્યામાં મોકલ્યો. સહવાસમાં નળે ઋતુપર્ણને અશ્વવિદ્યા પૂરેપૂરી શીખવી હતી અને ઋતુપર્ણે નળને જુગારની વિદ્યા પૂરેપૂરી શીખવી હતી. નળે સસરાની રજા લઈ સ્વદેશમાં આવી જુગારમાં પુષ્કરને જીતી લઈ પોતાનું રાજ્ય હસ્તગત કરી દમયંતીને પોતાનાં બાળકો સહિત બોલાવી લીધી અને લાંબા કાળ સુધી આનંદથી રાજ્ય કર્યું.[૧]

છોકરીઓ! પતિનો વાંક છતાં અને તે વાંકથીજ પોતાને ઘણાં કષ્ટો વેઠવાં પડતાં છતાં પણ કુલીન સ્ત્રીઓ પતિ ઉપર કેવો અખંડ ભાવ રાખે છે!!

---

[૧] મહાભારત-વનપર્વ, અધ્યાય ૬૧ માંથી ૭૯ મા અધ્યાય સુધી.

વિભાગ ૯ મો.

છોકરીઓ—બા! નળદમયંતીનો ઇતિહાસ સાંભળવાથી તથા આજ પ્રભાતે વડીલોને વાંચી સંભળાવવાથી અમારો પ્રભાતનો વખત એક ક્ષણની પેઠે વીતી ગયો છે. અમારાં વડીલો તો સાંભળી સાંભળી છાતી ભરાઈ ઘણાં ગરગળાં થતાં હતાં અને બીજા ઇતિહાસો સાંભળવાની ઉત્કંઠા જણાવતાં હતાં. હવે બીજા ઇતિહાસો સંભળાવવાનું શરુ કરશો ?

મહેતીજી—બાળાઓ! હા. મેં તમોને ગઈ કાલેજ વચન આપ્યું છે. લ્યો, સાંભળો.

આપણાં ધર્મશાસ્ત્રોના કર્ત્તાઓમાં મુખ્ય ગણાતા સ્વાયંભુવમનુને શતરૂપા નામનાં રાણીમાં દેવહૂતિ નામે કુંવરી સાંપડ્યાં હતાં. એ કુંવરી જુવાન થતાં રૂપથી તથા ગુણથી એવાં દીપી નીકળ્યાં હતાં કે તેને જોઈ દેવતાઓ પણ વિસ્મય પામતા હતા. દેવહૂતિ એક દિવસે શણગાર ધરી રાજમેહેલની અગાશીપર દડાની રમત કરવામાં લાગ્યાં હતાં, ત્યાં દડાના ઉછળવા તથા પડવા વગેરેનું અવલોકન કરવામાં તેમની આંખ્યો ચપળતા ધરાવી રહી હતી અને દડો પકડવા વગેરે ક્રિયાઓ કરતાં તેમનાં નૂપુરોનો અવાજ લોકોના ચિત્તનું આકર્ષણ કરે એવો થતો હતો. આકાશ માર્ગે વિમાનમાં બેસી જતો વિશ્વાવસુ નામનો ગંધર્વ દેવહૂતિનાં રૂપને, સુઘડપણાને તથા ચપળતા વગેરેને જોઈ, મોહથી બેભાન બની જઇને વિમાનમાંથી નીચે આવી પડ્યો હતો. એક દિવસે નારદજીએ દેવ-

હૂતિની પાસે આવી, બિંદુસરમાં રહી તપશ્ચર્યા કરતા અખંડ બ્રહ્મ-ચર્યવાળા કર્દમ મુનિના ગુણોની પ્રશંસા કરી હતી તે ઉપરથી દેવહૂતિનું ચિત્ત કર્દમમુનિને વરવામાં લાગી રહ્યું હતું અને તે વાત તેમણે પોતાનાં માતાના મુખથી પિતાના કાન સુધી પહોંચાડી હતી. કુંવરીની જુવાનીને ખીલેલી જોઈ ચિંતાતુર થયેલા સ્વાયંભુવ મનુ, રાણીને તથા કુંવરીને પોતાના રથમાં બેસાડી દેશમાં ફરવા જવાના બાહાનાથી મોટા સૈન્યની સાથે બહાર નીકળી ફરતા ફરતા કર્દમમુનિના આશ્રમમાં આવ્યા. ત્યાં કદાવર, કમળની પાંખડીઓ સરખાં નેત્રોવાળા, વલ્કલવસ્ત્રોવાળા, જટાધારી અને મેલ ચડી જવાને લીધે સરાણપર નહિ ચડાવેલા મણિ જેવા લાગતા કર્દમમુ-નિનું દર્શન થતાં મનુએ તેમનાં ચરણોમાં પ્રણામ કર્યા. મનુનું યોગ્ય સન્માન કરી કર્દમમુનિ બોલ્યા કે 'મહારાજ ! આપ કે જે રાજાધિરાજ છો તેમનું દેશોમાં ફરવું સજ્જનોના રક્ષણને માટે અને દુર્જનોના વિનાશને માટે જ હોય. જો આપ ફરવા ન નીકળો તો નિરંકુશ લોકો વર્ણાશ્રમના ધર્મોની મર્યાદાઓને અવશ્ય તોડી નાખે અને અધર્મ વધી જાય. આમ હોવાને લીધે 'આપ અહીં શા કાર-ણથી પધાર્યા છો ?' એમ મારે પુછવું સંભવિત નથી તો પણ કહું છું કે આપ અહીં કોઈ મારા લાયક કામપ્રસંગે પધાર્યા હો તો હું તે કામ શુદ્ધ અંતઃકરણથી સ્વીકારી લઉં. સ્વાયંભુવમનુ લજાતાં બોલ્યા 'મને આપનું દર્શન મળ્યું તથા મારા મસ્તકપર આપના ચરણરજનો સ્પર્શ થયો તેથી હું પોતાને કૃતાર્થ માનું છું, તોપણ હું કે જે છોકરી ઉપરના સ્નેહને લીધે ચિંતાતુર છું તથા દીન છું-તેમની

એક વિજ્ઞપ્તિ આપે સાંભળવી જોઇએ. આ મારી કન્યા દેવહૂતિ તપ, શીળ તથા વિદ્યા આદિ સદ્ગુણોવાળા પતિને ઇચ્છે છે માટે મારા હાથથી આપને આ કન્યાનું દાન દેવાની ઇચ્છાથી આવ્યો છું. જે માણસ દેવાને માટે આવ્યો હોય તેનો અનાદર કરી બીજાની પાસે માગણી કરવી એ, સંન્યાસીને પણ લાયક નથી એમ આપના સમજવામાં હોવું જ જોઇએ. તમે પરણવાનો વિચાર કરો છો એમ મેં સાંભળ્યું છે માટે જો તેમ જ હોય તો કૃપા કરી આ મારી કન્યાનો સ્વીકાર કરો.' કર્દમમુનિ બોલ્યા. 'હું પરણવાની ઇચ્છાવાળો છું અને આપની પુત્રી કોઇને અપાયેલી નથી માટે અમારો વિવાહ સંબંધ યોગ્ય છે. આપ જેવા મહારાજની કન્યાનો સ્વીકાર ન કરવો એ પોતાની મેળે આવતી લક્ષ્મીનો સ્વીકાર ન કરવા જેવું છે. પછી સ્વાયંભુવ મનુએ શતરૂપાની સંમતિ લઈ દેવહૂતિને કર્દમમુનિની સાથે ત્યાં જ પરણાવી અને પેહેરામણી પણ ઘણી ઘણી આપી. મનુ વિવાહ કરી છોકરીનો વિરહ સહન નહિ થવાથી રોતા રોતા, છોકરીને કેટલીક ધીરજ આપી નિશ્ચિન્ત થઈ સઘળું સૈન્ય લઇને રાણીની સાથે પોતાની રાજધાનીમાં ગયા. માતાપિતા ગયા પછી નેત્રાદિકની ચેષ્ટાઓ ઉપરથી મનોભાવને જાણી લેવામાં પ્રવીણતા ધરાવનારાં દેવહૂતિએ કર્દમમુનિની પ્રેમપૂર્વક સેવા કરવા માંડી. જો કે કર્દમમુનિ પરણ્યા પછી પણ બ્રહ્મચર્ય ધરીને તપ કરવાંમાં જ તત્પર રહેતા હતા તોપણ દેવહૂતિ વિશ્વાસથી, સઘળી રીતની પવિત્રતાથી, મોટા માનથી, જિતેંદ્રિયપણાથી, પ્રેમથી અને મધુરે વાણીથી કર્દમમુનિની સેવા કર્યા કરતાં હતાં. લાંબા કાળ

સુધીની એકનિષ્ઠાપૂર્વક સેવા કરવાના પરિશ્રમથી દેવહૂતિને શરીરમાં બહુ જ નબળાં થયેલાં તથા લેવાઈ ગયેલાં જોઈ એક દિવસે દયાથી દબાયેલા કર્દમમુનિએ કહ્યું. કે 'રાજપુત્રિ! તમે કરેલી પરમ સેવાથી તથા પરમભક્તિથી આજ હું પ્રસન્ન થયો છું. શરીર કે જે સર્વ પ્રાણીઓને અત્યંત પ્યારું હોય છે તેને પણ મારી સેવા માટે ક્ષીણ કરવામાં તમે પાછું વાળી જોયું નથી, તેથી ધન્યવાદ આપું છું. માગો, તમારે જે જોઇતું હોય તે આપવા તૈયાર છું. આ ઉપરથી દેવહૂતિએ સઘળું સંસાર સુખ માગતાં કર્દમમુનિએ પોતાના તપોબળથી એક અતિ ઉત્તમ વિમાન બનાવી અનેક દાસીઓને પણ સિદ્ધિથી જ રચી તે વિમાનમાં રહી, દેવહૂતિને સંસારસુખ સંપૂર્ણ આપ્યું. દેવહૂતિને અરૂન્ધતી તથા અનસૂયા આદિ નવ કન્યાઓ સાંપડી અને છેવટ "કપિલ દેવ નામના એક પુત્ર કે જે સાંખ્ય મતના આચાર્ય અને ભગવાનના અવતારરૂપ ગણાય છે, તે 'સાંપડ્યા. કપિલદેવ ઉત્પન્ન થયા પછી કર્દમમુનિ સંન્યાસ લઈ ચાલી નીકળ્યા અને કપિલદેવે માતાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપી તેમનો સંસારમાંથી ઉદ્ધાર કર્યો[1] (મોક્ષ આપ્યો.)

પૂર્વકાળમાં એક શર્યાતિ નામે સૂર્યવંશી રાજા હતો. એ રાજાને રાણીઓ ઘણી હતી પણ છોકરી તો સુકન્યા નામની એક જ એક હતી. સુકન્યા માંબાપને વાહાલી, રૂપાળી તથા ઉત્તમ ગુણવાળી હતી. રાજધાનીથી દૂર એક માનસ સરોવર જેવું તળાવ હતું અને એ તળાવની પાસે ઘણાં વૃક્ષોવાળા સુંદર પ્રદેશમાં રહી ચ્યવનમુનિ

૧ શ્રી ભાગવત. સ્કંધ ૩ જો. અધ્યાય ૨૧ માથી ૩૩ મા સુધી.

તપશ્ચર્યા કરતા હતા. ઘણો કાળ જતાં એ મુનિની ઉપર લતાઓથી વીંટાએલો રાફડો ચડી ગયો હતો અને તે રાફડો કીડીઓથી વ્યાપ્ત થઈ ગયો હતો. કોઈ દિવસે એ તળાવમાં વિહાર કરવા આવેલો શર્યાતિરાજા વિહારમાં લાગી જતાં તેની છોકરી સુકન્યા પોતાની સખીઓની સાથે એ ચ્યવનમુનિવાળા વનમાં રમવા લાગી અને ફરતાં ફરતાં પેલા રાફડાની પાસે આવી. રાફડાના છિદ્રોમાં પતંગીઆ જેવાં ચળકતાં બે તેજ જોવામાં આવતાં સુકન્યાએ ઉતાવળથી એક તીણો કાંટો લઈ એ બે તેજ કાહાડી લેવાનું મન કર્યું. સુકન્યાને રૂપાળી જોઈ મોહિત થયેલા બુઢ્ઢા ચ્યવન મુનિએ નિરાહારપણાને લીધે લેવાઈ ગયેલા સ્વરથી 'રેહેવા દે. રેહેવા દે.' એમ કહ્યું પણ તે મંદ સ્વર કાને નહિ પડવાથી સુકન્યાએ કાંટો ભોંકીજ દીધો અને તેથી એ મુનિની આંખ્યો ફુટી ગઈ. આ પાપથી રાજા વગેરે સર્વ માણસોનાં અને સાથેનાં પશુઓનાં પણ પેટ ચડી આવ્યાં અને ભારે પીડા થવા લાગી. 'કોઇએ ચ્યવન મુનિનો અપરાધ કર્યો છે?' એમ રાજાએ સઘળાં માણસોને પૂછ્યું પણ કશો પત્તો મળ્યો નહિ. પિતાને ગભરાએલો જોઈ સુકન્યાએ લજાતાં લજાતાં કાંટો ઘોંચ્યાની તથા કાંટો જળવાળો થઈ પાછો નીકળવાની વાતનું નિવેદન કરતાં રાજાએ ભયભીત થઈ ચ્યવન મુનિની પાસે જઈ રાફડો ફોડાવી નાખી નમ્રતાથી ક્ષમા માગી. ચ્યવન મુનિ બોલ્યા. 'રાજા! હું કોઇના ઉપર ક્રોધ કરતો નથી. હું નિરપરધી છતાં પણ તમારી કન્યાએ મને આંધળો કર્યો તે પાપથી તમોને રોગ ઉત્પન્ન થયો છે. વૃદ્ધપણામાં આંધળો થયેલો હું હવે કેમ

કરીશ ? આંધળાની ચાકરી પણ કોણ કરશે?' રાજાએ કહ્યું 'મારા સેવકો તમારી સેવા કરશે. શાંત થાઓ.' ચ્યવન બોલ્યા. 'હું હવે પોતાના માણસ વિના શી રીતે તપ કરી શકું અને તમારા સેવકો મારું શું ભલું કરે? તમે જો શાંતિ માગતા હો તો મને એ તમારી કન્યા પરણાવો. તમારી છોકરી મળવાથી હું શાંત મનથી તપ કરીશ અને એ મારી સેવા કરશે. મને કન્યાદાન આપવામાં તમને કાંઈ કલંક લાગી જાય એમ નથી. રાજા ચૂપ રહી વિચાર કરવા લાગ્યો કે 'આંધળા, ઘરડા અને કરચપડાને મારી દેવકન્યા સરખી છોકરી આપીને હું શી રીતે સુખી થાઉં? શુભાશુભ જાણતાં છતાં પણ એવો મૂર્ખ અને પાપી કોણ હોય કે જે પોતાંની છોકરીના સંસાર-સંબંધી સુખનો નાશ કરે.' પછી રાજાએ ઘેર જઈ મંત્રીઓને બોલાવી ચ્યવનની ઇચ્છા જણાવી સલાહ પુછતાં મંત્રીઓ બોલ્યા. 'મહારાજ! આ બ્રહ્મસંકટમાં અમો શું કહી શકીએ? અભાગીઆને ઉછરતી કન્યા શી રીતે આપી શકાય?' આ સમયે સર્વેને ચિંતાતુર થયેલાં જોઈ સુકન્યા હસીને બોલી. 'તમે મારે માટે દુઃખ તથા ઉદ્વેગ પામ્યા છો તેથી કહું છું કે મને એ બુઢ્ઢાની સાથે પરણાવી દો.' રાજા બોલ્યો. 'અમારા સુખને માટે તારાં સુખનો વિનાશ કેમ કરું? પિતાએ અવસ્થા તથા જ્ઞાતિના બળવાળા અને ધનધાન્યની સમૃદ્ધિવાળાને જ કન્યા દેવી જોઇએ, ત્યાં ઝુંપડીમાં રેહેનારા, બુઢ્ઢા, એકલા તથા આંધળાને શી રીતે અપાય? અમારું મોત થાય તોપણ ભલે પરંતુ એવાને તારું દાન દેવું મને ગમતું નથી. જે બનવાનું હશે તે બનશે.' હું ધીરજ છોડવાનો નથી.' સુકન્યા પ્રસન્ન

મુખથી બોલી. 'પિતાજી! નિશ્ચિન્ત રહો. મારી ક્રિયાથી સર્વ લોકોને સુખ થવું જોઇએ. હું સંતોષ રાખી પતિવ્રતમાં તત્પર રહીને પરમભક્તિથી નિર્જન વનમાં એ પવિત્ર વૃદ્ધ પતિની સેવા કરીશ. મારું ચિત્ત સ્વસ્થ છે. મને સુખની તૃષ્ણા નથી. આથી વિસ્મિત તથા પ્રસન્ન થઈ રાજાએ વનમાં જઈ ચ્યવન મુનિને 'આપની સેવા માટે વિધિપૂર્વક મારી પુત્રીનો પ્રતિગ્રહ કરો.' એમ કહી તેમને વિધિપૂર્વક કન્યાદાન આપ્યું. ચ્યવન મુનિ કન્યા પરણીને જ પ્રસન્ન થયા. રાજાએ આપવા માંડેલું બીજું કશું પણ તેમણે લીધું નહિ. ચ્યવન પ્રસન્ન થવાથી સઘળાઓનું દરદ શાંત થઈ ગયું. રાજાએ જ્યારે ઘેર જવાનું મન કર્યું ત્યારે સુકન્યા બોલી. 'પિતાજી! મારાં વસ્ત્રો તથા આભરણો લઈ જાઓ અને મને વલ્કલ તથા મૃગચર્મ આપો. હું મુનિપત્નીઓની રીત પ્રમાણે વલ્કલ ધરીને મારા સ્વામીની એવી સેવા કરીશ કે જેથી તમારી કીર્તિ સર્વત્ર અવિચળ રહેશે. મારા શીલનો નાશ થવાની તમારે ચિંતા કરવી નહિ. અરુંધતી તથા અનસૂયા આદિ મુનિપત્નીઓની પેઠે હું પણ પૂરેપૂરું પતિવ્રત પાળીશ. મુનિના જેવા વેશવાળી પોતાની પુત્રીને જોઈ શર્યાતિ રાજા લેવાઈ ગયેલા મુખથી રોવા લાગ્યો અને કેટલીકવાર સુધી ત્યાં જ ઉભો રહ્યો. સઘળી રાણીઓ પણ રોવા લાગી તથા ધ્રુજવા લાગી. સુકન્યાને ત્યાં મુકી રાજા રાણીઓ સહિત તથા મંત્રીઓ સહિત પોતાની રાજધાનીમાં ગયો. રાજા ગયા પછી સુકન્યા પતિની સેવામાં તત્પર થઈ. પતિને ઉના પાણીથી નવરાવી તુરત મૃગચર્મ ઓઢાડી સાથડીપર બેસાડતી હતી; નિત્યકર્મની સામ-

ચીઓ તૈયાર કરી દેતી હતી, નિત્યકર્મ પૂરું થયા પછી હાથ ઝાલી ઉઠાડીને શયનપર સુવાડતી હતી, મધ્યાહ્ન સમયે બંટીની રસોઈ કરી મીઠાં મીઠાં ફળો સહિત જમાડતી હતી, જમી રહ્યા પછી આચમન કરાવીને મુખવાસ આપતી હતી, જમાડવાનું કામ પહોચી રહ્યા પછી આસનપર બેસાડી પોતે ફળાહાર કરતી હતી, ફળાહાર કર્યા પછી પગચંપી કરતી હતી, સાયંકાળે મીઠાં મીઠાં કોમળ ફળો લાવી જમાડતી હતી, પતિની આજ્ઞા લઈ અવશેષ રહેલાં ફળો પોતે ખાતી હતી, કોમળ શયન બિછાવી સુવાડતી હતી, પગચંપી કરતાં કરતાં પતિવ્રતાના ધર્મો પુછતી હતી અને ઉંઘેલા જાણી તેમનાં ચરણોની પાસે સૂતી હતી. આ પ્રમાણે ભક્તિપૂર્વક પતિનું આરાધન કરતાં કરતાં કેટલોક કાળ વ્યતીત થઈ ગયો. એક દિવસે દેવતાઓના વૈદ્ય બે અશ્વિનીકુમાર વિચરતા વિચરતા ચ્યવનના આશ્રમમાં આવ્યા. આ સમયે નાહીને આવતી પરમ રૂપાળી સુકન્યા તેઓની નજરે પડી. મોહ પામેલા બન્ને અશ્વિનીકુમારોએ તેની પાસે જઈ પુછ્યું 'તું કોણ છે, કોની પુત્રી છે અને તારો પતિ કોણ છે? તારા પતિને ભાગ્યશાળી ગણીએ છીએ. તું વિમાનમાં બેસી ફરવા યોગ્ય છતાં આ નિર્જન વનમાં એકલી કેમ ફરે છે?' સુકન્યાએ કહ્યું 'હું શર્યાતિરાજાની છોકરી તથા ચ્યવન મુનિની પતિવ્રતા સ્ત્રી છું; ચ્યવન મુનિ વૃદ્ધ અને અંધ છે માટે રાત દિવસ પ્રેમથી માત્ર તેમની સેવા કર્યા કરું છું. તમે કોણ છો તથા શા પ્રયોજનથી આવ્યા છો?' અશ્વિનીકુમાર બોલ્યા. 'અમો દેવતાઓના વૈદ્ય છીએ. તું અમોને તારા આશ્રમમાં તેડી જાય તો તારા વૃદ્ધ

અને આંધળા પતિને જુવાન, દેખતો તથા અમારા જેવાજ રૂપવાળો બનાવી દઇએ, પણ તેમાં તારે એટલો સ્વીકાર કરવો જોઇએ કે સરખા રૂપવાળા ત્રણ જણમાંથી તારે એકને પતિ કરવો.' એ સાંભળી સુકન્યાએ આશ્રમમાં જઇ ચ્યવનને પૂછ્યું. 'સ્વામી! દેવતાઓના વૈદ્ય અશ્વિનીકુમાર અહીં આવેલા છે. એઓ આપને જુવાન, દેખતા તથા તેઓના જેવા જ રૂપવાળા કરી દેવાની હિમ્મત કરે છે પણ મારી પાસે એવી પ્રતિજ્ઞા કરાવવા માગે છે કે સરખા જ રૂપોવાળા ત્રણ જણમાંથી એકને પતિ કરવો. હવે આ અટપટા કાર્યમાં શું કરવું તે આપની આજ્ઞાપર રહ્યું છે. મારું પતિવ્રત કોઈ રીતે ખંડિત થવું ન જોઇએ. ચ્યવન બોલ્યા. 'પતિવ્રતા! તું એઓએ કરાવવા માગેલી બોલીનો સ્વીકાર કરીને તેઓને મારી પાસે તેડી લાવ. તારું પતિવ્રત જ તારા ધર્મનું રક્ષણ કરશે. ચિંતા નહિ કર.' સુકન્યા પાછી જઈ બોલીનો સ્વીકાર કરી અશ્વિનીકુમારોને આશ્રમમાં લાવી. બન્ને અશ્વિનીકુમારો ચ્યવન મુનિનો એક એક હાથ પકડી, જેને કોઈ દિવ્ય ઔષધનો યોગ આપ્યો હતો એવા સરોવરના જળમાં લઈ જઈ તેમની સાથે જળમાં ડુબકી દઈ નાહીને બહાર નીકળ્યા. ત્રણે જણને સરખા જોઈ સુકન્યા પ્રથમ તો સંશયમાં પડી તથા ગભરાવા લાગી. પણ પાછળથી અશ્વિનીકુમારોને જ શરણાગત થઈ પોતાનો જ પતિ દેવાની પ્રાર્થના કરતાં પતિવ્રતથી પ્રસન્ન થયેલા 'અશ્વિનીકુમારો' ખરા ચ્યવનમુનિને દેખાડી ત્યાંથી પાછા સ્વર્ગ લોકમાં ગયા. અશ્વિનીકુમારોને યજ્ઞમાં દેવતા-

ઓની સાથે ભાગ મળતો ન હતો પણ ચ્યવનમુનિએ તેઓના ઉપકારનો બદલો દેવા માટે પોતાના તપોબળથી ભાગ મળવાની છૂટ કરાવી હતી.[1]

છોકરીઓ! આજ બહુ જ મોડું થઈ ગયું છે, જુઓ. આસિસ્ટંટ મહેતીજીઓ પોતાના કામથી પરવારી મારી વાટ જોઇને બેસી રહેલી છે, હવે તમોને રજા આપું છું.

વિભાગ ૧૦ મો.

છોકરીઓ—બા! તમે કન્યાઓનું કલ્યાણ કરે એવા સારા સારા ઇતિહાસો સંભળાવો છો એ વાત આખા શેહેરમાં ફેલાઇ ગઈ છે અને ઘેર ઘેર તમારાં વખાણ થાય છે. હવે બીજા ઇતિહાસો ચલાવવાનો આરંભ કરો.

મહેતીજી—બાળાઓ! તમો કહો છો એ વાત ખરી જણાય છે; કેમકે હમણા નિશાળમાં છોકરીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જતી જોવામાં આવે છે. વખતના સંકોચને લીધે મારાથી સઘળા ઇતિહાસો શોધી શકાય એમ નથી તોપણ ગઈ કાલે જ વાંચેલા બે ઇતિહાસો તમોને આજ સાંજ સુધીમાં સંભળાવીને સૌભાગ્યવતીના ધર્મોનું વ્યાખ્યાન આટોપી લેવા ધારું છું. હવે સાંભળો.

હસ્તિનાપુરમાં વિચિત્રવીર્ય રાજાના મરણ પછી તેમના પ્રખ્યાત ભાઈ ભીષ્મ કે જે ભીષ્મપિતામહ કહેવાય છે તેમના મહા

---

[1] દેવી ભાગવત. સ્કંધ ૭ મો. અધ્યાય ૨ જાથી ૯ મા સુધી. શ્રી ભાગવત. સ્કંધ ૯ મો. અધ્યાય ૩ જો.

મંત્રી (એડમિનિસ્ટ્રેટર)પણા નીચે રાજ્ય ચાલતું હતું. વિચિત્ર વીર્યના ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એ ત્રણ પુત્રો હતા. એઓમાં ધૃતરાષ્ટ્ર જન્માંધ હતો તેથી તેને રાજ્યાધિકારી ગણવામાં આવ્યો ન હતો પણ તેથી નાહાના પાંડુને ગણવામાં આવ્યો હતો. વિદુર વિચક્ષણ છતાં પણ દાસીપુત્ર હતો તેથી તેને માત્ર કાંઈ ગરાસ (ગ્રાસ) આપવામાં આવ્યો હતો. ભીષ્મે ધૃતરાષ્ટ્રને માટે ગાંધાર ("કંધહાર") દેશના રાજા સુબલની પુત્રી ગાંધારીનું માગું મોકલતાં સુબલે ધૃતરાષ્ટ્રને આંધળો છતાં પણ રાજપુત્ર, કુલીન અને ભણેલો ગણેલો જાણી પોતાની ગાંધારી નામની છોકરી દેવાનો નિશ્ચય કરચો. ગાંધારીએ જે દિવસથી ધૃતરાષ્ટ્રને આંધળો સાંભળ્યો અને પોતાનો તેની સાથે વિવાહ સંબંધ થવાનું સાંભળ્યું તે દિવસથી જ પતિવ્રતમાં પરાયણ થઈ કદી પણ પતિની ઉપર અરુચિ ન થાય. એવા હેતુથી પોતાની આંખ્યોપર કપડાનો બેવડો ચોવડો પાટો બાંધી લીધો. સુબલ રાજાએ ધૃતરાષ્ટ્રની સાથે ગાંધારીનો વિવાહ કરી દીધો. ગાંધારીએ સાસરે આવ્યા પછી શીલથી, આચારથી, ક્રિયાઓથી તથા ગુણોથી સઘળા સંબંધીઓને તથા જનમંડળને પણ બહુ સંતોષ આપ્યો હતો. બનતાં સુધી વચનથી પણ પરપુરુષનું નામ લીધું ન હતું. જ્યારે કૌરવ પાંડવ વચ્ચે મોટો વિરોધ ઉત્પન્ન થયો ત્યારે ધૃતરાષ્ટ્રને ખોટા પક્ષમાં ઉતરતો જોઈ પોતાનું નહિ માનતાં છતાં પણ છેવટ સુધી સારી સલાહ આપ્યા કરી હતી અને જીવતાં સુધી આંખ્યોપર સર્વદા પાટા જ રાખ્યા હતા.[1]

[1] મહાભારત. આદિપર્વ. અધ્યાય ૧૧૦ મો.

એક પતિવ્રતા પણ મોટું માન ધરાવનારી સ્ત્રીએ બીજી પતિવ્રતાને એકાંતમાં પૂછ્યું કે 'કોઇના પણ કબજામાં ન રહે એવા તમારા પતિને તમે શી રીતે વશ્ય રાખી શકો છો? પતિ દર એક બાબતમાં તમારી મરજી જોવા માટે તમારા મોહોડા સામું જુવે છે તથા સર્વદા તમને જ આધીન રહે છે તો એમ થવાનું શું કારણ છે? એ મારી પાસે વાત કરો. તમે એવું કોઇ વ્રત, તપ, મંત્રજપ, વિદ્યાબળ, હોમ કે જડીબુટ્ટી વગેરે કાંઈ કારણનો પ્રયોગ કર્યો છે! કર્યો હોય તો મને પણ બતાવો કે જેથી હું પણ તેવો પ્રયોગ કરી મારા પતિને મારા કબજામાં રાખું.' બીજી પતિવ્રતા બોલી. 'પ્રિય સખિ! તમે મને નીચ સ્ત્રીઓની રીતભાત વિષે પૂછો છો પણ હું કે જે ઉત્તમ અને કુલીન સ્ત્રી છું તેનાથી એવા નીચ આચરણ વિષે બોલી પણ કેમ શકાય? તમે બુદ્ધિવાળાં તથા પતિવ્રતા છો તેથી તમારે જાણી જોઇને પણ આવું પુછવું યોગ્ય નથી અને સંશય હોય તો પણ પુછવું યોગ્ય નથી. પતિ સ્ત્રીને કામણ કરનારી જાણે તો ત્યારથી જ સ્ત્રીને ઘરમાં રહેલી સાપણ જેવી સમજી તેનાથી ઉદ્વેગ પામતો રહે. ઉદ્વેગ પામેલાને શાંતિ ક્યાંથી હોય અને શાંતિરહિતને સુખ ક્યાંથી હોય? સ્ત્રીને કામણટૂમણથી પતિ વશ્ય થાય છે એ વાત ખોટીજ છે. સ્ત્રીને કામણટૂમણમાં લાગેલી જાણી તેના પતિના દુશ્મનો મારી નાખવાની ઇચ્છાથી દારુણ ઔષધો મોકલી તેની સ્ત્રીના હાથથી તેના પતિ ઉપર તેઓનો પ્રયોગ કરાવે છે. એવાં દારુણ ઔષધોનાં ચૂર્ણોનો જીભથી કે ચામડીથી જરા સંબંધ થાય તો માણસનું મોત પણ થાય છે. કેટલાએક પુરુષો તેઓની સ્ત્રીઓ-

એજ કામણટૂમણના પ્રયોગોથી જળોદરવાળા, કોઢવાળા, સફેદ વાળોવાળા, નપુંસક, જડ, આંધળા કે બેહેરા કરી નાખેલા જોવામાં આવે છે તથા સાંભળવામાં આવે છે. નીચ માણસોની સલાહ પ્રમાણે ચાલનારીં પાપિણી સ્ત્રીઓ કામણટૂમણોથી પોતાના પતિઓને બહુ હેરાન કરી નાખે છે. સ્ત્રીએ કદીપણ અને કોઈ રીતે પણ પતિનું વિપ્રિય નહિ કરવું જોઇએ. હું કેવાં આચરણોથી મારા પતિને મારાપર રાજી રાખું છું તે હવે સાંભળો. અહંકાર, કામ તથા ક્રોધ એઓને છોડી દઇને પતિની સેવા કરૂં છું. શોક્યની સાથે પણ સખીની પેઠેજ પ્રેમભાવથી વર્તું છું. કશું પણ નહિ માગતાં કે કશી ઇર્ષ્યા નહિ કરતાં મનને કબજામાં રાખી નિરભિમાન રહીને પતિની મરજી પ્રમાણે ચાલું છું, રખેને મારાથી રખેને કોઈ વખતે કાંઈ દુર્વચન બોલી જવાય, વિનય ન જળવાય, ખરાબ નજર કરી જવાય, અયોગ્ય રીતે બેસી જવાય, અયોગ્ય રીતે ચાલી જવાય કે બીજી કોઈ કુચેષ્ટા થઈ જાય એમ સર્વદા બીતી રહું છું. બીજો કોઈ મનુષ્ય, ગંધર્વ કે દેવ પણ ગમે તેવો જુવાન, શણગારેલો, રૂપાળો કે ધનાઢ્ય હોય તોપણ તેને હું પિતા, ભાઈ કે પુત્ર સમાન જ ગણું છું. પતિ કોઈ કામમાં લાગેલ હોય તો પણ જ્યાંસુધી જમેલ ન હોય ત્યાંસુધી હું જમતી નથી, નાહેલ ન હોય ત્યાંસુધી નાહાતી નથી અને સૂતેલ ન હોય ત્યાંસુધી સૂતી નથી. પતિ કોઈ ક્ષેત્રમાંથી, જંગલમાંથી કે ગામમાંથી ઘેર આવે કે તુરત જ ઉભી થઇને આસન તથા જળ આપીને સત્કાર કરૂં છું. ઘરનાં રાચરચીલાં સ્વચ્છ રાખું છું, અન્નસાફ રાખું છું, સમયસર જમવાનું આપું છું, જિતેંદ્રિય રહું છું,

ધાન્યોનું રક્ષણ કરું છું અને ઘર નિર્મળ રાખું છું. પતિની વાતને કદી પણ તરછોડતી નથી, નીચ સ્ત્રીઓની સોબત કરતી નથી, આલસ્યથી રહિત રહું છું અને પતિને જે અનુકૂળ લાગે તેજ કરું છું. અયોગ્ય રીતે હસતી નથી, વારંવાર બારણાની કે જાળીની આગળ ઉભી રહેતો નથી, ઉઘાડા પ્રદેશમાં કે ઘરના બગીચામાં પણ લાંબી વાર સુધી રહેતી નથી, ક્રોધ કરતી નથી તથા જેથી ક્રોધ ઉત્પન્ન થાય તેથી પણ દૂરજ રહું છું અને સત્યમાં તથા પતિના આરાધનમાંજ રુચિ રાખું છું, ઘણું કરી પતિથી જરાપણ અલગ રહેવું મને કોઇ રીતે ગમતું નથી. પતિ કોઈ કામ પ્રસંગે પ્રવાસમાં જાય છે ત્યારે પુષ્પોથી તથા ચંદનાદિકથી રહિત રહું છું અને વ્રતો કરું છું. પતિ જે જે વસ્તુને ન પીએ, ન જમે કે ન સેવે તો તે વસ્તુને હું પણ પીતી નથી, જમતી નથી કે સેવતો નથી. મારાં માતપિતાએ આપેલી શીખામણ પ્રમાણે સાવધાન રહીને વર્તુ છું. પતિની હાજરીમાં શણગારેલીજ રહું છું. પતિનું પ્રિય તથા હિત કરવામાં તત્પર રહું છું. અતિથિઓનું સન્માન કરવાના, ભિક્ષુકોને ભિક્ષા દેવાના, પર્વોમાં પરંપરા પ્રમાણે ઉત્સવ વિધિ કરવાના, માનનીય લોકોને માન દેવાના અને શ્રાદ્ધાદિકમાં બંધુઓને જમાડવા વગેરેના જે જે નિયમો મારાં સાસૂજીએ દેખાડેલા છે તથા કહેલા છે તે સઘળાને અનુસર્યા કરું છું. સ્ત્રીઓનો સઘળો ધર્મ પતિને લઇને જ છે. સ્ત્રીઓને માટે બીજો કોઈ દેવ કે બીજી કોઈ ગતિ નથી, પણ પતિ જ દેવ છે અને પતિ જ ગતિ છે. હું એવા તો સંકોચમાં રહું છું કે જેથી પતિનું ઉલ્લંઘન કરીને કશું ખાવા પીવાનું કે આભરણાદિક ધરવા

વગેરેનું મને મન જ થતું નથી. કોઈ સમયે પણ સાસૂજીની સાથે વાદવિવાદ કરતી નથી કે તેમની નિંદા કરતી નથી, પણ સર્વદા સારાં સારાં ભોજનથી, જોઇતી ચીજો હાજર કરવાથી તથા પગચંપી કરવા વગેરેથી તેમની સેવા કરું છું. હું કદી પણ સાસૂજીની મરજીથી વિરૂદ્ધ રસોઈ કરતી નથી કે વસ્ત્ર તથા આભૂષણ પણ ધરતી નથી. સાવધાન રહેવાથી, હમેશ કામકાજમાં તૈયાર રહેવાથી અને પડોશીની સેવા કરવાથી પતિ મને વશ્ય રહે છે. ઘરનાં દાસદાસી વગેરે સર્વ સેવકજનોનાં નામ, ઠામ, રૂપ, ભોજન તથા વસ્ત્ર મારી જાણમાં રાખું છું અને એએએ જે કામ કર્યું હોય કે ન કર્યું હોય તે પણ ધ્યાનમાં રાખું છું. મારા પતિને જે કાંઈ આવક છે, જે કાંઈ ખરચ છે અને જે કાંઈ મિલકત છે તેને હું એકલી જ જાણું છું, બીજા કોઇને ખબર પડવા દેતી નથી. શરીર સુખની અપેક્ષા નહિ રાખતાં સઘળો કુટુંબનો બોજો મારા ગળામાં લઇને રાત દિવસ તેની ગોઠવણ કર્યા કરું છું તેથી મારા પતિને નિશ્ચિન્તપણાથી બહારનાં કામકાજ કરવાની સગવડ પડે છે. પતિ જાગ્યા પહેલાં જાગું છું અને પતિ સૂતા પછી શયન કરું છું. મેં આવું વશીકરણ કર્યું છે અને એવા વશીકરણની જ મને ખબર છે. હું કદી પણ નીચ સ્ત્રીઓની રીત પ્રમાણે કાંમણટૂમણ કરું નહિ અને કરવા પણ ઇચ્છું નહિં. પ્યારી સખિ! તમે તમારા પતિને વશ્ય રાખવા ચાહતાં હો તો હું તમને માર્ગ બતાવું તે પ્રમાણે વર્તો. મારા કહેલા ઉપાયને અનુસરશો તો તમારા પતિને તમારી શોકયોથી વિમુખ કરી તમારા જ તંત્રમાં લઇ શકશો. સ્ત્રીને માટે ત્રૈલોકયમાં પણ પતિ સમાન

કોઈ દેવ નથી અને આ લોકનાં તથા પરલોકનાં સઘળાં સુખો પતિના પ્રસાદથી જ મળે છે, એ વાતને સર્વદા મનમાં કોતરી રાખજો. સુખ ભોગવવાથી સુખ મળતું નથી પણ દુઃખ ભોગવવાથી મળે છે માટે પ્રેમથી તથા અનેક ઉપચારોથી પતિનું આરાધન કરજો. પતિ બહારથી આવતાં તેનો સ્વર સંભળાય કે તુરત જ ઉઠીને ઘરમાં ઉભાં રહેજો. પતિ ઘેર આવે કે તુરત જ તેમને જળ તથા આસન દેજો, પતિ કોઈ કામકાજને માટે દાસીને આજ્ઞા કરે ત્યાં તમે જાતે ઉઠીને કરી દેજો. પતિ તમારી પાસે જે કાંઈ વાત કરે તે વાત ગુપ્ત રાખવા જેવી ન હોય તો પણ ગુપ્ત જ રાખજો. કોઈ શોકય કશા વાંકમાં આવે અથવા તમારી પાસે પતિની નિંદા કરે તો પણ તે વાત પતિની પાસે કહેશો નહિ અને પતિની ઉપર અરૂચિ ધરશો નહિ. જે લોકો તમારા પતિના પ્યારા કે હિતકારી હોય તેઓને અનેક ઉપાયોથી સારી સારી રસોઈ જમાડજો. જે માણસો તમારા પતિના દ્વેષપાત્ર, ઉપેક્ષાપાત્ર, અહિત કરનારા કે કપટી હોય તેઓથી સર્વદા અળગાં જ રહેજો. અભિમાનને તથા પ્રમાદને છોડી દેજો. ચાલતાં સુધી બીજા પુરુષોની સાથે સંભાષણ નહિ કરજો અને એકાંત વખતે તો મુદ્દલ નહિ કરજો. જે સ્ત્રીઓ કુલીન, નિષ્પાપ તથા પતિવ્રતા હોય તેઓની સાથે બેનપણાં રાખજો અને જે સ્ત્રીઓ ક્રૂર, મદ્યપાન કરનારી, અસંતોષી, ચોરી કરનારી, દુષ્ટ કે ચપળ હોય તેઓનો ત્યાગ જ કરજો. ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ આભરણો, ઉત્તમ લેપનો, ઉત્તમ પુષ્પો તથા ઉત્તમ સુગંધો ધરીને પતિનું આરાધન કરવું. આવી વર્તણુક સ્ત્રીઓને મોટી કીર્તિ આપે છે

અને મહાભાગ્ય આપે છે.' આ પ્રમાણે વાતચીત કરી પ્રસન્ન થઇને એ બન્ને સખીઓ પરસ્પરથી જુદી પડી.[૧]

ભાનુકવિ પતિવ્રતાઓનું લક્ષણ આપતાં કહે છે કે 'કુલીન સ્ત્રીઓની આંખ્યોની ભમરો સ્વજનની પાસે પણ નમ્ર જ રહે છે ત્યારે બીજાંઓની પાસે નમ્ર રહે તેમાં તો શું જ કહેવું? એ સ્ત્રીઓ ઘણું કરી પતિની સેવા છોડી દઈ બીજાં માણસોની ઉપર નજર પણ કરતી નથી અને વખતપર એકાદવાર કરે છે તો તેઓની આંખ્યોનું પ્રેરણ અને સંકોચન આંખ્યોના પ્રાંતને છોડી વધારે દૂર જતું નથી. એઓ કોઈ વખતે પણ વૃથા વૃથા હસતી નથી પરંતુ કોઈ સમયે હસવાનું કારણ ઉત્પન્ન થાય તો એકાદવાર મંદહાસ્ય જ કરે છે અને એઓનું મંદહાસ્ય પણ નીચલા હોઠને છોડી દઈ દાંત સુધી કે ગાલ સુધી પહોંચતું નથી. એ સ્ત્રીઓ પોતાના સ્વામીની પાસે કાંઈ ઉચિત વાત કરે તો તે વાત સ્વામીના બીજા કાન ઉપર પણ માંડ જાય છે ત્યારે અન્ય જનના કાન ઉપર તો ક્યાંથી જ જાય? એઓની એ વાત પણ અતિથિ જેવી હોય છે એટલે જેમ અતિથિ માન કે અપમાન મળતાં કશા વેગમાં આવતો નથી તેમ પતિના માનવામાં આવે કે ન આવે તોપણ તેમની તે વાત કશા વેગમાં આવતી નથી. એ સ્ત્રીઓને કોપ તો કદી થતો જ નથી, થાય તોપણ કદી જમાવટ પામતો નથી અને જેટલો શરૂ

૧. મહાભારત વનપર્વ, અધ્યાય ૨૩૩ મો તથા ૨૩૪ મો.

થયો હોય તેટલો પણ તેઓનું મન અતિ ગંભીર હોવાથી પાછો તેમાંજ ડૂબી જાય છે.[1]

अर्थयेऽस्तुसदा स्त्रीणां पतिसेवा परिश्रमः ।
लोकद्वयशिवप्रत्तौ प्रतिभूर्हीश्वरस्य सः[2] ॥ १३ ॥

પાઠ ૧૪ મો.

વિધવાના ધર્મો તથા તેના સબંધમાં ઇતિહાસો.

દોહો.

વિધવા પણ બન્ને કુળો, ઉજ્જ્વાળિ સ્વર્ગ જાય;
પ્રકાશ એવા માર્ગનો, શાસ્ત્રદીપથી થાય. ૧૪

છોકરીઓ—બા! સૌભાગ્યવતીના ધર્મો વિષે જે કાંઈ વ્યાખ્યાન અપાયું છે તે અમોએ અક્ષરે અક્ષર યાદ રાખ્યું છે. વધારે યાદગિરી તો અમારે પતિવ્રતાઓના ઇતિહાસો અમારાં વડીલોને વારંવાર સંભળાવવા પડ્યા તેથી થઇ છે. અમારી પાસે પતિવ્રતાના ઇતિહાસોની સારી ભરતી થઇ છે તેથી સંસ્કાર પ્રકરણમાં ઇતિહાસો અપાયા નહતા તેનું સાટું પણ વળી ગયું છે; તમે હમણાં સાત ઇતિહાસો કહ્યા અને આઠમો ઇતિહાસ તમે આ પાઠાવલીના પહેલા

१ गतागतकुतूहलं नयनयोरपांगावधि
स्मितं कुलनतभ्रुवामधर एव विश्राम्यति
वचः प्रियतमश्रुतेरतिथिरेव कोपक्रमः
कदाचिदपि चेत्तदा मनसि केवलं मज्जति ॥

૨ સ્ત્રીઓને પતિની સેવાનો પરિશ્રમ સદા હોજો એમ ચ્હાગું છું; કેમકે એ પરિશ્રમ આ લોકનાં તથા પરલોકનાં સુખો દેવાની બાબતમાં ઈશ્વરનો જામીન છે.

વર્ષના શિક્ષણમાં ‘વડીલોની સેવા’ એ વિષયના પેટામાં કહેલો છે તે અમારા સ્મરણમાં છે. જેમ સૌભાગ્યવતીના ધર્મોનું અમોને જ્ઞાન મળ્યું તેમ વિધવાના ધર્મોનું જ્ઞાન પણ મળવું જોઇએ; માટે મરજી હોય તો આજ એ વિષય ચલાવો.

મહેતીજી—બાળાઓ! તમારી સ્મરણ શક્તિ જોઈ તમોને ભણાવવામાં મને ઉત્સાહ વધે છે. ભણનારની સ્મરણશક્તિ સારી હોય તો તેથી ભણાવનારને પણ ઘણી સગવડ પડે તથા ઉત્સાહ વધે એ નિયમ છે. તમે જે વિષય સાંભળવાની માગણી કરી તે વિષય કહેવાનું પ્રકરણની સંગતિથી પ્રાપ્ત થયેલ હોવાને લીધે મેં પ્રથમથી જ ધાર્યું હતું. લ્યો. હવે સાંભળો.

સ્ત્રીએ કદી પણ સ્વતંત્ર થવું નહિ અને સ્વતંત્ર રહેવું પણ નહિ એ વિષયમાં હું કેટલુંક કહી ગઈ છું[1] એ તમારા સ્મરણમાં હશે. મનુ કહે છે કે ‘વિધવાએ પુત્રોના તંત્રમાં અને પુત્રો ન હોય તો બીજા બાંધવોના તંત્રમાં રહેવું જોઇએ; સ્વતંત્ર તો કદી થવું નહિ.[2] જેમ સૌભાગ્યવતીએ જીવતા પતિનું ઉલ્લંઘન કરવું નહિ એટલે મનથી પણ દુરાચરણ કરવું નહિ, તેમ વિધવાએ પણ મરણ પામેલા પતિનું ઉલ્લંઘન કરવું નહિ, એટલે મનથી પણ અન્ય પતિનો આશ્રય કરવો નહિ. મરણ પામેલા પતિને માટે શ્રાદ્ધાદિક ધર્મની ક્રિયાઓ કરવામાં તત્પર રહેવું.[3] પોતના લોકને ઇચ્છનારી

૧ પહેલું પુસ્તક પરોપકારનો વિષય. બીજું પુસ્તક વિવાહનો વિષય.
૨ મનુસ્મૃતિ અધ્યાય ૫ મો. શ્લોક ૧૪૮ મો.
૩ મનુસ્મૃતિ અધ્યાય ૫ મો. શ્લોક ૧૫૬ મો.

સ્ત્રીએ પાણિગ્રહણ કરનારો પતિ જીવતો હોય તો તેનું અપ્રિય કરવું નહિ અને મરી ગયો હોય તો પણ પાછળથી તેનું કાંઈ અપ્રિય કરવું નહિ. પતિ મરી ગયા પછી સ્ત્રીએ, આજીવિકા નહિ મળવાથી ખાવા જેવાં પુષ્પ, મૂળ તથા ફળ ખાઇને દેહને ક્ષીણ કરી નાખવો પડે તો પણ ભલે, પરંતુ બીજા પતિનું નામ પણ નહિ લેવું. પતિવ્રતાઓનો ધર્મ કે જે સર્વથી ઉત્તમ છે તેનું સંપાદન કરવા ઇચ્છનારી વિધવા સ્ત્રીએ પોતાનું મરણ થતાં સુધી તિતિક્ષા રાખવી, જિતેંદ્રિય રહેવું તથા બ્રહ્મચર્ય પાળીને જ બેસી રહેવું. કુમારાવસ્થાથી છેક મરણપર્યંત બ્રહ્મચર્ય પાળનારા હજારો બ્રાહ્મણો વંશનો વિસ્તાર કર્યા વગર પણ સ્વર્ગમાં ગયા છે, તો એ બ્રહ્મચારીઓની પેઠે જ પોતાના જીવનપર્યંત બ્રહ્મચર્યમાં રહેનારી સાધ્વી વિધવા સ્ત્રી અપુત્ર છતાં પણ સ્વર્ગમાં જાય છે. અન્ય પુરુષથી જે પ્રજા ઉત્પન્ન થાય કે અન્યની સ્ત્રીમાં જે પ્રજા ઉત્પન્ન થાય તેને શાસ્ત્રરીતિ પ્રમાણે પ્રજા જ ગણી શકાય નહિ. આવા સદાચરણથી મનને, વાણીને તથા દેહને વશ્ય રાખીને જે સ્ત્રી પાણિગ્રહણ કરનારા પતિનું ઉલ્લંઘન કરે નહિ તે સ્ત્રી આ લોકમાં ઉત્તમ કીર્તિ પામે છે અને મુવા પછી પતિના લોકને પામે છે.[1] વિધવાઓનાં પુનર્લગ્ન કરવાનું વિવાહ સંબંધી કોઈ વિધિમાં કહ્યું નથી. વિધવાઓનું પુનર્લગ્ન કરવું એ પશુ ધર્મ જ છે. જ્યારે વર્ણસંકર કરનારો દુષ્ટ વેનરાજા રાજ્ય કરતો હતો ત્યારે તેણે મનુષ્યોને માટે વિધવાઓનાં પુનર્લગ્ન કરવાના ધારા

૧ મનુસ્મૃતિ અધ્યાય ૫ મો. શ્લોક ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૨ તથા ૧૬૬ મો.

પસાર કર્યા હતા અને 'તે ધર્મ છે' એમ કહેવાની બ્રાહ્મણોને ફરજ પાડી હતી. એ ધારા અનાદિ નથી પણ નવા છે અને પશુઓના જેવી ચાલ કરાવનારા છે તેથી વિદ્વાન દ્વિજ લોકોએ તેઓને ધિક્કાર્યા છે.[1]'

યાજ્ઞવલ્ક્ય કહે છે કે 'જે સ્ત્રી પતિના જીવન સમયમાં તથા પતિના મરણ પછી પણ અન્ય પુરુષનો આશ્રય કરતી નથી તે સ્ત્રી આ લોકમાં કીર્તિ પામે છે અને પરલોકમાં પાર્વતીની સાથે રહી સુખ ભોગવે છે.[2] વિધવા સ્ત્રીએ પિતા, માતા, પુત્ર, ભાઈ, સાસુ, સસરો કે મામો એઓથી અલગ નહિ રહેવું, નહિતર નિંદાનું પાત્ર થાય છે.[3]'

છોકરીઓ! આ પાઠાવલીનાં બીજા પુસ્તકમાં શીલ સંબંધી ત્રીજા પાઠના પેટામાં 'બ્રહ્મણ્યતા તથા તેના સંબંધમાં ઇતિહાસ' એ મથાળા નીચે વેનનો ઇતિહાસ આપી ગઇ છું, તે આ સ્થળમાં તમારે યાદ કરવાનો છે. જ્યારે વેનરાજાના બળાત્કારથી બ્રાહ્મણોને 'પુનર્લગ્ન એ ધર્મ છે' એમ લખવાની ફરજ પડી ત્યારે પણ બ્રાહ્મણો ધર્મ જાળવવાને માટે એ લખાણનાં વાક્યોથી વેનરાજા ફોસલાય એવી યુક્તિ વાપર્યા વગર રહ્યા નથી. જુવો. 'પતિ નાસી જાય, મરી જાય, ભેખ લે, નપુંસક નીવડે, કે પતિત થાય તો એ પાંચ

૧ મનુસ્મૃતિ અધ્યાય ૯મો. શ્લોક ૬૫, ૬૬ તથા ૬૭મો.

૨ આચારાધ્યાય શ્લોક ૭૫ મો.

૩ આચારાધ્યાય શ્લોક ૮૬ મો.

વિપત્તિઓમાં નારીઓએ બીજો પતિ કરવો એ શાસ્ત્રવિહિત છે.[૧]" આ પરાશરસ્મૃતિનું વચન છે તેમાં સંસ્કૃત ભાષાની રૂઢિ પ્રમાણે 'પતિ' એ 'શબ્દથી પરણેલો પતિ પણ લઈ શકાય છે અને જેની સાથે માત્ર વાગ્દાન થયું હોય એવો પતિ[૨] પણ લઈ શકાય છે. તેમ જ 'નારી[૩]' એ શબ્દથી પરણેલી પણ લઈ શકાય છે અને કુંવારી પણ લઈ શકાય છે. પતિ શબ્દના તથા નારી શબ્દના પહેલા અર્થથી વેનને ફોસલાવ્યો છે અને બીજા અર્થથી ધર્મ જાળવ્યો છે એમ, મનુસ્મૃતિના પ્રામાણ્ય ઉપરથી સમજી શકાય છે. 'વર જો અન્ય જાતનો, નપુંસક, પતિત, વિકર્મ કરનારો, સગોત્ર[૪], દાસ કે લાંબા રોગવાળો જણાય તો ઊઢ કન્યા પણ સઘળા શણગાર સહિત બીજાને દેવી.[૫]' આ કાત્યાયનસ્મૃતિનું વચન છે તેમાં 'ઊઢ[૬]' એ શબ્દથી પરણી ચૂકેલી કન્યા પણ લઈ શકાય છે અને જેના વિવા-

---

૧ नष्टे मृते प्रव्राजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

२ यस्या म्रियेत कन्याया वाचा सत्ये कृते पतिः
(મનુસ્મૃતિ. અધ્યાય ૯ મો. શ્લોક ૬૯ મો.)

३ शार्ङ्गरवाद्यञोङीन् । ४ । १ । ७३ । नृनरयोर्वृद्धिश्च ।

૪ કન્યાના પિતાનું જે ગોત્ર હોય તે ગોત્રવાળો.

५ स तु यद्यन्यजातीयः क्लीबः पतित एव वा ।
विकर्मस्थः सगोत्रो वा दासो दीर्घामयोऽपि वा ।
ऊढापि देया सान्यस्मै सहाभरणभूषणा ॥

६ आदि कर्मणि निष्ठा वक्तव्या । ३ । २ । १०२ ।
(કાશિકા).

હનો આરંભ થયો હોય પણ સપ્તપદીનો વિધિ ન થયો હોય એવી કન્યા પણ લઈ શકાય છે. આમાં પણ પહેલા અર્થથી વેનને ફોસલાવ્યો છે અને બીજા અર્થથી ધર્મ જાળવ્યો છે; એમ મનુસ્મૃતિના પ્રામાણ્ય ઉપરથી સમજાય છે. વળી 'સઘળા શણગાર સહિત' એ વિશેષણથી પણ આ વચન પરણી ચુકેલીને નહિ પણ પરણવા બેઠેલીને લાગુ પડે છે એમ સ્પષ્ટ સમજાય છે. એ વચનમાં 'વર સગોત્ર જણાય તો પણ પરણેલી કન્યા બીજાને દેવી.' એવો અર્થ લઇએ તો 'સમાન ગોત્રવાળી કન્યા પરણાઇ ગઈ હોય તો તેને માતાની પેઠે પાળવી જોઇએ.' એ શાતાતપ સ્મૃતિના વચનને[1] કેટલો બધો વિરોધ આવે!! એ પણ જોવાનું છે. હાલના કેટલાએક આગ્રહી લોકોએ પુનર્લગ્ન શાસ્ત્રોક્ત છે એમ સિદ્ધ કરવા માટે જે બે વચનો મુખ્ય તથા અમોઘ માનેલાં છે તેઓની તો આ દશા છે, ત્યારે પછી બીજાં લૂલાં પાંગળાં વચનોની શી દશા હોય એ સમજી શકાય એવું છે. વળી આ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જે આચરણનો મનુએ નિષેધ કરચો હોય તે આચરણનો વિધિ કરવા કોઈ પણ સ્મૃતિકાર હિમ્મત ધરાવે એ વાત માની શકાય એવી નથી.[2] સામવેદમાં પણ મનુના વચનોની

---

१ समानप्रवरां कन्यामेकगोत्रामथापि वा ।
उत्सृज्य तां ततो भार्यां मातृवत् परिपालयेत् ॥
(પારસ્કર ગૃહ્યસૂત્ર કાંડ ૧ લો. કંડિકા ૪ મી ગદાધર ભાષ્ય.)

२ वेदार्थोपनिबन्धृत्वात्प्राधान्यं हि मनोः स्मृतम् ।
मन्वर्थविपरीता तु या स्मृतिः सा न शस्यते ॥
(બૃહસ્પતિ—મનુસ્મૃતિ અધ્યાય ૧ લો. શ્લોક ૧ લો. ટીકા.)

ઘણી પ્રશંસા કરી છે.[1] આપણામાં જે જે જ્ઞાતિઓમાં પુનર્લગ્ન કરવાનો રીવાજ છે તે તે જ્ઞાતિવાળાઓ પણ પુનર્લગ્નને સારું કૃત્ય સમજતા નથી પણ બ્રહ્મચર્ય પાળનારી વિધવાઓની જ સ્તુતિ કરે છે અને પુનર્લગ્નના રીવાજને દંપતીઓ વચ્ચેની સ્નેહની ગાંઠના નિર્બળપણાના કારણરૂપ સમજે છે. જેઓમાં પુનર્લગ્નનો રીવાજ મુદ્દલ નથી એવા અમુક વર્ગને 'મહાજન' એ શબ્દ જૂના કાળથી અપાતો આવ્યો છે અને એ શબ્દ સાંભળતાં જ સાધારણ લોકોમાં તથા રાજ્યાધિકારી લોકોના મનમાં પણ કેવી ઉંચાઇની છાપ પડે છે એ સહુ લોકોના જાણવામાં છે.

મહા પતિવ્રતા સીતાજી વિધવા તો થયાં જ નહતાં પરંતુ જ્યારે રાવણે માયાથી રામના જેવું જ માથું લાવી દેખાડી તેમને વિધવાપણાની પૂરી ભ્રાંતિ ઉપજાવીને પોતાની સ્ત્રી થવા માટે ઘણી ઘણી આગણી કરી હતી તથા ઘણી ઘણી લાલચો આપી હતી ત્યારે પણ તેમણે સ્વધર્મ ઉપર જ દૃષ્ટિ રાખી રાવણને ધિક્કારી કાઢ્યો હતો.[2]

આર્યાવર્ત દેશના રાજા ચિત્રવર્માની સીમંતિની નામે એક જ એક કુંવરી હતી. એ ચૌદ વર્ષની થઈ ત્યારે તેનો નિષધ દેશના રાજા ઈંદ્રસેનના યુવરાજ કુમાર ચંદ્રાંગદની સાથે વિવાહ કરવામાં આવ્યો હતો. ચંદ્રાંગદ હજુ પરણીને સસરાને ત્યાં જ હતો તેટલામાં

---

૧ मनुर्वै यत्किंचावदत्तद् भेषजं भेषजतायै ।

(તાંડ્ય બ્રાહ્મણ. પ્રપાઠક ૨૩ મો. ખંડ ૧૬ મો.)

૨ વાલ્મીકિ રામાયણ. યુદ્ધકાંડ સર્ગ ૩૨ મો.

એક દિવસે મિત્રોની સાથે વહાણમાં બેસી યમુનાના જળમાં ફરવા લાગ્યો. વહાણ પાણીમાં ચાલતાં દૈવયોગથી પાણીની ચકરીમાં આવી જવાથી ડૂબી ગયું અને ચંદ્રાંગદ પાણીમાં નીચે નીચે ઉતરતો ગયો. પાણીમાં ચંદ્રાંગદની શોધ કરતાં કોઈ પ્રકારે તેનો પત્તો મળ્યો નહિ. આથી સીમંતિનીએ પોતાના કુટુંબ સહિત ઘણો ઘણો વિલાપ કરી પોતે આંજણ તથા કંકણ વગેરે સૌભાગ્ય ચિન્હોનો ત્યાગ કરી વિધવાના નિયમો ધારણ કર્યા. ચંદ્રાંગદ જેવા મહાવીર યુવરાજનું મરણ થયું સાંભળી ઈંદ્રસેન રાજાના ભાયાતોએ ઈંદ્રસેનને કેદ કરી તેનું રાજ્ય હસ્તગત કરી લીધું. ચંદ્રાંગદ જળમાં નીચે ઉતરતો ઉતરતો પાતાળની અંદરના નાગલોકમાં ગયો. ત્યાં ત્રણ વર્ષ રહી નાગનું મોટું સાહાય્ય મેળવી પાછો પૃથ્વીપર આવી તેણે શત્રુઓને પરાસ્ત કરી, પિતાને કેદથી મુક્ત કરી તેને જ પાછું રાજ્યાસન આપ્યું. ઈંદ્રસેને આ વધામણી મોકલતાં ચિત્રવર્માએ બહુ જ પ્રસન્ન થઈ મોટો ઉત્સવ કરી ધર્મશાસ્ત્ર પ્રમાણે સીમંતિનીનો પાછો ચંદ્રાંગદની સાથે વિવાહ કર્યો હતો.[૧] છોકરીઓ! મરણની ભ્રાંતિથી આવો બનાવ બન્યા પછી પાછો એનો એ પતિ જીવતો આવે તો તેની સાથે તેની જ વિધવાએ પુનર્લગ્ન કરવાની આજ્ઞા તો આપણાં શાસ્ત્રોમાં છે;[૨] પરંતુ હાલના સુધરેલા ગણાતા લોકોની ઇચ્છા પ્રમાણે પુન-

૧ સ્કંદપુરાણ. બ્રહ્મોત્તરખંડ અધ્યાય ૮ મો.

૨ जीवन्यदि समागच्छेद् घृतकुम्भे निमज्यतम् ।
उद्धृत्य स्नापयित्वास्य जातकर्मादि कारयेत् ॥
द्वादशाहं व्रतचर्या त्रिरात्रमथवास्य तु ।
स्नात्वोद्वाहेत्तता भार्यामन्यां वा तदभावतः ॥
(નિર્ણયસિંધુ. અતીતસંસ્કાર પ્રકરણ.)

લગ્નનો વિધિ તો આપણા શાસ્ત્રોમાં કહિં પણ જોવામાં આવતો નથી, એટલું જ નહિ પણ જેનું બીજા કોઈ વરને વાગ્દાન થયું હોય એવી કન્યા પરણવામાં પણ છીટ રાખવાનું જોવામાં આવે છે. વિધવા જો સૌભાગ્ય ચિન્હોનું ધારણ કરવા વગેરે સ્વછંદીપણું કરે અથવા હાલની છટેલી રીતિ પ્રમાણે પુનર્લગ્ન કરે તો વિવાહના સમયમાં થયેલા સ્પષ્ટ કરારોનો અને કેટલાએક ગર્ભિત કરારોનો ભંગ થાય છે. વિવાહમાં શા શા કરારો થાય છે તે હું વિવાહ પ્રકરણમાં કહી ગઈ છું.

બાળાઓ! ચાલતો સ્ત્રીધર્મ નામનો મુખ્ય વિષય પૂરો થયો છે અને હવે આજના દિવસનો જે સમય બાકી છે તેમાં મારે રીપોર્ટ લખવાનું કામ કરવાનું છે માટે તમોને રજા આપું છું.

अजारिणीत्वं मन्वानाः पुनर्लग्नेन योषितः ।
समासज्ज्य शिलां कण्ठे तितीर्षन्ति महार्णवम्[1] ॥ १४ ॥

નિશાળ ઉઠતી વખતે ગાવાનું ગાયન.

ઈશ્વર પ્રાર્થના.

પદ.

હરિભજન વિના—એ ઢાળ.

સુખના દાતા! વિશ્વ-વિધાતા! સુણજો અરજ અમારી;
ત્રિભુવન-ત્રાતા, અમને સાચી આશા એક તમારી. ટેક૦
સહુને સુખકર સડકે લાવો, અવળા રસ્તાથી અટકાવો,
કરિ કરુણા ભવ નવ ભટકાવો; સુખના૦ ૧

૧ પુનર્લગ્ન કરવાથી અજારિણીપણું (પોતાનું જાર પુરુષના આશ્રયથી રહિતપણું) માનતી સ્ત્રીઓ ગળામાં શિલા બાંધીને મહાસમુદ્રને તરવા ઇચ્છે છે.

નાસ્તિક લોકોનું નામ હરો, આસ્તિક લોકોનો ઉદય કરો,
જેથી જય પામે ધર્મ ખરો; સુખના૦ ૨
શ્રેયસ્કર ગુણ સઘળે જામે, દુર્ગુણના ગણ લયને પામે,
ભય કલેશ વિરામે સહુ ઠામે; સુખના૦ ૩
શુભ ઉપદેશો સઘળે પ્રસરે, જનમનમાં સારી અસર કરે,
પ્રભુ! તો જ અમારો દેશ તરે; સુખના૦ ૪
પામે સહુ રુડા સંસ્કારો, ભીડાય બધાં દુર્ગતિદ્વારો,
એવી કરુણાને વિસ્તારો; સુખના૦ ૫
કુળસીમાને સ્નેહે ભાળે, ખળવાદોને કદિ નવ પાળે,
જન વેદશાસ્ત્રને સંભાળે; સુખના૦ ૬
વર્ણાશ્રમ ધર્મ પ્રકાશ ધરે, નહિ કોઈ વિહિત કર્મો વિસરે,
સહુ બહુ પવિત્ર પથપર વિચરે, સુખના૦ ૭
શમ દમ સંતોષ સદા પોષો, ટાળો મત્સર આદિક દોષો,
આપો શુભ સાધન ધનકોષો; સુખના૦ ૮

પરચુરણ ગવરાવવાનાં ગાયનો.

લાવણી અથવા સવૈયા (બત્રીશા.)

સકળ ઉદયનું સાધન ભૂલ્યા ડૂલ્યા દુષ્પથપર ચાલી,
આડંબરપર અતિશય મોહ્યા તત્વ ખોઈ બેઠા ખાલી;
શરીરનો બાંધો બદલાયો હીન યોગ બહુ દેખાયો,
ચેતોરે ખોદાઈ ગયો છે બ્રહ્મચર્યરૂપી પાયો. ૧

શક્તિહીન આધીન રોગને દીન દુઃખના ઝાંખવડે,
જનો મનોબળ વળિ વિખરાતાં ચિંતાથી ચકડોળ ચડે;
જુઓ કાલવશ થાય હાલમાં ખોપ ખરો આ રોપાયો;
ચેતોરે ખોદાઇ ગયો છે બ્રહ્મચર્યરૂપી પાયો. ૨

નાદાનીએ નોતરવાથી દરિદ્રતા દોડી પ્હોંચી,
ઉદ્યમના દિન દૂર કરીને દુઃખમાં ઘાલે છે ઘોંચી;
દુર્ગતિ દુરિત તણા ઘેરામાં દેશ હાલ બહુ ઘેરાયો,
ચેતોરે ખોદાઈ ગયો છે બ્રહ્મચર્યરૂપી પાયો. ૩
ચંચળ પ્રેમ પ્રપંચી રચના અરસપરસ લાતો ઘાતો;
કરવાનો દુઃખદાયિ દુરાગ્રહ કદિ મનથી નથી છોડાતો,
કાંતિ કીર્તિ કમળાપર જાણે વિષથિ વ્યાપ્ત વાયુ વાયો,
ચેતોરે ખોદાઇ ગયો છે બ્રહ્મચર્યરૂપી પાયો. ૪

કન્હરો.

જેમ વિસરશો શુભ સંસ્કારો તેમ પ્રસરશે દુઃખ વિકારો. ટેક.
દિવસે દિવસે નષ્ટ થવાનાં દીર્ઘાયુષ વળિ દિવ્ય વિચારો. જેમ. ૧
ભ્રમવશ જીવન અનુચિત વર્તન વિપદભરેલ થશે વ્યવહારો. જેમ. ૨
સડક તજીને ખડકે ચાલે અધવચ ધાંચે તે પડનારો. જેમ. ૩
અવિવેકીને જડ થઈ બેસી ધર્મ તમારો કેમજ હારો. જેમ. ૪
અવર ાવરનાં અનુકરણોમાં સ્વત્વ તજાયું કાંઈ વિચારો. જેમ. ૫
શાસ્ત્ર વચનપર પગ દેવાથી બંધ થવાનાં સહુ સુખદ્વારો. જેમ. ૬
દરદ દુકાળો ત્યાં જામે છે જ્યાં પામે છે પાપ પસારો. જેમ. ૭
માટે મનના મેલ ટાળવા સરણિ શાસ્ત્રની નાજ વિસારો. જેમ. ૮

રાસડો.

તેં તો ઘટમાં ઘર કીધું વાલમ વરણાગીઆ રે—એ ઢબ.
૧ રાખો શાસ્ત્રમાં રૂચિ ચિત્ત જેથિ સારું ઠરે રે,
ચાખો ઉત્તમ ફળને એમ ક્ષેમ પામો ખરે રે. ટેક.
ગર્ભાધાનાદિક સંસ્કારો, સત્વર સ્નેહ ધરી સ્વીકારો,
વિપદ વિકારોને તેઓ નક્કી હરે રે. રા૰ ખો૰ ૧

ગર્ભ બીજના દોષ મટાડે, પાપ તાપ લાગેલ ઘટાડે,
પાડે ગુણની છાપ બરાબર અંતરે રે. રાખો૦ ૨
જાતકર્મ કરવાથી ધારો, જીવિત મતિનો થાય વધારો,
ઈષ્ટ દેવ તન મનમાં શુભ તત્વો ભરે રે. રાખો૦ ૩
નામકરણ નિષ્ક્રમણ બને જો, અન્નપ્રાશનનો વિધિ વર્તો જો,
આચરાય ચૌલ તો જ દુઃખો ડરે રે. રાખો૦ ૪
દ્વિજતા ઉપનયને મળનારી, શૂદ્ર સાથ સમતા ટળનારી,
વેદવ્રત ધારી દુસ્તર ભવને તરે રે. રાખો૦ ૫
ગુરુઘરપર કેશાંત નામના, સંસ્કારે પૂરાય કામના,
વધે નામના ચિત્ત સુખોમાં સંચરે રે. રાખો૦ ૬
ધન્ય સમાવર્તન સંસ્કારે, લોકોત્તર તન મન બળ ધારે,
ઘેર પુધારી પ્રણામ વડિલોને કરે રે. રાખો૦ ૭
ઉત્તમ આવા ક્રમને ધારે, લગ્ન કરે વિધિસર સુવિચારે,
તો તેથી નર પરમ ઉચ્ચપદને વરે રે. રાખો૦ ૮

રાસડો.

શાણી સહિયર સ્નેહે શીખામણ ઉર ધારશો રે,
આ તો માંડ મળ્યો છે મોંઘો માનવ દેહ,
તેને રૂડી રૂડી ટેવોથી શણગારશો રે. ટેક.

સાખી.

શીલતણું રક્ષણ કરી, જીતો બન્ને લોક,
શીલ ચૂકતાં મૂકતાં, અંતે શોક અથોક.
લોકો ફિટકારે ફટકાવે લાવે દ્વેષ,
માટે ભાવ ધરીને સદ્વર્તન વિસ્તારશો રે. શાણી૦

સાખી.

ધરો શરણું પતિચરણનું, સદાચરણ રસલીન;
દુરાચરણ અશરણ કહ્યો, દુઃખદાહ આધીન.

માંડી વિવેક પાયો છાંડી હીણા જોણ;
ઉત્તમ દૃષ્ટાંતો નિરખીને આંખ્યો ઠારશોરે. શાણી૦ ૨

સાખી.

વડિલોની સેવા વિષે, ધરો વલાણ વિશેષ;
મનથી વાણિથી ધર્મથી, કલેશ કરો નહિ લેશ.
રાખી નિર્મળ મનથી કુળમાં સહુથી સંપ,
મુખથી ભૂંડી વાણી કદિ પણ નવ ઉચ્ચારશોરે. શાણી૦ ૩

સાખી.

મર્યાદા વળિ નમ્રતા, સ્વધર્મકેરું ભાન,
છેકસુધી ન વિસારશો, તોજ પામશો માન.
થાશે પ્રભુ પણ તમને ત્યારે સૌ સુખ દેણ,
રુડાં વેણ સદા દૃઢતાથી આ સંભારશોરે. શાણી૦ ૪

ભેરવીની ઢબ.

એવી વિધવાને વંદન હો, નિજ ધર્મબદ્ધ જેનું મન છે;
જેણે વિષયોને તરછોડી, વૈરાગ્ય વિષે વૃત્તિ જોડી. ૧
જે દુઃસંગથી ડરતી ચાલે, જન મેળામાં મન નવ ઘાલે;
શણગારોને ગણિ અંગારા, સ્વપ્ને પણ નવ કરતી પ્યારા. ૨
સુત ભ્રાત તાત સમ અન્ય નરો, સમજે ભટકે નહિ અન્ય ઘરો;
ઘરમાં પણ શાંતિ ધરી બેસે, લેપાય ન દ્વેષે કે કલેશે. ૩
એકાગ્ર રહે ગત પતિધ્યાને, નિશદિન નિજ હૃદયે સ્થિત માને;
અંતરમાં સતત નજર રાખે, અવિરત શાંતિ સુધા ચાખે. ૪
વિધવા વિશુદ્ધ આચારવતી, પતિ સદ્દગતિ સાધક ધારિમતિ;
માત–પિતા–પતિ–કુળ ઉદ્ધારે, દેહકષ્ટને ના ગણકારે. ૫
ક્ષીણ પર્ને ફળ મૂળ ખાઈ પણ, સદાચરણમાં નાંજ પાડે મણ;
વિધવા આદ સુનિયમ પાળી, જાય સ્વર્ગમાં જન્મ ઉજાળી. ૬

સમાપ્ત.